

# વેદના પર વિજય

રિચર્ડ વૂમરૅંડ

# વેદના પર વિજય

લેખક :
રિચર્ડ વૂમરૅંડ

પ્રકાશક :
વૂમરૅંડ પ્રકાશન
પોસ્ટ બોક્સ ૬૫૬
મુંબઇ

Gujarati version of
'Tortured for Christ' by Richard Wurmbrand

*First Published* 1970

Printed by V. B. Khale at the Jai Gujerat Printing Press, Gamdevi, Bombay-7, and Published by Thomas Samuel for Wurmbrand Publication, P.O. Box 656, Bombay-1.

# લેખક વિષે

આ પુસ્તકના લેખક રેવ. રિચાર્ડ વર્મબ્રાન્ડ એક સુવાર્તિક ધર્મસેવક છે. તેમના વતન રૂમાનીયામાં સામ્યવાદી શાસન હેઠળ તેમણે કારાવાસમાં અનેક યાતનાઓ વેઠી છે. રૂમાનીયાના અત્યંત પ્રખ્યાત ખ્રિસ્તી નેતાઓમાં તેમની ગણત્રી થાય છે. તેઓ જાણીતા લેખક અને શિક્ષણશાસ્ત્રી પણ છે. રૂમાનીયામાં તે સૌથી વધુ લોકપ્રિય થએલા છે.

ઈ. સ. ૧૯૪૫ માં કોમ્યુનીસ્ટ પક્ષે રૂમાનીયાનો કબજો લીધો. ત્યાર પછી ત્યાંની મંડળીઓનો ઉપયોગ પક્ષના લાભમાં કરવા માટે ખ્રિસ્તી મંડળીઓ પર તેણે અંકુશ જમાવવા માંડ્યો. એ જોઈને રેવ. રિચાર્ડ વર્મબ્રાન્ડે ઝડપથી ભૂગર્ભ મંડળીની શરૂઆત કરી અને ખૂબ જુસ્સાપૂર્વક અને સફળતાથી કાર્ય આગળ ધપાવવા માંડ્યું. તેમનું કાર્ય પરાજિત પ્રજામાં તેમજ સત્તાધારી રશિયન સૈનિકોમાં ચાલતું હતું. ઈ. સ. ૧૯૪૮ માં વર્મબ્રાન્ડ દંપતીની ધરપકડ કરવામાં આવી. તેમની પત્ની સાબીનને ત્રણ વર્ષ સુધી સખત વેઠ સાથે કારાવાસમાં જીવન ગાળવું પડ્યું. રિચાર્ડ વર્મબ્રાન્ડને ત્રણ વર્ષ સુધી ફાંસીખોલીમાં એકાંતવાસ અને બીજી યાતનાઓ વેઠવી પડી. તે સમય દરમિયાન તે સામ્યવાદી જુલમગારો સિવાય બીજા કોઈનું મોં જોવા પામ્યા ન હતા. ત્યાંથી કાઢીને બીજા કેદીઓ સાથે બીજાં પાંચ વર્ષ તેમને રાખવામાં આવ્યા. ત્યાં પણ યાતનાઓ તો ચાલુ જ રહી.

રિચાર્ડ વર્મબ્રાન્ડ આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે જાણીતા હોવાથી બીજાં રાજ્યોની એલચી કચેરીઓમાંથી નેતાઓ તરફથી તેમની સલામતી માટે વારંવાર પૂછપરછ થતી. કોમ્યુનિસ્ટ સરકાર તરફથી જવાબ મળતો કે વર્મબ્રાન્ડ તો રૂમાનીયામાંથી ભાગી છૂટ્યા છે. છૂપી પોલીસના માણસો છૂટેલા કેદીઓનો વેશ લઈને તેમની પત્ની પાસે જઈ ખબર

આપતા કે અમે કેદખાનામાં વર્મબ્રાન્ડની સાથે હતા અને તેમનું ત્યાં મરણ થતાં અમે તેમની દફનક્રિયામાં હજરી આપી હતી. રૂમાનીયામાં તેમના કુટુંબને તેમજ પરદેશમાંના તેમના મિત્રમંડળને સમાચાર પહોંચાડી દેવામાં આવ્યા હતા કે વર્મબ્રાન્ડનું મૃત્યુ થઈ ચૂક્યું છે.

આઠ વર્ષે તેમનો છૂટકારો થયો. છૂટતાં જ તેમણે પોતાનું સેવાકાર્ય ઉપાડી લીધું. આથી ૧૯૫૯ માં તેમને ફરી પકડી લેવામાં આવ્યા. તેમને ૨૫ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી.

ઈ. સ. ૧૯૬૪ માં સામાન્ય માફીના ઢંઢેરાના આધારે તેઓ ફરી છૂટયા. જોખમ હોવા છતાં તેમણે તો પોતાનું કાર્ય ફરી શરૂ કરી દીધું. તેમના માથે ઝઝૂમી રહેલા જોખમમાંથી તેમને બચાવી લેવા નોર્વેની ખ્રિસ્તી મંડળીઓએ કોમ્યુનીસ્ટ સરકાર સાથે વાટાઘાટો ચલાવી. તે સમયે સરકારે રાજદ્વારી કેદીઓનું "વેચાણ" શરૂ કર્યું હતું. સામાન્ય પ્રકારના એક કેદીની કિંમત ૮૦૦ પૌંડ જેટલી થતી, પણ રેવ. વર્મબ્રાન્ડ માટે ૨૫૦૦ પૌંડની માગણી કરવામાં આવી.

ઈ. સ. ૧૯૬૬ ના મે મહિનામાં અમેરિકાની સેનેટની આંતરિક સલામતી અંગેની પેટાસમિતિ સમક્ષ વોશિંગ્ટનમાં તેમણે જુબાની આપી. ત્યાં તેમના શરીર પર પડેલા મોટા મોટા અઢાર ઘાની નિશાનીઓ ખુલ્લી કરી બતાવી. યુરોપ, અમેરિકા અને એશિયાનાં અનેક વર્તમાનપત્રોમાં તેમની આપવીતી પ્રસિદ્ધ થઈ. ઈ. સ. ૧૯૬૬ ના સપ્ટેમ્બર માસમાં રૂમાનીયાની સરકાર તરફથી ધમકી મળી કે તમારું ખૂન કરવામાં આવશે. આવી ધમકી સામે પણ તેઓ મૂંગા રહી શક્યા નથી. તેમના કાર્યને લીધે તેમને જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે. જેવાં કે "ભૂગર્ભ મંડળીનું મુખ", "જીવંત શહીદ," "લોખંડી પડદા પાછળનો સંત પાઉલ" વગેરે.

# આમુખ

લેખક : **રેવ. ડબ્લ્યુ. સ્ટુઅર્ટ હેરીસ,** એફ. આર. જી. એસ.
યુરોપના ક્રિશ્ચિયન મિશનના જનરલ ડાયરેક્ટર

હું ઈ. સ. ૧૯૬૪માં પહેલવહેલો રૂમાનીયા ગયો હતો. ત્યાર પહેલાં આલ્બેનીયાના અપવાદ સિવાય ફક્ત રૂમાનીયામાં જ જવાનું મારે બાકી રહેલું હતું. બીજા બધા યુરોપના દેશોમાં હું ફરી વળ્યો હતો. એ સમયે કેટલાક માસ અગાઉથી મને સ્પષ્ટ સૂચનો ઈશ્વર તરફથી મળ્યા કરતાં હતાં કે મારે રૂમાનીયાની મુલાકાત લેવી જોઈએ. આખરે રેવ. જોન મોસ્લેની સાથે અમે હંગેરીની સરહદ પરથી રૂમાનીયામાં દાખલ થયા.

હવે અમે કોમ્યુનીસ્ટ શાસિત પ્રદેશમાં હોવાથી રાજસત્તા ખૂબ બારીકાઈથી અમારી પ્રવૃત્તિઓની તપાસ રાખતી હતી. તેઓની ચિંતાની અમને ઝટ ખબર પડી ગઈ. એવા સંજોગોમાં પણ વફાદાર ખ્રિસ્તીઓએ અમારું ઉમળકાભર્યું સ્વાગત કર્યું. ખ્રિસ્તાગમન પર્વના પહેલા રવિવારે સાંજે બુખારેસ્ટના જર્મન બાપ્ટિસ્ટ દેવળમાં અમે હાજરી આપી. ત્યાં અમારો સંદેશો અમે કહી સંભળાવ્યો અને લોકોને અન્ય દેશોની શુભ ભાવનાઓ પાઠવી. સભા પૂરી થતાં કેટલાક ભાઈઓ અમને મળવા માટે રોકાયા. તેઓમાં એક ઊંચો, ઉજળા ચહેરાનો તરવરાટ ભર્યો માણસ પણ હતો. તે અમારી સાથે વાત કરવા માગતો હતો. તેણે તો અમારે વાંધો ન હોય તો અમને તેના પોતાના ઘેર લઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો. એમ કરવામાં જો કે તેના માટે જોખમ તો હતું જ. અમે સંમત થયા એટલે રાત્રે દસ વાગે અમે રિચાર્ડ વર્મબ્રાન્ડને ઘેર પહોંચ્યા. તેના ઘેર તેનો પુત્ર મિહાઈ અને પત્ની હાજર હતાં. તેમનો વસવાટ છેક ઉપરને માળે એક નાના માળીયામાં હતો.

અમે ચૂપકીથી ઉપર ગયા. પશ્ચિમના દેશોમાં રહ્યાં રહ્યાં મેં આ ધર્મસેવક અંગે વિવિધ વાતો સાંભળી હતી. અહીં તો તેના પોતાના મુખે જ ચૌદ ચૌદ વર્ષના કારાવાસમાં વેઠેલી યાતનાઓ અને બીજા અનુભવોની અદ્‌ભુત વાતો અને છૂટકારાના પ્રસંગો વિશે સાંભળવા મળ્યું.

એ સમય દરમિયાન શરૂઆતમાં તેનો પુત્ર મિહાઈ બહાર શેરીમાં રહીને ચોકી કરી રહ્યો હતો અને પાછળથી તેની પત્ની એ ફરજ બજાવતી રહી હતી. બહારથી ખબર મળી કે પોલીસે મકાનને ચારે બાજુથી ઘેરી લીધું છે. ઘરથી થોડે દૂર પોલીસની ગાડી તૈયાર ઊભી હતી. અમને મનમાં થયા કરતું હતું કે એ પોલીસ ક્યાં સુધી પહેરો ભર્યા કરશે અને આ પ્રસંગનું શું પરિણામ આવશે ? આખરે વર્મબ્રાન્ડે પોતાની કથની પૂરી કરી. તેની સાથે મળી અમે પ્રાર્થના કરી. અમે આજીજીપૂર્વક ઈશ્વરને વિનંતિ કરી કે તેના સેવકોનું રક્ષણ થાય. આ પ્રાર્થના સભા અવિસ્મરણીય હતી. જેલમાં પડેલા ત્રાસનાં નિશાન અમે નજરોનજર જોયાં હતાં. ત્યાં થતા જુલ્મો તો કલ્પનામાં પણ ન આવે તેવા ભયંકર હતા અને તેની કંઈક ઝાંખી અમને થઈ હતી. આવા કાળા કેર અને જેલનિવાસ ઉપર પણ ઈશ્વરનો પ્રેમભાવ અને તેના ગૌરવનો પ્રકાશ પ્રસરેલાં અમે જોઇ શકતા હતા. ઈશ્વરે અમારી પ્રાર્થના સાંભળી અને પ્રાર્થના કરીને અમે બહાર નીકળ્યા ત્યારે તપાસ કરનાર પોલીસ ટુકડી ત્યાંથી ચાલી ગએલી જણાઈ.

ઈસુ ખ્રિસ્તને ખાતર બહાદુરીપૂર્વક સાક્ષી પૂરનાર આ ઈશ્વર-પરાયણ કુટુંબને પહેલીજ વાર અમે મળ્યા હતા, પણ એ મેળાપની અસરથી અમારામાં જ પરિવર્તન થયું હોય એવો અનુભવ અમને થવા લાગ્યો. એથી આ પુસ્તક માટે આમુખ લખવાની તક મળતાં મને મોટું સુભાગ્ય પ્રાપ્ત થયું છે એમ હું માનું છું. આ પુસ્તકના વાચન વડે અસંખ્ય લોકોના દિલમાં પૂર્વ યુરોપના ખ્રિસ્તી લોકો માટે ચાહના ઉત્પન્ન થાય એવી ઉત્કટ ભાવનાથી હું આ આમુખ લખી રહ્યો છું. એ પ્રેમભાવના ફળરૂપે લોકો પૂર્વ યુરોપના ખ્રિસ્તી ભાઈઓ ખ્રિસ્તને ખાતર જે અવર્ણ્ય યાતનાઓ વેઠી રહ્યા છે તેમને સહાય કરવા પ્રેરાશે અને ઉદારતાથી દાન આપશે એવી મને આશા છે. તેનું શરીર જે મંડળી છે તેને ખાતર પોતાના દેહમાં ખ્રિસ્તના જેવી યાતનાઓ વેઠનારની ખોટ તેઓ પરિપૂર્ણ કરશે એ જ આશા.

# સમર્પણ

ઇ. સ. ૧૯૬૪ માં મારી જેલમુક્તિ સમયે પશ્ચિમમાંથી ત્યાંના ખ્રિસ્તીઓનો સંદેશો લઇને રૂમાનીયા આવેલા યુરોપના ક્રિશ્ચીયન મિશનના

જનરલ ડાયરેક્ટર

**રેવ. ડબ્લ્યુ. સ્ટુઅર્ટ હેરીસને—**

તેમણે મોડી રાત્રે અમારા ઘેર આવીને, સલામતીનાં પગલાં લઈને અમને પ્રેમભાવ અને દિલાસાનો સંદેશો પાઠવ્યો. તે ઉપરાંત શહીદીને વરેલાઓનાં કુટુંબોની રાહત માટેના દાનનો પ્રથમ હપ્તો અમારે હવાલે સોંપ્યો. તે બધાંની વતી આ પુસ્તકદ્વારા અમારી કૃતજ્ઞતા જાહેર કરૂં છું.

# પ્રસ્તાવના

## આ પુસ્તક લખવાનો હેતુ

લોખંડી પડદા પાછળની ભૂગર્ભ ખ્રિસ્તી મંડળીના સભ્યો તરફથી આ પુસ્તક મારફતે દરેક મુક્ત ખ્રિસ્તીને હું સંદેશો પાઠવું છું.

એ ભૂગર્ભ મંડળીનું સંચાલન હું ઘણાં વર્ષોથી કરતો આવ્યો છું. તે મંડળીએ ઠરાવ કર્યો કે ગમે તેમ કરી હું મુક્ત જગતમાં જાઉં અને ત્યાંના લોકોને એક તાકીદનો સંદેશો પહોંચાડું. આ પુસ્તકમાં તમને જાણવા મળશે કે કેવા ભવ્ય ચમત્કારો દ્વારા મને ટકાવી રાખવામાં આવ્યો હતો. મુક્ત જગતમાં આવી પહોંચવામાં પણ કેવી ચમત્કારિક કાર્યવાહી થઈ હતી. કોમ્યુનીસ્ટ દેશોમાં વિખરાએલી પડેલી, વફાદાર, ત્રસિત ભૂગર્ભ મંડળીઓએ પોતાનો સંદેશો પહોંચાડવા મને મોકલ્યો છે. હું આ પુસ્તકદ્વારા એ સંદેશો તમારી આગળ રજૂ કરૂં છું.

એ સંદેશો તમારા મનમાં ઊંડે ઉતરે અને તમારા મન પર તેની સચોટ અસર થાય એ હેતુથી હું અહીં મારી કથની પણ સાથે સાથે રજુ કરૂં છું. એથી ભૂગર્ભ મંડળીના કાર્યનો ખ્યાલ તમને સહેલાઇથી આવી શકશે.

# પ્રકરણ ૧

## એક નાસ્તિક ખ્રિસ્તને શરણે આવે છે.

મારા કુંટુંબમાં કોઈને ધર્મમાં શ્રદ્ધા ન હતી. એવા સંસ્કારો નીચે મારો ઉછેર થયો હતો. બાળપણમાં મને કોઈએ કોઈ જાતનું ધર્મનું શિક્ષણ આપ્યું ન હતું, ચૌદ વર્ષનો થયો ત્યાં સુધીમાં તો હું અઠંગ નાસ્તિક થઈ ગયો હતો. નાનપણથી જ મારે જીંદગીની કઠોરતાનો સામનો કરવો પડ્યો હતો અને તેના પરિણામે હું નાસ્તિક થતો ગયો હતો. એક વર્ષની ઉંમરથી હું માબાપ વિનાનો થઈ ગયો હતો. પ્રથમ વિશ્વયુદ્ધના મુશ્કેલ સમય દરમિયાન મને કારમી ગરીબીનો અનુભવ થયો હતો. એથી તો અત્યારના પીઢ કોમ્યુનીસ્ટો જેવો ચૂસ્ત નાસ્તિક હું નાની ચૌદ વર્ષની વયે થઈ બેઠો હતો. નાસ્તિકવાદ અંગેનાં ઘણાં-ખરાં પુસ્તકો મેં વાંચી કાઢ્યાં હતાં. ઈશ્વર કે ખ્રિસ્ત પર મને જરાય શ્રદ્ધા બેસતી ન હતી. ઉલટું મને એમ લાગતું કે એવા શ્રદ્ધાના વિચારો પણ માનવી મન માટે હાનિકારક છે. તેથી હું તેમનો તીવ્ર ધિક્કાર કરતો હતો. આમ ધર્મ વિરૂદ્ધ કટ્ટર કડવાસ કેળવીને હું જીવન વિતાવતો હતી.

પણ હવે મને સમજાય છે કે ઈશ્વરે તો મને તેની કૃપાનું પાત્ર થવા પસંદ કર્યો હતો. પણ પ્રભુએ મને કેમ પસંદ કર્યો તે તો મારા ધ્યાનમાં હજીયે આવતું નથી. મારૂં અધમ ચારિત્ર્ય તો એ પસંદગીમાં જરાય કારણરૂપ થઈ શકે તેમ હતું જ નહિ.

હું નાસ્તિક હોવા છતાં કોઈ અગમ્ય કારણસર અવારનવાર દેવળોમાં જઈ ચઢતો ખરો. મને કોઈ એવું અદમ્ય આકર્ષણ થતું હતું કે દેવળ આગળથી પસાર થતો હોઉં તો અંદર ગયા વિના ચેન જ પડે નહિ. દેવળોમાં જે કંઈ કાર્યવાહી ચાલતી તેમાં તો મને કશી જ સમજ પડતી નહિ. ત્યાં થતા બોધ ભાષણો સાંભળતો પણ તે મને તો ભેંસ આગળ ભાગવત જેવાં થઈ પડતાં. મારા મન પર એથી કશી અસર થતી નહિ. હું તો ખાત્રીપૂર્વક માનતો કે

ઇશ્વર જેવું કશું છે જ નહિ. ઇશ્વર જેવો કોઇ સ્વામી માથા ઉપર હોય અને તેની તાબેદારી કરવી પડે એવો વિચાર જ મારાથી સહન થતો નહિ. ઇશ્વર સંબંધી અનેક ખોટા ખ્યાલ મારા મનમાં ભરેલા હોવાથી હું ઇશ્વરનો ધિક્કાર કરતો હતો. પણ જો કોઈએ તે સમયે મને સમજાવ્યું હોત કે આ વિશ્વના કેન્દ્રમાં એક પ્રેમસભર હૈયુ ધબકી રહ્યું છે તો તે જાણીને અવશ્ય મને ખૂબ આનંદ થાત. બાળપણ અને યુવાવસ્થામાં મારા પર પ્રેમ રાખે તેવું કોઈ મને મળ્યું જ ન હતું, તેથી મારૂં જીવન તદ્દન આનંદરહિત વિત્યું હતું. મારૂં મન એવા પ્રેમાળ હૈયા માટે તલસી રહ્યું હતું.

જો કે હું એમ તો માનતો હતો જ કે ઇશ્વર નથી પણ એવું પ્રેમમય ઇશ્વરતત્ત્વ નથી એ ખ્યાલને લીધે મને ઉદ્વેગ પણ થયા કરતો હતો. મારા મનમાં આધ્યાત્મિક પ્રશ્નો અંગે મંથન ચાલતું હતું તેવામાં એકવાર હું એક કેથોલિક દેવળમાં ગયો. મેં ત્યાં જોયું તો લોકો ઘુંટણે પડીને બબડતા હોય તેમ હોઠ ફફડાવતા હતા. મને લાગ્યું કે તેઓ શી પ્રાર્થના કરે છે તેના શબ્દો પકડાય માટે હું પણ ઘુંટણે પડું તો સારૂં. એ જ પ્રાર્થના જો હું પણ કરૂં તો કશો ચમત્કાર થાય ખરો ? મેં ધ્યાન આપીને સાંભળ્યું તો જણાયું કે તેઓ પવિત્ર કુમારીને સંબોધીને પ્રાર્થના કરી રહ્યા હતા : “ધન્ય કુમારી મારીયા, કૃપાથી ભરપૂર !” તેઓની પાછળ પાછળ હું પણ એ શબ્દોનો જાપ જપવા લાગ્યો અને કુમારી મારીયાના પુતળા સામે તાકી રહ્યો. લાંબા સમય સુધી રાહ જોયા છતાં કંઈ નવાઈનો બનાવ બન્યો નહિ તેથી મારૂં મન દુ:ખી થઈ ગયું.

એક ચૂસ્ત નાસ્તિકવાદી હોવા છતાં એક વાર મારા મુખેથી આવી પ્રાર્થના નીકળી પડી : “હું જાણું છું કે ઇશ્વર જેવું કોઈ અસ્તિત્વ છે તો નહિ છતાં ધારો કે એવું કંઈ અસ્તિત્વ હોય તો એ અસંભવિત ઇશ્વરને હું જણાવી દઉં છું કે તારા પર શ્રદ્ધા રાખવાની મારી ફરજ હોય તેમ હું માનતો નથી. પણ જો તું ઇશ્વર હોય તો

તારી ફરજ છે કે મારી આગળ તારૂં વ્યક્તિત્વ તારે પ્રગટ કરવું." નાસ્તિકવાદનો આસરો લેવાથી મારા મનમાં જરાય શાંતિનો અનુભવ થતો ન હતો.

આ પ્રમાણે મારા મનમાં મંથન ચાલી રહ્યું હતું ત્યારે રૂમાનીયાના પહાડી પ્રદેશમાં ઉંચાણમાં વસેલા એક નાના ગામમાં એક વૃદ્ધ સુથાર રહેતો હતો. તે રોજ આ પ્રમાણે પ્રાર્થના કરતો હતો, "હે ઈશ્વર, હું આ દુનિયામાં તારી સેવા કરતો આવ્યો છું. મારે મારો બદલો સ્વર્ગમાં તો મેળવવાનો છે જ પણ અહીં આલોકમાં પણ મને બદલો જોઈએ છે. મારે આ લોકમાં જે બદલો મેળવાનો મનોરથ છે તે આવો છે. ઈસુ પોતે યહુદી પ્રજામાં અવતર્યો હતો માટે મારા મરણ પહેલાં મારી મારફતે એક યહુદી તારનાર ખ્રિસ્તને શરણે આવે એવું વરદાન મને પ્રાપ્ત થાય. પણ હું તો રંક, વૃદ્ધ અને બિમાર છું તેથી કોઈ યહુદીને શોધવા બહાર જઈ શકું તેમ નથી. મારા ગામમાં પણ કોઈ યહુદી રહેતો નથી. માટે એક યહુદી આ ગામમાં આવે તો તેને ખ્રિસ્તને શરણે લાવવા હું મારી શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરીશ." (આ વાતની જાણ મને પાછળથી થઈ હતી).

કોઈ અગમ્ય ખેંચાણથી હું તે ગામમાં જઈ ચઢયો. મારે એ ગામમાં કંઈ જ કામ ન હતું. રૂમાનીયાનાં બાર હજાર ગામડાંમાંથી આ એક જ ગામે હું કોણ જાણે કેમ જઈ ચઢયો તે મારી સમજમાં આવતું નથી. હું યહુદી છું એ જાણીને પેલો વૃદ્ધ સુથાર તો જાણે મને ચોંટી જ પડયો. તેના જેવી તીવ્ર ઉત્કટ ભાવના તો યુવકો કોઇ સુંદર કન્યાનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે પણ બતાવતા નહિ હોય. તે તો એમ ખાત્રીથી માની બેઠો કે તેની પ્રાર્થનાના જવાબમાં જ મારૂં આગમન આ ગામમાં થઈ શકયું હતું. તેણે મને એક બાયબલ વાંચવા માટે આપ્યું. તે પહેલાં સાહિત્યની દૃષ્ટિથી મેં બાયબલ અનેક વાર વાંચી નાખ્યું હતું. પણ તેણે આપેલું બાયબલ જરા જુદું હતું. એ બાયબલ તો જાણે સામાન્ય શબ્દો છાપેલું નહિ પણ એ વૃદ્ધની પ્રાર્થનાઓ

વડે જલાવેલી પ્રેમની જ્યોતનું બાયબલ હતું. એણે મને પાછળથી કહેલું કે પતિપત્ની બંને મારા હૃદયપરિવર્તન માટે કલાકોના કલાકો-સુધી પ્રાર્થના કર્યા કરતાં હતાં. એ બાયબલ તો હું વાંચી જ ન શક્યો કારણ કે વાંચવાનું શરૂ કરતાં જ મારું હૈયું ભરાઈ આવતું અને મારી આંખોમાંથી આંસુ વહેવા લાગતાં. મારા જીવનની અધમતા અને ઇસુના જીવનની પવિત્રતા એ બે વચ્ચે મારાથી તુલના અજાણતાં જ થઈ જતી. મારી અશુદ્ધતા ને તેની શુદ્ધતા સામે કસોટીએ ચઢાવતો; મારો ધિક્કાર તેના પ્રેમ સામે હું મૂકતો. અંતે તેણે મને તેનો પોતાનો બનાવી દીધો.

મારા હૃદયપરિવર્તન બાદ થોડા સમયે મારી પત્નીનું પરિવર્તન થયું. તેણે બીજા લોકોને ખ્રિસ્તને શરણે આણ્યા. તે લોકોએ વળી બીજા લોકોને ખ્રિસ્તના શરણે લાવવાના પ્રયત્નો ચાલુ રાખ્યા. એ પ્રમાણે રૂમાનીયામાં લુથરન સંપ્રદાયની મંડળીની શરૂઆત થઈ.

એ જ અરસામાં નાઝીઓનો શાસનકાળ આવી પહોંચ્યો. તેમાં અમારે ખૂબ જ વેઠવું પડયું. રૂમાનીયામાં નાઝીવાદના આસરે રૂઢિચૂસ્ત તત્ત્વોની સરમુખત્યારી ખૂબ ફાલી. તેઓ તો પ્રોટેસ્ટંટ જુથો તેમજ યહુદીઓને ખૂબ ત્રાસ દેવા લાગ્યા.

મારી ધર્મસેવા માટે તૈયારી ચાલતી હતી ત્યારે મારી દીક્ષા થઈ તે પહેલાંથી હું આ મંડળીનો કર્તા કારવતા આગેવાન જેવો હતો. ખરું જોતાં એ મંડળીની શરૂઆત જ મેં કરી હતી. એની બધી જ જવાબદારી મારે માથે હતી. મને અને મારી પત્નીને અનેકવાર પકડી જઈને, માર મારીને ન્યાયાધીશો આગળ રજુ કરવામાં આવેલાં. નાઝીઓનો ત્રાસ તો અસહ્ય હતો પણ ભાવિમાં કોમ્યુનીસ્ટોના હાથે જે જુલમનો અનુભવ અમે કરવાના હતા તેનો કંઈક સ્વાદ અમને આગળથી જાણે ચખાડવામાં આવતો હતો. મારા પુત્રનું નામ બીનયહુદી કરી નાખવું પડયું કે તેના માથે જોખમ ન રહે.

આ નાઝીસત્તાનો એક લાભ પણ થયો. એમના ત્રાસથી

અમે એટલું શીખ્યા કે શારીરિક યાતના સહન કરી શકાય છે. અમને અનુભવ થયો કે ઇશ્વરની કૃપાથી માણસનો આત્મા ગમે તેવો ભયંકર અત્યાચાર પણ સહન કરતાં કરતાં દઢતાથી ટકી રહી શકે છે. ભાવિમાં એક ભારે અગ્નિપરીક્ષા આવી જ રહી હતી પણ તેવા સમયે પણ ગુપ્ત રીતે કેવી રીતે કાર્ય આગળ ધપાવવું તેની તાલીમ અમને મળી ચૂકી હતી.

## રશિયનો પ્રતિ ધર્મસેવા

મેં નાસ્તિક તરીકે જીવન ગુજાર્યું હતું તેના પશ્ચાતાપરૂપે મારા મનનું પરિવર્તન થયા પછી તરત જ મારા મનમાં એવી તમન્ના જાગી કે મારે રશિયનોને મારા હૃદયપરિવર્તનની જાણ કરવી. રશિયનો તો નાનપણથી જ નાસ્તિકતાના વાતાવરણમાં ઉછરે છે. તેઓનો સંપર્ક સાધવાની મારી ઇચ્છા પરિપૂર્ણ થઇ છે. મારા મનોરથ ફળવાની શરૂઆત તો નાઝી શાસનકાળમાં જ થઈ ચૂકી હતી. તે વખતે ઘણા રશિયનો યુદ્ધકેદીઓ તરીકે રૂમાનીયામાં રહેતા હતા. અમે તેઓમાં ખ્રિસ્તી સેવાકાર્ય કરી શક્યા હતાં.

રશિયનોમાં ધર્મસેવાનું આ કાર્ય નાટયાત્મક પ્રકારનું, દિલને હચમચાવી મૂકે તેવું હતું. એક રશિયન કેદી સાથે પહેલવહેલી મુલાકાત થઈ તે પ્રસંગ તો કદી ભૂલાશે નહિ. તેણે મને કહ્યું કે હું ઇજનેર છું. મેં તેને પૂછ્યું, "તમે ઇશ્વરને માનો છો? જો જવાબમાં તેણે સીધેસીધું કહી ના કહી દીધું હોત તો મને કંઈ ભારે આઘાત ન લાગત. માનવું કે ન માનવું એ તો દરેકની પોતાની મુનસફીની વાત છે. પણ એ રશિયને તો જાણે કશું સમજતો ન હોય તેમ શૂન્ય નજરે જોઈ રહેતાં મને કહ્યું, "મને લશ્કરી સત્તાવાળા તરફથી કશો હુકમ મળ્યો નથી. હુકમ મળશે તો ઇશ્વરમાં માનીશ."

એ સાંભળતાં મારી આંખો આંસુથી ભરાઈ ગઈ, મારા હૃદયના ટુકડા થઈ જતા લાગ્યા. મારી સામે એક મનુષ્ય ઊભો હતો, પણ તેનું હૃદય મરી ગયું હતું. ઇશ્વર તરફથી માણસને સૌથી કિમતી ભેટ મળી છે

—તેનું સ્વતંત્ર વ્યક્તિત્વ. પણ આ માણસે તે ગુમાવી દીધું હતું. હુકમ થાય તો માને અને હુકમ થાય તો ન માને એવી જાતનું તેનું મગજ તૈયાર કરવામાં આવ્યું હતું. આવો એક નિર્જીવ યંત્ર જેવો આ માણસ કોમ્યુનિસ્ટ હાથોમાં ફસાઈ ગયો હતો. તે પોતે કશોજ વિચાર કરવા શક્તિમાન ન હતો. આટલા વર્ષોના કોમ્યુનિસ્ટ શાસનદ્વારા તૈયાર થએલો આ એક શ્રેષ્ઠ નમુનો હતો. સામ્યવાદ માણસની કેવી દશા કરી નાખે છે તે જોઈને મને ભારે આઘાત લાગ્યો. એ આઘાતમાંથી કળ વળી ત્યારે મેં ઈશ્વિર સમક્ષ સંકલ્પ કાર્યો કે આવા લોકોના ઉદ્ધાર માટે હું મારા જીવનનું સમર્પણ કરી દઈશ. તેઓનું વ્યક્તિત્વ પાછું આવે અને તેઓની શ્રદ્ધા ઈશ્વિર અને ખ્રિસ્તમાં બેસે એવા પ્રયાસો હું સતત કર્યા કરીશ.

રશિયનોને પ્રભુની વાત કહેવા મારે તેમના દેશમાં જવાની જરૂર પડી નહિ. ઈ. સ. ૧૯૪૪ ના ઓગસ્ટની ત્રેવીસમી તારીખથી શરૂ કરીને આસ્તે આસ્તે દસ લાખ રશિયનોનું લશ્કર રૂમાનીઆમાં આવી ગયું હતું. તે પછી થોડા સમય બાદ જ કોમ્યુનિસ્ટોએ અમારા દેશની રાજસત્તા પણ કબજે કરી લીધી હતી. ત્યારથી એવા ભયંકર ઓથારની શરૂઆત થઈ કે નાઝીઓના જુલમ તો તેની આગળ કશી વિસાતમાં જ ન ગણાય.

રૂમાનીયાની એક કરોડ એંસી લાખની વસ્તીમાંથી કોમ્યુનિસ્ટ પક્ષમાં ફક્ત ૧૦,૦૦૦ સભ્યોજ નોંધાયેલા હતા. છતાં સોવિયેટ યુનીયનનો વિદેશપ્રધાન વિશિન્સ્કી અમારા રાજા માઈકલના દરબારમાં ધસી ગયો અને રાજાના મેજ પર મૂઠીઓ પછાડીને બરાડો પાડીને બોલ્યો, "તમારે તમારી સરકારમાં કોમ્યુનિસ્ટ પ્રધાનોની નિમણુંક કરવીજ પડશે." એ પછી પોલીસો અને સૈનિકોનાં શસ્ત્રો બળજબરીથી ઉતરાવી નંખાવીને તેમણે સત્તા પચાવી પાડી. પ્રજાનો તેઓ પ્રત્યે અણગમો હોવા છતાં તેઓ આવી ધૃષ્ટતા કરી શક્યા, કારણ કે તેમને અમેરિકન અને બ્રિટિશ સત્તાઓનો ટેકો મળતો હતો.

માણસ પોતાનાં અંગત પાપકર્મો માટે તો ઈશ્વર આગળ જવાબદાર છે જ પણ પોતાના રાષ્ટ્રે આચરેલાં પાપો માટે પણ તે અમુક અંશે જવાબદાર રહે છે. એ રીતે જોતાં અત્યારે ગુલામીમાં સબડતા દેશોની કરૂણતા માટે બ્રિટન અને અમેરિકાના ખ્રિસ્તીઓને માથે પણ જવાબદારી છે. અમેરિકનોએ સમજી લેવું જોઈએ કે અમારા પર રશિયન જુલમ અને ખૂની શાસન ઠોકી બેસાડવામાં જાણે અજાણે તેમણે સહકાર આપેલો છે. નાઝીઓના જુલમ અસહ્ય હતા છતાં ભાવિમાં આવનારા કોમ્યુનિસ્ટોના જુલમો આગળ તો તે બચ્ચાંના ખેલ જેવા હતા. આને માટે તેમણે પ્રાયશ્ચિત કરવું જોઈએ. આ ગુલામ દેશોની પ્રજાને ખ્રિસ્તનો પ્રકાશ પહોંચે તેવા પ્રયાસો કરીને તેઓ આ પ્રાયશ્ચિત કરી શકે.

## પ્રેમ અને પ્રલોભનની ભાષા એકસરખી જ હોય છે

એકવાર કોમ્યુનિસ્ટોએ સત્તા હાથ કરી પછી ખ્રિસ્તી ધર્મસંઘોને ખૂબ ચતુરાઈથી જુદા જુદાં સાધનોદ્વારા પ્રલોભનમાં નાખવાના પ્રયત્નો આદરી દીધા. પ્રેમ અને પ્રલોભનની ભાષા તો એકસરખી જ જણાય છે. કોઈ માણસ એક ભોળી કન્યાને પત્ની તરીકે સ્વીકારવા માગતો હોય અને બીજો કોઈ તેને ક્ષણિક આનંદ માટે લલચાવવા માગતો હોય તો તેઓ બંને એક સરખું જ વાકય કહેવાના કે "હું તને ચાહું છું." ઇસુએ આપણને આદેશ આપ્યો છે કે આપણે એ બે વચ્ચેનો ભેદ સમજી લઈએ. આપણે ખરાં ઘેટાનું ચામડું ઓઢી ફરતાં વરૂઓને ઓળખતાં શીખી લેવું જરૂરી છે.

કોમ્યુનિસ્ટો સત્તા પર આવ્યા ત્યારે હજારો પાદરીઓ, યાજકો અને ધર્મસેવકો આવો ભેદ પારખી શકે તેટલા હોશિયાર ન હતા.

કોમ્યુનિસ્ટોએ દેશની સંસદના મકાનમાં બધી ખ્રિસ્તી મંડળીઓની એક ધર્મપરિષદ બોલાવી. દરેક સંપ્રદાયના યાજકો, પાદરીઓ અને ધર્મસેવકો મળીને લગભગ ૪૦૦૦ માણસો ત્યાં એકઠા મળ્યા. એ બધાએ એક મતે જોસફ સ્ટાલિનને પ્રમુખપદે ચૂંટી કાઢયો. એજ

વખતે તે ઈશ્વરવિરોધીઓની પરિષદનો પણ પ્રમુખ હતો! તેણે તે પહેલાં ખ્રિસ્તીઓની સામુહિક કતલ પણ કરાવી હતી. અમારા સંસદગૃહની એ પરિષદમાં એક પછી એક બિશપો, પાદરીઓ વગેરે ઉભા થઈને જાહેર કર્યું કે સામ્યવાદ અને ખ્રિસ્તીધર્મ મૂળભૂત રીતે એકસરખા જ છે માટે બંને એક બીજા સાથે સહકાર કરીને રહી શકે છે. ધર્મસેવકોએ પણ એક પછી એક ઉભા થઈને સામ્યવાદની પ્રશંસા ગાવા માંડી. તેઓએ નવી સરકાર પ્રત્યે બધી ખ્રિસ્તી મંડળીઓની વફાદારી જાહેર કરી.

એ પરિષદમાં અમે પતિપત્ની બંને હાજર હતાં. મારી બાજુમાં બેઠેલી મારી પત્નીએ મને કહ્યું "રિચાર્ડ, ખ્રિસ્તના મુખ પર આજે જે ડાઘ પડ્યા છે તે દૂર કરવા ઉભા થઈ જાઓ. આ તો જાણે આ બધા તેના મોં પર થુંકી રહ્યા છે." મેં કહ્યું, "જો હું અત્યારે ઉભો થઈને આ બધાનો વિરોધ કરીશ તો તારે તારો પતિ ગુમાવવો પડશે." તેણે સામો ઘા કર્યો : "મારો પતિ નામર્દ થઈ આવું જોઇ રહે તે મને પસંદ નથી!"

પછી ઉભા થઈને મેં પરિષદને સંબોધન કર્યું. મેં ખ્રિસ્તીઓની સામુહિક અને એકલદોકલ કતલ કરનારા માટે કોઈ પ્રશંસાયુક્ત શબ્દો વાપર્યા નહિ. પણ ખ્રિસ્ત અને ઈશ્વરની પ્રશંસા કરતાં મેં ઘોષણા કરી કે અમારી પ્રાથમિક વફાદારી તો ખ્રિસ્ત પ્રત્યેજ રહેવાની. આ પરિષદનો હેવાલ અને તેનાં પ્રવચનો રેડીઓ પરથી આખા દેશમાં પ્રસારિત કરવામાં આવેલાં એટલે આ ખ્રિસ્ત વિશેનો સંદેશો આખા દેશે સાંભળ્યો. કોમ્યુનિસ્ટ વ્યાખ્યાન મંચ પરથી જ ખ્રિસ્તના નામનો પ્રચાર થઈ શક્યો! મારે પાછળથી એ સાહસની કિંમત તો ચૂકવવી પડી હતી પણ એના શુભ પરિણામ તરફ જોતાં કિંમત યોગ્ય જ હતી.

ઓર્થોડોક્ષ અને પ્રોટેસ્ટંટ સંપ્રદાયના આગેવાનો એ પછી તો જાણે કોમ્યુનિસ્ટોની મહેરબાની પ્રાપ્ત કરવા માંહેમાંહે હરિફાઈ

કરવા લાગ્યા. ઓર્થોડોક્ષ સંપ્રદાયના એક બિશપે પોતાના ધાર્મિક ઝભ્ભા પર દાતરડું અને હથોડાના ચિત્રનું ભરતકામ કરાવ્યું. તેણે પોતાના હાથ નીચેના યાજકો વગેરેને પણ હુકમ કર્યો કે હવેથી મને સંબોધન કરતાં "પૂજ્ય" શબ્દ ન વાપરવો પણ "બિરાદર" શબ્દ વાપરવો.

રેઝીટા શહેરમાં બાપ્ટિસ્ટ સંપ્રદાયની ધર્મપરિષદમાં મેં હાજરી આપી હતી. આ પરિષદ લાલધ્વજની આણ નીચે ભરવામાં આવી હતી. ત્યાં સોવિયેટ યુનીયનનાં રાષ્ટ્રગીતો બધાંએ ઉભાં થઈને ગાયાં હતાં. એ પરિષદમાં બાપ્ટિસ્ટ મંડળીઓના પ્રમુખે જાહેર કર્યું કે સ્ટાલિન જે કંઈ કરે છે તે બધું ઈશ્વરની ઈચ્છાપ્રમાણે જ હોય છે. સ્ટાલિન તો બાયબલનો મહાન શિક્ષક છે એમ જણાવી તેની ખૂબજ પ્રશંસા કરવામાં આવી. પેટ્રાસ્કોઉ અને રોઝીઆનુ જેવા બેધડક કોમ્યુનિસ્ટોની તરફેણ કરી રહ્યા. પાછળથી તેઓ છૂપી પોલીસના બાતમીદારો તરીકે કામ કરવા લાગ્યા હતા. રૂમાનીયાના લુથરન સંપ્રદાયના બિશપનો એક અધિકારી રેપ નામે હતો. તે તો ઈશ્વર-વિદ્યાશાળાઓમાં ઈશ્વરી પ્રકટીકરણ વિષે શિક્ષણ આપતાં કહેતો કે પ્રકટીકરણ ત્રણ પ્રકારે થતાં હોય છે.

પહેલું મુસા પ્રબોધકદ્વારા કરાએલું

બીજું ઈસુદ્વારા થએલું

ત્રીજું સ્ટાલિનદ્વારા કરવામાં આવતું.

છેલ્લા પ્રકટીકરણ પછી આગળનાં બે પ્રકટીકરણનું મહત્વ રહેતું નથી એમ પણ તે શિખવતો.

સાચા બાપ્ટિસ્ટો મને પ્રિય છે. તેઓ આવી બધી વાતો સાથે સંમત થતા નથી. તેઓ ખ્રિસ્તને વફાદાર રહીને ઘણું ઘણું વેઠે છે. કોમ્યુનિસ્ટ સત્તાવાળાઓએ જ મંડળીના અધિકારીઓની "ચૂંટણી" કરી દીધી હોવાથી સાચા બેપ્ટિસ્ટોને પણ તેમના કહ્યા પ્રમાણે કર્યા

વિના છૂટકો ન હતો. છેક ઉપલી કક્ષાના ધાર્મિક નેતાઓ આજે પણ કોમ્યુનિસ્ટ તરફીજ હોય છે.

ખ્રિસ્તનો દ્રોહ કરીને જેઓએ કોમ્યુનિસ્ટો સાથે સહકાર કર્યો તેઓ જ ખ્રિસ્તીઓને હલકા પાડવા લાગ્યા અને તેમની વિરૂદ્ધ નિંદા કરવા લાગ્યા.

રશિયામાં રાજ્યક્રાંતિ થયા બાદ ત્યાં ખરા ખ્રિસ્તીઓ ભૂગર્ભ પ્રવૃત્તિ કરવા લાગ્યા અને ત્યાં એક ભૂગર્ભ મંડળી ઊભી થઈ. રૂમાનીયામાં પણ કોમ્યુનિસ્ટોએ સત્તા હાથ કરી પછી ઘણા ધાર્મિક આગેવાનો તેમની સાથે ભળી ગયા અને ખ્રિસ્તનો વિદ્રોહ કર્યો તેથી અમારે પણ એક ભૂગર્ભ મંડળી ઊભી કરવી પડી. એ મંડળી ખ્રિસ્તને વફાદાર રહીને સુવાર્તાપ્રચાર અને બાળકો તેમ જ યુવકોમાં શિક્ષણ કાર્ય કરતી હતી. એ કાર્ય જાહેરમાં કરવાની કોમ્યુનિસ્ટ સત્તાએ મનાઈ કરી હતી. સત્તાવાર માન્ય થએલી ખ્રિસ્તી મંડળી એમાં તેમને સાથ આપતી હતી.

બીજાઓનો સાથ લઈને મેં પણ ભૂગર્ભ કાર્ય શરૂ કર્યું. બાહ્ય રીતે સામાજિક માળખામાં મેં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પણ તે કાર્યને મારા ભૂગર્ભ કાર્ય સાથે કશી જ લેવાદેવા ન હતી. હું દેખાવ ખાતર જે કાર્ય કરતો હતો તેનાથી મારૂં વધુ અગત્યનું ભૂગર્ભ કાર્ય સારી રીતે છૂપાવી શકાતું હતું. હું નોર્વેના લુથરન સંપ્રદાયના પાદરી તરીકેનો હોદ્દો ધરાવતો હતો. તે સાથે વિશ્વની ખ્રિસ્તી મંડળીઓના સંઘ માટે રૂમાનીયાના પ્રતિનિધિ તરીકે પણ કાર્ય કરતો હતો. (રૂમાનીયામાં અમને તો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આ વિશ્વ-સંસ્થા કોમ્યુનિસ્ટો સાથે સહકાર કરશે. તે સમયે અમારા દેશમાં તેની મારફતે યુદ્ધ પછીનું રાહતકાર્ય ચાલતું હતું). આ બે હોદ્દાઓને લીધે રાજસત્તા આગળ મારૂં ઠીક ઠીક વજન પડતું હતું. એ બે હોદ્દાઓને લીધે મારા ભૂગર્ભ કાર્ય વિષે કોમ્યુનિસ્ટોને બહુ મોડી ખબર પડી શકી.

અમારા ભૂગર્ભ કાર્યની બે શાખાઓ હતી. એક શાખા રૂમાનીયામાં પડેલા દસ લાખ જેટલા રશિયન સૈનિકોમાં ધર્મ-સેવાનું કાર્ય કરતી હતી. બીજી શાખા પરદેશી ધુંસરી નીચે સબડતી રૂમાનીઅન પ્રજામાં ભૂગર્ભ ધર્મસેવાની પ્રવૃત્તિ ચલાવતી હતી.

## તીવ્ર તૃષા ધરાવતી રશિયન પ્રજા

જો રશિયનોને સુવાર્તાની વાત કરવાની તક મળે તો મને તો જાણે સ્વર્ગ જ મળી ગયું લાગે છે. મેં અનેક પ્રજાઓને સુવાર્તાનો સંદેશો આપ્યો છે પણ રશિયન પ્રજા જેવી ગ્રહણ કરવા આતુર કોઇ પ્રજા જણાઈ નથી. તેઓ કેટલા બધા તૃષાતુર છે?

એક ઓર્થોડોક્ષ યાજક મારો મિત્ર છે. એક વાર તેમનો ટેલિફોન આવ્યો કે એક રશિયન અમલદાર પાપકબૂલાત કરવા માગે છે પણ મને રશિયન ભાષા આવડતી નથી. તમે રશિયન ભાષાના જાણકાર છો એવું સદ્દભાગ્યે મને યાદ આવી ગયું એટલે હું તેને તમારી પાસે મોકલું છું. બીજે દિવસે પેલો રશિયન અમલદાર મારે ત્યાં આવ્યો. તેને પ્રભુ પ્રત્યે ખૂબ ખૂબ ભાવ હતો અને પ્રભુની ઓળખ કરવા ખૂબ આતુર પણ હતો. તેને જીંદગીમાં કદી બાયબલ જોવાય મળ્યું ન હતું. તે કદી કોઈ દેવળમાં ભજનસેવામાં જઈ શક્યો ન હતો. (રશિયામાં ખ્રિસ્તી મંડળીઓ તો ખૂબ છૂટી છવાઈ કયાંક કયાંક જ હોય છે). ધર્મ વિષે તે તદ્દન અજ્ઞાન હતો. ઇશ્વર વિષે સાવ અજાણ હોવા છતાં તેને ઇશ્વર પ્રત્યે ભાવ હતો.

મેં તેની આગળ પ્રભુનું ગિરિપ્રવચન અને દૃષ્ટાંતકથાઓ વાંચી સંભળાવી. એ સાંભળીને તે તો ઊભો થઈને આખા ઓરડામાં આનંદથી નાચવા લાગ્યો. તે કહેવા લાગ્યો કેટલું અદ્દભુત અને સુંદર! આવા ખ્રિસ્તને ઓળખ્યા વિના જીવાય જ શી રીતે? ખ્રિસ્તની ઓળખાણથી આવો આનંદ થાય છે તે તો મેં આ પહેલ-વહેલું જ જોયું.

પણ પછી અતિ ઉત્સાહને લીધે મારાથી એક ભૂલ થઈ ગઈ.

તેના મનને તૈયાર કર્યા વિના જ લાગલું મેં તેની આગળ ઇસુના દુઃખસહન અને શૂળીપરના મૃત્યુની વાતો વાંચી સંભળાવી. આવા ખ્રિસ્તનું આમ મૃત્યુ થશે એ તો તેની કલ્પનામાં પણ આવેલું નહિ. તેથી એ બધી વાતો સાંભળતાં જ તે તો હૃદય ભંગિત થઈને ખુરશી પર બેસીને હૈયાફાટ રડવા લાગ્યો. જે ઉદ્ધારક પર તેણે શ્રદ્ધા ચોંઢી હતી તે તો આમ થોડી જ વારમાં મૃત્યુ પામ્યો!

આ પરિણામ જોઈને હું પણ શરમીંદો થઈ ગયો. હું તો એક ચૂસ્ત ખ્રિસ્તી, પાદરી અને બીજાઓને ખ્રિસ્ત વિષે શિખવનાર હોવાનો દાવો કરતો હતો. પણ ખ્રિસ્તના કષ્ટસહનને લીધે મને પોતાને આવી તીવ્ર લાગણી કદી થઈ ન હતી. આ રશિયન અમલદારને રડતો જોઈને મને લાગ્યું કે જાણે મરીયમ માગદાલેણને કબર આગળ ઊભી ઊભી રડતી હું ફરી જોઈ રહ્યો છું, અને જાણે ઇસુનું શબ ત્યાં કબરમાં પડયું છે!

એ પછી મેં તેને ઇસુના પુનરૂત્થાનનું વર્ણન વાંચી સંભળાવ્યું. તેનો ઉદ્ધારક મર્યા પછી પછી પાછો સજીવન થયો હશે એવું તેણે કલ્પ્યું જ ન હતું એટલે એ અદ્‌ભુત બનાવની વાત સાંભળીને તે ફરી આનંદમાં આવી ગયો. પોતાની જાંગો પર થાપટ મારીને એક ભૂંડી પણ "નિર્દોષ" ગાળ કાઢીને તે બોલી ઉઠયો કે કેવું અજાયબ! મને લાગ્યું કે પોતાનો આનંદ પ્રદર્શિત કરવાની રીત તેના જેવા માટે આવી જ હશે. આનંદ કરતાં કરતાં તે બોલ્યો, "તે જીવંત છે! જીવંત છે!" તેનો આનંદ એટલો બધો ઉભરાઈ જતો હતો કે તે ઓરડામાં ફરી નાચવા મંડ્યો.

મેં ધીરે રહીને સૂચવ્યું "આપણે પ્રાર્થના કરીશું?" પ્રાર્થના શી રીતે કરાય તેની તેને કશી જ સમજ ન હતી. મારી સાથે તે ઘુંટણે પડયો અને કંઇક આ પ્રમાણે પ્રાર્થના કરી: "અરે ઇશ્વર! તું તો ભલો આદમી છે. જો હું તારી જગ્યાએ હોત અને તું મારી જગ્યાએ હોત તો મેં તો તારાં પાપ કદી માફ કર્યાં જ ન હોત!

પણ તું તો સાચે જ ભલો આદમી છે. હું તારા પર પૂરા મનથી ભાવ રાખું છું."

મને લાગે છે કે આ ભોળા રશિયન અમલદારની પ્રાર્થના સાંભળવા માટે સ્વર્ગમાંના દૂતોએ પણ પોતાનું કાર્ય છોડીને કાન માંડ્યા હશે. એ માણસ તો ખ્રિસ્તમાં ઓતપ્રોત થઈ ગયો હતો!

એક મહિલા અમલદારને બજારમાં સાથ આપવા આવેલા એક રશિયન કેપ્ટનનો ભેટો મને એક દુકાનમાં થઈ ગયો. તેમને કેટલીકયે ખરીદી કરવાની હતી પણ દુકાનદાર રશિયન ભાષા સમજી શકતો ન હતો તેથી તેમનું ગાડું અટક્યું હતું. મારા ધ્યાનમાં એ આવ્યું એટલે મેં દુભાષિયા તરીકે તેમને મદદ કરી તેમનું કામ પતાવી આપ્યું. આમ ઓળખાણ થતાં મેં તેમને મારે ઘેર બપોરનું ખાણું લેવાનું આમંત્રણ આપ્યું. જમણ શરૂ કરતાં પહેલાં પ્રાર્થના કરવાનો અમારો રિવાજ છે. એટલે મેં તેમને કહ્યું, "આ તો એક ખ્રિસ્તી કુટુંબ છે. અમે હંમેશાં ખાધા પહેલાં પ્રાર્થના કરીએ છીએ." એમ કહી મેં રશિયન ભાષામાં પ્રાર્થના કરી. તેમણે તો ખાવાનું શરૂ કરવા લીધેલા છરી કાંટા નીચે મૂકી દીધા. જાણે તેમને તો આ ખોરાકમાંથી રસજ ઊડી ગયો ના હોય! તેમણે તો ઈશ્વર, ખ્રિસ્ત, બાયબલ, વગેરે સંબંધી પ્રશ્નોની ઝડી વરસાવી. એ બધા વિષે તેઓ સાવ અજ્ઞાન હતાં.

એમની સાથે બાયબલની વાતો કરવાનું પણ ખૂબ મુશ્કેલ હતું. ખોવાયલા ઘેટાનું દૃષ્ટાત તેમને કહી સંભળાવ્યું ત્યારે તેમાંનું કશુંજ તેમની સમજમાં ઉતર્યું નહિ. ઉલટાં તે તો પૂછવા લાગ્યાં, "એ માણસ પાસે સો ઘેટાં આવ્યાં જ ક્યાંથી? કોમ્યુનિસ્ટ વ્યવસ્થામાં સામુહિક માલિકીના સિદ્ધાંત પ્રમાણે તેનાં ઘેટાં લઈ લેવાય નહિ એ બનેજ કેમ? ઇસુને રાજા તરીકે મેં વર્ણવ્યો એટલે તેમણે તરત જ કહ્યું," રાજા તો બધાજ જુલમગાર જ હોય! તેઓ બધાજ દુષ્ટ પણ હોય છે. ઇસુ જો રાજા હોય તો તે પણ જુલમગાર અને દુષ્ટ જ હોવો જોઈએ!" મેં તેમને દ્રાક્ષાવાડીમાં મજુરીએ જનાર માણસોનું

દૃષ્ટાંત કહી બતાવ્યું. તેમનો પ્રત્યાઘાત તદ્દન જુદો જ પડ્યો. તેઓએ તો કહ્યું કે "દ્રાક્ષાવાડીના માલીક સામે બળવો કરવો તે તો દરેક શ્રમજીવીનો હક્ક છે. દ્રાક્ષાવાડી તો સહિયારી માલીકીની જ હોવી જોઈએ." આ પ્રમાણે તેમની વિચારસરણી પ્રમાણે તો આ બધું તેમને તદ્દન નવું નવું જ લાગતું હતું. મેં તેમને ઇસુના જન્મ સંબંધી વાત કરી ત્યારે ખ્રિસ્તીઓને તો આઘાતજનક લાગે તેવો પ્રશ્ન તેઓ કરી બેઠાં કે "તો પછી મરીયમ ઈશ્વરની પત્ની હતી?" આ તેમજ તેમના જેવા બીજા અનેક રશિયનો સાથે વાતચીત કર્યા પછી મને ખાત્રી થઈ છે કે તદ્દન કોમ્યુનિસ્ટ વાતાવરણમાં જ ઉછરેલા રશિયનોને સુવાર્તાની વાત સમજાવવા તદ્દન નવો જ ભાષાપ્રયોગ યોજવો પડશે.

મધ્ય આફ્રિકાની જાતિઓની ભાષામાં શાસ્ત્રનાં અમુક અમુક વચનોનું ભાષાંતર કરવાનું મિશનરીઓ માટે ખૂબ જ મુશ્કેલ થઇ પડ્યું હતું. યશાયાહ પ્રબોધકનું આ વાક્ય "તમારાં પાપ જો કે લાલ વસ્ત્રના જેવાં હોય તો પણ તેઓ હિમ સરખાં શ્વેત થશે" આફ્રિકન ભાષામાં ઉતારી શકાય તેમ હતું જ નહિ કારણ કે એ લોકોએ બરફ કદી જોયો જ ન હતો, તેથી તેના માટે કોઇ શબ્દ જ ન હતો. આખરે બરફના બદલે તેઓ સમજી શકે તેવી ઉપમા તેમણે શોધી કાઢી. એ વાક્યનો તરજુમો તેમણે આ પ્રમાણે કર્યો: "...... તેઓ લીલા નાળિયેરમાંનાં કોપરા જેવાં શ્વેત થશે."

એજ પ્રમાણે અમારે પણ સુવાર્તાનો સંદેશો માર્કસની ભાષામાં ઉતારવો પડ્યો. એવું રૂપાંતર કરીએ તો જ રશિયનો તે સમજી શકે તેમ હતું. આ કામ અમારા પોતાના શ્રમથી તો થાય જ નહિ એવું ભગીરથ હતું. પણ પવિત્ર આત્માએ અમારી મારફતે તે પાર પાડ્યું.

તે દિવસે જ તે બંને જણનું હૃદયપરિવર્તન થયું. તે પછી રશિયન સૈનિકોમાં અમે જે ધર્મસેવાનું ભૂગર્ભ કાર્ય કરતા હતા તેમાં તેમણે અમારી ખૂબ જ સહાય કરી.

અમે સુવાર્તાઓ અને બીજા ખ્રિસ્તી સાહિત્યની હજારો નકલો છૂપી રીતે છપાવીને રશિયનોમાં છાનાંમાનાં વહેંચવા માંડી. બદલાણ પામેલા રશિયન સૈનિકોની મદદથી ઘણાં બાયબલ અને બાયબલના છૂટક ભાગો અમે દાણચોરીથી રશિયામાં ઘુસાડી શક્યા.

રશિયનોનાં હાથમાં બાયબલ મૂકવા માટે અમે અનેકવિધ યુક્તિઓ કામે લગાડી. રશિયન સૈનિકો ઘણાં વર્ષોથી પરદેશોમાં યુદ્ધો લડી રહ્યા હતા. તેમણે તેમનાં બાળકોને વર્ષોથી જોયાં જ ન હતાં. (રશિયનો ઘણા વત્સલ હોય છે). મારો દીકરો મિહાઈ અને તેની ઉમરનાં દસની નીચેનાં બીજાં બાળકો ખિસ્સામાં બાયબલ, નવો કરાર તથા બીજાં ખ્રિસ્તી પુસ્તકો ભરીને જાહેર રસ્તાઓ પર નીકળી પડતાં. રશિયન સૈનિકો તેમના ખભા થાબડે, માથે હાથ ફેરવે અને ભાવથી તેમની સાથે વાતો કરે અને એમ પોતાના વિયોગી સંતાનોની યાદ તાજી કરી લે. તે સાથે તેઓ બાળકોને ચોકલેટ કે બીજી મિઠાઈ પણ આપે. તેના બદલામાં બાળકો તેમને યાદગીરી માટે કંઈ ભેટ ધરે તે તેઓ ખૂબ હોંશથી સ્વીકારી લેતા. આવી ભેટમાં બાયબલ કે સુવાર્તા કે બીજું કંઈ ખ્રિસ્તી સાહિત્ય જ અપાતું. અમે ખુલ્લેખુલ્લું આ કાર્ય કરી શકતા નહિ પણ બાળકો તો સહેલાઇથી એ કાર્ય કરી આવતાં. રશિયનો માટે એ બાળકો "લઘુ મિશનેરીઓ" જેવાં હતાં. એ કાર્યનાં ઘણાં ઉત્તમ પરિણામો આવ્યાં. ઘણાં રશિયન સૈનિકોને તો આ સિવાય બીજી કોઈ રીતે સુવાર્તાનો સંદેશો પહોંચાડી શકાય તેમ ન હતું.

## રશિયન બરાકોમાં ધર્મોપદેશ

રશિયનોમાં ફક્ત વ્યક્તિગત કાર્ય જ ચાલતું હતું એમ માનશો નહિ. તેઓનાં નાનાં નાનાં જુથ કરીને સભાઓ કરીને પણ અમે ઉપદેશ આપતા હતા.

રશિયનો ઘડિયાળોના ખૂબજ શોખીન હતા. તેઓ ગમે તેની ઘડીયાળ ચોરી લેવા લલચાતા. કોઈની ઘડીયાળ જુએ તો રસ્તામાં જ

તેને ઊભો રાખી ઘડીયાળ માગી લે. માગે તો આપ્યા વિના છૂટકો જ ન થાય. રસ્તા પર જતા રશિયનોના બંને હાથે કેટલીએ ઘડિઆળો બાંધેલી સામાન્ય રીતે જોવા મળે તો કોઈને કશી નવાઈ ન લાગે. પણ રશિયન મહિલા અમલદારો તો ઘંટડી વાગે તેવાં મોટાં એલાર્મ ઘડીયાળો ગળામાં લટકાવીને ફરતી પણ જોવા મળતી. આ પહેલાં તેમને ઘડીયાળો જોવા પણ મળતી ન હતી તેથી હવે તેમને ગમે તેટલી ઘડીયાળો મળે તો પણ ધરાતાં ન હતાં.

રૂમાનીયાના કોઈપણ વતનીને ઘડીયાળ જોઈતી હોય તો તે રશિયન બરાકમાં જઈને ખરીદી શકતો. કોઈ વાર તો પોતાની જ ગૂમ થએલી ઘડીયાળ પૈસા આપીને પાછી લેવી પડતી. આમ રશિયન બરાકોમાં અમારે અવરજવર કરવાનું બહુ સરળ થઈ પડ્યું હતું. એમ જેઓ ભૂગર્ભ મંડળીનું કાર્ય કરતા હતા તેઓ એ બહાના હેઠળ બરાકમાં જઈ શકતા અને કોઈ કશી રોકટોક કરતું નહિ.

ઓર્થોડોક્ષ મંડળીના સેંટ પોલ અને સેંટ પીટરના પર્વના દિવસે પ્રથમ વાર જ મેં બરાકમાં ઉપદેશ કરવાનો નિશ્ચય કર્યો. બરાકમાં હું ઘડીયાળ ખરીદવાના બહાને જઈ પહોંચ્યો. એક ઘડીયાળ જોઈને તે બહુ મોંઘી પડે છે એમ બતાવી પડતી મૂકી. બીજી એક ઘડીયાળ જોઈ બહાનું કાઢ્યું કે આનું કદ બહુ નાનું છે. ત્રીજી ઘડીયાળ તો બહુ મોટી છે એમ કહી નાપસંદ કરી. આમ કર્યું એટલે ઘણા સૈનિકો મારી આસપાસ ટોળે વળી ગયા. તે બધા પોતાની પાસેની વેચવા જેવી વસ્તુઓ મને બતાવવા લાગ્યા. પ્રસંગ જોઈને મેં વિનોદમાં જાણે પૂછતો હોઉં તેમ હળવાશથી પૂછ્યું, "તમારામાં કોઈનું નામ પોલ કે પીટર છે કે?" એ નામના તો કેટલાય નીકળી આવ્યા. પછી તેમની આગળ મેં શરૂઆત કરી. "તમે જાણો છો કે તમારા દેશની ઓર્થોડોક્ષ ખ્રિસ્તી મંડળી આજનો દિવસ એ સંતોની યાદગીરીમાં ઉજવે છે? (કેટલાક પ્રૌઢ રશિયનોને એ વિષે કંઈક ખ્યાલ હતો ખરો.) પછી મેં તેમને પ્રશ્ન કર્યો", આ સેંટ પોલ

અને સેંટ પીટર કોણ હતા તે તમે જાણો છો?" એમાંના કોઈને તેની ખબર ન હતી. એ પરથી પોલ અને પીટરની વાત મેં તેમને કહેવા માંડી. શરૂઆત કર્યા પછી થોડી જ વારમાં એક આધેડ વયના સૈનિકે અધવચ્ચ અટકાવીને મને કહ્યું, "હું સમજી ગયો. તમે કંઈ ઘડીયાળ લેવા આવ્યા નથી પણ ધર્મની વાત કહેવા આવ્યા છો. તો હવે નિરાંતે બેસીને વાત કરો. પણ સાવચેત રહેજો! કોનાથી ચેતતા રહેવું તે અમે જાણીએ છીએ. અહીં હમણાં ઊભેલા તો બધા જ સારા માણસો છે. પણ હું જ્યારે તમારા ઘૂંટણ પર હાથ મૂકું ત્યારે તમારે તરત વાત બદલી નાખીને ઘડીયાલ લેવાની ચર્ચા શરૂ કરી દેવી. હું મારો હાથ ઉઠાવી લઉં ત્યાર પછી જ ફરી ધર્મની વાત શરૂ કરવી.

મારી ચારે બાજુ સારૂં એવું ટોળું જામ્યું હતું. મેં તેમની આગળ પાઉલ, પીટર વગેરે સંબંધી વાત કરી અને તે સાથે એ સંતો જેના માટે ભોગ આપવા તૈયાર થયા હતા તે ખ્રિસ્તની સુવાર્તા પણ તેમને સંભળાવી. અવારનવાર જો કોઈ શંકાસ્પદ સૈનિક આવી ચઢે તો પેલો સૈનિક તેનો હાથ મારા ઘુંટણ પર મૂકીને મને સંકેત કરી દેતો. હું તરત વાત ફેરવી નાખીને ઘડીયાળ માટે વાટાઘાટ શરૂ કરી દેતો. પેલો જાય કે પાછો તરત હું મારી વાત બાકી હોય ત્યાંથી પાછી શરૂ કરતો. લશ્કરમાંના ખ્રિસ્તી સૈનિકોની સહાયથી હું ઘણી વાર આવી મુલાકાતો લઈને સુવાર્તાનો પ્રચાર કરી શકયો હતો. એના પરિણામે ઘણા સૈનિકો ખ્રિસ્તને શરણે આવ્યા હતા. છૂપી રીતે લશ્કરમાં હજારો સુવાર્તાની નકલનો ફેલાવો કરી શકયો હતો.

આવું કાર્ય કરતાં અમારી ભૂગર્ભ મંડળીનાં ઘણાં ભાઈબેનો પકડાઈ પણ ગયાં હતાં. પુષ્કળ મારઝૂડ અને ત્રાસ ગુજાર્યા છતાં કોઈએ અમારી સંસ્થા કે તેના કાર્ય સંબંધી એક શબ્દ પણ જણાવ્યો ન હતો.

આ કાર્ય કરતાં કરતાં જ અમને રશિયામાં ચાલતા ભૂગર્ભ

કાર્યના કાર્યકરોનો ભેટો થઈ ગયો. તેથી અમને પરસ્પર ખૂબ જ આનંદ થયો. અમે અમારા અનુભવની આપલે કરી શક્યા. અમે જોઈ શક્યા કે તેઓ મહાન સંત તરીકે ઘડાઈ રહ્યા હતા. તેઓને કોમ્યુનિસ્ટો તરફથી વર્ષોનાં વર્ષોથી તાલીમ અપાતી હતી. તેઓમાંના કેટલાક તો કોમ્યુનિસ્ટ યુનિવર્સિટિઓમાં ભણી આવેલા હતા. પણ જેમ હંમેશાં ખારા પાણીમાં જ જીવતાં માછલાંના શરીરમાં ખારાશ પેસી જતી નથી તેમ આ ખ્રિસ્તી ભૂગર્ભ કાર્યકરો પણ સામ્યવાદી શાળાઓમાં શિક્ષણ પામ્યાં હોવા છતાં ખ્રિસ્તના આસરે શુદ્ધ અને નિર્ભેળ રહી શક્યાં હતાં.

આ રશિયન સૈનિકોના આત્મા કેવા મોહક હતા! તેઓ કહેતા કે અમારા માથા પરની ટોપીઓ પર ખ્રિસ્તવિરોધીની સંજ્ઞા "હથોડો અને દાતરડું" છે તે અમે જાણીએ છીએ. એ અમારે ધારણ કરવાં પડે છે તેથી અમે ખૂબ દુઃખી છીએ. અમે તેમને થતું દુઃખ પણ જોઈ શકતા હતા. આવા ખ્રિસ્તી સૈનિકો સુવાર્તાનો ફેલાવો કરવામાં અમને ખૂબ સહાયક થઈ પડ્યા હતા.

તેમનામાં સઘળા ખ્રિસ્તી સદ્દગુણોનો અમને પરિચય થતો હતો. ફક્ત એક ગુણનો અભાવ અમારા ધ્યાનમાં બહુ ખૂંચતો હતો. તેઓમાં આનંદનો ખૂબ અભાવ જણાતો હતો. તેમના હૃદય પરિવર્તન સમયે તેઓ આનંદ પ્રદર્શિત કરતા ખરા પણ પછી થોડા જ સમયમાં તે અદૃશ્ય જઈ જતો. એ વિચાર મારા મનમાં ઘોળાયા જ કરતો. એક વાર એક બાપ્ટિસ્ટ સંપ્રદાયના ખ્રિસ્તી ભાઈને મેં એ વિષે પૂછ્યું. "તમારા લોકોમાં ધર્મનો ઉલ્લાસ કેમ જોવા મળતો નથી?"

તેણે જવાબ દીધો, "જો મારે મારા પાદરીથી જ મારા ધર્મ સંબંધીની સાચી હકીકત છૂપાવવી પડતી હોય કે હું ખરો ખ્રિસ્તી છું અને ઘેર પ્રાર્થનામય જીવન ગાળું છું તેમજ સાચા ધર્મ વિષે બીજાઓને યોગ્ય માર્ગદર્શન આપું છું તો પછી આનંદનો દેખાડો શી રીતે કરીને હું પોતે ખુલ્લો પડી જાઉં? મારી મંડળીનો પાદરી

તો કોમ્યુનિસ્ટ સત્તાધીશોને અમારી મંડળીની બધી બાતમી આપી દે છે. અમારામાં અરસપરસ પણ જાસુસી ચાલતી હોય છે. ઘેટાંનો રક્ષક જ ઘેટાંનો વિદ્રોહ કરે છે. અમારા અંતરમાં આનંદનું ઝરણું હોય છે પણ તમારી માફક તે સપાટી પર ફૂટી નીકળવાનો આનંદ અમને મળે તેમ નથી."

"અમારે ત્યાં તો ખ્રિસ્તી ધર્મે સાહસિક સ્વરૂપ ધારણ કર્યું છે. સ્વતંત્ર દેશોમાં કોઈ ખ્રિસ્તીને શરણે આવે એટલે તે શાંત જીવન ગાળતી મંડળીનો સભ્ય બને છે. પણ અમારે ત્યાં તો ખ્રિસ્તને શરણે આવનારને કેદખાને જવાનું થાય અને તેનું કુટુંબ અનાથ થઈ જાય એવી સંભાવના વિશેષ હોય છે. કોઈ પણ વ્યક્તિ ખ્રિસ્તનું શરણું સ્વીકારે તેથી અમને આનંદ તો થાય છે જ પણ તેના એ પગલાથી તેના પર કેવી વીતશે તેનો ખ્યાલ આવતાં એ આનંદ પર વાદળ છવાઈ જાય છે."

આ એક નવાજ પ્રકારના ખ્રિસ્તીઓની મંડળીની વાત છે. એટલે ભૂગર્ભ મંડળીના ખ્રિસ્તીઓનો સમુહ.

તેઓની સાથેના સંપર્કદ્વારા તો અમને ઘણા અદ્ભુત અનુભવો થવાના હતા.

ખ્રિસ્તી કહેવાતા હોય પણ ખ્રિસ્તને ઓળખતા ન હોય તેવા ઘણા ખ્રિસ્તીઓ અમને મળ્યા છે. એથી ઉલટું નાસ્તિક કહેવડાવતા ઘણા રશિયનો આસ્તિક હતા એવો પણ અમને અનુભવ થયો છે.

એક રશિયન શિલ્પી જોડાંનો અમને પરિચય થયો હતો તેની વાત મને યાદ આવે છે. ઈશ્વર વિષે તેમની સાથે ચર્ચા કરતાં તેમણે સીધો જ જવાબ આપી દીધો કે "ઈશ્વરનું અસ્તિત્વ જ નથી. અમે તો 'બેઝબોઝ્નિકી' એટલે ઇશ્વરરહિત છીએ. પણ અમારા એક રસિક અનુભવની વાત અમે તમને કરીએ.

"એક સમયે અમે સ્ટાલિનનું પુતળુ તૈયાર કરતા હતાં. ચાલુ કામ વખતે વાત વાતમાં મારી સ્ત્રીએ મને પૂછ્યું આ આપણા

હાથના અંગૂઠાની રચના કેવી કરામતપૂર્ણ છે તેનો તમે કદી ખ્યાલ કર્યો છે? જો હાથનો અંગૂઠો આંગળીઓની સામે લાવી ન શકાય (પગનો અંગૂઠો પગનાં આંગળાં સામે લાવી શકાતો નથી એ સૌ જાણે છે) તો આપણાથી હથોડી, ચોપડી, બીજું કોઈ ઓજાર કે રોટલીનો ટુકડો પણ પકડી શકાય નહિ. આમ આ નાના અંગૂઠા વિના તો જીવન જીવવાનું જ અશક્ય થઈ જાય. આવો અંગૂઠો બનાવ્યો કોણે? આપણે બંને જણે શાળામાં માર્ક્સવાદનું શિક્ષણ મેળવ્યું છે. તેમાં આપણે શિખ્યાં છીએ કે આકાશ અને પૃથ્વી સ્વયંભૂ જ પેદા થયાં છે. ઈશ્વર જેવો કોઈ ઉત્પન્નકર્તા છે જ નહિ એવું આપણને શિખવવામાં આવ્યું છે અને તે હું માનું છું. ભલે ઈશ્વરે આકાશ અને પૃથ્વી પેદા ન કર્યાં હોય પણ જો તેણે આ એક અંગૂઠો જ પેદા કર્યો હોય તો પણ તેની બુદ્ધિને ધન્યવાદ ઘટે છે.

"એડીસન, બેલ અને સ્ટીવનસન જેવાએ વીજળીના દીવા, ટેલીફોન અને રેલ્વે એંજિનની શોધ કરી તેથી તેઓનાં વખાણ કરતાં આપણે થાકતાં નથી, પણ જેણે આ અંગૂઠો પેદા કર્યો છે તેની પ્રશંસા આપણે કેમ ન કરવી? જો એડીસનને અંગૂઠો ન હોત તો તેની શોધખોળો પણ અટકી જ પડી હોત. તો આવો અંગૂઠો બનાવનાર ઈશ્વર આરાધ્ય ગણાય જ."

પોતાની સ્ત્રીની આવી જ્ઞાનવાર્તા સાંભળી તેના પતિને સ્વાભાવિક ગુસ્સો ચઢયો. તે બોલ્યો, "આવી અક્કલ વગરની શું વાતો કરવા મંડી છે! તને શિખવવામાં તો આવ્યું જ છે કે ઈશ્વર નથી એ બસ છે. અને આ ખંડમાં છુપું રેકર્ડીંગ મશીન નહિ ગોઠવ્યું હોય તેની યે શી ખાત્રી! એવી વાત કરીને નાહકનાં આપણે જોખમમાં ફસાઇ જઈએ. માટે હવેથી મગજમાં ગાંઠ વાળી રાખ કે સ્વર્ગમાં કે ક્યાંક ઈશ્વરની હયાતિ નથી જ."

તોયે સ્ત્રીએ તો દલીલ ચાલુ રાખી. "આ તે કેવી નવાઈની વાત! આપણા મૂર્ખ બાપદાદા માનતા હતા કે આકાશમાં સર્વશકિતમાન

ઈશ્વર છે અને તેથી તે બધું ઉત્પન્ન કરી શકે, એટલે આપણો અંગૂઠો પણ તે જ પેદા કરી શકે એમ તેઓ સહેલાઈથી માની શકતા. હવે આપણે તો માનીએ છીએ આકાશમાં કોઈ નથી એટલે આપણે તો માનવું રહ્યું કે 'કોઈ નહિ' એ જ અંગૂઠો બનાવ્યો હશે! હું તો હવેથી એ 'કોઈ નહિ' ની ઉપાસના કરવાની છું!"

આમ તેઓ 'કોઈ નહિ' નાં ઉપાસક બન્યાં. તેઓની આ શ્રદ્ધા દિવસે દિવસે વધતી ચાલી. તેઓ માનવા લાગ્યાં કે ફક્ત અંગૂઠાનો જ નહિ પણ તારા, ફૂલો, બાળકો અને સમસ્ત જીવન સૌંદર્યનો ઉત્પન્ન કર્તા તે જ છે.

જુના જમાનામાં સંત પાઉલને અથેન્સ શહેરમાં આ "અજ્ઞાત ઈશ્વર" ને માનનારા લોકોનો મેળાપ થયો હતો. આ દંપતી પણ તે જ પ્રકારનાં ગણાય.

મેં તે દંપતીને સમજાવ્યું કે તમે જે 'કોઈ નહિ' ને વગર નામે માનો છો તે યોગ્ય જ છે. સ્વર્ગમાં એવો એક આત્મા સ્વરૂપ ઈશ્વર છે. તે પ્રેમ, જ્ઞાન, સત્ય અને શક્તિ એ સઘળાની ભાવના રૂપે છે. તે આપણા પર એટલો બધો પ્રેમભાવ રાખે છે કે આપણો ઉદ્ધાર કરવા તેણે પોતાનો એકનો એક પુત્ર આ પૃથ્વી પર મોકલી આપ્યો. તેણે અવતરીને આપણે ખાતર શૂળી પર મૃત્યુ વેઠ્યું. એમ તે સંપૂર્ણપણે સમર્પણ થઈ ગયો. આ બધી વાતો સાંભળીને તેઓના આનંદનો પાર રહ્યો નહિ.

તેઓ અજાણે જ ઈશ્વર પર શ્રદ્ધા રાખતાં હતાં. હું તેમને એક ડગલું આગળ દોરી ગયો, અને તેમને ઉદ્ધાર અને પાપમુક્તિનો અનુભવ પ્રાપ્ત થયો.

એક વાર એક મહિલા અધિકારી રસ્તા પર ઊભી હતી. તેની પાસે જઈએ મેં કહ્યું, "અવિનય માફ કરજો. આપને હું ઓળખતો નથી છતાં તમારી સાથે વાત કર્યા વિના હું રહી શકતો નથી. હું પાદરી છું અને મારે તમારી સાથે ખ્રિસ્ત વિષે વાત કરવી છે."

મારી વાત સાંભળી તેણે મને પૂછ્યું, "તમે ખ્રિસ્તને ચાહો છો?" મેં કહ્યું, "મારા પૂરા તનમનથી હું તેના પર પ્રેમભાવ રાખું છું." એ શબ્દો સાભળતાં જ તે તો મને ભેટી પડી અને મારા ગાલે ચૂમીઓ વરસાવી રહી. એક પાદરીના માટે ભર રસ્તા પર આવું દૃશ્ય તો ખૂબ અકળાવનારૂં હતું એટલે તેમાંથી માર્ગ કાઢવા મેં પણ તેને ચૂમીઓ કરી. એ રીતે અમને ભેટતાં જોઈ લોકો સમજશે કે અમે બે સગાં ઘણા વખતે મળવા પામ્યાં હોઈશું. તેનો આવેશ શમ્યા પછી તે બોલી, "હું પણ ખ્રિસ્તને ચાહું છું." હું તે મહિલા અધિકારીને મારે ઘેર તેડી ગયો. ઘરમાં વિગતે વાતચીતમાં મને ખબર પડી કે તેને તો ખ્રિસ્તના નામસિવાય બીજી કશી ખબર જ ન હતી. ખ્રિસ્ત આપણો ઉદ્ધારક છે એવી કે આપણને ઉદ્ધારની જરૂર છે એવી પણ તેને કશી ગતાગમ હતી નહિ. ખ્રિસ્ત કોણ હતો અને ક્યાં અને ક્યારે થયો હતો તેનું પણ તેને કંઈજ જ્ઞાન ન હતું. ખ્રિસ્ત વિષે તદ્દન અજ્ઞાન હોવા છતાં તેના પર તેને પ્રેમ શી રીતે થયો હશે તે મારા મનથી એક કોયડા જેવું થઈ પડયું. નામ જ જાણીને તેને ભાવ શી રીતે થયો હશે?

આખરે મેં પૂછપરછ શરૂ કરી. ખુલાસો કરતાં તેણે જણાવ્યું કે "હું નાની બાળા હતી ત્યારે ચિત્રોદ્વારા મને વાંચતાં શિખવવામાં આવ્યું હતું, જેમકે કમળનો 'ક', ખટારાનો 'ખ' વગેરે. હું મોટી થઈ ત્યારે પાઠશાળામાં દાખલ થઈ. ત્યાં મને શિક્ષણ આપવામાં આવ્યું કે મારે મારા દેશને વફાદાર રહી તેનું રક્ષણ કરવું એ મારી પવિત્ર ફરજ છે. સામ્યવાદી નીતિનયમો સંબંધી પણ મને શિક્ષણ આપવામાં આવ્યું. પણ પવિત્ર ફરજ કે નીતિનિયમ કેવો હોય તેના સ્વરૂપ વિષે મને કશો સ્પષ્ટ ખ્યાલ બેસતો ન હતો. મારૂં મન ઝંખતું હતું કે એનું પણ કાંઈ ચિત્ર જોવા મળે તો કેવું સારૂં! મને ખબર હતી કે સૌંદર્ય, સર્વ મંગળ અને પૂર્ણ સત્યનો ખ્યાલ આપતું એક ચિત્ર અમારા વડવાઓ પાસે હતું. મારાં દાદી હંમેશાં એ ચિત્ર આગળ નમન

કરતાં એવું મને યાદ હતું. તેમણે એ ચિત્રમાંની વ્યક્તિનું નામ ખ્રિસ્ત એવું મને બતાવેલું. એટલું જાણ્યા પછી મને એ નામ પ્રત્યે ભારે અનુરાગ થયો. એ નામ મારે મન જીવંત બની ગયું અને એ નામ લેતાં અનહદ આનંદ થવા લાગ્યો."

આ મહિલાની વાત સાંભળીને પાઉલ પ્રેરિતનું ફિલિપીઓને લખેલું વચન યાદ આવ્યું કે હરેક ઘુંટણ તેની આગળ નમન કરશે. કદાચ ખ્રિસ્તવિરોધી અલ્પ સમય માટે દુનિયામાંથી ઈશ્વરનું નામ સમૂળગું ભૂંસી નાખવા સફળ થાય તો પણ ખ્રિસ્તના સાદા નામમાં એવું પરાક્રમ છે કે તે ફરીથી પાછા પ્રકાશમાં લઈ જઈ શકે છે.

મારા ઘરમાં તેને ખ્રિસ્તની ઓળખ થઈ. આજ સુધી જેને તે ફક્ત નામથી જ ઓળખતી હતી તેની સાચી ઓળખ થતાં તેને ખૂબ હર્ષ થયો. ખ્રિસ્તે તેના હૃદયમાં વાસો કર્યો.

રશિયનો સાથે ગાળવા મળેલા દરેક પ્રસંગમાં કાવ્યમય સૌંદર્ય અને ઊંડુ રહસ્ય હોવાનો મને અનુભવ થયાં કરતો હતો.

રેલ્વે સ્ટેશનો પર સુવાર્તાઓ વહેંચતાં એક બેને એક જિજ્ઞાસુને મારૂં સરનામું આપ્યું. એના આધારે એક સાંજે એક ઊંચો દેખાવડો રશિયન લેફ્ટેનંટ મારે ઘેર આવ્યો.

મેં તેને પૂછ્યું, "બોલો શી સેવા કરૂં આપની?"
તેણે જવાબ દીધો, "હું તમારી પાસેથી પ્રકાશ મેળવવા આવ્યો છું."

મેં તેની આગળ બાયબલના ખૂબ અગત્યના ફકરા એક પછી એક વાંચી સંભળાવવા માંડ્યા. થોડી વાર પછી તેનો હાથ મારા હાથ પર મૂકીને તે બોલ્યો, "હું સાચા દિલથી વિનંતિ કરૂં છું કે મને અવળે માર્ગે દોરતા નહિ. હું તો અંધારામાં અટવાતી પ્રજામાંનો એક છું. પહેલાં મને કહો કે શું આ ઈશ્વરનાં વચનો છે? મેં તેને તે વિષે ખાત્રી આપી. એ પછી તેણે કલાકો સુધી બાયબલની વાતો સાંભળ્યા કરી.

## ...અંતે તે ખ્રિસ્તને શરણે આવ્યો

રશિયન પ્રજા ધર્મની બાબતમાં છીછરા ભાવવાળી નથી. ધર્મની વિરૂદ્ધ હોય કે તેના પક્ષે હોય પણ જ્યાં હોય ત્યાં તેઓ પૂરા મનથી તેમાં ઊંડા ઉતરે છે. આથી દરેક રશિયન ખ્રિસ્તી થયા પછી એક મિશનેરી જેવો પ્રચારક બની જાય છે. સુવાર્તાના કાર્ય માટે તૈયાર પાકેલા ખેતર જેવો બીજો કોઈ દેશ નથી. રશિયનો દુનિયામાં સૌથી વધુ ધર્મનિષ્ટ જણાય છે. જો આપણે પરિશ્રમ કરીને તેમને સુવાર્તા પહોંચાડી શકીએ તો સમસ્ત દુનિયાની કાયાપલટ થઈ જવાનો સંભવ છે.

રશિયન પ્રજામાં ઇશ્વરનાં વચનો માટે તીવ્ર તૃષા હોવા છતાં દુનિયાના બીજા લોકોએ તેમના માટે હાથ ધોઈ નાખ્યા છે એ કેટલું કરૂણ કહેવાય ?

એક વાર મારે ટ્રેનમાં એક રશિયન અધિકારીની જોડાજોડ બેસવાનું આવ્યું. તેની સાથે થોડી વાર પછી મેં ખ્રિસ્ત વિષે વાત શરૂ કરી પણ પૂરૂં સાંભળ્યા પહેલાં જ તે તો નાસ્તિકવાદની દલીલો લઈને મારા પર તૂટી પડ્યો. બાયબલનું ખંડન કરવા માર્ક્સ, સ્ટાલિન, ડાર્વિન, વોલ્ટેર વગેરેનાં વિધાનો વરસાદની પેઠે તેના મોઢેથી વરસી રહ્યાં. મને તો તેણે બોલવાજ દીધો નહિ. ઇશ્વર નથી એ સાબીત કરવા તેણે મને એક કલાકનું ભાષણ સંભળાવ્યું. આખરે તેનું બોલવાનું પૂરૂં થયું ત્યારે મેં ધીરેથી તેને પૂછ્યું, “ઇશ્વર હોય જ નહિ તો મુસ્કેલીના વખતે તમે તેને પ્રાર્થના કેમ કરો છો?” ચોર ચોરી કરતાં પકડાઈ જાય તેમ આ સાંભળી તે છોભીલો પડી જઈ બોલ્યો, “તમને ક્યાંથી ખબર પડી કે હું એમ પ્રાર્થના કરૂં છું?” પછી તો મેં તેને છટકવા જ ન દીધો. મેં કહ્યું કે “મેં પહેલો પ્રશ્ન પૂછેલો છે માટે પહેલાં તેનો જવાબ આપો. બોલો, કેમ પ્રાર્થના કરો છો?” તેણે માથુ નમાવીને કબૂલ કર્યું કે “યુદ્ધના મોરચે અમે જર્મનોથી ઘેરાઈ ગયા હતા ત્યારે અમે બધા પ્રાર્થના કરવા મંડયા

હતા. પ્રાર્થના કેવી રીતે અને કોને કરવી તેની સમજ ન હોવાથી અમે કહેતા, "હે ઇશ્વિર અને અમારી માતાના આત્મા!" અંતઃકરણમાં દૃષ્ટિ કરનાર ઇશ્વિર આગળ તો આવી પ્રાર્થના પણ માન્ય થવાની જ!

રશિયનોમાં અમારૂં કાર્ય ખૂબ જ સરળ થયું છે.

પીઓટર (પીટર)ની વાત હું યાદ કરૂં છું. રશિયાના કોણ જાણે કયા કેદખાનામાં તેનું મૃત્યુ થયું હશે તે કોઈ જાણતું નથી. કેવો તરવરીયો યુવાન હતો તે! તે વીસેક વર્ષનો હતો. રશિયન સૈન્ય સાથે તે રૂમાનીયામાં આવેલો. એક ભૂગર્ભ ખ્રિસ્તી સભામાં તેનું હૃદય-પરિવર્તન થયું હતું. પછી મેં તેને બાપ્તિસ્મા આપેલું.

એકવાર અમે તેને પૂછ્યું કે બાયબલમાં કઈ કલમ તમને સૌથી વધુ આકર્ષક લાગી છે? કઈ કલમથી તમે ખ્રિસ્ત તરફ ખેંચાયા?

તેણે જવાબ દીધો, આપણી સભાઓમાં એકવાર લુકની સુવાર્તાનો ૨૪મો અધ્યાય વંચાતો હતો ત્યારે હું ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો. તેમાં પેલા બે શિષ્યો પુનરૂત્થાનના દિવસે એમ્મૌસ જતા હતા ત્યારે રસ્તે ઇસુનો ભેટો થયો તેની વાત આવે છે. તેઓ ગામની નજદીક પહોંચ્યા ત્યારે "તેણે જાણે આગળ જવા કર્યું." હું વિચાર કરવા લાગ્યો કે ઇસુએ એમ કેમ કર્યું હશે? મેં પોતે એનો જવાબ વિચારી કાઢ્યો છે. ઈસુ ખૂબ જ વિનયશીલ છે. તે અવશ્ય શિષ્યો સાથે રોકાવા માગતો હશે જ પણ જ્યાં સુધી શિષ્યો તરફથી તેને આમંત્રણ ન મળે ત્યાં સુધી તે ઉપર પડીને તેમને ત્યાં મહેમાન બનવા માગતો ન હતો. તેઓએ તેને રોકાવાનો આગ્રહ કર્યો એટલે તેને ખાત્રી થઈ કે હું તેમને ત્યાં રહું તો તેથી તેમને ભારરૂપ થઈ નહિ પડું એટલે તે તરત તેમની સાથે તેમને ઘેર ગયો અને ભોજન લીધું. એથી ઉલટું સામ્યવાદી વિચારસરણીવાળા બહુ જ અવિનયી હોય છે. તેઓ તો બળાત્કારે આપણા મન અને મગજ પર ધસારો કરીને અંદર ઘુસે છે. વહેલી સવારથી મોડી રાત સુધી તેઓ પોતાની વાતનું ગાણું ગાયા જ કરે છે. શાળાઓ, રેડીયો

કાર્યક્રમ, વર્તમાનપત્રો, ચલચિત્રો, ભીંતપત્રો, નાસ્તિકવાદની સભાઓ અને બીજે જ્યાં પ્રસંગ મળે ત્યાં બધે જ એની એ જ વાત આપણા કાનમાં રેડવામાં આવે છે. તેઓનો ઈશ્વર વિરોધી પ્રચાર સતત સાંભળ્યા જ કરવો પડે છે. કંટાળો આવે તો પણ તેમાંથી છૂટી શકાતું નથી. પણ ઈસુ તો આપણી સ્વતંત્રતાની આમન્યા રાખે છે. તે તો આવીને હળવાશથી બારણે ટકોરો મારે છે. આવા વિનયશીલ ઈસુએ મારું મન મોહ્યું છે." સામ્યવાદ અને ઈસુ વચ્ચેનો આ વિરોધ તેના મનમાં દૃઢ ઠસી ગયો હતો.

પ્રભુ ઈસુની આ વિશિષ્ઠતાથી કંઈ આ પીઓટર એકલો જ મોહિત થયો નથી. (જોકે હું પાસ્ટર હોવા છતાં મારા મનમાં આવો વિચાર કદી આવ્યો ન હતો.)

પીઓટરના હૃદયપરિવર્તન પછી તે રૂમાનીયામાંથી ખ્રિસ્તી સાહિત્ય અને બીજી રાહત છૂપી રીતે રશિયા પહોંચાડવાનું ખૂબ જોખમભર્યું કાર્ય બજાવતો હતો. આખરે એકવાર તે પકડાઈ ગયો. ત્યાર પછી એક વાર ૧૯૫૯માં તેના સમાચાર મળેલા કે તે કોઈક જેલમાં સબડે છે. કોણ જાણે હાલ તેની શી દશા હશે? હજી તે વિશ્વાસુપણે યુદ્ધ ખેલી રહ્યો હશે કે પછી પોતાનો બદલો પામવા સ્વર્ગે પહોંચી ગયો હશે? મને કોઈ ખબર મળી નથી. ફક્ત ઈશ્વરને ખબર છે.

આ પીઓટર જેવા તો બીજા અનેક હતા. તેઓ હૃદયપરિવર્તન થયા પછી છાનામાના બેસી રહે તેવા ન હતા. આપણે પણ એકાદ બે જણને ખ્રિસ્તને શરણે લાવી શકીએ એટલે બસ કરીને નિરાંત કરવાની નથી. એટલું કરીએ તો જાણે અડધી જ ફરજ બજાવી ગણાય. ખ્રિસ્તને શરણે આવનાર દરેક જણે બીજાને પણ તેના શરણે લાવનાર પ્રચારક થવું જોઈએ. રશિયનો બદલાણ પામીને નિરાંત કરનારા નહિ પણ "મિશનેરી" જેવા સાહસ ખેડનારા અને જાણે અંધારામાં જ ઝંપલાવનારા હોય તેવા નીવડ્યા. તેઓ તો કહેતા કે

ખ્રિસ્તે અમારા માટે આટલુ બધું સહન કર્યું પછી એના બદલામાં અમે જ કંઈ કરીએ તે ઓછું જ છે.

## ગુલામ રાષ્ટ્ર માટે ભૂગર્ભ ધર્મસેવાતંત્ર

અમારા કાર્યનું એક બીજું પાસું પણ હતું. રૂમાનીયન પ્રજાને પણ અમે ધાર્મિક સેવા પૂરી પાડતા હતા.

સત્તા હાથમાં લીધા પછી થોડા જ સમયમાં કોમ્યુનિસ્ટોએ પોતાનો અંચળો દૂર કર્યો. શરૂઆતમાં મંડળીના આગેવાનોનો વિશ્વાસ સંપાદન કરવા તેમણે જાત જાતની લાલચો ધરી. પણ થોડા સમય વીત્યા પછી તેમણે પોતાનું પોત પ્રકાશ્યું અને ત્રાસ ગુજારવા માંડયો. હજારોની સંખ્યામાં ધરપકડો કરવા માંડી. જેમ રશિયનોની બાબતમાં બન્યું હતું તેમ રૂમાનીયનોમાંથી પણ એકાદ આત્માને ખ્રિસ્તને શરણે લાવવાનું અમારે માટે દોહ્યલું થઈ પડયું.

ઈશ્વરકૃપાથી કેટલાકને હું ખ્રિસ્તને શરણે લાવી શકેલો તેઓની સાથે જ મારે પણ જેલવાસ કરવાનો પ્રસંગ આવી પડયો. એવો એક જણ મારી ખોલીમાં મારી સાથે જ રહેવા આવ્યો. ખ્રિસ્તને ખાતર પોનાનાં ૭ સંતાનોને અટૂલાં મૂકીને તેને જેલમાં આવવું પડયું હતું. તેનું કુટુંબ ઘેર ભૂખે મરતું હતું. તેમનાં મોં કદી ફરી જોવા મળશે કે કેમ તે પણ પ્રશ્ન હતો. આ પરિસ્થિતિ જાણીને મેં તેને પૂછ્યું, "મારી મારફતે તમને ખ્રિસ્તની ઓળખાણ થઈ અને એને લીધે અત્યારે તમારી આવી દશા થઈ એટલે આ બધાનું કારણ હું જ છું એમ માની તમને મારા પ્રત્યે અભાવ નથી થતો ?" તેણે જવાબ દીધો, "અરે શું વાત કરો છો ! આવા અદ્ભુત ઉદ્ધારકને શરણે મને દોરી જવા માટે તમારો આભાર માનવાના શબ્દો જ મને મળતા નથી. મને એ સિવાય બીજી કોઈ રીતે સંતોષ થાત નહિ."

નવા પેદા થએલા સંજોગોમાં ખ્રિસ્ત વિષે ઉપદેશ કરવાનું સહેલું ન હતું. કોમ્યુનિસ્ટોની કડક તકેદારીમાંથી પણ ગમે તેમ કરીને કેટલીક ખ્રિસ્તી પુસ્તિકાઓ અમે છપાવી શકયા. કોમ્યુનિસ્ટ નિરીક્ષકની

આગળ એક પુસ્તિકા અમે મંજુરી માટે રજુ કરી. તેના મુખપૃષ્ઠ પર સામ્યવાદના સંસ્થાપક કાર્લ માર્કસનું ચિત્ર હતું. બીજા પુસ્તકોનાં નામ પણ સામ્યવાદી ઝોકવાળાં જ રાખેલાં, જેમ કે "ધર્મ એ તો લોકો પર અફીણ જેવી અસર કરનાર છે" કે એવાં બીજાં કોઈ નામ. નિરીક્ષક તો એમ જ સમજ્યો કે આ બધાં સામ્યવાદી પુસ્તકો જ છે એટલે તેણે તો મંજુરીનો સિક્કો ઝટ મારી આપ્યો. આ પુસ્તકોમાં શરૂઆતનાં થોડાં પાનાંમાં માર્કસ, લેનીન અને સ્ટાલીનના લખાણોમાંથી અવતરણો આપવામાં આવેલાં તે વાંચીને નિરીક્ષક ખુશ ખુશ થઈ ગએલો. પણ પાછળનાં પાનામાં અમે અમારે આપવો હતો તે ખ્રિસ્તનો સંદેશો મૂકી દીધો હતો.

ભૂગર્ભ મંડળી કંઈ નરી ગુપ્તમાંજ કાર્ય કરનારી મંડળી નથી. દરિયામાં તરતા બરફના પહાડની માફક તેની ટોચ થોડીક ઉપર સપાટી પર કોઈ કોઈ જગ્યાએ દેખાઈ આવે છે. અમે કોમ્યુનિસ્ટ પ્રદર્શનોમાં જઈને અમારી "સામ્યવાદી" પુસ્તિકાઓ વહેંચતા. પુસ્તક પર કાર્લ માર્કસનું ચિત્ર જોઈને કોમ્યુનિસ્ટો તે લેવા પડાપડી કરતા પુસ્તક લેનારા વાંચવાનું શરૂ કરીને દસમા પાને પહોંચે અને તેમને ખબર પડે કે આ પુસ્તક તો ઈશ્વર તેમજ ઈસુને લગતું છે ત્યાં સુધીમાં તો અમે ક્યાંના ક્યાંય દૂર પહોંચી ગયા હોઈએ એટલે તેઓ કંઈ કહી શકે નહિ!

આ ઉપદેશનું કાર્ય સહેલું તો ન હોતું જ. લોકો ભારે દમન તળે પીસાતા હતા. કોમ્યુનિસ્ટો તો બધાની પાસેથી જે કંઈ હોય તે પડાવી જતા હતા. ખેડૂતોનાં ખેતરો અને ઘેટાં ગયાં. હજામ કે દરજીની દુકાનો ગઈ. એકલા મૂડીવાદીઓ પર જ ઘોંસ આવતી એમ નહિ પણ તદ્દન ગરીબ માણસોને પણ ખૂબ વેઠવું પડતું. દરેક કુટુંબમાંથી એકાદ જણ તો જેલમાં પડેલું જ હોય તેવી પરિસ્થિતિ હતી. ગરીબાઈનો તો આરોજ ન હતો. માણસો તો કહેતા કે પ્રેમપૂર્ણ ઈશ્વર અનિષ્ટને આટલું બધું કેમ ફાલવા દેતો હશે?

એમ તો શરૂઆતમાં પ્રેરિતોને પણ ક્યાંથી સરળ લાગ્યું હશે? પહેલા શુભ શુક્રવારના દિવસે "મારા ઈશ્વર, મારા ઈશ્વર, તે મને કેમ તજી દીધો છે?" એવી હાંક મારીને સ્તંભ પર ઈસુ મોતને આધીન થયો પછી ઈસુની વાત કોઈને પણ કહેવાય તેવું ક્યાં રહ્યું હતું?

પણ કાર્ય પાર પડ્યું એજ સાબીત કરી આપે છે કે એ કાય અમારૂં નહિ પણ ઈશ્વરનું હતું. આવા કોયડાઓ માટે તો એજ ખ્રિસ્તીનો ઉકેલ છે.

ઈસુએ પેલા બિચારા લાજરસની વાત આપણને કરી છે. અમારી માફક તે પણ દલિત હતો–ભૂખે મરતો, ધીમા મોતે મરતો, એટલો અશક્ત કે કૂતરા તેનાં ધારાં ચાટે તો પણ હાંકી શકે નહિ તેવો–પણ અંતે તો દૂતો તેને લઈ ગયા અને ઈબ્રાહીમની ગોદમાં તેને સ્થાન મળ્યું.

## ભૂગર્ભ મંડળીનું થોડું ઘણું જાહેર કાર્ય

ભૂગર્ભ મંડળીને કોઈના ઘરમાં, જંગલોમાં કે ભોંયરાંમાં કે એના છૂપાં સ્થળોમાં છાનામાના એકઠા મળવું પડતું હતું. એવી છૂપી સભાઓમાં તેઓ જાહેર કાર્ય કરવાની યોજનાઓ ઘડતા. કોમ્યુનિસ્ટ સત્તા નીચે પણ જાહેર રસ્તાઓ પર કેવી રીતે ઉપદેશ કરવો તેની પદ્ધતિઓ અમે શોધી કાઢી હતી. પણ સત્તાવાળાઓ પણ ધીરે ધીરે કડક થતા જવાથી એવી રીતે કામ કરવાનું જોખમ વધતું જતું. પણ છતાં યે એ રીતે અમે ઘણા માણસોને સંદેશો પહોંચાડી શક્યા હતા. એ સિવાય બીજી રીતે ઘણાને સંદેશો પહોંચી શક્યો જ ન હોત. આ રીતે કામ કરવામાં મારી પત્ની ખૂબ હોશિયાર હતી. પ્રથમ તો અમુક ખ્રિસ્તીઓ રસ્તાને નાકે ભેગા થઈને ખ્રિસ્તી ગીતો ગાવા માંડે. તેમનાં મધુર ગીતો સાંભળવા ટોળું જામે એટલે મારી પત્ની ટુંકમાં સંદેશો આપી દે. રસ્તે ફરતી પોલીસ આવે તે પહેલાં તો બધું પૂરૂં કરીને બધા ક્યારના રસ્તે પડી ચૂક્યા હોય!

એક વખતે હું બીજે ક્યાંક અલગ કામ કરતો હતો ત્યારે બુખારેસ્ટ શહેરના માલાક્ષા નામના એક મોટા કારખાનાના દરવાજા આગળ મારી પત્નીએ હજારો કામદારો આગળ ઉપદેશ કર્યો. લોકોને ઈશ્વર તેમજ ઉદ્ધાર સંબંધી તેણે સમજ આપી. એ પછીના જ દિવસે સામ્યવાદીઓના અન્યાય સામે માથું ઊંચકવા માટે હજારો કામદારોને ગોળીએ દેવામાં આવ્યા. ખરેખર મોકાસર જ તેમને સુવાર્તા સાંભળવા મળી હતી, નહિ તો કાયમ માટે વંચિત રહી જાત.

અમારી મંડળી ભૂગર્ભમાં કાર્ય કરનારી છૂપી હતી ખરી પણ છતાં અમે ઘણીવાર યોહાન બાપ્તિસ્મીની પેઠે બેધડક લોકોને તેમ જ શાસકવર્ગને પણ ખ્રિસ્તનો સંદેશો કહેવાનું ચૂકતા નહિ.

એક વાર અમારા બે ભાઈ સરકારી ઓફીસના ઓટલા પર ચઢી જઈને અંદર ધુસી ગયા અને અમારા મુખ્ય પ્રધાન જયોર્જીઉ દેજ પાસે પહોંચી ગયા. તેમને તેની સાથે વાત કરવા થોડી જ પળો મળી પણ તેટલામાં તેમણે ખ્રિસ્ત વિષે સંદેશો તેને આપી દીધો. તેમણે તેને ખૂબ આગ્રહથી પાપનો પસ્તાવો કરી તેને ત્યાગી દેવા જણાવ્યું અને ખ્રિસ્તીઓ પર ગુજારાતો ત્રાસ બંધ કરવાની માગણી પણ કરી. તેઓના આવા સાહસને લીધે તેણે તેમને પકડાવીને જેલમાં પૂરી દીધા. એ પછી કેટલાંક વર્ષો બાદ એ વડા પ્રધાન જ્યોર્જીઉ દેજ માંદા થઈને પથારીવશ થયા ત્યારે તેમના મનમાં પડેલાં બી ઉગી નીકળ્યાં અને તેને ફળ આવ્યાં. એના દુઃખના સમયે અગાઉ સાંભળેલાં વચનો યાદ આવ્યાં. બાયબલમાં કહ્યું છે કે એનાં "વચન તો વેગવાન, શક્તિશાળી અને તીક્ષ્ણ બેધારી તરવાર જેવાં" છે. તેથી તે હૃદયની કઠોરતાની આરપાર ઊતરી જાય છે. એ પ્રધાને પોતાનું જીવન ખ્રિસ્તના હાથમાં સોંપી દીધું. તેણે પોતાનાં પાપની કબૂલાત કરી. તે ખ્રિસ્તને શરણે આવ્યો અને તેની માંદગીના બિછાનેથી પણ તે ખ્રિસ્તની સેવા કરવા લાગ્યો. એ પછી થોડા સમયે તેનું મૃત્યુ થયું ત્યારે તે પોતાના ઉદ્ધારકની સાથે રહેવા ચાલ્યો ગયો.

આમ પેલા બે જીવસટોસટનું સાહસ ખેડનારાની હિંમતને લીધે એ કાર્યસિદ્ધ થઈ શક્યું. અત્યારના સામ્યવાદી દેશોમાં જે પ્રકારના ખ્રિસ્તીઓ છે તેમનો આ એક નમૂનો છે.

આ ભૂગર્ભ મંડળી છૂપી સભાઓદ્વારા કે છૂપી પ્રવૃત્તિઓ મારફતે જ કાર્ય કરતી નથી પણ પ્રસંગ મળતાં જાહેર રસ્તાઓ પર અને ઉચ્ચ કક્ષાના નેતાઓને પણ સીધેસીધો ઉપદેશ કરતાં ગભરાતી નથી. જોકે એમ કરવા જતાં તેને ભારે કિંમત ચૂકવવી પડે છે, પણ એને માટે તે હંમેશાં તૈયાર હોય છે. આજે પણ કોઈ પણ પ્રકારનું દુઃખ વેઠવા તે તત્પર છે.

છૂપી પોલીસ પણ સમજે છે કે સામ્યવાદનો સફળતાથી સામનો કરનાર આ ભૂગર્ભ મંડળી જ છે. આથી તે ભૂગર્ભ મંડળીને ખૂબ જ ત્રાસ આપે છે અને રીબાવે છે. કોમ્યુનિસ્ટ પક્ષની નાસ્તિકવાદની સત્તાનો ખરો વિરોધ આવા આધ્યાત્મિક બળ મારફતે થાય તો સામ્યવાદ અંદરખાને પોલો થઈ જાય એ જોખમ કોમ્યુનિસ્ટો બરાબર સમજે છે, અને તેથી તે ભૂગર્ભ મંડળીની પ્રવૃત્તિઓ ડામી દેવા પ્રયાસ કરે છે. તેઓ જાણે છે કે માણસ ખ્રિસ્ત પર શ્રદ્ધા રાખતો થાય પછી તે બેપરવાઈથી વેઠ કરવા તૈયાર થાય જ નહિ. માણસના દેહને જેલમાં પૂરી શકાય છે પણ તેના મનમાં પેદા થયેલી શ્રદ્ધાને કોઈ જેલમાં પૂરી રાખી શકાતી નથી. આથી જ તેઓ આ ખ્રિસ્તી ભૂગર્ભ મંડળીની પ્રવૃત્તિની પાછળ આદુ ખાઈને પડ્યા.

પણ જેમ ભૂગર્ભ મંડળીના અનેક દુશ્મનો હતા તેમ કોમ્યુનિસ્ટ સરકારમાં પણ કોઈ કોઈ અધિકારીઓ અને છૂપી પોલીસના માણસો એના પ્રત્યે કુંણી લાગણી ધરાવતા હતા.

અમે ભૂગર્ભમંડળીના કેટલાક ખ્રિસ્તી ભાઈઓને સૂચવ્યું કે તેઓ છૂપી પોલીસમાં પ્રવેશ કરીને અંદરથી અમને મદદ કરે. અમારા કેટલાક જણે એવો પ્રયાસ કર્યો અને એમની મારફતે અમને અંદરની છૂપી બાતમી મળવા લાગી. તેઓ પોતાની ધાર્મિક

માન્યતાઓ છૂપી રાખીને બહારથી તો કોમ્યુનિસ્ટ હોવાનો દેખાવ કરતા હતા. છૂપી પોલીસનો ગણવેશ અમારા લોકોમાં ખૂબ જ તિરસ્કૃત ગણાતો હતો છતાં તેઓ ખ્રિસ્તને ખાતર તે પહેરતા હતા. પોતાના જ કુટુંબના માણસો એના લીધે પોતાનો તિરસ્કાર કરે અને પોતાથી ખુલાસો પણ ન કરાય એ કેવી ક્રૂર વિડંબના? પણ ખ્રિસ્તનો પ્રેમ તેમના દિલમાં એટલો સબળ હતો કે આવું બધું તેઓ મૂંગા મોંએ સહન કરી લેતા.

મને રસ્તા પરથી અપહરણ કરીને લઈ ગયા અને કોઈક છૂપા સ્થળે પૂરી રાખવામાં આવ્યો ત્યારે મારી ભાળ મેળવવા એક ખ્રિસ્તી ડોક્ટર છૂપી પોલીસમાં જોડાઈ ગયો હતો! છૂપી પોલીસના અધિકૃત ડોક્ટર તરીકે તે દરેક ખોલીમાં પ્રવેશ કરી શકે તેમ હતું. એના આધારે તે રાજ્યનાં જુદાં જુદાં કેદખાનામાં મારી શોધ કરવા માગતો હતો. તેણે આવું પગલું લીધું તેથી તેના મિત્રો અને સાથીઓએ તેનો ત્યાગ કર્યો. તેઓ તો સાચું જ માની બેઠા કે ડોક્ટર ખરેખર કોમ્યુનિસ્ટ થઈ ગયો છે. જુલમ વેઠનાર કેદીનો ગણવેશ પહેરવા કરતાં જુલમગારનો ભાગ ભજવવાનું વધુ કઠણ છે. તે વધુ ભારે ભોગ માગે છે.

એ ડોક્ટરને એક ઊંડી અંધારી ખોલીમાં મારો પત્તો લાગ્યો. એણે બહારના જગતમાં બાતમી પહોંચાડી કે હું હજી જીવતો છું. પૂરાં સાડા આઠ વર્ષ બાદ મારા એક મિત્રે મારી ભાળ કાઢી હતી અને બહારના મારા મિત્રોને ખબર પડી કે હું જીવું છું તો ખરો. એવામાં ઈ. સ. ૧૯૫૬ માં આઇઝન હોવર–ક્રુશ્ચેવ સંબંધો જરા હળવા થયા ત્યારે અમુક કેદીઓનો છૂટકારો કરવામાં આવ્યો. તે વખતે ખ્રિસ્તીઓએ મારા છૂટકારા માટે ખૂબજ દબાણ કર્યું તેથી થોડા સમય માટે મને છૂટો કરવામાં આવ્યો.

જો આ ખ્રિસ્તી ડોક્ટર છૂપી પોલીસમાં જોડાયો ન હોત તો કોઈને મારા જીવવા મરવા સંબંધી કદી જ કશી ખબર ન પડત.

મારો છૂટકો થવાનો પ્રસંગ જ ન આવ્યો હોત. હજી હું કેદમાં જ સડતો હોત કે પછી કબરમાં ઊતરી ગયો હોત.

છૂપી પોલીસમાં કાર્ય કરતા અમારા ખ્રિસ્તી ભાઈઓએ પોતાના હોદ્દાની મદદથી ઘણી ઉપયોગી માહિતી મેળવીને અમને આગળથી ચેતવી દઈ અમારી અનેક રીતે સહાય કરી છે. હજી એવા માણસો છૂપી પોલીસમાં છે. તેઓ આવી પડનારા જોખમ સંબંધી ચેતવણી આપે છે. એ રીતે મંડળીનું રક્ષણ કરે છે. એમાંના કેટલાક તો કોમ્યુનિસ્ટ વર્તુળમાં ઘણા ઊંચા સ્થાને પહોંચેલા છે, પણ તેઓ પોતાનો ધર્મ છૂપાવી રાખે છે. અહીં તો તેઓ તેમના પ્રભુની છૂપી રીતે સેવા કરે છે પણ સ્વર્ગે જશે ત્યારે ત્યાં તેમને ખુલ્લેખુલ્લી સેવા કરવાની તક મળશે.

આવી વ્યવસ્થા હોવા છતાં ભૂગર્ભ મંડળીના અનેક જણને પકડી પકડીને કેદમાં પૂરી દેવામાં આવ્યા છે. અમારામાં યહુદા જેવા દ્રોહ કરનારા પણ નીકળતા. તેઓ અમારી વાતો જાણી લઈને છૂપી પોલીસને પહોંચડી આવતા. પકડાએલાઓને મારઝૂડ કરીને, ઘેનમાં નાખીને, ધમકી અને પ્રલોભનો આપીને તેમની પાસેથી બાતમી કઢાવવા ખૂબ પ્રયાસો કરવામાં આવતા.

# પ્રકરણ ૨

હું ઈ. સ. ૧૯૪૮ના ફેબ્રુઆરીની ૨૯મી સુધી મંડળીનો નિમાએલો પાદરી અને સાથે સાથે ભૂગર્ભ કાર્ય પણ કરતો હતો. તા. ૨૯મીનો સુંદર આનંદદાયક રવિવાર હતો. હું સવારના મારા દેવળ તરફ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાંથી જ મને અચાનક ઉપાડી જવામાં આવ્યો. બાયબલમાં માનવની ચોરી કર્યાનો ઉલ્લેખ છે. એ કેવી રીતે કરાતી હશે તેનો હું કોઈ કોઇ વાર મનમાં વિચાર કરતો હતો. હવે કોમ્યુનિષ્ટોએ પદાર્થ પાઠ આપીને મને તેનો અર્થ બરાબર સમજાવી દીધો.

તે સમયે અનેક જણને આમજ પકડી જવામાં આવતા. હું રસ્તે જતો હતો ત્યારે મારી આગળ થોડે દુર એક છૂપી પોલીસની ગાડી અટકી ઊભી રહી ગઈ. તેમાંથી ચાર માણસો બહાર કૂદી પડયા. મારી પાસે આવીને મને પકડીને ગાડીમાં ઝડપથી ધકેલી દીધો. મને લઇ જઇને કેદખાનામાં પૂરી દેવામાં આવ્યો અને વર્ષોનાં વર્ષો સુધી ત્યાંજ નાખી મૂકવામાં આવ્યો. આઠ આઠ વર્ષો સુધી તો હું જીવું છું કે મરણ પામ્યો છું તેની પણ ખબર કોઇને પડી જ ન હતી. છૂપી પોલીસના કેટલાક માણસોએ છૂટેલા કેદીનો વેશ લઇને મારી પત્ની પાસે જઇને કહ્યું કે અમે કેદખાનામાં તમારા પતિની સાથે જ રહેતા હતા. તે ત્યાં જ મરણ પામ્યા ત્યારે અમે તેમની દફનક્રિયામાં પણ હાજરી આપી હતી. આવા સમાચાર સાંભળીને મારી પત્નીનું હૈયુંજ ભાંગી પડેલું.

જુદા જુદા સંપ્રદાયના હજારો લોકો કેદમાં જઇ પડયા. એમાં એકલા પાદરીઓ જ નહિ પણ ભલા ભોળા ખેડૂતો, નાના મોટાં બાળક બાલિકાઓ વગેરે પણ ધર્મને ખાતર કેદખાને જવાનું પસંદ કરતાં. બધા કેદખાનાં એવા કેદીઓથી ઉભરાઈ ગયાં હતાં. રૂમાનીયામાં અને બીજા કોમ્યુનિસ્ટ દેશોમાં જેલવાસ એટલે અનેકવિધ અસહ્ય ત્રાસ અને રીબામણ જ સમજવાની.

અસહ્ય ત્રાસ એતો રોજીંદી બાબત થઈ પડી હતી. મારે જે જે વેઠવું પડયું છે તેની વાત કરવાનું પણ મને ગમતું નથી. જો કદીક મારે એ સંબંધી વાત કરવી પડે છે તો તે રાત્રે મારી ઉંઘ હરામ થઈ જાય છે. એ ત્રાસની તો સ્મૃતિ પણ ખૂબ જ કષ્ટદાયક છે.

## અસહ્ય ત્રાસના બનાવો

ફ્લોરેસ્ક્યુ નામના પાદરીને ધગધગતા સળીઆ ચાંપી દેવામાં આવતા અને વધુ રીબાવવા માટે છરીના લસરકા કરવામાં આવતા. ઉપરથી ઢોરમાર પણ મારવામાં આવતો. એટલો જુલમ કર્યા પછી તેની ખોલીમાં પાછો મોકલીને ત્યાં નળના બાકોરા દ્વારા ભૂખ્યા ઉંદરોને

ખોલીમાં છોડી દેવામાં આવતા. ઉંદરોને લીધે તેને જરા પણ ઉંઘવાનું મળતું નહિ. તેને આખો વખત ઉંદર સામે ઝઝૂમ્યા કરવું પડતું. સહેજ પણ ઝોકું આવી જાય તો ઉંદર ધસી આવે અને કરડી જાય.

એ અઠવાડીયાં સુધી રાતદહાડો સતત તેને ઊભો રાખવામાં આવ્યો હતો. આ બધા ત્રાસનું કારણ એજ કે તેની પાસેથી કોમ્યુનિસ્ટોને બાતમી જોઈતી હતી તે મળતી ન હતી. પણ તે તો અંત સુધી અડગ જ રહ્યો. આખરે તેના ચૌદ વર્ષના દીકરાને પકડી લાવીને તેની નજર સામે જ રીબાવવા માંડ્યો. તેને કહેવામાં આવ્યું કે અમારે બાતમી જોઈએ છે તે તમે નહિ આપો ત્યાં સુધી તમારા દીકરાને તમારી નજર સામે જ માર મારવામાં આવશે. દીકરાને માર પડતો જોઈને તે બિચારો ગાંડા જેવો થઈ ગયો. આખરે તેનાથી રહેવાયું નહિ ત્યારે તે બોલી ઊઠ્યો, "એલેકઝાન્ડર! મારાથી આ તારૂં કષ્ટ જોયું જતું નથી. હવે મારે તેમને તેઓ માગે છે તે કહી દેવું પડશે!" પણ તે બહાદુર પુત્રે જવાબ દીધો, "પિતાજી, એવો દ્રોહ કરીને મને દ્રોહી પિતાનો પુત્ર હોવાનું કલંક ન લગાડશો. જે વેઠવું પડે તે વેઠી લો. મને મારી નાખશે તો હું મુખે 'મારો ઇસુ અને મારી માતૃભૂમિ' એમ રટતો રટતો મૃત્યુને ભેટીશ." આ શબ્દો સાંભળીને જુલમગાર કોમ્યુનિસ્ટોનો ગુસ્સો તો આસમાને ચઢી ગયો. તેઓ રાક્ષસી ઝનૂનથી તે બાળક પર તૂટી પડ્યા અને મારી મારીને પૂરો કરી નાખ્યો. તેના લોહીના છાંટા ચારે બાજુ દિવાલો પર ઉડ્યા. તે બાળક પ્રભુની સ્તુતી કરતો કરતો મરણ પામ્યો. આવું ભયંકર દૃશ્ય જોઈને ભાઈ ફ્લોરેસ્કયુનું મગજ ખસી ગયું.

અમને પહેરાવેલી હાથકડીઓની અંદરની સપાટી પર તીણા કાંટા હોવાથી હાથ તદ્દન સ્થિર રાખીએ તો જ કાંટા ન વાગે. પણ ઠંડી ખૂબ હોવાથી અમારાં શરીર ધ્રૂજતાં હોય તો એમાં હાથ શી રીતે સ્થિર રહે? આમ અમે સતત વેદના ભોગવ્યા કરતા.

ખ્રિસ્તીઓને ઉંધે માથે દોરડાં વડે લટકાવીને હિંચકા ખવડાવતા.

તેમને બરફની પેટીઓમાં પૂરવામાં આવતા. આવી પેટીને હિમકોષ કહેવામાં આવતો. હિમકોષમાં ચારે બાજુ બરફ જામેલો જ રહેતો. મારા શરીર પર નામનાં જ કપડાં રાખીને મને પણ એવા હિમકોષમાં એક વાર પૂરેલો. જેલના ડોકટરો એક કાણામાંથી અંદર તપાસ રાખતા. કેદી ઠરી જાય અને મરણતોલ થઈ જાય એટલે તેઓ સંકેત કરતા. ચોકિયાતો આવીને તરત પેલા કેદીઓને બહાર કાઢે અને તેમને ગરમી આપી ભાનમાં લાવે. શરીરમાં ગરમી આવે અને કેદીને જરા હુંફ વળવા માંડે કે તરત ફરી પાછા હિમકોષમાં પૂરી દે. આવી રીબામણી વારંવાર કર્યા જ કરતા. હુંફ આપે અને પાછા ઠારી દે. મૃત્યુને સહેજ જ છેટું રહે કે પાછા ગરમી આપે. આ અનુભવ એવો ત્રાસદાયક છે કે આજે પણ રેફ્રીજરેટર ખોલતાં મને કમકમી આવી જાય છે.

ખ્રિસ્તીઓને પોતપોતાના કદ કરતાં સહેજ મોટાં લાકડાનાં ખોખાંમાં પૂરવામાં આવતા. ખોખાં એવાં ચપોચપ બંધબેસતાં હોય કે અંદર પૂર્યા પછી જરા પણ ચસકાય નહિ. ખોખાંની બધી બાજુએથી અંદર અણીદાર ખીલીઓ ઠોકવામાં આવતી. એમાં જ્યાં સુધી સ્થિર રહેવાય ત્યાં સુધી તો ઠીક પણ જરાય હાલ્યા કે ભોગ મળ્યા સમજવા. દરેક બાજુની અણીઓ શરીરમાં વાગવા માંડે. તેની વેદના પણ ખૂબ જ થાય. આવાં ખોખાંમાં અમને કલાકોના કલાકો સુધી ઉભા રહેવું પડતું. થાક લાગે અને લથડીયાં આવી જાય તો પણ ખીલીઓ વાગે. અમથું એ સહેજ હલનચલન કે અજાણતાં સ્નાયુનું સંકોચન થાય તો ખીલીઓ તો હાજર જ હોય!

માણસોની કલ્પનામાં ય ન આવે તેવા ત્રાસ કોમ્યુનીસ્ટો તરફથી ખ્રિસ્તીઓને વેઠવા પડયા છે.

પણ આ પ્રમાણે કોમ્યુનિસ્ટો તરફથી ખ્રિસ્તિઓ ત્રાસ વેઠતા હતા ત્યારે તેમનાં મોં પર આનંદનો પ્રકાશ રેલાઈ રહેલો મારા

ધ્યાનમાં હંમેશાં આવતો. કોમ્યુનિસ્ટો ત્રાસ આપતી વખતે કહેતા, "અમે જ શેતાનો છીએ."

આપણું યુદ્ધ લોહી અને માંસની સામે એટલે માણસની વિરૂદ્ધ નથી. પણ આપણો સામનો તો દુષ્ટતાનાં બળો અને તેના અધિકારો વિરૂદ્ધ છે. આ અનુભવો વડે અમને સ્પષ્ટ જણાયું છે કે શેતાને જ આ નાસ્તિક સામ્યવાદ સ્થાપિત કર્યો છે. એ કોઈ માણસનું સર્જન નથી. તે શક્તિ દુષ્ટાઈની આધ્યાત્મિક પ્રકારની છે. એની સામે યુદ્ધ કરવું હોય તો વધુ બળવાન ઈશ્વરના આત્માની સહાયથી જ થઈ શકે.

આવો અમાનુષી ત્રાસ ગુજારનારને હું કદી કદી પૂછતો, "તમારામાં દયાનો છાંટોય નથી?" તેના જવાબમાં તેઓ કહેતા કે "લેનિને કહ્યું છે કે ઈંડાનું કોચલું તોડ્યા વિના ઈંડાનો પૂડો બનાવી શકાય નહિ. લાકડું કાપવું હોય તો થોડાં છોડીયાં પણ પડે જ." હું કહેતો કે "લેનીનનું એ વાક્ય હું જાણું છું. પણ કંઈક તો વિવેક રાખો. લાકડાને કાપવાથી તેને કશી લાગણી થતી નથી પણ આ તો જીવતાં માણસો સાથે કામ લેવાનું છે. તમે જે ત્રાસ ગુજારો છો તેથી કેટલું દુઃખ થાય છે! અને તેમને તો માતાઓ છે. તેઓ બિચારી વિલાપ કર્યાં કરે છે!" પણ એવી વાતોનો કશો અર્થ જ ન હતો. આ બધા તો ભૌતિકવાદી હતા. તેમને મન તો ભૌતિક પદાર્થો સિવાય બીજાકશાની ગણત્રી જ ન હતી. તેમને મન તો ઈંડું, લાકડું કે માણસ બધાં સરખાં જ હતાં. આવી માન્યતાઓને લીધે તેઓ ક્રૂરતાની ઊંડી ખાઈમાં ઉતર્યે જ જતા હતા.

નાસ્તિકવાદની ક્રૂરતા સમજાવી મુશ્કેલ છે. માણસને જો શ્રદ્ધા જ ન રહે કે સારાં કાર્યનો બદલો મળવાનો સંભવ છે કે દુષ્ટતાની શિક્ષા વેઠવી પડશે તો શ્રદ્ધાના અભાવે તેની માનવતા જ નષ્ટ થઈ જાય છે. એવા માણસની આંતરિક ભુંડાઈનો કોઈ આરો રહેતો નથી. ત્રાસ ગુજારનારા કોમ્યુનિસ્ટો વારંવાર કહેતા કે, "ઈશ્વર નથી,

પરલોક નથી અને ભુંડાઈની કશી જ શિક્ષા થવાની નથી. પછી અમારે જેમ કરવું હોય તેમ કરીએ. અમને શી બીક છે?" એક જલ્લાદ તો એમ કહેતો કે "ઈશ્વરને હું માનતો તો નથી પણ એ એ હોય તો આભાર તેનો કે મારા મનની ભુંડાઇનું પૂર્ણ પ્રદર્શન કરવા આજ સુધી હું જીવતો રહ્યો છું." કોઈના માન્યામાં ન આવે તેવી પાશવતા અને જુલમ આચરીને તે પોતાની ભ્રષ્ટતાનું પૂર્ણ દર્શન કરાવી રહ્યો હતો.

જો કોઈ માણસને મગર ખાઇ જાય તો હું અવશ્ય દુઃખી થાઉં પણ તેમાં મગરનો દોષ કાઢી શકું નહિ. મગરમાં નૈતિક ભાવના નથી. મને લાગે છે કે કોમ્યુનિસ્ટોનો પણ દોષ કાઢી શકાય તેમ નથી. કેમ કે સામ્યવાદે તેમના મનમાંથી નૈતિક ભાવના જ નષ્ટ કરી દીધી છે. કેટલાક તો છડેચોક બોલતા હતા કે "અમારામાં દયા માયા જેવું કંઇ જ રહ્યું નથી."

અને તેમની પાસેથી પણ શીખવાનું મળ્યું છે. તેઓએ તેમના હૃદયમાં ઇસુ માટે રજમાત્ર સ્થાન રાખ્યું નથી તેમ મારે પણ મારા હૃદયમાં શેતાનને જરા પણ સ્થાન આપવું નહિ એવો મેં સંકલ્પ કર્યો છે.

અમેરિકાની સેનેટની આંતરિક સલામતી સમિતિની એક પેટા સમિતિ આગળ મેં મારી જુબાની આપતાં આવા ઘણા બનાવોનું વર્ણન કર્યું છે. ખ્રિસ્તીઓને થાંભલે બાંધીને થાંભલા ચાર ચાર દિવસ સુધી ભોંય પર નાખી મૂકવામાં આવતા. એ જ ખોલીમાં બીજા એટલા બધા કેદીઓ હોય કે ચસકાય પણ નહિ. એથી ભોંય પર પડેલાની ઉપર જ બીજા કેદીઓનાં મળમૂત્ર આખો સમય પડ્યા કરતાં. પછી એ થાંભલા ઉભા કરીને તેઓની મશ્કરી કરવામાં આવતી. "જુઓ તો ખરા આ તમારો ખ્રિસ્ત! કેટલો સુંદર દેખાય છે! સ્વર્ગમાંથી કેવી સુગંધ લેતો આવ્યો છે નહિ!" વગેરે. એ સમિતિ આગળ એક બીજી ઘટનાનું વર્ણન પણ મેં કર્યું હતું. રૂમાનીયાના પિટેસ્ટીની

જેલમાં આ બનાવ બન્યો હતો. એક યાજક અસહ્ય ત્રાસથી અર્ધો ગાંડા જેવો થઈ ગયો હતો. તેને પકડીને બળજબરીથી માણસનાં મળ-મૂત્ર પર તેની પાસે પ્રભુ ભોજન સમયે ઉચ્ચારાતાં આશિર્વચનો ઉચ્ચારાવ્યાં અને પછી તે મળમૂત્ર બીજા ખ્રિસ્તીઓને પ્રભુ ભોજનના પદાર્થો તરીકે વહેંચાવરાવ્યું. પાછળથી એ યાજકને મારે મળવાનું થયું ત્યારે મેં પૂછ્યું "તમે આવું અધમ કાર્ય કરવા તૈયાર થયા તે કરતાં મરવું કેમ પસંદ ના કર્યું?" તે બોલ્યો, "ભાઇસાબ, તમે મારો ન્યાય તોળવા ન બેસશો. મેં તો ખ્રિસ્તના કરતાં વધુ આકરાં કષ્ટ વેઠયાં છે." બાયબલનાં અને ડાન્ટેના ઇન્ફર્નો નામના કાવ્યનાં નર્ક સંબંધીનાં વર્ણનો આ કોમ્યુનિષ્ટોની જેલના અનુભવ આગળ તો કશી વિસાતમાં નથી.

પિટેસ્ટીની જેલમાં રવિવારના દિવસોએ જે કંઈ બનાવો બનતા તેનું આ તો એક સામાન્ય દ્રશ્ય છે. એના કરતાંય ભયંકર ત્રાસ તો કહેવાય તેવાજ નથી. તે એટલા બધા ઘૃણાજનક અને જુગુપ્સાપ્રેરક છે કે અહીં લખાય જ નહિ. મારે જો વારંવાર કહેવાનું થાય તો લાગે છે કે મારૂં હૃદય જ બંધ થઈ જાય. આપણા ખ્રિસ્તી ભાઇઓ અને બેનો આવી યાતનાઓ વેઠતા આવ્યા છે.

એક ખરો ધર્મવીર પાસ્ટર મિલાન હાઇમોવીસ કરીને હતો.

કેદખાનાં તો કેદીઓથી ઉભરાતાં હતાં. ચોકીદારોને કોઈ કેદીનાં નામઠામ કે બીજી કશી માહિતી હતી જ નહિ. એક વાર હુકમ થયો કે જેમને પચીસ પચીસ ફટકા ખાવાની સજા થઇ હોય તે આગળ આવે. એ સજા જેલના કોઇક નિયમભંગને લીધે ફટકારવામાં આવી હતી. પાસ્ટર મિલાન હાઇમોવીસી કેટલીએ વાર બીજાઓના બદલે આગળ જઈને ફટકા ખાઈ આવ્યાં. આમ બીજાઓના બદલે દુઃખ સહેવાને લીધે કેદીઓમાં તેમનું ખૂબ માન વધ્યું એટલું જ નહિ પણ ખ્રિસ્તી તરીકે તેમના આ કૃત્યથી ખ્રિસ્તનો મહિમા થયો.

આવી કોમ્યુનિસ્ટોના ત્રાસની તેમજ ખ્રિસ્તીઓના આત્મભોગની વાતો કરવા બેસું તો પાર જ ન આવે. અમને વેઠવો પડતો ત્રાસ અને જુલમની વાતો જાહેરમાં આવતી તે સાથે ખ્રિસ્તીઓનાં શૌર્યકાર્યોની વાતો પણ જાણવા મળતી હતી, અને એના પ્રચારથી બહાર રહેલા ખ્રિસ્તીઓને ઉત્તેજન અને હિંમત મળતાં હતાં.

અમારી ભૂગર્ભ મંડળીમાં એક કાર્યકર યુવતી હતી. કોમ્યુનીસ્ટ પોલીસને બાતમી મળી ગઈ કે એ યુવતી સુવાર્તાની નકલો વહેંચતી હતી તેમજ બાળકોને ખ્રિસ્તનું શિક્ષણ આપવાનું કાર્ય કરતી હતી. તેને પકડી લેવાનું નક્કી થયું, પણ એનું દુઃખ વધુ તીવ્ર બને તે માટે તેના લગ્નની તારીખ સુધી તેમણે રાહ જોયા કરી લગ્નના દિવસે સુંદર કપડાં પહેરીને તે દેવળમાં જવા તૈયાર થઈ. એક કન્યાના જીવનનો કેટલો આનંદપૂર્ણ દિવસ! તે જ સમયે અચાનક પોલીસ તેના ઘેર આવીને ખડી થઈ ગઈ.

છૂપી પોલીસને જોઈને કન્યાએ પોતાના હાથ હાથકડી પહેરવા તરત તેમના તરફ લંબાવ્યા. જાણી જોઈને તોછડાઈ કરીને તેના હાથે હાથકડીઓ પહેરાવવામાં આવી. પછી તે કડીઓને ચૂમીને તેના થનાર પતિ તરફ જોઈને કહેવા લાગી "હું મારા સ્વર્ગમાંના સ્વામીનો આભાર માનું છું કે મારા લગ્નનું આવું ઝવેરાત ભેટ તરીકે તેણે આજે જ મોકલી આપ્યું! મારા પ્રભુને ખાતર કંઈક સહન કરવાની તક મળે છે તેથી મને ખૂબ આનંદ થાય છે." તેના થનાર પતિ તેમજ બીજાં ખ્રિસ્તીઓને રડતાં છોડીને તેઓ તેને જાણે ઘસડી જ ગયા. પોલીસના હાથમાં પડતી યુવાન કન્યાઓના શા હાલ થાય છે તેની બધાને ખબર હોવાથી મનમાં બધા ફફડતા હતા. પાંચ વર્ષ બાદ તેને છોડવામાં આવી ત્યારે તે સૌંદર્ય નષ્ટ, હૃદય ભંગિત જાણે ત્રીસ વર્ષની સ્ત્રી જેવી ઢીલી થઈ ગઈ હતી. તેના વિવાહિત વરે ત્યાં સુધી તેની રાહ જોયાં કરી હતી. છૂટીને તે સ્ત્રીએ તો એમ જ કહ્યું કે મારા ખ્રિસ્તને ખાતર જે કંઈ વેઠવું પડયું છે તે

તો નજીવું જ દુઃખ ગણાય. ભૂગર્ભ ખ્રિસ્તી મંડળીમાં આવાં અનેક ઉદાહરણો હાથ આવે છે.

## મગજ પ્રક્ષાલન એટલે શું ?

પશ્ચિમના લોકોએ કોરીઆ અને વીએટનામના યુદ્ધબાદ મગજ પ્રક્ષાલન (Brain washing) સંબંધ કંઈક સાંભળ્યું છે મેં પોતે પણ એનો અનુભવ કરેલો છે. એ અતિ ભયંકરમાં ભયંકર ત્રાસ છે. વર્ષોના વર્ષો સુધી રોજના સત્તર સત્તર કલાક અમારે સતત આવું સાંભળ્યા કરવું પડતું :

સામ્યવાદ શ્રેષ્ઠ છે !
સામ્યવાદ શ્રેષ્ઠ છે !
સામ્યવાદ શ્રેષ્ઠ છે !
સામ્યવાદ શ્રેષ્ઠ છે !
ખ્રિસ્તી ધર્મ નરી મૂર્ખતા છે !
ખ્રિસ્તી ધર્મ નરી મૂર્ખતા છે !
ખ્રિસ્તી ધર્મ નરી મૂર્ખતા છે !
એને તજી દો !
એને તજી દો !
એને તજી દો !

રોજના સત્તર સત્તર કલાક, દહાડા પર દહાડા, અઠવાડીયાં પછી અઠવાડીયાં, મહિના પર મહિના અને વર્ષો સુધી એકધારું આવું જ અમને સંભળાવ્યા કરાતું.

કેટલાક ખ્રિસ્તીઓએ મને પૂછ્યું છે કે આવું મગજ પ્રક્ષાલન તમે શી રીતે જીરવી શક્યા ? મારો જવાબ એક જ છે કે મગજ માટેના એવા ઉપચારનો સામનો કરવા માટે હૃદય પ્રક્ષાલન થવાની જરૂર છે. જો પ્રભુ ઇસુના પ્રેમદ્વારા હૃદયનું શુદ્ધિકરણ થયું હોય તો તેના પ્રેમથી હૃદય એવું રંગાઇ જાય છે કે ગમે તેવો જુલમ પણ તે સહન કરી શકે છે. એક પ્રેમળ કન્યા પોતાના પ્રેમપાત્ર વર માટે શું શું સહન

કરવા તૈયાર નહિ થાય? એક પ્રેમાળ માતા પોતાના બાળકને માટે શું નહિ કરે? મરીયમની પેઠે તમને પણ પ્રભુ પર પ્રેમ હોય કે એક કન્યાના વર પ્રત્યેના જેવો પ્રેમ તમે અનુભવતા હો તો ઇસુ ખ્રિસ્તને ખાતર ગમે તે વેઠવા તમે તત્પર રહેશો.

આપણે કેટલું વેઠયું છે તે પરથી નહિ પણ આપણા પ્રેમની પ્રબળતા પરથી ઈશ્વર આપણું મૂલ્યાંકન કરશે. કોમ્યુનિસ્ટોની જેલમાં પડેલા ખ્રિસ્તીઓના પ્રભુપ્રેમ વિષે હું તમને પૂરી ખાત્રી આપી શકું તેમ છું. તેઓ ઈશ્વર પર તેમજ મનુષ્ય પર ઘણો પ્રેમ કરનારા છે.

આવો બધો જુલમ અને પાશવતા તો ચાલ્યાં જ કરે છે. મને જ્યારે ત્રાસ આપવામાં આવે અને મારું ભાન જવા માંડે કે જવાબ આપવાની સમજ ઓછી થવા માંડે ત્યારે રીબાવનારાને કશી કબૂલાતની આશા ન રહે એટલે મને મારી ખોલીમાં મોકલી આપતા. ત્યાં કશીજ સારવાર કે સંભાળ વગરજ હું અધમૂઓ પડ્યો રહેતો. થોડુંક ભાન આવે કે વળી પાછી રીબામણ ચાલુ કરી દેવામાં આવતી. આમાં ને આમાં ઘણાનાં તો મરણ થઈ જતાં. પણ કોઈ અગમ્ય રીતે મારામાં શક્તિ ટકી રહી અને હું જીવતો રહી ગયો. એ પછીના વર્ષોમાં જુદાં જુદાં કેદખાનાઓમાં માર ખાતાં ખાતાં મારા કરોડના મણકા તૂટી ગયા અને બીજાં કેટલાંક હાડકાં પણ તૂટયાં. મારા શરીર પર અનેક સ્થળે નાના મોટા ઘા પડ્યા. મારા શરીર પર અઢાર જગ્યાએ ડામનાં ચાઠાં પડ્યાં છે અને માંસ તોડી લેવામાં આવેલું તેનાં ચાઠાં છે.

ઓસ્લોમાં મારા શરીરની તપાસ થઈ ત્યારે આ બધી માર અને ત્રાસની નિશાનીઓ તેમ જ મારાં ફેફસાંમાં ક્ષયરોગનાં ચિહ્નો જોઈને ડોકટરોએ આશ્ચર્યના ઉદ્દગારો કાઢ્યા કે આ બધામાંથી હું જીવતો રહ્યો છું તે એક મોટો ચમત્કાર જ છે. વૈદકીય વિજ્ઞાનના અનુમાન પ્રમાણે તો આ શરીર વર્ષો પહેલાં મરણશરણ થઈ જવું જોઈતું હતું. હું પોતે પણ માનું છું કે હું જીવું છું તે એક ચમત્કાર જ છે. આપણો ઈશ્વર ચમત્કાર કરનાર ઈશ્વર છે!

ઈશ્વરે આ અદ્‌ભુત કાર્ય હેતુપૂર્વક કરેલું છે. લોખંડી પડદા પાછળની ભૂગર્ભ મંડળી તરફથી મારી મારફતે તેમને સંદેશો પહોંચે એવી ઈશ્વરની યોજના હતી. એટલે જ તેણે મારા જેવા એક જણને આ અગ્નિ પરીક્ષામાંથી બચાવીને જીવતો બહાર આણ્યો છે. ત્યાં અનેકવિધ ત્રાસ વેઠી રહેલા તમારા ધર્મબંધુઓનો સંદેશો જોર-શોરથી તમને સંભળાવવા તમારી મધ્યે તે આવી પહોંચ્યો છે.

## થોડા સમયનો છૂટકારો – ફરી ધરપકડ

ઈ. સ. ૧૯૫૬નું વર્ષ આવી પહોંચ્યું. સાડા આઠ વર્ષથી હું જેલમાં હતો. મારૂં શરીર ખૂબજ લેવાઈ ગયું હતું. શરીર પર અનેક સ્થળે ચાઠાં પડ્યાં હતાં. ઢોરમાર અને લાતો ખાવી પડતી હતી. ઠઠ્ઠામશ્કરી વેઠી રહ્યો હતો. ભૂખમરો વેઠતાં વેઠતાં ભારે દબાણ નીચે પ્રશ્નોની ઝડી વરસતી તેનો સામનો કરી રહ્યો હતો. ધમકીઓનો વરસાદ વરસતો હતો. કોઈને મારી કશી દરકાર હોય એમ લાગતું ન હતું. પણ આટઆટલા ત્રાસ પછી પણ જુલમગારોના મનોરથ ફળ્યા ન હતા. તેમને મારા અંગે વારંવાર પૂછપરછ થતી અને વિરોધયાદીઓ મળતી હતી. એ બધાથી હારીને આખરે તેમણે મને છોડી મૂક્યો.

પણ મારૂં જુનું કામ મેં શરૂ કર્યું અને અઠવાડીયામાં જ બે ભાષણ કર્યાં પછી મને બોલાવીને તાકીદ કરવામાં આવી કે મારે હવેથી ઉપદેશ કરવાનો નથી. કોઈ પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિ પણ કરવાની નથી. મેં એવું શું લોકોને કહી નાખ્યું હતું ? મેં મંડળીના સભ્યોને કહ્યું હતું કે "તમારે ધીરજ, ધીરજ અને ધીરજ રાખ્યા જ કરવાની છે." આનો અર્થ એવો કરવામાં આવ્યો કે જો તમે ધીરજ રાખીને ટકી રહેશો તો અમેરિકનો આવીને તમને મુક્ત કરશે એવી આશા મેં તેમને આપી હતી. મારી દલીલ સાંભળીને પોલીસો જોર જોરથી ઘાંટા પાડવા લાગ્યા. તેમણે બીજું એક મારૂં વાક્ય પણ પકડી લીધું હતું. મેં એમ કહેલું કે ચક્ર ફરતું રહે છે અને સમય બદલાયા કરે

છે. આનો અર્થ તેમણે એવો કર્યો કે હું લોકોને જાણે એવું સમજાવી રહ્યો છું કે કોમ્યુનિસ્ટો કંઈ હંમેશાં સત્તા પર રહેવાના નથી. તેમણે મારા પર આક્ષેપ મૂક્યો કે હું ક્રાન્તિવિરોધી જુઠ્ઠાણાં ફેલાવું છું. આમ ફરી મારી જાહેર સેવાનો અંત આવ્યો.

કદાચ તેમને લાગતું હશે કે હું હવે તેમનો ખુલ્લે ખુલ્લો સામનો કરતાં ડરીશ અને ભૂગર્ભ કાર્ય કરવા છૂપાઈ જઈશ. આ બાબતમાં તેઓ ભૂલમાં રહી ગયા. હું તો પહેલાં જે રીતે છૂપું કાર્ય કરતો હતો તેજ કરવાનો હતો અને મારા કુટુંબનો મને તેમાં પૂરો સહકાર હતો.

મેં તો મારું પહેલાંનું કાર્ય શરૂ કરી જ દીધું હતું. છૂપાં જુથોમાં વિશ્વાસપાત્ર સાથીઓના રક્ષણ નીચે બહુજ ગુપ્ત રીતે ભૂતની પેઠે આવજા કરીને હું શાહેદી આપવા લાગ્યો અને મારી વાતના સમર્થનમાં મારા શરીર પરના ઘા બતાવવા લાગ્યા. નાસ્તિક વિચારસરણી કેટલી અમંગલ છે તેની સાબીતી માટે મારા ઘા બહુ જ અસરકારક થઈ પડતા. જે લોકો ઢચુપચુ હતા તેઓની શ્રદ્ધા એ જોઈને દૃઢ થતી અને તેમનાં મન સાબદાં થઈ જતાં હતાં. મેં સુવાર્તિકોની એક ટુકડીની રચના કરી દીધી. તેઓ કોમ્યુનિસ્ટોની નજર તળે જ પ્રચારકાર્ય કરતા હતા, પણ જાણે ઈશ્વરે એ જોવાની તેમની દૃષ્ટિ જ નષ્ટ કરી દીધી હતી. ગમે તેમ, જો માણસ એવો અંધ થઈ જાય કે દુનિયામાં બનતા બનાવોમાં ઈશ્વરની શક્તિ કાર્ય કરી રહી છે એવું ન જોઈ શકે તો ઈશ્વરના સેવકોનાં કાર્ય પણ તેની નજરે ન પડે તે સ્વાભાવિક જ છે.

પણ મારી પ્રવૃત્તિઓમાં પોલીસ સતત ધ્યાન આપ્યા કરતી હતી. એવી સતત જાસુસીનું ફળ આખરે તેમને મળ્યું. મને ફરી લઈ જઈને કેદખાને નાખ્યો. કોઈ અગમ્ય કારણસર મારા કુટુંબને પકડવામાં આવ્યું નહિ. અત્યાર સુધીમાં મારું નામ ખૂબ જ જાણીતું થઈ ગયું હતું તેથી કદાચ તેમણે મારા કુટુંબ પર હાથ નહિ નાખ્યા હોય. પ્રથમ સાડા આઠ વર્ષ જેલમાં ગાળ્યા પછી ત્રણેક વર્ષ બહાર રહ્યો. હવે ફરી જેલવાસ ભોગવવાનો આવ્યો અને તે સાડા પાંચ વર્ષ ચાલ્યો.

પહેલાં કરતાં આ બીજી વારનો જેલવાસ અનેક રીતે વધુ ભયંકર હતો. વળી આ બીજા વાર તો કેવું કેવું વીતે છે તેની મને ખબર હતી. તેથી મન ફફડ્યા કરતું. બીજી વાર તો મારી તબીયત બહુ વહેલી બગડી ગઈ. પણ તોય કેદખાનામાં પણ છૂપું કાર્ય અમે ચાલું રાખ્યું.

## જેલ સત્તાવાળાઓ સાથે એક સોદો – અમે ઉપદેશ કરીએ અને તેઓ અમને માર મારે

જેલમાંના અન્ય કેદીઓ આગળ ઉપદેશ કરવાની મના હતી. જે કોઈ એ નિયમનો ભંગ કરતાં પકડાય તેને સખત માર મારવામાં આવતો. અમારામાંથી કેટલાકે આવું દેહકષ્ટ વેઠીને પણ આ તકનો લાભ લેવાનો સંકલ્પ કર્યો. અમે તેમની શરત સ્વીકારીને જાણે સોદો કર્યો. અમે નિયમભંગ કરીને ઉપદેશ કરીએ એટલે તેઓ અમને પકડી જઈને સખત માર મારતા. છતાં એમ કષ્ટ વેઠીને ઉપદેશ કરતાં અમને ખૂબ જ આનંદ થતો. જેલના અધિકારીઓને માર મારવાથી ખૂબ આનંદ થતો. આમ આ સોદાથી બંને પક્ષે પૂરો સંતોષ થતો.

આવા બનાવો તો અનેક વાર થતા એટલે અમને યાદ પણ રહેતા નહિ. કોઈ ભાઈ બીજા કેદીઓને ઉપદેશ આપી રહ્યો હોય. વાક્ય અડધું બોલાતું હોય તેવામાં ચોકીદાર એકાએક ક્યાંકથી ફૂટી નીકળે એને તે ભાઈને બાવડેથી પકડીને પરસાળમાંથી ઘસડતો ઘસડતો માર મારવાની ખોલીમાં લઈ જાય. ખાસી વાર સુધી તેને બરાબર ધીબ્યા પછી અધમૂઆ જેવો લોહી નીગળતો પાછો લાવીને ખોલીમાં ફેંકી જાય. ધીમે ધીમે તેને કળવળે એટલે ઘવાએલું શરીર ટટાર કરે કપડાં ઠીક કરે અને પછી ધીરેથી ફરી શરૂ કરે "પેલા ભાઈએ વચ્ચે દખલ કરી તે પહેલાં હું કહેતો હતો કે ......" એમ પોતાનો સુવાર્તાનો સંદેશો ચાલુ રાખે!

મેં તો આવા સુંદર બનાવો બનતા ત્યાં જાતે જોયા છે?

ઘણીવાર તો આવા ઉપદેશ દેનારા સામાન્ય માણસજ હોય. પવિત્ર આત્માથી દોરવાઈને તેઓ ઘણીવાર તો બહુ સુંદર ઉપદેશ સાંભળાવતા. તેઓ પોતાનું હૃદય તેમાં રેડી દેતા. આવા જોખમી સંજોગોમાં ઉપદેશ કરવો એ કંઈ રમત વાત ન હતી. તેમને એ પણ ખબર હતી કે ચાલુ ઉપદેશમાંથી તેમને પકડી જઈને માર મારવામાં આવશે છતાં તેઓ પાછી પાની કરતા નહિ.

ઘેરલા નામના એક કેદખાનામાં ગ્રીકુ નામના એક ખ્રિસ્તી ભાઈને મારીમારીને ઠાર કરવાની સજા ફરમાવવામાં આવી હતી. આ રીબામણી તો ઘણા દિવસ ચાલી. તે ધીમે ધીમે મરે તેવી રીતે મારવામાં આવતો હતો. રબરના લઠ્ઠાવાળી સોટીથી પગે જોરથી ફટકો મારીને થોડી મિનિટો રાહ જોવામાં આવે. કેદી ભૂલવા આવે તેવામાં બીજો ફટકો લગાવે. વળી થોડો સમય વીતવા દઈ ફરી ફટકો લગાવે. કોઈ કોઈ વાર ગુહ્ય ભાગમાં પણ ફટકા લગાવે. એથી કળ ચઢી જાય કે મૂર્છા આવી જાય તો ડોકટર આવીને ઈંજેકશન મૂકીને સતેજ કરી જાય. તેનું શરીર વળે માટે સારો ખોરાક આપે અને શરીરમાં શક્તિ આવે એટલે ફરી પાછી પહેલાંના જેવી પ્રક્રિયા ચાલુ થાય. એમ તેને રીબાવી રીબાવીને ઘણા લાંબા સમયે પૂરો કર્યો. આવા ત્રાસ ગુજારવાની વ્યવસ્થા કરનાર રૅક નામે એક જણ હતો. તે કોમ્યુનિસ્ટ પાર્ટીની મધ્યસ્થ સમિતિનો સભ્ય હતો.

આ રૅક પોતાના કોમ્યુનિસ્ટ સાથીઓ આગળ જે બડાઈ હાંકતો તે બીજા કોમ્યુનિસ્ટો ખ્રિસ્તીઓને કહી સંભળાવતા. તે બણગાં ફૂંકતો કે "હું પોતે જ ઈશ્વર છું એ તમને ખબર છે? તમને મારવા કે જીવવા દેવા તે નક્કી કરવાનું મારા હાથમાં છે. સ્વર્ગમાં બેઠેલો ઈશ્વર તમને જીવાડવા જરાય સહાય કરી શકવાનો નથી. અહીં તો બધું મારી સત્તામાં છે. મને મનમાં આવે તો તમને જીવવા દઉં અને મન થાય તો સાફ કરી નંખાવું. હું પોતે ઈશ્વર જ છું!" આમ તે ખ્રિસ્તીઓની મશ્કરી કરતો.

ભાઈ ગ્રીકુએ આ રૅકને બહુ સચોટ જવાબ આપ્યો હતો. રૅકે પોતેજ એ જવાબની વાત પાછળથી મને કરેલી એટલે એ તદ્દન સત્ય છે. ગ્રીકુએ તેને કહ્યું "રૅક, તમે અજાણતાંજ તમારા મોઢે કેવો રહસ્યમય શબ્દ ઉચ્ચાર્યો છે પણ તેના મર્મ વિષે તમને સમજ નથી. ચોમાસામાં થતો દરેક કાતરો ખરૂં જોતાં ભવિષ્યનું પતંગિયું છે. પણ પૂરો વિકાસ થાય ત્યારે જ કાતરાને પતંગિયાનું રૂપ પ્રાપ્ત થાય. આવો અમાનુષી જુલમ ગુજારનાર જલ્લાદ થવા તમે માનવ તરીકે જન્મ્યા નથી જ. જો કે તમે મનુષ્યઘાતક બન્યા છો પણ તમને ઉત્પન્ન કરવાનો સાચો ઉદ્દેશ તો તમે વિકાસ પામીને ઈશ્વિરસમાન બનો તે છે. ઇસુએ તેના જમાનાના યહુદીઓને પણ એ જ વચન યાદ દેવડાવ્યું હતું કે "તમે સઘળા ઈશ્વિરસમ છો." ઈશ્વિરત્વવાળું જીવન તમારામાં સૂતેલું જ છે. પોલ જેવા સતાવણી કરનારને તેની જીંદગીમાં અમુક તબક્કે ભાન થઈ શક્યું હતું. માણસ જુલમગાર બને તે તેના માટે શરમજનક છે. માણસ એના કરતાં કંઈક શુભ કાર્ય કરવા પાત્ર છે. મિ. રૅક તમે જુલમગાર થવા પેદા થયા નથી પણ ઈશ્વિરસમ થવાનો પડકાર તમારી આગળ ખુલ્લો છે. તમારા જેવા લોકો પાછળથી ઈશ્વિરમય પ્રકૃતિનો અનુભવ પામી શકે છે એટલી શ્રદ્ધા રાખજો."

તે સમયે તો રૅકે આ તેના પંજામાં પડેલા, ત્રાસ વેઠી રહેલા માણસના શબ્દો પર જરા ય ધ્યાન આપ્યું નહિ. તાર્સસના શાઉલે તેની નજર આગળ શહીદ થએલા સ્તેફનનાં વચનો પર ક્યાં ધ્યાન આપ્યું હતું? પણ ગ્રીકુના ઉપરના શબ્દો રૅકના હૃદય સોંસરવા ઉતરી ગયા. પાછળથી તેને પોતાના ખરા કાર્યની ખબર પડી.

કોમ્યુનિસ્ટોની મારઝૂડ, જુલમ અને ખૂનામરકીમાંથી એક સત્ય તરી આવ્યું કે દેહ પર આત્માનો જ અધિકાર છે. જ્યારે અમારા દેહ પર ત્રાસ ગુજારવામાં આવતો ત્યારે અમને વેદના થતી ખરી પણ એ અનુભવ જાણે અમારા આત્માથી ઘણો દૂર હોય એવું

અમને લાગ્યા કરતું. એ સમયે અમારો આત્મા તો જાણે ખ્રિસ્તની સંગતમાં રહી તેનામાં લીન થઈ જતો હોય એવું અમને લાગતું.

અમને દર અઠવાડિયે પાઉં રોટીનો એક ટુકડો અને રોજ થોડુંક ગંદું સૂપ આપવામાં આવતું. તેમાંથી પણ દશાંશ ભાગ કાઢીને બીજાને આપવો એવું અમે ઠરાવ્યું. આમ દર દશમા અઠવાડીએ દરેક જણ પોતાનો પાંઉનો ટુકડો ખ્રિસ્તના નામે બીજા વધુ અશક્ત સાથીને આપતા.

એક ખ્રિસ્તીને મરણ સજા કરવામાં આવેલી. મરતાં પહેલાં તેની પત્નીને મળવાની રજા મળી ત્યારે તેણે છેલ્લા શબ્દો કહ્યા: "મને મારનારા પ્રત્યે મારા મનમાં તો પ્રેમભાવના જ છે, કારણ કે તેઓ આજે કંઈ કરી રહ્યા છે તેનો અર્થ તેમની સમજમાં આવતો નથી. માટે મારી જેમ તું પણ તેમના પ્રત્યે પ્રેમભાવના રાખતી રહેજે. તેઓ તારા પ્રેમપાત્રને આમ મારી નાખે છે પણ તેમના માટે તારા દિલમાં જરા પણ કડવાશ પેસવા દઈશ નહિ. આપણે હવે પછી સ્વર્ગમાં ભેગાં થઈ શું." ત્યાં છૂપી પોલીસનો જે અમલદાર હાજર હતો તેણે જ એ વાત પાછળથી જેલમાં કહી સંભળાવી હતી. તે અમલદાર પાછળથી ખ્રિસ્તી થઈ ગયો અને જેલમાં પડ્યો હતો.

ટીરગુ-ઓખના નામની એક જેલમાં માત્શેવીસી નામનો એક જુવાન કેદી હતો. અઢાર વર્ષે તેને જેલમાં પૂરવામાં આવેલો. ત્રાસ વેઠી વેઠીને તેને જેલમાં ક્ષય રોગ લાગુ પડ્યો હતો. તેને લીધે તેનું શરીર સાવ નંખાઈ ગયું હતું. કોઈક રીતે તેના કુટુંબને ખબર પડી કે માત્શેવીસીને રોગ લાગ્યો છે. તેમણે તેના ઇલાજ માટે સ્ટ્રેપ્ટો-માઇસીનનાં સો ઇન્જેકશન જેલમાં પહોંચાડ્યાં. એ ઉપચારથી તેની જીંદગી બચી જાય તેમ હતું. જેલના રાજ્ય અધિકારીએ રોગી કેદીને બોલાવીને ઇન્જેકશનોનું પાર્સલ બતાવીને કહ્યું, "તારો રોગ મટાડવા માટે આ ઇન્જેકશનો આવ્યાં છે. પણ જેલના નિયમ પ્રમાણે કોઈ કેદીને બહારથી કશું મંગાવવાનો કે સ્વીકારવાનો હક્ક નથી. પણ મારી

ખાસ ઇચ્છા છે કે કોઈ રસ્તો કાઢી તને મદદ કરું. તું તો હજી જુવાન છે અને અહીં તારું મરણ થાય તે મને જરાય ગમતું નથી. તું જરા મારી વાત માને તો તારું હિત હું કરી શકું. તારી સાથેના કેદીઓ અંગે અમુક માહિતીની અમારે જરૂર છે તે જો તું આપી દે તો આ ઇન્જેકશનો હું તને આપી દઉં. તો પછી મારા ઉપરીઓને પણ હું યોગ્ય જવાબ દઈ શકું." માત્શેવીસીએ તો તરત જ બેધડક કહી દીધું, "એવો છેહ દઈને હું મારું મોઢું મારા અરીસામાં જોઈજ ન શકું. એવી રીતે જીવાય જ નહિ. એવી શરતે મારે ઇન્જેકશનો નથી જોઈતાં. હું મરવાનું પસંદ કરું છું." છૂપી પોલીસના અધિકારીએ પણ સંમતિદર્શક માથું હલાવતાં કહ્યું, "બરાબર છે. તારા માટે હું પણ એમ જ માનતો હતો. તારી દૃઢતા માટે મારાં અભિનંદન!" પછી ફરીથી સમજાવતાં તે કહેવા લાગ્યો, "હવે એક બીજી માગણી મૂકું છું. કેટલાક કેદીઓ પોતાને કોમ્યુનિસ્ટ કહેવડાવે છે. તેમણે અમને કેટલીક બાતમી પૂરી પાડી છે. તેઓએ તારા વિષે અનેક જુઠાણાં અમને જણાવ્યાં છે. તેઓ બંને બાજુ ઢોલકી બગાડતા લાગે છે. અમને તેમની વાત પર ભરોસો બેસતો નથી. તો તેમની વાતમાં શું સાચું છે તે અમારે જાણવું છે. તેઓએ તારો દ્રોહ તો કર્યો જ છે. તારી વાતો તેમજ તારા આચરણની માહિતી અમને આપીને તેમણે તારું ભારે અહિત કર્યું છે. તારા સાથીઓને છેહ દેવાનું તને ન ગમે તે તો સ્વાભાવિક છે, પણ જેમણે તારા દુશ્મન તરીકે કાર્ય કર્યું છે તેઓ સંબંધી અમને માહિતી આપી. દે તો પણ તારો જીવ ઉગરી શકશે." માત્શેવીસીએ પહેલાંની પેઠે જ વિના વિલંબે જવાબ આપી દીધો: "હું તો ખ્રિસ્તનો અનુયાયી છું. ખ્રિસ્તે તો અમને અમારા દુશ્મનો પ્રત્યે પણ પ્રેમભાવના વહાવવાનું શિખવ્યું છે. જે લોકો અમારા સંબંધી માહિતી પૂરી પાડે છે તેઓ અમારું ભારે અહિત કરે છે તે સાચું, પણ તેથી મારાથી ભૂંડાઈનો બદલો ભૂંડાઈથી ન જ વળાય. તેઓની વિરુદ્ધ કંઈ પણ મારાથી ન કહેવાય. મને તો તેમની દયા આવે છે, અને હું તેમના હિત માટે પ્રાર્થના કરું છું.

વળી કોમ્યુનિસ્ટો સાથે તો હું કશો જ વહેવાર રાખવા માગતો નથી." રાજ્ય અધિકારી સાથે આ પ્રમાણે વાત કરીને માત્શેવીસી ખોલીમાં પાછો આવ્યો અને મારી જ ખોલીમાં તે મૃત્યુને ભેટયો. તેના મૃત્યુ સમયે હું તેની પાસે જ હતો. મરણ સમયે પણ તે ઇશ્વરની સ્તુતિ કરી રહ્યો હતો. જીવવાની કુદરતી ઇચ્છા પર ખ્રિસ્તના પ્રેમનો એ મહાન વિજય હતો.

કોઈ ગરીબ સંગીત શોખીન સંગીતનો જલસો માણવા ભારે ખર્ચ કરીને ખિસ્સે ખાલી થઈ જાય તો પણ તેથી તેને હતાશા થતી નથી. સુંદર સંગીત માણીને તે સંતુષ્ટ થઈ જાય છે.

મારે જેલમાં ઘણાં વર્ષ ગાળવાં પડયાં છે પણ મને તેનો લેશ માત્ર રંજ નથી, કારણ કે ત્યાં મેં અનેક ભવ્ય વાનાનાં દર્શન કર્યાં છે. જેલમાં પડેલા અનેક અબળ અને તુચ્છ કેદીઓમાંનો જ હું પણ એક જણ હતો. પણ ત્યાં મને અનેક સંતો અને શ્રદ્ધાના મહારથીઓની સંગત માણવાની મળી હતી. આ જેલમાંના સંતો પણ પહેલી સદીના સંતો જેવા જ મહાન હતા. તેઓ હસતાં હસતાં મોતને ભેટયા હતા. આવા સંતોનું આધ્યાત્મિક સૌંદર્ય વર્ણનાતીત છે.

મેં આ પુસ્તકમાં વર્ણવેલી વાતો કદીક કદીક બનતી કે અપવાદરૂપ બનતી ન હતી. ભૂગર્ભ ખ્રિસ્તી મંડળીના જીવનમાં આવી વાતો હવે તો જાણે રોજીંદી થઈ પડી છે.

એ પરથી એમ લાગે છે કે ભૂગર્ભમંડળીએ શરૂઆતની પ્રથમ મંડળીમાં જે ઉત્કટ પ્રેમ હતો તે પાછો મેળવી લીધો છે.

જેલમાં ગયા પહેલાં પણ મને ખ્રિસ્ત પર ખૂબ જ પ્રેમભાવ હતોજ. હવે "ખ્રિસ્તની કન્યા" એટલે તેના આધ્યાત્મિક દેહનાં દર્શન મને જેલમાં થયા પછી મને હવે એ ભૂગર્ભમંડળી પર પણ ખ્રિસ્તના જેટલો જ પ્રેમભાવ થયો છે. તેની ત્યાગ ભાવના દ્વારા તેનું સૌંદર્ય મેં નિરખ્યું છે.

## મારી પત્ની તેમજ દીકરાના હાલ

મને પકડી જવામાં આવ્યો પછી મારી પત્નીનું શું થયું તેના કશા સમાચાર મને મળી શકતા ન હતા. કેટલાંક વર્ષો પછી મને જેવા તેવા સમાચાર મળ્યા કે મારી પત્નીને પણ જેલમાં પૂરી હતી. પુરુષો કરતાં સ્ત્રીઓને જેલમાં વધુ અત્યાચાર સહેવા પડે છે. પશુ જેવા સંત્રીઓ યુવતીઓ પર બળાત્કાર કર્યા વિના રહેતા નથી. તેઓની નિર્લજ્જ ઠઠ્ઠામશ્કરી તો ચાલુ જ હોય છે. એક જગ્યાએ નહેર બંધાતી હતી ત્યાં સ્ત્રીઓ પાસે વેઠ કરાવવામાં આવતી હતી અને તેમને પણ મરદ જેટલું જ કાર્ય કરવું પડતું હતું. શિઆળાની ઠંડીમાં તેમને માટી ઉંચકવી પડતી હતી. ધાર્મિક સ્ત્રીઓ પર ત્રાસ ગુજારવામાં તો મુકાદમો એક બીજા સાથે શરતમાં ઉતરતા. તેમના પર દેખરેખ રાખવા માટે ચારિત્ર્યહીન વેશ્યાઓને મૂકવામાં આવતી. જીવન ટકાવી રાખવા મારી પત્નીને ઢોરની પેઠે ઘાસ ખાવું પડયું હતું. નહેરમાં કામ કરતી ભૂખી સ્ત્રી કેદીઓ સાપ કે ઉંદર જોવા મળે તો તે પણ પકડીને ખાઈ જતી. રવિવારના દિવસે સંત્રીઓ એક ખાસ રમત રમતા. પાસે આવેલી ડાન્યુબ નદીને કાંઠે કેદીઓને લઇ જવામાં આવતી. ત્યાં તેમને પાણીમાં હડસેલી દઈને પછી ક્રૂર મશ્કરી કરતાં કરતાં તેમની ખોળાખોળ ચાલતી. તેમના શરીરે ભીનાં કપડાં ચોંટી જતાં તે જોઈ તેઓ બિભત્સ મશ્કરીઓ કરતા. ફરી પાછા ઠંડા પાણીમાં ધકેલી દેતા. થોડી વાર પછી પાછા ખેંચી કાઢતા. મારી પત્નીને પણ આવી ક્રૂરતાનો ભોગ થવું પડયું હતું.

બંને માબાપ જેલમાં જતાં મારો દીકરો વાલી વિના ગમે ત્યાં રખડી ખાતો. મારો પુત્ર મિહાઈ નાનપણથી જ ધાર્મિક વૃત્તિનો હતો. તેને ધર્મવિષયમાં ખૂબ રસ પડતો. નવ વર્ષની ઉંમરે માબાપ જેલમાં જતાં તેના જીવનમાં કટોકટીનો સમય આવી ગયો. તેના મનમાં કડવાશ પેસવા લાગી. ધર્મ અંગે તેના મનમાં પ્રશ્નો ઉઠવા લાગ્યા. એની ઉંમરના બીજાં બાળકોને તો ખ્યાલ પણ ન આવે તેવા વિવિધ

પ્રશ્નો તેના જીવનમાં તેની આગળ ખડા થયા. એટલી નાની ઉંમરે તેને પોતાનું ગુજરાન ચલાવવાનું માથે આવી પડયું.

ખ્રિસ્તી શહીદોનાં કુટુંબને કોઈ પણ જાતની સહાય કરવી તે ગુન્હો ગણાતો. બે સન્નારીઓએ મારા દીકરાને થોડી ઘણી મદદ કરવા માંડી, તેથી તેમને પકડીને ખૂબ માર મારવામાં આવ્યો. એ મારથી તેઓ કાયમ માટે અપંગ થઈ ગઈ. એ વાતને આજે પંદર વર્ષ થઈ ગયાં છે. એક બીજી બેને મારા દીકરા પર દયા દર્શાવી પોતાને ઘેર રાખ્યો તે ગુન્હાસર તે સ્ત્રીને આઠ વર્ષની સજા ફટકારી દેવામાં આવી. લાતો મારી મારીને તેના બધા દાંત પાડી નાખવામાં આવ્યા. તેનાં કેટલાંયે હાડકાં તૂટી ગયાં અને હવે તે કામ કરવા તદ્દન અપંગ થઈ ગઈ છે.

### "મિહાઈ, ઈસુ પર શ્રદ્ધા રાખજે!"

પોતાનું પેટ ભરવા માટે અગીયાર વર્ષની ઉમરથી મિહાઈએ કામે જવાનું શરૂ કર્યું. દુઃખો વેઠી વેઠીને તેની શ્રદ્ધા ડગવા માંડી. પણ મારી પત્નીને જેલમાં બે વર્ષ થયા પછી કોઈ કારણસર મા દીકરાને મળવાની રજા મળી. કોમ્યુનિસ્ટ જેલમાં સળીઆ પાછળ પૂરાએલી પોતાની માને તે જોવા ગયો ત્યારે શું જોવા મળ્યું? એક તદ્દન ગંદી, હાડપિંજર જેવી, હાથે છાલાં વાળી, ઢંગધડા વગરનાં જાડા બરછટ કાપડનાં કેદીનાં કપડાં પહેરેલી એવી મા તેને જોવા મળી. પહેલી નજરે તો ઓળખ પણ પડી નહિ. પણ તેની માના પહેલા જ શબ્દો આવા હતા: "મિહાઈ, ઇસુ પર શ્રદ્ધા રાખજે!" જેલના સંત્રી એ સાંભળી ગુસ્સો કરીને તેની માને ત્યાંથી દૂર ઘસડી ગયા અને તેની ખોલીમાં પૂરી દીધી. તેને આમ ઘસડીને લઈ જવાતી જોઈ મિહાઈ બિચારો રડી પડયો. એજ પળે તેના હૃદયમાં પરિવર્તન થયું. તેને મનમાં થઈ ગયું કે આવી પરિસ્થિતિમાં પણ જો ખ્રિસ્ત પર વિશ્વાસ ટકી રહેતો હોય તો તે અવશ્ય સાચો ઉદ્ધારક હોવો જ જોઈએ. પાછળથી તેણે કહ્યું હતું કે "મારી માને ખ્રિસ્તી ધર્મ પર શ્રદ્ધા છે એજ મોટામાં

મોટી દલીલ મારા માટે પૂરતી છે." તે દિવસે તે ખ્રિસ્તને સંપૂર્ણપણે સમર્પિત થઈ ગયો.

શાળામાં તેને સતત ઘર્ષણનો સામનો કરવો પડતો હતો. તે અભ્યાસમાં હોશિયાર હોવાથી તેને લાલવર્ણી નેકટાઈ ભેટ મળી. "તરુણ કોમ્યુનિસ્ટ અગ્રેસરો" નામની સંસ્થામાં સભ્યપદનું એ ચિહ્ન હતું. મિહાઈએ તો સ્પષ્ટ સંભળાવી દીધું કે જે લોકો મારાં માબાપને જેલમાં પૂરી રાખે તેઓના પક્ષની નિશાની હું કદી પહેરવાનો નથી." આ ઉદ્ધતાઈ માટે તેને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો. એક વર્ષ ગુમાવ્યા પછી ફરી તે શાળામાં દાખલ થયો, પણ તે માટે પોતે ખ્રિસ્તી કેદીનો દીકરો છે એ હકીકત તેને છૂપી રાખવી પડી.

એ પછી તેને બાયબલ વિરોધી નિબંધ લખવાનો આવ્યો. તેણે તો બાયબલની તરફેણમાં લખ્યું કે બાયબલ સામે જે દલીલો રજૂ કરવામાં આવે છે તેમાં કશું તથ્ય જણાતું નથી. બાયબલની ટીકા કરવા જે અવતરણો ટાંકવામાં આવે છે તે પણ મોટે ભાગે ખરાં હોતાં નથી. એ પરથી લાગે છે કે ટીકા કરનાર પ્રોફેસરે પોતે તો બાયબલ વાંચ્યું જ નથી. બાયબલ અને વિજ્ઞાન વચ્ચે પણ પૂરો મેળ છે." આને લીધે ફરીથી તેને શાળા છોડવી પડી, અને બે વર્ષનો અભ્યાસ ગુમાવ્યો.

આખરે ઇશ્વરવિદ્યાશાળામાં પ્રવેશ મેળવવાની રજા મળી. ત્યાં તેને માર્ક્સલક્ષી ઇશ્વરવિદ્યાનું શિક્ષણ આપવામાં આવ્યું. બધા ધાર્મિક સિદ્ધાંતો માર્ક્સના શિક્ષણને અનુલક્ષીને શિખવવામાં આવતા હતા. મિહાઈ આવા શિક્ષણનો છડેચોક વિરોધ કરતો અને બીજા વિદ્યાર્થીઓ તેને સાથ આપતા. આનું પરિણામ એ આવ્યું કે ઇશ્વરવિદ્યાશાળામાંથી પણ તેને પાણીચું મળ્યું અને અભ્યાસ લટકતો રહ્યો.

એક વાર શાળામાં એક પ્રોફેસરે નાસ્તિકવાદ પર વ્યાખ્યાન આપ્યું. મારા પુત્રે તરત જ તેનો વિરોધ કરીને પૂછ્યું, "આ બધા યુવકોને આવું અવળું માર્ગદર્શન આપો છો તે જવાબદારી કોની? એ સાથે આખો વર્ગ તેના પક્ષે થઈ ગયો. આ ઉપરથી એમ જણાય

છે કે જો કોઈ હિંમત કરીને વિરોધ કરનાર નીકળે તો બીજા તેને ટેકો આપવા તૈયાર હોય છે. તેને શિક્ષણ લેવાની ખૂબ ઉત્કટ ઇચ્છા હોવાથી ખ્રિસ્તી કેદી વર્મબ્રાન્ડનો પોતે દીકરો છે એ હકીકત તે હંમેશા છાની રાખવા પ્રયાસ કરતો પણ તેના સ્વભાવને લીધે એ વાત ફૂટી જતી અને પરિણામે શાળામાંથી બરતરફી મળી જતી.

મિહાઈને સારા પ્રમાણમાં ભૂખમરો વેઠવો પડ્યો હતો. ખ્રિસ્તી કેદીઓને સહાય કરવાનો ગુન્હો ગણાતો હોવાથી કેદીઓનાં કુટુંબો મોટા ભાગે ભૂખમરાથી જ પાયમાલ થઈ જતાં.

મારા પરિચયવાળા એક કુટુંબની વાત જાણવા જેવી છે. તેઓને અસહ્ય રીતે વેઠવાનું આવ્યું હતું. ભૂગર્ભ મંડળીના સભ્ય તરીકે કાર્ય કરવાને લીધે એક ખ્રિસ્તી ભાઈને જેલમાં જવું પડયું. ઘર આગળ તેની પત્ની તેમજ છ બાળકો નિરાધાર થઈ ગયાં. તેની ઓગણીસ અને સત્તર વર્ષની બે દીકરીઓ કામ મેળવવા અથાક પ્રયત્નો કરવા લાગી પણ કોઈ કામે રાખે જ નહિ. કોમ્યુનિસ્ટ રાષ્ટ્રોમાં તો રાજ્ય પોતે જ નોકરી આપનાર છે અને તે "ગુન્હેગાર" ગણાતા ખ્રિસ્તીઓને કામ આપતું નથી. આ વાતમાં જે જે બને છે તેનું નૈતિક મૂલ્યાંકન કરી ન્યાય તોળવા બેસશો નહિ. હકીકતો અને કાર્યકારણો પર ધ્યાન આપો. એક ખ્રિસ્તી શહીદ થનાર ભાઇની બે ઉમરલાયક દીકરીઓ પોતાની માંદી મા તેમજ નાના નાના ભાઈઓનું પૂરું કરવા બજારૂ સ્ત્રીઓનો ધંધો કરવા લાગી. તેમનો ચૌદ વર્ષનો ભાઈ આ વાત જાણીને ગાંડો થઈ જવાથી તેને ગાંડાના દવાખાને દાખલ કરી દેવો પડયો. વર્ષો બાદ તે શહીદ ઘેર પાછો આવ્યો ત્યારે તેના કુટુંબની આ દશા જોઈ તે આટલું જ કહી શકયો, "પ્રભુ, આ બધું મારાથી જોવાતું નથી. મને પાછો જેલમાં જ મોકલી દે!" આ તેની પ્રાર્થના ફળી છે. બાળકોને ખ્રિસ્તની સુવાર્તા સંભળાવવાના આરોપસર તેને ફરી જેલમાં પૂરી દેવામાં આવ્યો છે. છૂપી પોલીસની વાત માનવાથી તેની દીકરીઓને હવે વેશ્યાવૃત્તિ કરવી પડતી નથી. તેમને કામ મળી

ગયું છે. પણ તેમનું કાર્ય ખૂબ ધૃણાજનક છે. ખ્રિસ્તી શહીદની દીકરીઓ તરીકે દરેક ખ્રિસ્તી ઘરમાં તેમને સારો આવકાર મળે છે. તેઓ ત્યાંથી ખાનગી વાતો જાણી લઈને પોલીસને બાતમી પહોંચાડે છે. આ કાર્ય ખૂબ જ અધમ અને નીતિહીન છે એવી ટીકા કાર્યાનો શો અર્થ ? પણ જરા ખ્યાલ કરી આત્મપરીક્ષા કરો કે આવાં નિરાધાર કુટુંબોને તમે નિઃસહાય રવડી જવા દો અને થઈ શકે છતાં મદદ ન કરો તો તે તમારા પાપનો તમારી પાસે શો જવાબ છે ?

## પ્રકરણ ૩

કેદખાનામાં મને ચૌદ વર્ષ પૂરાં થયાં. એ સમગ્ર સમય દરમિયાન બાયબલ કે બીજું કોઈ પુસ્તક મને જોવા મળ્યું ન હતું. હું તો લખવાનું પણ ભૂલી ગયો હતો. ભૂખમરો, ઘેનની દવાઓ અને અનેકવિધ ત્રાસને લીધે મારું મન નબળું પડી ગયું હતું અને મારૂં શાસ્ત્રજ્ઞાન નહિવત્ થઇ ગયું હતું. છતાં જે દિવસે મારા જેલવાસનાં ચૌદ વર્ષ પૂરાં થયાં તે દિવસે જાણે શૂન્યમાંથી આ શાસ્ત્રવચન મારા મનમાં સ્ફૂરી આવ્યું, "યાકૂબે રાહેલ ખાતર ચૌદ વર્ષની ચાકરી પૂરી કરી પણ રાહેલ પરના પ્રેમને લીધે તે સમય તેને થોડા દિવસ જેવો ટુંકો લાગ્યો."

એ પછી દેશભરમાં સામાન્ય માફી જાહેર કરવામાં આવી, કારણ કે અમેરિકન લોકમતનું ભારે દબાણ અમારી સરકાર પર આવી રહ્યું હતું. તેમાં મારો છૂટકારો થયો.

હું મારી પત્નીને મળી શક્યો. ચૌદ વર્ષથી તે મારી રાહ જોઇ રહી હતી.

કાતીલ ગરીબીમાં અમે અમારો સંસાર ફરી શરુ કર્યો. અમારી બધી મિલ્કત જપ્ત થઇ ગઇ હતી, એટલે નવેસરથી શરૂઆત કરવાની આવી.

જે પાદરીઓ અને યાજકો છૂટયા તેમને નાની નાની મંડળીઓ પર નીમવામાં આવ્યા. ઓર્સોવા નામના એક નાના ગામડામાં મારી નિમણૂક થઈ. સાંસ્કૃતિક ખાતાના કોમ્યુનિસ્ટ અધિકારીઓએ મને જણાવ્યું કે એ મંડળીમાં ૩૫ સભ્યો છે, અને ચેતવણી આપવામાં આવી કે એ સંખ્યા વધવી ન જોઈએ. એ સભ્યોની બાતમી પૂરી પાડવાનું કાર્ય એક ફરજ રૂપે મારે કરવાનું હતું. યુવાનોથી મારે દૂર જ રહેવું. આ પ્રમાણે કોમ્યુનિસ્ટો આ કહેવાતી મંડળીઓનો સાધન તરીકે ઉપયોગ કરીને અંકુશ રાખે છે.

જો હું ઉપદેશ કરવાનું શરૂ કરીશ તો સાંભળનારાનાં ટોળાં જામશે એવી મને ખાત્રી હતી પણ મેં એ પદ્ધતિ અખત્યાર કરી નહિ. ઉલટું મેં તો ભૂગર્ભ કાર્ય પર ધ્યાન આપવા માંડ્યું. એ કાર્યમાં મને ખૂબ મઝા પડતી અને એનાં જોખમોમાં ઝંપલાવવામાં મને અનેરો આનંદ આવતો. તેથી હું એમાં કાર્ય કરી રહેલા બીજા સાથીઓ સાથે ઝટ ભળી ગયો.

હું જેલમાં પડ્યો હતો ત્યારે પણ બહાર તો ઇશ્વરનું કાર્ય ઘણી અદ્‌ભુત રીતે ચાલ્યા કરતું હતું. ભૂગર્ભ મંડળી હવે તદ્દન ભૂલાએલી કે તજી દેવાયેલી રહી ન હતી. અમેરિકા તેમજ બીજા દેશોના ખ્રિસ્તીઓએ અમારા માટે સહાય મોકલવાનું અને પ્રાર્થના કરવાનું શરૂ કરી દીધું હતું.

એક દિવસ બપોરના એક ભાઈના ઘરમાં હું આરામ લઈ રહ્યો હતો. એ મિત્ર દેશના આંતરિક ભાગમાં રહેતા હતા. તેમણે મને જગાડીને કહ્યું, "પરદેશથી કોઈ ભાઈઓ મળવા આવ્યા છે." પશ્ચિમમાંના એવા ઘણા ખ્રિસ્તીઓ અમને ભૂલી જાય કે તજી દે તેવા ન હતા, એની મને ખબર હતી.

પશ્ચિમમાં વિવિધ વર્ગના ખ્રિસ્તીઓએ અમને રાહત પહોંચાડવા માટે એક છૂપું તંત્ર ઉભું કર્યું હતું. તેની મારફતે શહીદ થનાર ખ્રિસ્તીઓનાં કુટુંબો માટે રાહત મોકલાતી. તે ઉપરાંત ખ્રિસ્તી સાહિત્ય

અને નાણાંકીય ભંડોળ પણ ચોરીછૂપીથી અમારા દેશમાં ઘુસાડવામાં આવતું.

ઊઠીને બાજુની ઓરડીમાં હું ગયો તો રાહત પહોંચાડવા આવેલા છ ભાઈઓને બેઠેલા મેં જોયા. અમે ઘણી ઘણી વાતો કરી. તે પછી તેમણે કહ્યું કે અમને એવી ખબર મળી છે કે આ સ્થળે એક જણ રહે છે. તેણે ચૌદ વર્ષ કોમ્યુનિસ્ટ જેલમાં કાઢયાં છે. અમારે તેને મળવું છે. મેં તેમને કહ્યું, "એજ હું પોતે!" તેમણે વિસ્મત થઈને કહ્યું, "અમે તો કોઈ રડમસ ચહેરાવાળા ઉદાસી માણસને મળવાનું ધારી રહ્યા હતા. પણ તમે તો આનંદથી ભરપૂર છો. ચૌદ વર્ષ જેલમાં કાઢનાર માણસ તમે હો એ વાત ગળે ઉતરવી મુશ્કેલ છે." મેં તેમને ખાત્રી આપી કે એ માણસ હું પોતે જ છું. પણ તમે અમને ભૂલી ગયા નથી પણ અમારી ખબર કાઢવા આટલે દૂર આવ્યા છો તે જોઈ મારૂં મન હર્ષથી ઉભરાઈ જાય છે. એ પછી એક ધારી, નિયમિત રીતે ભૂગર્ભ મંડળીને છૂપી સહાય મળવા લાગી. છૂપા માર્ગોથી બાયબલ અને બીજું ખ્રિસ્તી સાહિત્ય સારી સંખ્યામાં અમને પહોંચાડવાની વ્યવસ્થા થઈ ગઈ. ખ્રિસ્તી શહીદોનાં કુટુંબોને માટે નિયમિત રાહત મળવા લાગી. આમ જુદી જુદી રીતે સહાય મળતાં ભૂગર્ભ મંડળીનું કાર્ય વધુ વ્યવસ્થિત અને ઝડપી ચાલવા લાગ્યું.

અમને ઈશ્વરનું વચન પહોંચાડવામાં આવ્યું એ મોટી વાત હતી પણ તેથી વિશેષ આશ્વાસન તો અમને એ પ્રાપ્ત થયું કે અમારા પર પ્રેમભાવ રાખનારા કોઈક છે ખરા. તેમના તરફથી અમને દિલાસો મળ્યો.

મગજ પ્રક્ષાલનની ક્રિયા વખતે અમારા મન પર આક્રમણ કરાતું ત્યારે હુમલાનું એક સાધન આવું વપરાતું. તેઓ અમારા મનમાં ચારે બાજુથી ઠસાવવા પ્રયાસ કરવા મંડતા કે અમારા પર કોઈ ભાવ રાખતું નથી. કોઈને પડી નથી. તમારી કોઈને પડી નથી, તમારી કોઈને પડી નથી એવું રટણ લાંબા સમય સુધી ચાલ્યાજ કરતું. પણ આતો

અમેરિકાના અને ઈંગ્લાંડના ખ્રિસ્તીઓ જીવનાં જોખમ ખેડીને અમારા દેશમાં અમારી ખબર કાઢવા આવ્યા હતા. તેઓ અમારી નજર સામે જ હતા. તેમનો પ્રેમભાવ અમને ભીંજવી રહ્યો હતો તે અમે અનુભવી રહ્યા હતા. અમારી સલાહ સૂચના પ્રમાણે ભૂગર્ભ રીતે કાર્ય કરવાની ચોક્કસ પદ્ધતિ નક્કી કરી. ચારે બાજુ છૂપી પોલીસ ઘેરો નાખીને પડી હોય છતાં ચૂપકીથી તેઓ અંદર પેસીજતા. છૂપી પોલીસને તો તેની ગંધ પણ આવતી નહિ.

ઈંગ્લાંડ કે અમેરિકામાં બાયબલના સાગરમાં જાણે તરતા ખ્રિસ્તી-ઓને ચોરીછૂપીથી ઘુસાડેલાં બાયબલ કેટલાં અમૂલ્ય થઈ પડે છે તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

પરદેશમાંના ખ્રિસ્તીઓની પ્રાર્થનાઓ અને આર્થિક સહાય વિના હું અને મારું કુટુંબ બચવા પામ્યાં ન હોત. કોમ્યુનિસ્ટ દેશોમાંના ઘણા પાદરીઓ અને શહીદો એ વાતનું સમર્થન કરશે. ઈંગ્લાંડના યુરોપીય ખ્રિસ્તી મિશને અમને ઘણી આર્થિક સહાય તેમજ નૈતિક ટેકો પૂરાં પાડયાં છે. તેમણે મોકલેલા સાથીઓ અમને તો ઇશ્વરના દૂત જેવા થઈ પડયા હતા. આ બધું હું મારા અંગત અનુભવના આધારે જ કહી રહ્યો છું.

આ સહાયના બળથી ભૂગર્ભ મંડળીનું કાર્ય વધુ વેગપૂર્વક ચાલવા લાગ્યું હતું. પણ તેથી મારૂં જોખમ પણ વધતું હતું. એવામાં જ નોર્વેજીયન યહુદી પ્રજા માટેના મિશને હેબ્રી ખ્રિસ્તી એલાયન્સ સંસ્થા સાથે મળીને મારા માટે ૨૫૦૦ પૌંડનું ભરણું અમારી સરકારને ધર્યું. એ પ્રમાણે મને રુમાનીયા છોડી જવાની પરવાનગી મળી શકી.

## કોમ્યુનિસ્ટ રૂમાનીયા છોડવાનો ઉદ્દેશ

રૂમાનીયાની ભૂગર્ભ મંડળીનું મુખ થઇને તેમનો સંદેશો પશ્ચિમના દેશોને પહોંચાડનાર તરીકે જો મારી પસંદગી થઈ ન હોત તો ગમે તેવાં જોખમ ખેડીને પણ હું મારા દેશમાં જ રહ્યો હોત.

રૂમાનીયાની ભૂગર્ભમંડળીએ મને આદેશ આપ્યો છે કે મારે ત્યાંની મંડળીને વેઠવા પડતા જુલમ, તેઓને નડતી વિવિધ પ્રકારની તંગી, ત્યાંની પરિસ્થિતિ એ બધાં વિષે તમને માહિતી આપવી. હું અહીં તમારી પાસે આવ્યો છું ખરો પણ મારૂં દિલ તો હું ત્યાં જ મૂકીને આવ્યો છું. ભૂગર્ભ મંડળીની યાતનાઓ જ નહિ પણ પ્રતિકૂળ સંજોગોમાં હિંમતપૂર્વક તેઓ કેવું કાર્ય ચલાવી રહ્યા છે તે તમારે જાણવાની જરૂર છે. એ માહિતી પહોંચાડવાની મારી ફરજ છે એમ મને લાગ્યું ત્યારે મેં રૂમાનીયા છોડયું છે. આ મારૂં જીવનકાર્ય થઈ ગયું છે.

રૂમાનીયા છોડતાં પહેલાં બે વાર ત્યાંની પોલીસે મને બોલાવીને મારા ભાવી કાર્ય માટે જે નિયમનો મૂકવામાં આવ્યાં છે તેની વાત કરી હતી. તેમણે મને ખબર આપી કે મારી કિંમતનાં નાણાં ભરપાઈ થઈ ચૂક્યાં છે. (કોમ્યુનિસ્ટોએ અમારા દેશમાં એવી આર્થિક કટોકટી ઉભી કરી છે કે નાણાં ઉભાં કરવા રૂમાનીઆ પોતાના નાગરિકોનો સોદો કરે છે). તેમણે મને વિશેષમાં સૂચનો આપતાં કહ્યું, "પશ્ચિમમાં જઈને તમારા ખ્રિસ્ત વિષે જેટલો કરવો હોય તેટલો પ્રચાર કરજો. પણ અમારા વિષે કે અહીંની પરિસ્થિતિ વિષે એક શબ્દ પણ બોલતા નહિ. અહીં જે કંઈ બની ગયું છે તે સંબંધી જો રજ માત્ર પણ બહાર વાત કરશો તો શું શું પગલાં લેવામાં આવશે તે તમારે આગળથી સમજી લેવાની જરૂર છે. પહેલી વાત એ કે ૨૫૦૦ પૌંડ આપીને કોઈ પણ ગુંડાની ટોળી પાસે તમારૂં ખૂન કરી નંખાવીએ તો કોઈને કશી ખબર પણ નહિ પડે. તેમ ન કરીએ તો તમે ગમે તે દેશમાં હો ત્યાંથી તમારૂં અપહરણ કરાવીને પાછા દેશમાં લાવી દઈએ. (ઓર્થોડોક્ષ બિશપ વાસીલ લ્યુએલને ઓસ્ટ્રીયામાંથી પકડી લાવી જેલમાં પૂરેલા ત્યારે અમે બંને એકજ ખોલીમાં રહેતા હતા. તેમના બધા નખ ખેંચી નાખવામાં આવ્યા હતા. બર્લિનથી અપહરણ કરી આણેલા બીજા કેદીઓ સાથે પણ મારે રહેવાના પ્રસંગો આવ્યા હતા. તાજેતરમાં કેટલાક રૂમાની-

યાના નાગરિકોને ઇટાલી અને પારિસથી પકડી આણ્યા છે તેવા સમાચાર મળે છે.) એમ જ થઈ શકે તો અમે તમારા વિષે ભ્રષ્ટ વાતો ફેલાવી તમારું ચારિત્ર્ય કલંકિત દેખાડીએ. કોઈ અજાણી યુવતી સાથેના તમારા છૂપા સંબંધની વાતો ફેલાવીએ, અથવા તમારી જુવાનીમાં કરેલાં કોઈ કાર્ય શોધી કાઢી તમને બદનામ કરીએ. આ રીતે તમારું કાર્ય અમે ધૂળમાં મેળવી શકીએ કારણ કે પશ્ચિમના લોકો એવી વાતો ઝટ માની લેતા હોય છે. અમેરિકનોને ફસાવવા એ તો રમત વાત છે."

આવી ધમકીઓ સાથે હું પશ્ચિમમાં આવી શક્યો છું. તેમણે મારા મગજનું પ્રક્ષાલન કર્યું છે. તેનાં પરિણામ પર તેમને બહુજ મોટી આશા છે. મારા જેવાજ અનુભવોમાંથી પસાર થએલા ઘણા લોકો ત્યાંથી આવતા રહ્યા છે પણ તેમનાં મગજ સામનો કરે તેવાં રહ્યાં ન હોવાથી તેઓ અહીં આવીને પણ મૂંગા જ રહ્યા છે. ઉલટું કેટલાક તો તેમની પ્રશંસા કરે છે! કોમ્યુનિસ્ટોના હાથે આટલું બધું વેઠ્યા છતાં હું કંઈ બોલવાનો નથી. એવો આત્મવિશ્વાસ તેમને છે.

આખરે ૧૯૬૫ ના ડીસેમ્બરમાં હું મારા કુટુંબ સાથે રૂમાનીયા છોડી શક્યો.

રૂમાનીયા છોડતાં પહેલાં એક છેલ્લું કાર્ય મેં કર્યું. જે કર્નલના હુકમથી મને પકડીને વર્ષોનો કારાવાસ કરાવવામાં આવ્યો હતો તેની કબરે જઇને મેં ફૂલ ચઢાવ્યાં. આ ચેષ્ટા દ્વારા મેં કોમ્યુનિસ્ટોને પણ મારા જેવો જ ખ્રિસ્તપ્રાપ્તિનો આનંદ થાય માટે મારી જાતનું સમર્પણ કરી દીધું. કોમ્યુનિસ્ટોનું જીવન આધ્યાત્મિક રીતે તદ્દન ખાલી હોય છે.

હું કોમ્યુનિસ્ટ તંત્રને ધિક્કારું છું પણ કોમ્યુનિસ્ટ માણસો પ્રત્યે મને પ્રેમભાવ છે. હું પાપનો ધિક્કાર કરું છું પણ પાપમાં પડેલા માણસ તરફ મને પ્રેમભાવ છે. કોમ્યુનિસ્ટોને હું પૂરા દિલથી ચાહું છું. તેઓ ખ્રિસ્તીઓના જીવ હરી લે છે છતાં ખ્રિસ્તીઓ

તેમના પર પ્રેમની ભાવના વહાવે છે. એ પ્રેમભાવ કોઈ છીનવી શકશે નહિ. કોમ્યુનિસ્ટો પ્રત્યે કે મને ત્રાસ દેનારી વ્યક્તિઓ પ્રત્યે મારા મનમાં રજમાત્ર અણગમો કે કડવાશ નથી.

## પ્રકરણ ૪

યહુદી પ્રજામાં એક દંતકથા ચાલી આવી છે. તેમના પૂર્વજો મિસરની ગુલામીમાંથી છૂટીને દરિયો પાર કરી સામે પાર ગયા, પણ તેમનો પીછો કરનારા મિસરી લોકો સમુદ્રમાં ડૂબી મર્યા ત્યારે ઈસ્રાયેલી લોકોએ મોટો ઉત્સવ ઉજવ્યો. તેમના આ વિજયનાં ગીતો ગાવામાં દૂતોએ પણ ભાગ લઈ આનંદ માણ્યો. પણ એ જોઈનો ઈશ્વરે દૂતોને ઠપકો આપતાં કહ્યું, "ઈસ્રાએલીઓ તો માણસો છે એટલે મિસરની ગુલામીમાંથી છૂટયાનો આનંદ કરે તે સ્વાભાવિક છે. પણ તમે દૂતો હોવાથી તમારી સમજણ વધુ ઉચ્ચ પ્રકારની હોવી ઘટે. શું મિસરી પ્રજા મારું સર્જન નથી? શું મને તેમના પર ભાવ નહિ હોય? તેમની કરૂણ દશા જોઈ મને જે દુઃખ થાય છે તે તમે નથી જોઈ શકતા?"

યહોશુઆ યરેખો શહેર પાસે ઉભો હતો ત્યારે દૂર સુધી નજર નાખતાં તેણે તરવાર તાણીને ઉભેલા એક યોદ્ધાને જોયો. યહોશુઆએ તેની પાસે જઈ ને પૂછ્યું, "તું અમારો મિત્ર છે કે શત્રુ? (યહો. ૫·૧૩) એ યોદ્ધો જો સામાન્ય માણસ હોત તો કહ્યું હોત કે હું તમારો મિત્ર છું કે દુશ્મન છું. કદાચ એમ પણ કહે કે હું તો એકે પક્ષે નથી પણ તટસ્થ છું! માનવી તરીકે તો આ ત્રણ વલણ લઈ શકાય. પણ યહોશુઆને દેખાએલો યોદ્ધો આ લોકનો સામાન્ય માનવી ન હતો. યહોશુઆનો પ્રશ્ન આવો હતો: "શું તું અમારી ગમનો છે, કે અમારા શુત્રુઓની ગમનો?" પેલા યોદ્ધાએ બહુ વિલક્ષણ જવાબ આપ્યો: "ના." આ નકારનો શો અર્થ સમજવો?

આ યોદ્ધો જે લોકમાંથી આવ્યો હતો ત્યાં લોકો ફક્ત તરફેણમાં કે વિરૂદ્ધમાં હોવાનું વિચારતા નથી. ત્યાં તો વ્યક્તિઓ અને બાબતો સંબંધી પૂરી સમજ પડે છે. આથી ત્યાં રહેમનજરથી જોવામાં આવે છે અને ઉત્કટ પ્રેમભાવનાથી ચાહવામાં આવે છે.

માનવીની એક કક્ષા છે. માનવકક્ષાએ કોમ્યુનિસ્ટોનો પ્રચંડ સામનો કરવો જોઈએ. માનવીની કક્ષાએ કોમ્યુનિસ્ટ માનવો વિરૂદ્ધ લડવું પણ પડે. તેઓ જ આ ક્રૂર જંગલી તંત્રને ટકાવી રહ્યા છે.

પણ ખ્રિસ્તીપણું માનવી કક્ષા કરતાં કંઈક ઊંચું છે. તેમાં કંઈક વિશિષ્ઠતા છે. તેઓ ઈશ્વરનાં સંતાન હોઈ તેમનામાં ઈશ્વરી અંશ છે.

આને લીધે કોમ્યુનિસ્ટોની જેલમાં અત્યાચાર વેઠયા હોવા છતાં કોમ્યુનિસ્ટો પ્રત્યે મારામાં ઘૃણા પેદા થઈ નથી. કોમ્યુનિસ્ટોનો ઉત્પન્ન-કર્તા પણ એકજ ઈશ્વર છે. પછી મારાથી શા રીતે તેમનો ધિક્કાર થઈ શકે? પણ તેમની સાથે મારાથી સહકાર પણ સાધી ન શકાય. મૈત્રી એટલે બે હૈયાંમાં એકજ ભાવનાનો વાસ. કોમ્યુનિસ્ટો સાથે એવું કશુંજ ઐક્ય હું અનુભવી શકતો નથી કે તેમની સાથે મિત્રતા બંધાય. ઈશ્વરનો તો ખ્યાલ જ તેમને ધિક્કારપાત્ર લાગે છે. હું તો ઇશ્વરને ચાહું છું.

આથી મને પૂછવામાં આવે કે હું કોમ્યુનિસ્ટોના પક્ષે છું કે તેમની વિરૂદ્ધ છું તો મારો જવાબ પણ સીધો નહિ હોય. સામ્યવાદ માનવજાત માટે એક અતિ ભયંકર શાપ છે. હું હાડોહાડ તેનો વિરોધી છું. સામ્યવાદનો સંપૂર્ણ પરાજય થાય ત્યાં સુધી તેની સામે ઝૂઝવા હું તૈયાર છું. પણ આધ્યાત્મિક જગતમાં હું ઇસુની સંગતમાં ઉચ્ચ કક્ષાએ જીવું છું. એ રીતે હું યહોશુઆને દેખાએલા પેલા યોદ્ધાના 'ના'ના પ્રદેશમાં રહું છું. તે ઉચ્ચ વર્તુળમાં તો ગમે તેવા ગુન્હેગારની દલીલ પર ધ્યાન અપાય છે અને તેના જીવનને સમજવાના પ્રયત્ન થાય છે. ત્યાં તો કોમ્યુનિસ્ટો પર પણ પ્રેમભાવ દર્શાવવામાં આવે છે. એ દુનિયામાં વસતા દૂતો ખૂબ પરગજુ ભાવનાવાળા હોય છે.

દરેક જણનું પૂર્ણ માનવરૂપ એટલે ખ્રિસ્ત જેવું રૂપ વિકસે તેને માટે તેઓ હંમેશાં પ્રયાસ કરતા હોય છે. આવા વિચારથી મેં કોમ્યુનિસ્ટોને સુવાર્તાનો સંદેશો પહોંચાડવાનું ધ્યેય અપનાવ્યું છે. મારી તીવ્ર ઇચ્છા છે કે અનંત જીવન મળે તેવી સુવાર્તા તેમના કાને સમયસર પડે.

મારો પ્રભુ ઈસુ ખ્રિસ્ત કોમ્યુનિસ્ટો પર પ્રેમ રાખે છે. તેણે પોતે કહ્યું છે કે હું હરેક જણને ચાહું છું. મારૂં એકાદ ઘેટું ખોવાઈ જાય તો હું તેને જવા દેતો નથી, પણ બાકીનાં સુરક્ષિત નવાણું ઘેટાંને મૂકીને ભૂલા પડેલા ઘેટાને ખોળવા હું નીકળી પડું છું. પ્રભુના પ્રેષિતો તેમજ બીજા એકેએક મોટા ધર્મશિક્ષક તરફથી આ વિશ્વવ્યાપી પ્રેમનું શિક્ષણ અપાએલું છે. સેંટ મકારીએ કહ્યું છે: કોઈ ખ્રિસ્તી એવો દાવો કરે કે હું બધાં લોકો પર પ્રેમ રાખું છું પણ અમુક ફલાણા પ્રત્યે પ્રેમ દર્શાવી શકતો નથી તો તે સાચો ખ્રિસ્તી નથી. એનો પ્રેમ સર્વને આવરી લેતો નથી." સેંટ ઓગસ્ટીને કહ્યું છે કે આખી દુનિયા પુન્યશાળી હોત અને એક જ માણસ પાપી હોત તો પણ ખ્રિસ્તે અવતરીને એટલા એક જ જણ માટે પણ સ્તંભ પરનું મોત વેઠયું હોત. ખ્રિસ્તનો પ્રેમ દરેક જણ માટે એવો વ્યાપક છે.' આ અંગે ખ્રિસ્તી શિક્ષણ પણ સ્પષ્ટ છે. કોમ્યુનિસ્ટો પણ માણસો જ છે. ખ્રિસ્તનો પ્રેમ તેમને પણ આવરી લે છે. ખ્રિસ્તના જેવું પ્રેમમય હૃદયવાળા દરેકને પણ કોમ્યુનિસ્ટો પ્રત્યે પ્રેમભાવ હોવો જોઈએ. જો કે પાપને આપણે ધિકારીએ છીએ પણ પાપી પર તો પ્રેમ જ રાખવો.

કોમ્યુનિસ્ટો તરફ અમને પ્રેમ થાય છે તે પરથી ખ્રિસ્તનો પ્રેમ અમારા પર કેટલો બધો છે તેની ઝાંખી અમને થાય છે. પચાસ પચાસ શેરની બેડીઓ નાખેલા કેદીઓ મેં જેલમાં જોયા છે. તેમને લાલચોળ લોઢાના સળીઆથી ડામ દેવાતા. તેમના મોંમા ચમચા ભરી ભરીને પરાણે મીઠું ઠાંસવામાં આવતું અને પછી બીલકુલ પાણી અપાતું નહિ. આથી તરસે જીવ તરફડતો. તેઓ ભૂખે મરતા હતા. અનેક વાર ફટકા ખાતા હતા. ઠંડીમાં વગર રક્ષણે ધ્રૂજતા.

આટલું બધું વેઠવા છતાં તેઓ એ જુલમી કોમ્યુનિસ્ટોના હિતમાં પ્રાર્થના કરતા એ મેં મારી સગી આંખે જોયું છે. માનવી પ્રકૃતિ પ્રમાણે આનો ખુલાસો નહિ મળે, પણ ખ્રિસ્તના પ્રેમથી અમારાં હૃદય ઊભરાતાં હતાં તેથી એમ થતું હતું એ નિર્વિવાદ છે. ખ્રિસ્તના પ્રેમમાં જ એનો ખુલાસો છે.

સામ્યવાદમાં તો મિત્ર ઘડીકમાં શત્રુ થઈ જાય એવું વાતાવરણ હોય છે. અમારા પર જુલમ ગુજારનાર સંત્રીઓ જ કંઈક નજીવા ગુન્હાસર અમારી સાથે જેલમાં આવી પડતા. ઘણીવાર તો અગાઉનો અત્યાચારી પોતાના જ જુલમના પાત્ર સાથે એક જ ખોલીમાં મૂકાઈ જતો. એવા સંજોગોમાં જેઓ ખ્રિસ્તી નહોતા તેઓ પોતાના જુલમીને પોતાની સાથે આવી પડેલો જોઈ તેના પ્રત્યે ઘૃણા દર્શાવતા અને વખત આવે મારઝૂડ પણ કરી લેતા. પણ જે ખ્રિસ્તી કેદીઓ હતા તેઓ તો ઊલટા તેમનો બચાવ કરતા. એમ કરતાં તેમના બદલે માર પણ ખાઈ લેતા. દ્રોહી કોમ્યુનિસ્ટો સાથે મળી ગયાનો આરોપ પણ વહોરી લેતા. અમને દર અઠવાડીએ એક ટુકડો પાઉં રોટી માપથી મળતી. કેટલાક ખ્રિસ્તીઓ પોતાનો એ ટુકડો પણ બીજા વધુ ભૂખ્યાને આપી દેતા. પોતાના જેવા રોગિષ્ટ માટે પોતાની દવા પણ આપી દેતાં અચકાતા નહિ.

રૂમાનીયાનો અગાઉનો ખ્રિસ્તી મુખ્ય પ્રધાન ઇઉલીઉ મેનીઉ જેલમાં મૃત્યુને ભેટયો તે પહેલાંના તેના છેલ્લા ઉદ્‌ગારો આ પ્રમાણે હતા: "જો કદી આપણા દેશમાંથી કોમ્યુનિસ્ટ સત્તા ઉથલી પડે તો ત્યાર પછી કોમ્યુનિસ્ટોના અત્યાચારોને લીધે પ્રજાના ક્રોધનો તેઓ ભોગ થઈ જશે. એવા સમયે દરેક ખ્રિસ્તીની એ ફરજ થઈ પડશે કે તે દરેક શેરીએ શેરીએ જીવના જોખમે કોમ્યુનિસ્ટોનું રક્ષણ કરે."

મારા હૃદય પરિવર્તન પછી શરૂઆતમાં તો મને જીવવાનું બહુ આકરૂં લાગતું કારણ કે રસ્તા પર મળતા દરેક જણના હિત માટે મારા દિલમાં તીવ્ર વેદના થઈ આવતી. મનમાં થયાં કરતું કે એ બધાં

ઉદ્ધાર પામ્યાં નહિ હોય તો મારી જ જવાબદારી પર તેઓ નાશમાં જશે. એ કલ્પનાથી મારા દિલમાં જાણે છૂરી ભોંકાતી. અમારી મંડળીમાં કોઈ પાપ કરી બેસે તો તેને લીધે હું કલાકો સુધી રુદન કરતો સમગ્ર જનસમુદાયના ઉદ્ધારની મારી તમન્ના તો હજી એવી તીવ્ર જ રહી છે. કોમ્યુનિસ્ટો પણ એમાં આવી જાય છે.

કેદમાં અમે એકલવાસમાં પહેલાંની પેઠે પ્રાર્થના કરી શકતા નહિ. કોઈને કલ્પના પણ ન આવે તેવો ભૂખમરો અમે વેઠી રહ્યા હતા. ઘેનની દવાઓ આપી આપીને અમારાં મગજ જાનવર જેવાં બુઠ્ઠાં બનાવી દેવામાં આવ્યાં હતાં. અમારાં શરીર ગળીને હાડપિંજર થઈ ગયાં હતાં. પ્રભુની પ્રાર્થના પૂરી બોલવાની પણ હામ રહી ન હતી. પૂરી બોલવા જેટલું મગજ પણ ચાલતું નહિ. હું તો વારંવાર આટલું જ રટણ કર્યા કરતો કે "ઇસુ, તને હું ચાહું છું!"

પછી એક ધન્ય દિવસે ઇસુનો પ્રત્યુત્તર મને મળ્યો. "તું મને ચાહે છે? તો ચાલ હું તને મારો પ્રેમ બતાવું." તરતજ સૂર્યકિરણો જેવી ઝળહળતી જ્યોતિ મારા હૃદયમાં જલતી હોય તેવો અનુભવ મને થયો. પેલા એમ્મૌસ તરફ જઈ રહેલા શિષ્યોના મનમાં પણ એવી જ જ્યોતિનો અનુભવ થયો હતો. આવા પ્રેમ આગળ તો કોઈનો અપવાદ રહે જ નહિ. ભલે કોમ્યુનિસ્ટો ગમે તેવા ઘોર પાપી હોય તો પણ તેઓ પણ આ પ્રેમના વર્તુળમાં સમાઈ જાય છે.

કોમ્યુનિસ્ટોએ ઘણા અત્યાચાર કર્યા છે અને હજી ચાલુ છે. "પણ ઘણા પાણીથી આ પ્રેમ હોલવી નહિ શકાય કે ભારે રેલમાં તેને ડૂબાડી નહિ શકાય. પ્રેમ મૃત્યુ જેવો બળવાન છે. ઈર્ષા કબર જેટલી ક્રૂર છે." જેમ કબરમાં સર્વ કંઈ—ગરીબ, તવંગર, તરુણ, વૃદ્ધ, પ્રજા, રાષ્ટ્ર, રાજકીય વાદો, પાપી કે સંત—ગરક થઈ જાય છે તેમ પ્રેમ પણ સઘળાને આવરી લે છે. અવતારધારી પ્રેમસ્વરૂપ ખ્રિસ્ત કોમિનિસ્ટોને પોતાને શરણે લાવ્યા વિના જંપશે નહિ.

મારી ખોલીમાં એક ધર્મસેવકને પૂરવામાં આવ્યો. તે તદ્દન

અધમૂઓ થઈ ગએલો હતો. તેના મોઢા પરથી અને શરીર પરથી લોહી વહી રહ્યું હતું. તેને ખૂબ માર મારવામાં આવ્યો હતો. અમે તેને નવડાવ્યો. એની કરૂણ દશા જોઈ કેટલાક કેદીઓ કોમ્યુનિસ્ટોને શાપ દેવા લાગ્યા. દુઃખને લીધે કણસતાં કણસતાં તે બોલ્યો, "ભલા થઈ કોઈને શાપ ન દેશો! જરા શાંતિ રાખો! મને તેમના માટે પ્રાર્થના કરવા દો!"

## જેલમાં પણ આનંદ કરતા રહેવાની તરકીબ

જેલના ચૌદ વર્ષોનો વિચાર કરતાં કેટલાક ખૂબ આનંદન દિવસો યાદ આવે છે. આટલા આટલા ત્રાસની વચ્ચે પણ ખ્રિસ્તીઓ કેવી રીતે આનંદ કરી શકતા હશે તે બીજા કેદીઓ અને સંત્રીઓના મનથી એક કોયડા સમાન થઈ પડયું હતું. મારથી પણ અમારા ગાયનો બંધ થતાં નહિ. ગાવાના ગુન્હા માટે મરવાનું હોય છતા બુલબુલ તેનું ગાન છૂપાવતું નથી. ખ્રિસ્તીઓ જેલમાં આનંદથી ઘણીવાર નાચી ઉઠતા. આવા ત્રાસમય સંજોગોમાં આવો આનંદ શી રીતે કરી શકાતો હશે?

હું જેલમાં રહ્યાં રહ્યાં પ્રભુએ શિષ્યોને કહેલાં વચનો પર ચિંતન કરતો હતો. તમને જે જોવા મળ્યું છે તે જોનાર આંખોને ધન્ય છે. શિષ્યો પાલેસ્ટાઈન દેશનો પ્રવાસ કરીને પાછા આવી ગયા હતા. પ્રવાસ દરમિયાન ઘણી ભયંકર બાબતો તેમના જોવામાં આવી હતી. તેમના દેશ પરદેશી દમન તળે ભીંસાતો હતો. ઠેરઠેર પરદેશી સત્તાનાં જુલમનાં દૃષ્યો તેમના જોવામાં આવ્યાં હતાં. શિષ્યોએ રોગ, મરકી, ભૂખમરો, અને દુઃખનાં દર્શન કર્યાં હતાં. દેશભક્તોને પકડી પકડીને જેલમાં પૂરી દેવામાં આવતા હતા. એવા જેલવાસીનાં ઘેર ઝૂરતાં માબાપ કે પત્ની સાથે તેમણે વાર્તાલાપ કર્યો હતો. એ દુનિયા કંઇ જોવા લાયક સુંદર તો નહોતી.

છતાં ઈસુ કહે છે કે "આવું બધું જોનાર આંખોને ધન્ય છે!" નર્યું દુઃખ જ કંઈ તેમના જોવામાં આવ્યું ન હતું. દુઃખ દર્શનની

સાથે સાથે દુઃખમાંથી ઉગારનાર ઉદ્ધારકનાં પણ દર્શન તેમને થયાં હતાં. માનવીનું સર્વાંગી હિત સાધનારનું દર્શન તેમને થયું હતું. માણસના અંતિમ ધ્યેયની ઝાંખી તેમને થઈ હતી. પાંદડાં પર ફરી રહેલા બેડોળ કીડા કે કાતરાએ પતંગિયા તરીકેનું ફૂલે ફૂલે ઉડતા ફરી રસ ચૂસવાનું મસ્ત જીવન જાણે જોયું ! આપણે માટે પણ એવું સુંદર ભાવિ નિર્માણ થયું છે.

મારી ચારે બાજુ અનેક અયૂબ જેવા લોકો રીબાતા હતા. કોઈ કોઈ તો અયુબ કરતાં વધુ વેદના ભોગવતા હતા. પણ અયૂબના જીવનનો સુખાન્ત મારા ખ્યાલમાં હતો. જીવનના પાછલા ભાગમાં તેને પહેલાં કરતાં બમણી સમૃદ્ધિ પ્રાપ્ત થઈ હતી. મારી આસપાસ પેલા કંગાળ લાજરસ જેવા માણસો હતા. તેઓ ભૂખ્યા તરસ્યા પડી રહેતા. તેમની બિમારીમાં તેની સારવાર કરનાર કોઈ ન હતું. પણ એ બધાને દૂતો ઈબ્રાહીમના ખોળે બેસાડશે એ વાત મને યાદ આવ્યા કરતી. ભાવિમાં તેમના માટે કેવાં કેવાં સુખસમૃદ્ધિ છે તે મારી નજર સામે તરવરતાં. મારી પાસે પડી રહેતો, ગંદો, લઘરવઘર કપડાંવાળો, અશક્ત શરીર આવતી કાલે તાજ પહેરી કેવો દેદિપ્યમાન દેખાશે તેની કલ્પનામાં હું રાચતો.

માણસો હમણાં કેવા છે તેટલું જ ન જોતાં ભવિષ્યમાં તે કેવા થઈ શકે તેવા છે તે પર ધ્યાન આપવાથી આપણે જોઈ શકીશું કે અત્યારનો અત્યાચાર ગુજારનાર શાઉલ જેવો કોઈક ભવિષ્યમાં સંત પાઉલ બની જાય એ શક્ય છે. કેટલાય એવું પરિવર્તન અનુભવી ચૂકયા છે. છૂપી પોલીસના કેટલાક અધિકારીઓ અમારા ઉપદેશદ્વારા ખ્રિસ્તને શરણે આવ્યા અને ખ્રિસ્તી થવાને લીધે જેલમા અમારી માફક પૂરાયા. ખ્રિસ્તને ખાતર દુઃખ સહેવાની તક મળી તેથી તેઓ આનંદ કરતા હતા. જેલના સંત્રીઓ અમને સાટકાની શિક્ષા કરતા હતા પણ તેઓમાંથી કોઈ સંત્રી એવો પણ નીકળી આવે કે ફિલિપી શહેરમાંના પેલા જેલના અધિકારીની પેઠે જ પૂછવા માંડે "ઉદ્ધાર

પામવા મારે શું કરવું ?" તેણે જ પાઉલને પહેલાં તો ફટકા મરાવ્યા હતા. અમે પણ સંત્રીઓના હૃદયપરિવર્તનનાં સ્વપ્ન જોઈ રહેતા હતા. મળમૂત્રથી ખરડાએલા, સ્તંભ પર લટકાવેલા ખ્રિસ્તીઓની મશ્કરી થતી અમે જોતા ત્યારે ગલગથાની ટેકરી પરનું દૃશ્ય અમને યાદ આવતું. એ ટોળું આવું ભારે કાળું કર્મ કરીને થોડી જ વાર પછી છાતી કૂટતું, વિલાપ કરતું શહેર તરફ પાછું વળ્યું હતું તે અમને યાદ આવી જતું.

અમે કેદમાં હતા ત્યારે જ અમારા મનમાં પ્રતીતિ થઈ હતી કે કોમ્યુનિસ્ટોનો પણ ઉદ્ધાર થવાનો જ. એમના પ્રત્યે અમારી જવાબદારી છે એ ભાન પણ અમને ત્યાં જ થયું. તેમના તરફથી ત્રાસ વેઠતાં વેઠતાં અમને તેમના તરફ પ્રેમ ભાવ પેદા થયો.

મારા કુટુંબના મોટા ભાગનાને મૃત્યુને આધીન કરાયા હતા. તેમને મારનાર જુલમગારના હૃદયનું બદલાણ મારા ઘરમાં જ થયું હતું. એ જ સ્થળ તેના પરિવર્તન માટે શ્રેષ્ઠ હતું. કોમ્યુનિસ્ટો માટે ખ્રિસ્તી મિશન સ્થાપવાનો વિચાર મને જેલવાસ દરમિયાન સ્ફૂર્યો હતો.

જેમ માણસ અને કીડીઓનાં દૃષ્ટિબિંદુ જુદાં જુદાં હોય છે તેમ ઈશ્વરની દૃષ્ટિ આપણા કરતાં જુદી હોય છે. માણસની દૃષ્ટિએ થાંભલા સાથે બંધાઈને મળમૂત્રથી ખરડાવું એ બહુ જ હીણપતભર્યું લાગે છે. પણ બાયબલ તો શહીદોનાં દુઃખોને બહુ ભારે ગણતું નથી. માણસને ચૌદ વર્ષનો ગાળો બહુ લાંબો લાગે પણ બાયબલ તો "એને કેવળ ક્ષણ જેટલો ગણે છે, તેના વડે આપણે મહિમાનો સંચય કરીએ છીએ." આ રીતે જોતાં કોમ્યુનિસ્ટોના ઝનૂની અત્યાચાર માનવી દૃષ્ટિએ અક્ષમ્ય લાગે અને તેની સામે અંતસુધી ઝૂઝયા કરવાનું પણ હોય એ આપણે સમજવું જોઈએ. કોમ્યુનિસ્ટોના જુલમ પચાસ વર્ષથી ચાલુ થયા છે. ઈશ્વરની દૃષ્ટિમાં તો એક હજાર વર્ષ એક ક્ષણ જેવાં છે એટલે પચાસ વર્ષ તો ક્ષણનો પણ અંશ થાય. એટલે તેમના ઉદ્ધારની તક હજી વીતી ગઈ ન ગણાય.

સ્વર્ગીય યરૂશાલેમ તો માતા જેવું છે તેથી તેનો પ્રેમ પણ માનો જ પ્રેમ છે.

કોમ્યુનિસ્ટો માટે સ્વર્ગનાં દ્વાર બંધ થયાં નથી. તેઓને માટે હજી પ્રકાશ ગુલ થયો નથી. તેઓ પસ્તાવો કરવાની તક હજી ચૂકયા નથી. આપણે તેમને પસ્તાવાનું આમંત્રણ આપવું જોઈએ.

કોમ્યુનિસ્ટોનું હૃદયપરિવર્તન પ્રેમદ્વારા જ સાધી શકાશે. (પણ તેમની સાથે સહકાર કરવો એ ખરો પ્રેમ નથી એ સમજી લેવું જરૂરી છે. કેટલાક આગેવાનો કોમ્યુનિસ્ટોના કાર્યક્રમમાં સહકાર આપે છે તે પ્રેમ નહિ પણ ભ્રમ છે). ધિક્કાર માણસને આંધળો કરી નાખે છે. હિટલર પણ કોમ્યુનિસ્ટોનો વિરોધ કરતો હતો પણ તેના વિરોધનું મૂળ કોમ્યુનિસ્ટો પ્રત્યે ધિક્કાર હતું. આથી તે સામ્યવાદ પર વિજય મેળવી શકયો નહિ. ઉલટું દુનિયાનો ત્રીજો ભાગ જીતાડી આપવામાં તેણે તેમને અજાણતાં સહાય કરી.

કોમ્યુનિસ્ટો પ્રત્યે પ્રેમથી દોરવાઇને અમે જેલમાં હતા. ત્યારે જ એક મિશનેરી કાર્યની યોજના ઘડી કાઢી. એમાં પ્રથમ અમે કોમ્યુનિસ્ટ નેતાઓનો શી રીતે સંપર્ક સાધી શકાય તેનો વિચાર અમે કરવા માંડ્યો. મિશનકાર્યના સંચાલકોમાં ઘણા ઓછા ખ્રિસ્તી મંડળીના ઇતિહાસના અભ્યાસી હશે. નોર્વે ખ્રિસ્તી શી રીતે થયું? ત્યાંનો રાજા ઓલાફ ખ્રિસ્તી થયો તેથી. રશિયામાં પણ ત્યાંનો રાજા રૂરિક ખ્રિસ્તી થયો પછી ત્યાં ખ્રિસ્તી ધર્મનો ઝડપી પ્રચાર થયો. હંગેરીમાં ત્યાંનો રાજા સેંટ સ્ટીફન ખ્રિસ્તને શરણે આવ્યો પછી તે દેશમાં પણ ખ્રિસ્તી ધર્મ સરળતાથી ફેલાવો પામ્યો. પોલાંડનો ઇતિહાસ પણ એ જ બતાવે છે. આફ્રિકામાં પણ જ્યાં જ્યાં જંગલી જાતિઓના મુખ્ય સરદાર ખ્રિસ્તી થાય ત્યાં આખી જાતિ ઝડપથી ખ્રિસ્તી ધર્મ અપનાવી લેતી જોવામાં આવે છે. સામાન્ય માણસો માટે પણ ખ્રિસ્તી મિશનો કાર્ય કરે છે અને તેઓ ખ્રિસ્તી થાય પછી ઉત્તમ પ્રકારના ખ્રિસ્તી નીવડે છે તેની ના નહિ પણ તેઓની

અસર બીજા લોકો પર ઓછી થાય છે. તેઓ સમગ્ર પરિસ્થિતિમાં પરિવર્તન લાવવામાં અસમર્થ નીવડે છે.

આથી આપણે શાસનકર્તાઓનાં હૃદયપરિવર્તન માટે પ્રયાસો આદરવા જોઈએ. રાજક્ષેત્ર, અર્થક્ષેત્ર, વિજ્ઞાનક્ષેત્ર, અને કલાક્ષેત્રમાં આગળ પડતી વ્યક્તિઓને ખ્રિસ્તને શરણે લાવવાની ઝુંબેશ ચલાવવી જોઈએ. તેઓ આત્મા અને સમાજના ઘડવૈયા હોય છે, અને માનવી આત્માના ઘાટ ઉતારે છે. તેઓનાં હૃદયપરિવર્તન જોઈને, તેમના તરફ મીટ માંડી રહેલો જનસમુદાય પણ તેમને અનુસરવાનો.

મિશનેરી યોજનાની દૃષ્ટિએ બીજાં રાજ્યતંત્રો કરતાં કોમ્યુનિસ્ટ રાજ્યતંત્રમાં અમુક સુવિધા રહેલી છે. એ તંત્ર સૌથી વિશેષ કેન્દ્રવર્તી છે, એટલે કેન્દ્રને અનુસરનારૂં હોય છે.

અમેરિકાનો પ્રમુખ મોર્મોનપંથનો અનુયાયી થાય તો તેનું જોઇને અમેરિકન પ્રજા મોર્મોનપંથી થવા નહિ માંડે. પણ જો માઓ-ત્સે-તુંગ ખ્રિસ્તી થઈ જાય, કે બ્રેઝનેવ કે ક્યુશેમ્કુ ખ્રિસ્તનું શરણ સ્વીકારે તો આખા દેશ પર તેની અસર પ્રબળતાથી ફરી વળે. એ નેતાઓની એવી ભારે છાપ છે.

તો પછી કોઈ કોમ્યુનિસ્ટ નેતાનું હૃદયપરિવર્તન થઈ શકે ? હા. દરેક કોમ્યુનિસ્ટ નેતા અસંતોષ અને અસલામતીનો ભોગ થઈ પડેલો હોય છે. તેના તાબેદારોના જેટલી જ માનસિક વ્યથા તેપણ અનુભવતો હોય છે. રશિયાના લગભગ દરેક નેતાને અંતે કાંતો જેલમાં સબડવું પડે છે કે પછી તેના પર ચઢી વાગેલા પહેલાંના સાથીઓના હાથે ગોળી ખાઈ વિદાય લેવી પડે છે. ચીનમાં પણ એમજ બનેલું છે. આંતરિક રાજ્યોના બીજા પ્રધાનો જેવા કે ઈઆગોડા, ઇએન્નેવ, વગેરે સત્તા હાથ કરીને બેઠા હોય તેમ લાગતું હતું પણ અંતે તો તેમના હાલ પણ ક્રાન્તિવિરોધી દ્રોહી ગણાતા લોકોના જેવાજ થયા હતા. ગરદનમાં એકજ ગોળી અને ખેલ ખતમ. તાજેતરમાં સોવિયેટ સંઘમાં આંતરિક બાબતોનો પ્રધાન શેપેલીન તથા યુગોસ્લાવીયાનો ગૃહપ્રધાન શન્કોવિક બંનેજણા ગંદાં ચીંથરાંની પેઠે ફેંકાઈ ગયા છે.

## કોમ્યુનિસ્ટો પર આધ્યાત્મિક ક્ષેત્રે હુમલા

કોમ્યુનિસ્ટ રાજશાસનથી કોઈ સુખી થયું નથી. તેનો લાભ ઉઠાવનારા પણ સુખી નથી. તેઓ સતત થરથરતા હોય છે કે ગમે ત્યારે પક્ષની નીતિમાં ફેરફાર થઈ જતાં અર્ધી રાત્રે છૂપી પોલીસની ગાડી આવીને અચાનક પકડી જશે તો શા હાલ થશે?

ઘણા કોમ્યુનિસ્ટ નેતાઓ સાથે મારે અંગત પરિચય છે. એમના મન પર મોટો ભાર રહેતો હોય છે. ઈસુ જ એકલો તેમનો બોજ ઉતારીને તેમને વિસામો આપી શકે તેમ છે.

કોમ્યુનિસ્ટ નેતાઓને ખ્રિસ્તને શરણે લાવવાથી દૂનિયાને અણુ-વિનાશમાંથી બચાવી શકાશે. માનવજાતને ભૂખમરાના ત્રાસમાંથી છોડાવી શકાશે. અત્યારે શસ્ત્રસરંજામ પાછળ જે ધૂમ ખર્ચા કરવામાં આવે છે તે બચવાથી એ નાણાં બીજા માર્ગે વાળી શકશે. કોમ્યુનિસ્ટ નેતાઓને ખ્રિસ્તને શરણે લાવવાથી આંતરરાષ્ટ્રિય તંગદીલીને પણ નષ્ટ કરી શકાશે. એમનાં હૃદય પરિવર્તન થવાથી ખ્રિસ્ત અને તેના દૂતોનાં મન આનંદથી ઉભરાઈ જશે. એથી ખ્રિસ્તી મંડળીનો વિજય થશે. એ નેતાઓના હૃદયપરિવર્તનથી ખ્રિસ્તીધર્મની પ્રગતિને ભારે વેગ મળશે. એની અસર ઠેઠ ન્યૂ ગિનિ કે માડાગાસ્કર જેવા મુશ્કેલ પ્રદેશો સુધી પહોંચશે. ત્યાંનું મિશન કાર્ય સરળ થશે.

બદલાણ પામેલા કેટલાક કોમ્યુનિસ્ટોને હું ઓળખું છું. હું પોતે જુવાનીમાં એક આવેશપૂર્ણ નાસ્તિક હતો. નાસ્તિકો અને કોમ્યુનિસ્ટોનાં પાપ વધુ હોવાથી હૃદયપરિવર્તન થયા પછી તેમનો પ્રેમ પણ વધુ ઉત્કટ હોય છે.

મિશનેરી કાર્યમાં વિચારપૂર્વક વ્યૂહરચના કરવાની જરૂર રહે છે. બધાને માટે આત્માના ઉદ્ધારની જરૂર તો એકસરખી છે એ ખરૂં પણ વ્યૂહ રચના કરતી વખતે બધાને એક સરખી રીતે આવરી લેવાનું શક્ય નથી. પ્રથમ ભારે લાગવગવાળી વ્યક્તિને જીતી લેવાનું જરૂરી ગણાય. એવા થોડાની અસરથી પાછળથી હજારો લાખો લોકો

સહેલાઈથી બદલાણ પામશે. જંગલ પ્રદેશમાં ત્યાંના વતની સાથે આત્મા સંબંધી વાત કરી તેના મનનું પરિવર્તન કરવા પ્રયાસ કરવાનું એટલું અગત્યનું ન ગણાય. માટે જ ઈસુએ પોતાનું જીવનકાર્ય કોઈ નાના ગામડામાં પૂરું ન કરતાં યરૂશાલેમ જેવા કેન્દ્રમાં પૂરું કર્યું. તે સમયનું દુનિયાનું આધ્યાત્મિક કેન્દ્ર હતું. એ જ ખ્યાલથી પાઉલે રોમ પહોંચવા ભારે પ્રયાસો કર્યા હતા.

શાસ્ત્રનું વચન છે કે "સ્ત્રીનું સંતાન સાપનું માથું છૂંદશે." પણ આપણે તો તેના પેટે ગલીપચી કરીને તેને હસાવીએ છીએ! સાપનું માથું તો મોસ્કો અને પેકીંગ એ બેની વચ્ચે ક્યાંક હશે. તે કંઈ ટ્યુનીસ કે માડાગાસ્કરમાં તો નથી જ. દરેક મિશનસંચાલક, મંડળીઓના નેતા અને જવાબદાર ખ્રિસ્તી માટે આજના સમયમાં ખરો ચિંતા કરવા જેવો પ્રશ્ન કોમ્યુનિસ્ટ જગતનો જ છે.

આપણે ચીલાચાલુ કાર્યપદ્ધતિઓ હવે છોડી દેવી પડશે. શાસ્ત્રમાં વચન છે કે "જે ઠગાઈદ્વારા ઈશ્વરનું કાર્ય કરવા પ્રયાસ કરશે તે શાપિત છે." અત્યારે તો સામી છાતીએ ખુલ્લેખુલ્લો હલ્લો કોમ્યુનિસ્ટો સામે લઈ જવાની જરૂર છે. ખ્રિસ્તી મંડળીની એ પહેલી ફરજ છે.

યુદ્ધ જીતવા માટે રક્ષણાત્મક નહિ પણ આક્રમક વ્યૂહરચના કરવી પડે છે. સામ્યવાદના હુમલા સામે ખ્રિસ્તી મંડળીઓનું વલણ આજ સુધી રક્ષણાત્મક રહ્યું છે. એના પરિણામે એક પછી એક દેશો કોમ્યુનિસ્ટો સર કરતા રહ્યા છે.

મંડળીએ આનો ઉપાય તાકીદથી કરવાની જરૂર છે. ગીતશાસ્ત્રમાં એક જગ્યાએ ઉલ્લેખ છે કે ઈશ્વર લોખંડના સળીઆ પણ તોડી નાખે છે. લોખંડી પડદો તોડવો એ ઈશ્વર માટે તદન સહેલું કાર્ય છે.

શરૂઆતની મંડળી કાયદો તોડીને છૂપી રીતે કાર્ય કરતી હતી છતાં વિજયી નીવડી હતી. આપણે એજ રીતે કાર્ય કરતાં શીખવું પડશે.

નવા કરારમાંનાં પાત્રોને અટક વડે ઓળખવામાં આવતાં હતાં તેનું શું કારણ હશે તે મને સમજાતું ન હતું. પણ કોમ્યુનિસ્ટ સત્તા

જામ્યા પછી હવે મારી સમજમાં આવી ગયું છે. શાસ્ત્રમાં સીમીઅન ને નીગર નામથી કે યોહાનને માર્ક ઉપનામથી ઓળખાવ્યા છે. કોમ્યુનિસ્ટ દેશોમાં અમે પણ હમણાં હમણાં ઉપનામોનો ઉપયોગ કરવા માંડ્યો છે.

ઇસુએ છેલ્લું ખાણું લેવાની વ્યવસ્થા કરવા શિષ્યોને મોકલ્યા ત્યારે ચોક્કસ નામઠામ સાથે સરનામું આપ્યું નહિ પણ અમુક નિશાનીઓ આપીને કહ્યું, "શહેરમાં જાઓ અને પાણીની ગાગર લઈ જતા એક માણસની તપાસ કરી તેને ત્યાં જાઓ." આ વાત પણ મારાથી સમજાતી ન હતી. પણ હવે સમજાય છે, કારણ કે એવી નિશાનીઓ મારફતે અમે પણ ભૂગર્ભ મંડળીનું કાર્ય ચલાવીએ છીએ.

જો આપણે આમ શરૂઆતની મંડળીની પદ્ધતિઓ અપનાવવાનું મંજુર રાખીએ તો કોમ્યુનિસ્ટ દેશોમાં અસરકારક કાર્ય થઈ શકશે.

પણ પશ્ચિમના કેટલાક નેતાઓને મળતાં મને લાગ્યું કે તેઓને કોમ્યુનિસ્ટો પ્રત્યે કંઈ પ્રેમભાવ જેવું નથી. એમના પ્રત્યે પ્રેમ હોત તો કોમ્યુનિસ્ટ પ્રદેશોમાં કાર્ય કરનારી મિશનસંસ્થાઓ ક્યારની ઉભી કરી દીધી હોત. મને તો એવું લાગ્યું છે કે તેઓનું વલણ કોમ્યુનિસ્ટો તરફ ઢળતું છે. કાર્લ માર્ક્સના ભૂલા પડેલા કુટુંબના આત્માઓની સારસંભાળ લેનાર પરગજુ સમરૂની જેવી કરૂણા મને ક્યાંય જોવા મળી નથી.

વિશ્વાસનામાની કલમો મોઢે પઢવાથી તેમાં શ્રદ્ધા છે એમ માનવું ભૂલ ભરેલું છે. માણસ જે માન્યતાને માટે મોતનો સામનો કરવા તૈયાર થઈ જાય તેજ બાબતમાં તેની શ્રદ્ધા પૂરવાર થાય છે.

ભૂગર્ભ મંડળીના ખ્રિસ્તીઓએ પોતાની શ્રદ્ધાને વળગી રહીને મોત સહેવાનું પસંદ કર્યું છે. અત્યારે અહીં રહીને હું જે કાર્ય કરી રહ્યો છું તેને લીધે મારૂં અપહરણ કરીને મને મારા દેશમાં પાછો લઈ જઈ કેદખાને નાખી દે તેવું પૂરૂં જોખમ મારા માથે લટકતું છે.

ત્રાસની નવી નવી તરકીબો અજમાવાય અને છેવટે મોતને ભેટવું પડે એવું જોખમ હંમેશા ખડું છે. લોખંડી પડદા પાછળ એક ગુપ્ત મિશન કાર્યનું સંચાલન હું કરી રહ્યો છું. હું જે લખું છું તે હું માનું છું માટે આ બધાં જોખમો હું ખેડી રહ્યો છું.

મને પૂછવાનો અધિકાર છે : કોમ્યુનિસ્ટો સાથે મિત્રતાનો સંબંધ કેળવનાર અમેરિકાની મંડળીઓના ખ્રિસ્તી નેતાઓ, તમે તમારી શ્રદ્ધાને ખાતર મોતને ભેટવા તૈયાર છો ? પશ્ચિમમાંની તમારી મોટી મોટી પદવીઓ છોડીને સામાન્ય ધર્મસેવક તરીકે પૂર્વની મંડળીઓમાં કાર્ય કરતાં તમને કોણ અટકાવે છે ? એથી તો કોમ્યુનિસ્ટો સાથે નિકટનો સહકાર તમે યોજી શકશો. હજી સુધી તો કોઈ પશ્ચિમના નેતાએ એવું બીડું ઝડપીને પોતાની શ્રદ્ધાની પ્રતીતિ કરાવી નથી.

માણસનું શબ્દભંડોળ જરૂર પ્રમાણે વિકાસ પામે છે. એક સાથે શિકાર કરતાં, માછલાં પકડતાં, જીવન નિર્વાહની ચીજો સાથે મળીને તૈયાર કરતાં કે જીવન વ્યવહારમાં એકબીજા પ્રત્યે લાગણીઓ પ્રદર્શિત કરવા જતાં સ્પષ્ટ સમજ માટે શબ્દોનું ભંડોળ જરૂર પ્રમાણે વધતું રહ્યું છે. એ જોતાં ઇશ્વરનાં રહસ્યો સમજવા કે આધ્યાત્મિક જીવનની ઉચ્ચ કક્ષાનું વર્ણન કરવા હજી ભાષાઓમાં યોગ્ય શબ્દો પ્રાપ્ત થતા નથી.

તેજ પ્રમાણે શેતાની ક્રૂરતાનું યોગ્ય વર્ણન કરવા માટે પણ ભાષામાં પૂરતા શબ્દો મળતા નથી. એકવાર નાઝીઓ એક જણને બળતી ભઠ્ઠીમાં નાખી દેવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે તે સમયે તે માણસના મનમાં કેવા વિચારો દોડાદોડી કરી રહ્યા હશે તેનું વર્ણન કોઈ માણસ શબ્દ વડે શી રીતે આલેખી શકે ? એવી ભઠ્ઠીમાં પોતાના બાળકને ફેંકાતું જોઈ પિતાના મનમાં જે ભાવો ઉઠે તેનું વર્ણન કદી કોઇથી થઈ શકે ખરૂં ?

આથી કોમ્યુનિસ્ટોના હાથે ખ્રિસ્તીઓને જે જે વેઠવું પડ્યું છે અને હજી જે અત્યાચારો ચાલુ છે તેનું વર્ણન કરવાનો પ્રયત્ન વ્યર્થ છે.

રૂમાનીયામાં જે માણસના ટેકા થી કોમ્યુનિસ્ટ પક્ષ સત્તા કબજે કરી શક્યો તે લુક્રેટીઉ પેટ્રાસ્કાનુ મારી સાથે જ જેલમાં પડ્યો હતો. તેના સાથીઓએ તેને જેલમાં નાખીને બદલો વાળી આપ્યો હતો. તે સ્વસ્થ હોવા છતાં ગાંડાઓના દવાખાનામાં ગાંડા લોકો સાથે તેને રાખ્યો. આખરે તે પોતે ગાંડો થઈ ગયો. પહેલાના રાજ્યપ્રધાન આન્ના પોલ્કરની દશા પણ તેઓએ એવી જ કરી હતી. ખ્રિસ્તીઓને પણ એવી જ સજાઓ કરવામાં આવે છે. તેમને ઈલેકટ્રીક શોક અપાય છે. ત્રાસ આપવા માટે બખ્તર જેવા કડક કોટ પહેરાવવામાં આવે છે.

ચીનની શેરીઓમાં જે કંઈ ઘટનાઓ બની ગઈ તે જાણીને આખી દુનિયા હેબતાઈ ગઈ છે. લાલ સંરક્ષકો જાહેરમાં ત્રાસ ગુજારે છે. તો પછી જ્યાં કોઈની કદી નજર પડવાનો સંભવ નથી તેવાં ચીનનાં કેદખાનાંમાં શું શું બનતું હશે તે કોણ કલ્પી શકે?

છેલ્લા મળતા હેવાલ પ્રમાણે જાણવા મળ્યું છે કે એક પ્રખ્યાત ચીની સુવાર્તિક લેખકે અને બીજા કેટલાક ખ્રિસ્તીઓએ પોતાના ધર્મનો ત્યાગ કરવાનો નન્નો સુણાવી દીધો ત્યારે જુલમગારોએ તેમના કાન, જીભ અને પગ કાપી નાખ્યા હતા.

પણ કોમ્યુનિસ્ટો આ પ્રમાણે દેહ પર ત્રાસ ગુજારે કે તેનો નાશ કરે તે દુષ્ટાઈની પરાકાષ્ઠા નથી. એથી ભયંકર દુષ્ટાઈ તો માણસના મન સાથે આચારવામાં આવે છે. તેઓ માણસોનાં મન ભ્રષ્ટ કરી નાખે છે. યુવકો અને બાળકોના મનમાં નાસ્તિક વિચારોનું ઝેર સીંચે છે. ખ્રિસ્તી લોકોને અવળી દોરવણી આપવા અને એ રીતે તેમને નાશના માર્ગે લઈ જવા તેમણે મંડળીઓ પર પોતાના વલણ માણસોને આગેવાનો તરીકે ગોઠવી દીધા છે. તેઓ ઈશ્વરનો અને ખ્રિસ્તનો તિરસ્કાર કરવાનું શિક્ષણ આપે છે અને તેમની શ્રદ્ધા ડગાવી દે છે.

ખ્રિસ્તી શહીદોનાં દુઃખોનું વર્ણન કરવા શબ્દોજ ક્યાં છે? વર્ષો

સુધી યાતનાઓ ભોગવીને કદીક છૂટવા મળે તો ઘેર આવીને શું જુએ છે ? તેમનાં છોકરાં ઘૃણાથી તેમનું સ્વાગત કરે છે. સંજોગોના જોરે એ બાળકો એ સમય દરમિયાન નાસ્તિક બની ગયાં હોય છે અને ખ્રિસ્તી માબાપ પ્રત્યે તેમને કશો ભાવ રહેતો નથી.

આ પુસ્તક શાહીથી નથી લખાયું. એ તો હૃદયના લોહી વડે લખાયું છે.

દાનીયેલના સમયમાં ત્રણ જુવાનોને બળતી ભઠ્ઠીમાંથી બહાર કાઢ્યા ત્યારે કપડાંને પણ આંચ આવી ન હતી અને તેથી તેમાંથી બળવાની વાસ આવતી ન હતી. તેમજ ખ્રિસ્તીઓ પણ કોમ્યુનિસ્ટોની જેલમાં રહી આવ્યા હોય તો પણ તેઓ પ્રત્યે તેમનામાં કડવાસ પેદા થયાની કશી ગંધ જણાતી નથી.

ફૂલ પગ તળે છૂંદાય તો પણ તે પોતાની સુગંધ આપતું રહે છે. ગમે તેવા વર્તાવ માટે તેનો તો એજ પ્રત્યુત્તર રહેશે. તેજ પ્રમાણે કોમ્યુનિસ્ટોએ ખ્રિસ્તીઓ પર ગુજારેલા અત્યાચારનો બદલો તેમણે તો પ્રેમથીજ વાળ્યો છે. અમારી જેલના કેટલાયે સંત્રીઓને અમે ખ્રિસ્ત તરફ ખેંચી આણ્યા છે. અમારા મનમાં તો એકજ તમન્ના જોર કરી રહી છે કે અમારે અમારી સર્વોત્તમ ભેટ–અમારો પ્રેમ-તેમને આપવીને આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્ત દ્વારા જે ઉદ્ધાર પ્રાપ્ત થાય છે તે તેમને મળે તેવા પ્રયત્નો કર્યા કરવા.

મારા ઘણા ભાઈઓ પોતાના ધર્મ માટે જેલમાં જ મૃત્યુને ભેટીને ધન્ય થઈ ગયા. મને એવું સદ્ભાગ્ય ન સાંપડયું. હું તો જેલમાંથી છૂટીને બહાર આવ્યો અને કોમ્યુનિસ્ટોના પંજામાંથી છૂટીને પશ્ચિમમાં આવી ગયો છું.

અહીં પશ્ચિમમાં તો મંડળીઓના ઘણા નેતાઓમાં કંઈક જુદી જ ભાવના મને જોવા મળે છે. લોખંડી તેમ જ વાંસના પડદા પાછળ ભૂગર્ભ મંડળીના ભાઈઓમાં જે ભાવના છે તેની સાથે અહીં જોવા મળતી ભાવનાનો કંઈ મેળ જણાતો નથી. પશ્ચિમના ખ્રિસ્તીઓમાં

કોમ્યુનિસ્ટો તરફ સહેજ પણ પ્રેમભાવ જણાતો નથી. એનું એક લક્ષણ એ બતાવી શકાય કે તેમણે હજી સુધી કોમ્યુનિસ્ટોને ઉગારવા એક પણ યોજના કરી નથી. યહુદીઓ માટે મિશન છે, મુસ્લિમો માટે મિશન છે, બુદ્ધ ધર્મીઓ માટે મિશન છે, એક મતમાંથી અન્ય મતમાં ફેરવવાનાં અનેક મિશનો સ્થપાએલાં જોવામાં આવે છે પણ હજી કોમ્યુનિસ્ટો માટે એક પણ મિશન સ્થપાયું નથી. તેમના પ્રત્યે સ્નેહભાવ ઉપજતો હોત તો તેમના માટે ક્યારનું એકાદ મિશન સ્થપાયું હોત. ભારતીયો પર પ્રેમ કરનાર કેરીએ અને ચીનાઓ પર પ્રેમ કરનાર હડસને પોતપોતાનાં મિશનો તક મળતાં ઝટ સ્થાપી દીધાં હતાં.

પણ પશ્ચિમના ખ્રિસ્તીઓ કોમ્યુનિસ્ટોની અવગણના કરી રહ્યા છે એટલાથી જ વાત પૂરી થતી નથી. પશ્ચિમની મંડળીઓના કેટલાક આગેવાનો તો આત્મસંતોષમાં રાચતા હોવાથી તેમ જ તેમના પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ રાખીને કે વિશેષ તો તેમની સાથે સહકાર કરીને તેમની અનાસ્થામાં વૃદ્ધિ કરે છે. તેઓ કોમ્યુનિસ્ટોને પાશ્ચાત્ય મંડળીઓમાં પ્રવેશ કરવા દે છે. તેઓ મંડળીઓમાં અને બીજાં ક્ષેત્રોમાં નેતાગીરી લઈ લે તો પણ સાંખી લે છે. આમ થવાથી સામ્યવાદના જોખમ પ્રત્યે સમસ્ત ખ્રિસ્તી જનસમુદાય બેદરકાર બની જાય છે.

કોમ્યુનિસ્ટો પ્રત્યે સ્નેહભાવ ન રાખતાં તેમના માટે કંઈજ પગલાં ન લઈને એવા ખ્રિસ્તી નેતાઓ તેમનાં પોતાનાં ટોળાં પ્રત્યે પણ યોગ્ય લક્ષ આપવામાં નિષ્ફળ જાય છે. (કોમ્યુનિસ્ટો માટે કશું નથી કરવામાં આવતું તેને માટે તેઓ એવું કારણ આપે છે કે એમને માટે કંઈ કરવાની અમને રજા નથી. પ્રથમ સૈકાના ખ્રિસ્તીઓ તેમના કટ્ટર વિરોધી નીરો બાદશાહ પાસે સુવાર્તાપ્રચારની રજા માગે તેના જેવી અસંગત આ વાત કહી શકાય). જો આપણે કોમ્યુનિસ્ટોને ખ્રિસ્તને શરણ નહિ લાવીએ તો તેઓ પશ્ચિમને પોતાની અસર નીચે લઈ લેશે. પરિણામે પશ્ચિમમાંથી ખ્રિસ્તીધર્મનાં મૂળીઆં ઉખડી જશે.

## ઇતિહાસના પાઠની અવગણના

ઉત્તર આફ્રિકામાં પ્રથમ સદીમાં ખ્રિસ્તીધર્મ સારી પેઠે ફાલ્યો હતો. સંત ઓગસ્ટીન, સંત સિપ્રિયન, સંત એથેનેસીયસ, અને સંત તેર્તુલીયન વગેરે સંતો એજ વિસ્તારમાંના છે. ઉત્તર આફ્રિકાના ખ્રિસ્તીઓ પોતાની ફરજ ચૂક્યા. તેઓએ મુસ્લીમોને ખ્રિસ્તને શરણે લાવવાની ફરજ બજાવી નહિ. તે પછી મુસ્લીમોએ પ્રબળ થઈને આખો ઉત્તર આફ્રિકા કબજે કરી લીધો. આજે સૈકાઓથી ત્યાંથી ખ્રિસ્તીધર્મની જડ નીકળી ગઈ છે. એ આખો વિસ્તાર મુસ્લીમ અસર નીચે છે. ખ્રિસ્તી મિશનો એ વિસ્તારને ધાર્મિક દૃષ્ટિએ "અવિચળ પ્રદેશ" ગણે છે.

આપણે ઈતિહાસમાંથી કંઈ પાઠ ગ્રહણ કરીએ તો સારું !

યુરોપની ધર્મક્રાંતિ વખતે હસ, લુથર અને કાલ્વીન ધર્મમાં સુધારા કરવા ખૂબ આતુર હતા. પણ તેમના એ હેતુ સાથે જનતાના બીજા સ્વાર્થ પણ ભળ્યા હતા. પોપની સત્તાની ઝુંસરી બહુ ભારે થઈ ગઈ હતી. તેનો રાજકીય અને આર્થિક બોજો રાજ્યોને માથે ખૂબ વધી ગયો હતો. પોપના શાસનના અત્યાચારોની પણ કોઈ સીમા રહી ન હતી. લોકો એ બધામાંથી છૂટવા માગતા હતા. આમ લોકો અને ધર્મસુધારકોના હિતોનો મેળ બેસવાથી ધર્મક્રાંતિ લોકોએ ઝટ અપનાવી લીધી. તે જ પ્રમાણે આજના જમાનામાં કોમ્યુનિસ્ટો તેમજ તેમનો ભોગ થનાર એ બંનેનું હિત સુવાર્તાના ઝડપી પ્રચારમાં સમાએલું છે. સાથે સાથે બધા મુક્ત દેશોના લોકોનું હિત પણ કોમ્યુનિસ્ટોને ઝટ સુવાર્તા પ્રચાર મારફતે ખ્રિસ્તને શરણે આણી દેવામાં જ સલામત છે. કોમ્યુનિસ્ટો ખ્રિસ્તને શરણે આવશે તો જ મુક્ત પ્રજાઓની સ્વતંત્રતા જળવાઈ રહેશે.

સામ્યવાદીઓને ઉથલાવીને સત્તા પરથી ફેંકી દે તેવી કોઈ રાજકીય સત્તા જોવામાં આવતી નથી. કોમ્યુનિસ્ટો પાસે અણુશક્તિ છે. આથી તેમની સામે યુદ્ધ જાહેર કરવા જતાં એક નવું વિશ્વયુદ્ધ

ચાલુ થઈ જાય અને લાખોનો ભોગ લેવાય. ઘણા પશ્ચિમના રાજકીય નેતાઓના મગજમાં એવો ભ્રમ ઘર ઘાલી ગયો છે કે કોમ્યુનિસ્ટોનું કશું જોખમ ગણવા જેવું નથી. આથી કોમ્યુનિસ્ટ નેતાઓને દૂર કરવાની જરૂર તેમને જણાતી નથી, અને એવું જાહેર કરતા પણ આવ્યા છે. કેફી પીણાં, ગુંડાગીરી, કેન્સર, ક્ષયરોગ વગેરે માનવ શત્રુઓ ખરા એમ તેમને લાગે છે. તેઓની સામે ઝૂંબેશ ચલાવવા તેઓ તત્પર રહે છે. પણ કોમ્યુનિસ્ટો અંગે તેઓ ઉદાસીન રહે છે. ખરૂં જોતાં પેલાં બીજા અનિષ્ટો કરતાં સામ્યવાદ વધુ ખતરનાક હોઈ વધુ ભોગ લે છે.

સોવિયેટ લેખક ઇલ્યા એરનબર્ગ કહે છે કે સ્ટાલિને બીજું બધું કામ છોડીને તેના અત્યાચારના ભોગ થઇ પડેલા નિર્દોષ માણસોની યાદી બનાવવાનું કામ કરવા શરુ કર્યું હોત તો તેની જીંદગીમાં પૂરૂં થઈ શકત નહિ. એટલાં બધાં માણસો તેના હાથે માર્યાં ગયાં હતાં. સામ્યવાદી પક્ષની ૨૦મી પરિષદ વખતે કુશ્ચેવે જાહેર કર્યું હતું કે "સ્ટાલિને હજારો પ્રામાણિક, નિર્દોષ કોમ્યુંનિસ્ટોનો નાશ કરી નાખ્યો હતો...સાતમી પરિષદ માટે ચૂંટાએલા સભ્યો અને ઉમેદવારો મળીને ૧૩૯ સભ્યોની મધ્યસ્થ સમિતિમાંના ૯૮ જણને ( એટલે ૭૦ ટકાને ) પાછળથી ગોળીથી ઠાર કરવામાં આવ્યા હતા."

આવા લોકોએ ખ્રિસ્તીઓને કેટલું વીતાડયું હશે તેનો ખ્યાલ કરો.

કુશ્ચેવે સ્ટાલીનનું માન નષ્ટ કરીને તેને ઉઘાડો પાડ્યો પણ તે પછી તેની પોતાની નીતિ અને આચરણ તો સ્ટાલીન જેવાંજ ચાલવા દીધાં. ૧૯૫૯ પહેલાં જે દેવળો ચાલુ હતાં તેમાંનાં અર્ધાં જેટલાં તો ત્યાર પછી બંધ કરી દેવાયાં છે.

સ્ટાલીને જે જંગલીપણાનું દર્શન કરાવ્યું હતું તેના કરતાં અનેકગણું જંગલીપણું ભારે જુવાળની માફક ચીનમાં આવી ગયું છે. ત્યાં સુવાર્તિક કાર્ય ખુલ્લી રીતે કરવાનું શકય જ નથી. રશિઆ અને

રૂમાનીયામાં નવેસરથી ધરપકડો શરૂ થઈ ગઈ છે. (છેલ્લા સમાચાર પણ એજ સમાચારનું સમર્થન કરે છે કે રશિયામાં ધરપકડો ચાલુ રહી છે).

એક હજાર અબજ જેટલી વસ્તી ધરાવતા કોમ્યુનિસ્ટ દેશોમાં અત્યારની ઉગતી પેઢીને હરેક પાશ્ચાત્ય બાબતો અને ખાસ કરીને ખ્રિસ્તધર્મ તરફ ધિક્કારથી જોવાનું શિક્ષણ અપાઈ રહ્યું છે.

રશિયામાં દેવળોના ઝાંપે સ્થાનિક રાજ્ય અધિકારીઓ રાહ જોઈને ટાંપી રહે છે. જો બાળકો દેવળમાં જતાં જણાય તો તેમને તમાચા મારીને ત્યાંથી હડસેલી કાઢવામાં આવે છે. પશ્ચિમની ખ્રિસ્તી પ્રણાલિઓનો નાશ કરવા માટે એક નવી પેઢી એ રીતે તૈયાર કરાઈ રહી છે. એ કાર્ય ખૂબ વ્યવસ્થિત યોજનાબદ્ધ થઈ રહ્યું છે.

સામ્યવાદને ખસેડી નાખે તેવી એક જ શક્તિ છે. એ શક્તિદ્વારા રોમન સામ્રાજ્યનું સ્થાન ખ્રિસ્તી રાજ્યો લઈ શક્યાં હતાં. એ શક્તિએ જ જંગલી ટ્યુટન અને વાઈકીંગ ધાડાંઓમાં પરિવર્તન કરીને તેમને સૌમ્ય ખ્રિસ્તી બનાવ્યા હતા. એ જ શક્તિની મદદથી લોહીયાળ ધર્મ-પરીક્ષાની પોપની સંસ્થાને નષ્ટ કરી શકાઈ હતી. આ શક્તિનો આવિષ્કાર સુવાર્તાના પ્રચાર વડે થાય છે. બધા કોમ્યુનિસ્ટ દેશોમાં ચાલતી ભૂગર્ભ પ્રવૃત્તિઓ એ જ શક્તિના કાર્યનાં સ્વરૂપ છે.

આ ભૂગર્ભ મંડળીઓને ટકાવી રાખવા માટે સહાય મોકલાવીએ અને તેમને આપણા ભાઈઓ ગણીને તેમનાં દુઃખોમાં સહભાગીદાર થઈએ એ યોગ્ય ગણાય. એનાથી કંઈક વિશેષ ધ્યેય પણ પાર પડે છે તે આપણે સમજવું જોઈએ. ભૂગર્ભ મંડળીઓને સહાય મોકલીને તમે તમારી પોતાની મંડળીઓના જીવનમરણનો અને તમારા દેશના અસ્તિત્વનો પ્રશ્ન પણ કંઈક અંશે હલ કરો છો. કોમ્યુનિસ્ટોના આક્રમણ સામે મુક્ત ખ્રિસ્તી મંડળીઓને રક્ષવાનો પ્રશ્ન તો છે જ પણ મુક્ત રાજ્યોને રક્ષવાની જરૂર પણ એવી જ ઉગ્ર છે.

અત્યાર સુધીમાં ભૂગર્ભ મંડળીના પ્રયત્નોથી અનેક કોમ્યુનિસ્ટ

નેતાઓ ખ્રિસ્તને શરણે આવી ચૂક્યા છે. રૂમાનીયાના મુખ્ય પ્રધાન શ્રી જ્યોર્જી દેજના મનનું બદલાણ થયું હતું અને એક ખ્રિસ્તી તરીકે તેનું મૃત્યુ થયું હતું. કોમ્યુનિસ્ટ દેશોમાં અનેક કોમ્યુનિસ્ટ સભ્યો છૂપી રીતે ખ્રિસ્તી થયા છે. તેઓ સરકારમાં જુદી જુદી પદવી ધરાવે છે. આ પ્રવૃત્તિનો વિસ્તાર થયા કરે તે સંભવિત છે. ખ્રિસ્તીઓની સંખ્યા અમુક કક્ષાએ પહોંચતાં કોઈ કોઈ કોમ્યુનિસ્ટ સરકારોની નીતિમાં ધરમૂળનો ફેરફાર થવાની આશા આપણે રાખી શકીએ. ટીટો અને ગોમુલ્કાએ કરેલા ફેરફાર જેવા નહિ. ત્યાં તો ક્રાંતિ થયા પછી પણ જુની નાસ્તિક સરમુખ્યત્યારીની ક્રૂર રાજનીતિ ચાલુ રહી હતી. પણ ખ્રિસ્તીધર્મ તરફ અને સ્વતંત્રતા તરફ ઝોક હોય તેવા ફેરફારોની આશા આપણે રાખી શકીએ.

આમ થવા માટે અત્યારે અસાધારણ પરિસ્થિતિ ઊભી થઈ છે.

ખ્રિસ્તીઓ અને કોમ્યુનિસ્ટો બંને પોતપોતાની માન્યતાઓ અંગે ખૂબ નિખાલસ હોય છે, પણ કોમ્યુનિસ્ટો હમણાં મંથનકાળની કટોકટીમાંથી પસાર થઈ રહ્યા છે.

તેઓ સાચે જ માનતા હતા કે સામ્યવાદથી રાષ્ટ્રો વચ્ચે ભાઈચારો બંધાશે. પણ હાલ તેઓને જોવા મળે છે કે કોમ્યુનિસ્ટ દેશો પણ અંદર અંદર કૂતરાંની જેમજ બાઝે છે.

તેઓ એમ પણ માનતા હતા કે ધર્મમાં જણાવેલા માયાવી ઉપરના સ્વર્ગને બદલે સામ્યવાદ તો આ દુનિયામાં જ સ્વર્ગ ખડું કરી દેશે, પણ હવે તેમની આંખો ઉઘડી છે કે સામ્યવાદનું શાસન હોવા છતાં ભૂખમરો લોકોને પીડ્યા કરે છે. મૂડીવાદી દેશોના ઘઉં લાવીને લોકોને ખવડાવવા પડે છે.

પ્રથમ તો કોમ્યુનિસ્ટોને પોતાના નેતાઓમાં અડગ શ્રદ્ધા હતી. હવે કોમ્યુનિસ્ટ છાપાં જ સ્ટાલીનની નિંદા કરતા લેખો પ્રગટ કરે છે. તે સામુહિક કતલ કરનાર જલ્લાદ હતો એવો આક્ષેપ તેના પર કરાય છે. ક્રૂશ્ચેવને પણ મૂર્ખ ગણી કાઢવામાં આવ્યો છે. અત્યાર સુધી

ખૂબ ગવાયેલા બીજા રાષ્ટ્રવીરો માટે પણ એવી હલકી વાતો બોલાવા લાગી છે. રાકોસી, ગેરો આન્ના પોકર, રેન્કોવીસી, અને એવા બીજા અનેકને તેમના ઉચ્ચ સ્થાનેથી જાણે ખસેડી નાખવામાં આવ્યા છે. હવે કોમ્યુનિસ્ટોને મનમાં પોતાના નેતાઓની શક્તિઓ વિષે શંકાઓ જાગવા લાગી છે તેઓ ભૂલ કરે જ નહિ એમ માનતાં હવે લોકો અચકાય છે. નેતામાંનો વિશ્વાસ ડગવાથી હવે કોમ્યુનિસ્ટો "પોપ વગરના કેથોલિકો" જેવા થઈ ગયા છે.

આમ કોમ્યુનિસ્ટોના મનમાં હવે ખાલી જગ્યા થવા માંડી છે. એ અવકાશમાં ખ્રિસ્તને સ્થાન પ્રાપ્ત કરી આપવું જોઈએ. કુદરતી રીતેજ માણસનું મન ઇશ્વર તરફ ઝૂકેલું હોય છે. દરેક માણસના મનમાં ખાલી ગાદી હોય છે. ખ્રિસ્ત તેમાં સ્થાન ન લે ત્યાં સુધી તે ખાલીજ રહે છે. કોમ્યુનિસ્ટોના સંબંધમા પણ આ હકીકત સાચી છે. સુવાર્તામાં રહેલી પ્રેમની શક્તિથી કોમ્યુનિસ્ટો પણ આકર્ષાયા વિના રહી શકશે નહિ. મેં પોતે એ પ્રેમના આકર્ષણથી કોમ્યુનિસ્ટો ખેંચાઈ આવતા જોયા છે. તેથી મને ખાત્રી છે કે એમ થશે જ.

કોમ્યુનિસ્ટોએ ખ્રિસ્તીઓની ઠઠ્ઠા મશ્કરી કરી હોય કે તેમના પર અત્યાચારો કર્યા હોય તે બધું ખ્રિસ્તીઓ તો ભૂલી ગયા છે. તેમનાં કુટુંબોને જે વેઠવું પડયું હશે તે પણ બધું માફ કરાઈ ગયું છે. તેઓ તો કોમ્યુનિસ્ટોના મંથનકાળ દરમિયાન બની શકતી બધી સહાય આપવા તત્પર છે. કોમ્યુનિસ્ટો ખ્રિસ્તનું શરણ સ્વીકારે માટે તેઓ અનેકવિધ પ્રયત્નો કરતા રહે છે. આપણે પણ તેમને મદદરૂપ થવાની જરૂર છે.

ખ્રિસ્તીઓનો પ્રેમ તો વિશ્વવ્યાપી છે. તેઓ કોઈનો અપવાદ રાખી શકે તેમ નથી. એની પ્રતીતિ કરવા માટે પણ પશ્ચિમના ખ્રિસ્તીઓ કોમ્યુનિસ્ટોને સહાય કરે તે જરૂરનું છે.

પ્રભુ ઈસુએ કહ્યું છે કે ઈશ્વરનો સૂર્ય ભલા કે ભુંડા બધા પર એકસરખોજ તપે છે. ખ્રિસ્તી પ્રેમ પણ એવોજ સર્વવ્યાપી છે.

પશ્ચિમના કેટલાક ખ્રિસ્તીઓ એવી દલીલ કરે છે કે પ્રભુ ઈસુએ શીખવ્યું છે કે આપણે શત્રુ પર પણ પ્રેમ રાખવો. એ આજ્ઞાના પાલન ખાતર જ અમે કોમ્યુનિસ્ટો સાથે મૈત્રી કેળવીએ છીએ. પણ પોતાના ભાઈને ભૂલીને શત્રુ પર પ્રેમ રાખવાનું પ્રભુએ કહ્યું નથી એ વાત યાદ રાખવાની છે.

ખ્રિસ્તીઓના લોહીથી ખરડાએલા હાથવાળા કોમ્યુનિસ્ટો સાથે ખાવાપીવાનો સંબંધ બાંધીને એ ખ્રિસ્તીઓ પ્રેમ દર્શાવવાની ચેષ્ટા કરે છે. પણ ખ્રિસ્તની સુવાર્તા તેમને પહોંચાડતા નથી. તેઓ પોતાના ખ્રિસ્તી ભાઈઓને ભૂલી જાય છે. તેમના પર તેમને પ્રેમ હોતો નથી. કોમ્યુનિસ્ટોની એડી નીચે તેઓ કચડાતા હોવા છતાં આંખ આડા કાન કરી રહે છે.

પશ્ચિમ જર્મનીની ઈવેન્જેલીકલ મંડળી તેમજ કેથોલિક મંડળીઓએ છેલ્લાં સાત વર્ષ દરમિયાન સાડાબાર કરોડ ડોલર ખર્ચીને ભૂખ્યાંને અન્ન પૂરું પાડયું છે. અમેરિકાના ખ્રિસ્તીઓ એથી વધુ નાણાં આપી રહ્યા છે.

દુનિયામાં અસંખ્ય ભૂખ્યા લોકો છે. પણ બધાંમાં સૌથી તીવ્ર ભૂખમરો ખ્રિસ્તી શહીદો કોમ્યુનિસ્ટ દેશોમાં વેઠી રહ્યા છે એમ હું માનું છું. મુક્ત દેશોના ખ્રિસ્તીઓની ખાસ મદદને પાત્ર તેઓ જ છે. જ્યારે જર્મન, બ્રિટિશ, અમેરિકન અને સ્કેન્ડીનેવીઅન મંડળીઓ આટલી ઉદાર નાણાકીય સહાય ઉભી કરી શકે છે તો તે પર ખ્રિસ્તી શહીદો અને તેમનાં કુટુંબોનો રાહત મેળવવાનો પ્રથમ હક્ક હોવો જોઈએ. ભલે પછી બીજાં બધાં ગરજવાનોને પણ રાહત મળે.

પણ વ્હેવારમાં એમ થતું જોવામાં આવે છે ?

ખ્રિસ્તી સંસ્થાઓએ જ મારા માટે પણ જોઇતી બાન ચૂકવી આપી છે. એથી સિદ્ધ થાય છે કે બાન આપીને ખ્રિસ્તીઓને છોડાવી

શકાય છે. છતાં રૂમાનીયામાંથી બાન ચૂકવીને હું એકલો જ અત્યાર સુધીમાં મુક્ત થયો છું. મારા જેવા અનેક છોડાવવા પાત્ર હોવા છતાં ન છૂટયા તેથી ફરજ ચૂકયાનો દોષ પશ્ચિમના ખ્રિસ્તીઓને લાગશે.

શરૂઆતના ખ્રિસ્તીઓના મનમાં એક વખત પ્રશ્ન ઘોળાયા કરતો હતો કે આ શરૂ થએલો નવો ધર્મસંઘ ફક્ત યહુદી કોમ માટે જ હશે કે શું ? કે એમાં બિન યહુદીઓનો સમાવેશ થઈ શકે ખરો ? તેમને થોડાક મંથન બાદ તેનો યોગ્ય ઉકેલ મળી ગયો હતો. આજે વીસમી સદીમાં એ જ પ્રશ્ન બીજા સ્વરૂપે ફરી ખડો થયો છે, પણ ખ્રિસ્તીધર્મ ફકત પશ્ચિમના લોકો માટે જ નથી. ઈંગ્લાંડ, અમેરિકા, કે બીજા લોકશાહી દેશો જ ખ્રિસ્તનો ઈજારો ધરાવતા નથી. ઇસુ વધસ્તંભ પર લટકયો ત્યારે તેનો એક હાથ પશ્ચિમ તરફ અને બીજો હાથ પૂર્વ તરફ લંબાવેલો હતો. તે ફકત યહુદી પ્રજાનો જ નહિ પણ બિન યહુદી પ્રજાઓનો રાજવી થવા આતુર છે. તે ફક્ત પશ્ચિમની દુનિયાનો જ નહિ પણ કોમ્યુનિસ્ટો સહિત સમસ્ત દુનિયાનો અધિષ્ઠાતા થવા ઇચ્છે છે. પ્રભુ ઇસુનો આદેશ છે કે ખ્રિસ્તીઓ સમસ્ત જગતમાં ફરી વળો અને દરેક જણને સુવાર્તા સંભળાવે.

તેણે સમસ્ત માનવજાત માટે પોતાનું રક્ત રેડી દીધું છે. બધાંએ તેની સુવાર્તા સાંભળીને તેને સ્વીકારી લેવી જોઈએ.

હવે કોમ્યુનિસ્ટોને સુવાર્તા સંભળાવવા માટે પ્રેરક બળ કયું છે ?

ખ્રિસ્તને શરણે આવનારા કોમ્યુનિસ્ટો એવા ધગશવાળા અને પ્રેમસભર હોય છે કે તે જોઈને અમારો ઉત્સાહ ખૂબ વધી જાય છે. મંદાવેશવાળો રશિયન ખ્રિસ્તી હજી મને ભેટયો નથી. અગાઉના યુવાન કોમ્યુનિસ્ટો ખ્રિસ્તી થયા પછી વિશિષ્ટ પ્રકારના શિષ્યો બની જાય છે.

ખ્રિસ્તને કોમ્યુનિસ્ટો પ્રત્યે પ્રેમભાવના હોવાથી તે તેમને સામ્યવાદની ચૂડમાંથી છોડાવવા ઇચ્છે છે. તે સઘળા પાપીઓને પણ ચાહે છે અને તેમને પાપના પાશમાંથી મુક્ત કરવા ઇચ્છે છે. પશ્ચિમની મંડળી-

ઓમાં કેટલાક આગેવાનો આવું ખ્રિસ્ત જેવું વલણ ન ધરાવતાં જુદું વલણ ધરાવે છે. સામ્યવાદ પ્રત્યે તેઓ સમાધાનવૃત્તિ રાખે છે. તેઓ પાપ પ્રત્યે પક્ષપાતી વલણ રાખે છે, સામ્યવાદનો વિજય થવામાં તેઓ આડકતરી રીતે સહાયરૂપ થાય છે એમ તેઓ કોમ્યુનિસ્ટો તેમજ તેમના પંજામાં ફસાએલા, એ બધાંના ઉદ્ધારને વિલંબમાં નાખે છે, અને તેમાં રૂકાવટ કરે છે.

## છૂટયા પછી શું જોવા મળ્યું

જેલમાંથી છૂટયા પછી મારી પત્નીને મળ્યો ત્યારે વાત કરતા તેણે પૂછવા માંડયું હવે તમે શું કરવાનો વિચાર કરો છો? મેં જવાબ આપ્યો, મારા મનમાં ઊંડે ઊંડે તો એવી ઇચ્છા છે કે હું એકાંતમાં રહેવા ચાલ્યો જાઉં અને મનનમાં સમય ગાળું. મારી પત્નીને પણ એ વિચાર ગમ્યો.

મારી જુવાનીમાં હું બહુ તરવરીયો જીવ હતો. પણ લાંબો જેલનિવાસ અને તેમાં પણ એકલવાસ કરવો પડવાથી મારા સ્વભાવમાં ભારે પરિવર્તન આવ્યું હતું. હવે હું મનન અને ચિંતનમાં આનંદ માણતો થયો હતો. હૃદયમાંનાં બધાં તોફાનો શાંત થઈ ગયાં હતાં. સામ્યવાદની પણ હવે મને બહુ ચિંતા થતી ન હતી. એના પર મારૂં ચિત્ત ખાસ જતું નહિ. હું તો જાણે મારા સ્વર્ગીય રાજકુમારનાં આલિંગનોનો આસ્વાદ માણી રહ્યો હતો. મને ત્રાસ આપનારા માટે પ્રાર્થના કરતો અને ખરા હૃદયથી તેમના માટે પ્રેમભાવ અનુભવતો.

મને છૂટવાની જરા પણ આશા ન હતી. તો પણ મનમાં થતું તો ખરૂંજ કે અહીંથી છૂટવાનું મળે તો શું કરવું. એ સાથેજ મનમાં ખ્યાલ ખડો થઈ જતો કે છૂટયા પછી સીધા જ કોઈ એકાંત સ્થળે ચાલ્યા જવું અને અરણ્ય જેવા સ્થળે રહી સ્વર્ગી રાજકુમાર સાથે પ્રેમ માણ્યા કરવો.

ઈશ્વર "મૂળ" સત્ય છે. બાયબલ એ મૂળ સત્ય સંબંધે પ્રગટ થએલું સત્યકથન છે. ઈશ્વરવિદ્યા મૂળ સત્ય સંબંધે પ્રગટ થએલા સત્ય

કથનનું વિવરણ કરે છે. ફન્ડામેન્ટાલીઝમ (આ એક મત છે) મૂળ સત્ય સંબંધે પ્રગટ થએલા સત્ય કથનના વિવરણને અમૂક રીતે સમજાવતું સત્ય છે. ખ્રિસ્તીઓ આ પ્રમાણે મૂળ સત્ય અંગે અનેક પ્રકારના ગૌણ સત્યો વચ્ચે જીવન ગુજારી રહ્યા હોવાથી મૂળ સત્યને નિર્ભેળ રૂપમાં ગ્રહણ કરી શકતા નથી. ભૂખમરો, શારીરિક કષ્ટ અને માદક દવાઓની અસરથી અમે ઈશ્વરવિદ્યા અને બાયબલને મોટા ભાગે ભૂલી ગયા હતા. મૂળ સત્ય અંગેનાં બીજાં ગૌણ સત્યો અમારી યાદદાસ્તમાંથી લોપ થતાં જતાં હતાં. એનું એક શુભ પરિણામ એ ઉપજયું કે અમે સીધેસીધો ઈશ્વરને ગ્રહણ કરી લીધો. શાસ્ત્રવચન છે કે "માણસનો દીકરો અણધારી રીતે અને અણધાર્યા સમયે આવી પડશે." અમારામાં ઊંડા વિચાર કરવાની શક્તિ જ રહી ન હતી. પણ સૌથી ભીષણ ત્રાસની પળે માણસનો દીકરો અમારી પાસે આવી પહોંચતો. તેના આગમનથી જેલની દિવાલો હીરાની માફક ઝળહળી ઉઠતી. ખોલીમાં પ્રકાશ પ્રકાશ થઈ રહેતો. અમારૂં મન એવી ઉંચી કક્ષાએ પહોંચી જતું કે અમને રીબાવનારા ક્યાંય નીચે દૂર હોય એવું અમને લાગતું. શરીર કષ્ટ ભોગવતું હોય ત્યારે પણ આત્મા તો પ્રભુમાં આનંદમાં તરબોળ રહેતો. આવો આનંદ છોડીને તો રાજાના મહેલમાં જવાનું પણ અમે પસંદ ન કરીએ એવી સ્થિતિ રહેતી.

કોઈ સામે લડત ચલાવવાનો વિરોધ કરવાનો કશો જ વિચાર મારા મનમાં રહ્યો ન હતો. મારે કોઈ જાતનું યુદ્ધ લડવું ન હતું. ન્યાયને ખાતર ઝૂઝવાની તમન્ના પણ શાંત થઈ ગઈ હતી. મારી તો એક જ તીવ્ર ઈચ્છા હતી કે ખ્રિસ્તને નામે જીવંત મંદિરો ઉભાં કરવાં જેલમાંથી બહાર આવ્યો ત્યારે શાંત જીવન ગાળતાં મનન ચિંતનમાં સમય ગાળવાના જ વિચારો મનમાં અગ્રસ્થાને હતા.

પણ બહાર આવ્યા પછી મેં જોયું કે જેલમાંના અત્યાચારો કરતાં ક્યાંય ભીષણ રૂપમાં સામ્યવાદ બહાર તો અનેકવિધ રીતે ફાલી રહ્યો હતો. જુદી જુદી મંડળીઓના પાસ્ટરો અને ધર્મસેવકોને મળ્યો

ત્યારે તેઓએ દુઃખપૂર્વક કબૂલ કર્યું કે "અમારે અને બિશપોને પણ ન છૂટકે મંડળીઓ સંબંધીની બાતમી છૂપી પોલીસને પૂરી પાડવી પડે છે." મેં પ્રશ્ન કર્યો, "જેલમાં જવાનું જોખમ ખેડીને એ કાર્ય બંધ કરવાની તમારી તૈયારી છે?" તેઓએ ઝટ જવાબ આપ્યો, "ના ભાઈસા'બ." તેઓએ પછી ખુલાસો કર્યો કે અમારે પોતાને અત્યાચાર વેઠવા પડે તેથી અમે ડરતા નથી, પણ એક નવું જોખમ હમણાંથી ઉભું થયું છે. જો અમે માહિતી પૂરી ન પાડીએ તો હવે તો મંડળીને વિખેરી નાખીને દેવળ બંધ કરી દેવામાં આવે છે. હું જેલમાં ગયો તે પહેલાં આવી પરિસ્થિતિ ન હતી.

અમારા દેશમાં દરેક શહેરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પર અંકુશ માટે એક અધિકારી નીમાએલો હોય છે. તે કોમ્યુનિસ્ટ છૂપી પોલીસનો માણસ હોય છે. તે ચાહે તે પાળક કે યાજકને ગમે ત્યારે બોલાવીને મંડળી સંબંધી પૂછપરછ કરવાની સત્તા ધરાવે છે. કોણ કોણ વારંવાર પ્રભુભોજન લે છે, કોને ધર્મની આસ્થા વધુ છે, કોણ બીજાઓને ખ્રિસ્તને શરણે લાવવામાં વધુ આતુર જણાય છે, પોતાનાં પાપની કબૂલાત કરવા કોણ કોણ આવે છે, એવી એવી અનેક વિગતોને માગે છે. જો કોઈ પાસ્ટર બરાબર જવાબ આપે નહિ કે અધિકારીને એમ લાગે કે ખરા જવાબ મળતા નથી તો તેને બરતરફ કરીને બીજા કોમ્યુનિસ્ટ તરફી "પાસ્ટર"ની નીમણૂંક કરવામાં આવે છે. આ બીજો નીમાએલો માણસ તો તેમનો મળતીઓ હોવાથી મંડળીની રજેરજ વાતો અધિકારીને મળી જાય છે. જો નીમણૂંક માટે યોગ્ય માણસ ન મળે તો મંડળી વિખેરી નંખાય. જો કે ખાંધીયા મળી જ રહે છે.

આમ મોટાભાગના ધર્મસેવકો છૂપી પોલીસને માહિતી આપતા હતા. એમાંના કેટલા કમનથી નાછૂટકે આપતા એટલે અમુક અમુક બાબતો પાછી રાખતા પણ ઘણાને તો હવે ટેવ પડી જવાથી તેમનાં મન નઠોર થઈ ગયાં હતાં. અને ગમે તેવું ક્રૂર પરિણામ આવે તેમ

હોય છતાં બાતમી હળવા દિલે આપી દેતા. કેટલાક એવા પણ હતા કે આ કાર્યમાં તેમને મઝા પડતી, અને પૂછ્યા વગર વધારાની માહિતી આપતા અને મીઠું મરચું ભભરાવીને વાતનું વતેસર કરતા.

ખ્રિસ્તી શહીદોનાં બાળકોને કેટલાક કુટુંબોમાં પ્રેમપૂર્વક આશ્રય આપવામાં આવ્યો હતો. એ આશ્રિત બાળકો પાસેથી જ તે કુટુંબો સંબંધી બાતમી મેળવવાના પ્રયાસ કરવામાં આવતા. એ બાળકો જ આવીને કહી દેતાં કે અમારી પાસેથી પરાણે પરાણે બધું પૂછી લેવામાં આવે છે. તેમને બીક પણ બતાવવામાં આવતી કે જો જવાબ નહિ આપો તો ભણવાનું બંધ કરી દેવામાં આવશે.

બાપ્ટિસ્ટ સંપ્રદાયની એક કોંગ્રેસમાં હાજરી આપવાનો પ્રસંગ મને પ્રાપ્ત થયો હતો. એ પરિષદના સ્થાન પર લાલ ધ્વજ ફરકી રહ્યો હતો. પરિષદના પ્રમુખ તરીકે કોને "ચૂંટવા" તે કોમ્યુનિસ્ટ સત્તાવાળાઓએ અગાઉથી નિશ્ચિત કરી મૂક્યું હતું.

આ પછી મને બધેથી સમાચાર મળતા ગયા કે બધી સત્તાવાર માન્ય થએલી મંડળીઓમાં કોમ્યુનિસ્ટોએ આગળથી નક્કી કરેલા માણસો જ ચૂંટાયા હતા. આ જોઈને "અતિ પવિત્ર ઉચ્ચ સ્થાનમાં અમંગળ વેરાન" જોવા મળશે એમ પ્રભુએ કહ્યું હતું તે શું હશે તે મારા સમજવામાં આવ્યું.

પાળકો તો સારા પણ હોય અને સારા ન પણ હોય એ હંમેશથી ચાલતું આવ્યું છે. પણ એક હાડોહાડ નાસ્તિક પક્ષની મધ્યસ્થ સમિતિ ખ્રિસ્તી મંડળીના આગેવાનોની નિમણૂક કરીને ઈશ્વરની મંડળી ચલાવવાનો ડોળ કરે એવું તો ઇતિહાસમાં પહેલી જ વાર જોવા મળ્યું. જે પક્ષ ધર્મનો નાશ કરવાનું વ્રત લઈને બેઠો છે તે મંડળીને કઈ જાતની દોરવણી આપવાનો? એ તો દેખીતું જ છે કે તે મંડળીને જડમૂળથી ઉખેડી નાખવાનાં જ પગલાં લેવા શરૂઆત કરશે.

લેનીનના લખાણમાં આ કથન મળે છે: "ધર્મ સંબંધી કોઈ

પણ વિચાર કે ઈશ્વિર સંબંધી કોઈ પણ વિચાર કરવાની સહેજ પણ છૂટ આપવી તે ભીષણ દુષ્ટાઈ ગણાવી જોઈએ. એવો વિચાર તો ભારે અનર્થકારી ચેપ જેવો ગણાવો જોઈએ. ઈશ્વિર સંબંધીનો એક જ વિચાર એટલો બધો જોખમકારી છે કે તેની સરખામણીમાં લાખો પાપકર્મો, ગલીચ કાર્યો, બળાત્કાર કે શારીરિક રોગનાં જોખમ પણ કંઈ વિસાતમાં નથી. એમ સમજવું."

સોવિયેટ સંઘની બધી કોમ્યુનિસ્ટ શાખાઓ લેનીનવાદી છે. કેન્સર, ક્ષયરોગ કે સીફીલીસ કરતાં પણ ધર્મ વધુ ભયંકર જોખમકારક છે એમ તેઓ માને છે. આવી માન્યતા ધરાવનારા પાછા ખ્રિસ્તી મંડળીઓના ધાર્મિક નેતાની નિમણૂંક કરે છે! આવા કોમ્યુનિસ્ટ નેતાઓ સાથે મંડળીઓના આગેવાનો સમાધાન કરી લે છે અને વ્યવહારમાં બાંધછોડ કરે છે.

બાળકો અને યુવાનોને નાસ્તિકવાદનું ઝેર કેવી રીતે અપાય છે તે પણ મેં જોયું છે. સત્તાવાર મંડળીના અધ્યક્ષો એ પ્રમાણે અપાતા શિક્ષણનો જરા પણ વિરોધ કરી શકતા નથી. આખા બુખારેસ્ટમાં એક પણ મંડળીમાં રવિવારે શાસ્ત્રશિક્ષણના વર્ગો કે યુવકસભાઓ થતાં નથી. ખ્રિસ્તીઓનાં બાળકો પણ કોમ્યુનિસ્ટોનું ધિક્કારનું શિક્ષણ મેળવે છે.

આ બધું જોયા પછી મને કોમ્યુનિઝમ પ્રત્યે ખૂબજ ઘૃણા ઉપજી. એટલી ઘૃણા તેમના અત્યાચારને લીધે પણ ઉપજી નહોતી.

મારા પર જુલમો ગુજારવાથી મારા મનમાં આવો ધિક્કાર પેદા થયો ન હતો. પણ તેઓ આવી નીતિદ્વારા ઈશ્વિરની ભવ્યતાને કાલિમા લગાડી રહ્યા છે, ખ્રિસ્તના નામને નુકસાન પહોંચાડી રહ્યા છે અને તેમની સત્તા તળેના એકસો અબજ જેટલા માણસોની જે દશા કરી રહ્યા છે તે જોઈને મારા આવેશની સીમા ન રહી.

દેશભરમાંથી ગામડીઆ ખેડૂતો મને મળવા આવ્યા. તેઓએ સામ્યવાદની સામુહિક ખેતી યોજનાઓ કેવી રીતે અમલમાં મૂકાતી

હતી તે સંબંધી સમાચાર આપ્યા. પહેલાં જે ખેતરો અને દ્રાક્ષાવાડીઓના પોતે માલીક હતા તેમાં હવે તેઓ વેઠીયા તરીકે કામ કરી રહ્યા હતા. તે અર્ધાભૂખ્યા પેટે કામ કરતા અને પેટ ભરીને કદી ખાવાનું પામતા ન હતા. બાળકોને દૂધના વાખા હતા. ફળફળાદિ તો જોવા પામતાં નહિ. કુદરતી સમૃદ્ધિથી ભરપૂર પ્રાચીન કનાન જેવા દેશની આવી દશા કરી નાખવામાં આવી હતી.

આ ભાઈઓએ મારી આગળ કબૂલ કર્યું કે સામ્યવાદી શાસન આવ્યા પછી અમે જૂઠ અને ચોરીનો આસરો લેતા થઈ ગયા છીએ. ભૂખમરો વેઠાતો નથી એટલે ખેતરોમાંથી અમે છાનામાના અનાજ લઈ આવીએ છીએ. જો કે એ ખેતરો પહેલાં તેમનાં પોતાનાં હતાં પણ હવે તે સામૂહિક માલિકીનાં ગણાય છે. આ પ્રમાણે કરેલી ચોરી છૂપાવવા જૂઠું બોલવું પડતું.

દેશના બુદ્ધિશાળી વર્ગને પોતાના અંતરાત્માની પ્રતીતિ વિરૂદ્ધ શાળાઓમાં 'ઇશ્વર નથી' એવું શિક્ષણ આપવું પડતું હતું.

જગતના લગભગ ત્રીજા ભાગના લોકોને વિનાશના માર્ગે ઘસડી જવામાં આવે છે અને સાચી પરિસ્થિતિ વિષે તેમને અંધારામાં રાખવામાં આવ્યા છે.

યુવતીઓ આવીને મારી આગળ ફરિયાદ કરવા લાગી કે અમને કોમ્યુનિસ્ટ સંસ્થાઓમાં આમંત્રણ આપીને બોલાવવામાં આવે છે. પછી ત્યાં અમને ઠપકો આપવામાં આવે છે કે ફલાણા ફલાણા ખ્રિસ્તી યુવક સાથે સારો સંબંધ કેમ રાખો છો અથવા તેને કેમ ચૂંબન કરો છો ? અમારી આગળ બીજા યુવકોના નામ સૂચવવામાં આવતાં અને પરોક્ષ રીતે સમજાવવામાં આવે છે કે એવા યુવકો સાથે સંબંધ કેળવશો તો કંઈ વાંધો નહિ પડે.

આવું બધું જે ચાલી રહ્યું હતું તે જૂઠની પરાકાષ્ઠાએ પહોંચેલું અને અતિ વિરૂપ લાગતું હતું.

ભૂગર્ભ મંડળીઓના મહારથીઓને હું મળ્યો. તેઓ તો મારા

જુના સાથીઓ હતા. તેમાંના કેટલાક જેલમાં ગયા ન હતા. કેટલાક જેલનો અનુભવ લઈ આવ્યા હતા. તેમણે જેલમાંથી પાછા ફર્યા બાદ પ્રથમનું કાર્ય ફરી ઉપાડી લીધું હતું. એ બધાનું સૂચન હતું કે મારે ફરી તેમની સાથે લડતમાં જોડાઈ જવું. મેં તેમની ગુપ્ત સભાઓમાં હાજરી આપી. સભાઓમાં હાથે લખેલી પત્રિકાઓમાંથી સ્તોત્રો ગાઈને તેઓ ભજન કરતા હતા.

એ જોઈને મને સંત એન્થનીની વાત યાદ આવી. ત્રીસ વર્ષથી તે જંગલમાં એકલવાસ કરી રહ્યો હતો. સંસારનો સંપૂર્ણ ત્યાગ કરીને તે પ્રાર્થના અને ઉપવાસમાં આખો સમય ડૂબેલો રહેતો. એવામાં તેના સાંભળવામાં આવ્યું કે સંત એથેનેસીયસ અને એરીયસ વચ્ચે વિવાદ ઉભો થયો છે. ઇસુ ખ્રિસ્તના ઈશ્વરત્વ સંબંધી બંને ભિન્ન અભિપ્રાય ધરાવતા હતા. આ વિવાદ બહુ ઉગ્ર થઈ ગયો હતો તેથી મહાન સંત એન્થનીએ એ વાત સાંભળી કે તરત તે પોતાનો એકાંતવાસ છોડીને એલેક્ઝાન્ડ્રીઆ પહોંચી ગયો. સત્યના સમર્થન માટે તે પોતાનો ફાળો આપવા માગતો હતો.

એ સાથે મને સંત બર્નાર્ડ ડી ક્લેરવોની યાદ આવી. તે પણ પહાડમાં ઘણી ઉંચાઈએ એકાંતવાસ કરીને ધ્યાનમાં સમય ગાળતો હતો. તે વખતે ધર્મયુદ્ધોનું ભારે ઝનૂન ખ્રિસ્તી પ્રજાઓમાં ફેલાયું હતું. એ મૂર્ખાઈ વિષે સાંભળીને ખ્રિસ્તીઓને સત્ય માર્ગનું ભાન કરાવવા તે જનસમુદાયમાં હાજર થઈ ગયો. તેણે વાત સાંભળી કે ખ્રિસ્તીઓ, આરબો, યહુદીઓ અને બીજા સાંપ્રદાયિક જુથના લોકો એક બીજાની કતલ કરી રહ્યા હતા, અને તે એક ખાલી કબરના સ્થાનનો કબજો લેવા માટે જ, એ સમાચાર મળતાં જ તે પોતાનો મઠ છોડી નીચે ઉતરી આવ્યો અને ખ્રિસ્તી ધર્મયુદ્ધો વિરુદ્ધ ઉપદેશ આપી જનમત કેળવવા માંડયો.

આ બધું જોઈને મેં ખ્રિસ્તી તરીકેની મારી ફરજ અદા કરવાનો નિશ્ચય કર્યો. પ્રભુ ઇસુ અને અન્ય મહાન સંતો જેવા કે પ્રેષિત

પાઉલ વગેરેના નમૂના પ્રમાણે ચાલવાનું નક્કી કરી, નિવૃત્ત થવાનો વિચાર માંડી વાળી મેં લડતમાં ઝંપલાવવાનો વિચાર કર્યો.

આ લડત કેવી થશે?

જેલમાંના ખ્રિસ્તીઓએ હંમેશાં પોતાના શત્રુઓ માટે પ્રાર્થના કરીને તેમની આગળ સુંદર પુરાવા રજુ કર્યા છે. અમારા મનમાં એવી ઉત્કટ ભાવના હતી કે કોમ્યુનિસ્ટોનો પણ ઉદ્ધાર થાય. જ્યારે જ્યારે કોઇ કોમ્યુનિસ્ટનું પરિવર્તન થતું ત્યારે અમને ખૂબ આનંદ થતો.

પણ દુષ્ટ કોમ્યુનિસ્ટ તંત્ર પ્રત્યે મને તરસ્કાર હતો અને તેની સામેની લડતમાં ઝંપલાવનાર ભૂગર્ભ ખ્રિસ્તી મંડળીને વધુ સબળ કરવાની મારી ઇચ્છા હતી. આ ભયંકર જુલમી શક્તિને ઉથલાવી પાડવાની શકિત ભૂગર્ભ મંડળી જ ધરાવતી હતી.

હું ફક્ત રૂમાનીયાનીજ ફિકર કરતો નથી, પણ સકળ કોમ્યુનિસ્ટ જગતના શાસનતંત્ર માટે મને અકળામણ થયા કરે છે.

પણ પશ્ચિમમાં તો આ સંબંધી ખૂબ જ ટાઢક જણાય છે.

બે કોમ્યુનિસ્ટ સાહિત્યકારો સિનિઆવ્સ્કી અને ડેનિયલને કોમ્યુનિસ્ટ સત્તાધીશોએ જેલની સજા કરી ત્યારે દુનિયા ભરના સાહિત્યકારોએ ઉહાપોહ મચાવી દીધો હતો. પણ ખ્રિસ્તીઓને ધર્મપાલન માટે જેલમાં પૂરવામાં આવે છે ત્યારે બીજી ખ્રિસ્તી મંડળીઓ કશો વિરોધ કર્યા વિના નિરાંતે બેસી રહે છે.

ટોરી અને બીજા લેખકોની લખેલી ધર્મ અંગેની પુસ્તિકાઓ અને બાયબલના ભાગો જેવાં "ઝેરી" ખ્રિસ્તી પ્રકાશનો વહેંચવાના આરોપ માટે ભાઈ કુઝીકને સજા કરવામાં આવી ત્યારે કોઇનું રૂંવાડુંએ ફરકયું ન હતું. લેખિત બોધભાષણોની નકલો વહેંચવા માટે સજા વેઠતા ભાઈ પ્રોકોફિવની કોને પડી છે? રશિયામાં પણ એવો આરોપ માથે લઈને સજા વેઠનાર, કોમ્યુનિસ્ટોના હાથે પોતાનો પુત્ર ગુમાવનાર હેબ્રી ખ્રિસ્તી ગ્રનવાલ્ડની વાત કોણ જાણે છે? મારા દીકરા મિહાઇથી

મારે વિયોગી થવું પડ્યું ત્યારે મારા દિલમાં શું શું થતું હતું તે તો હું જ જાણું છું. એટલે ભાઈ ગ્રુનવાલ્ડ, ઈવાનેન્કો, ગ્રેની શેવશુક, ટૈશ્યા કાચેન્કો, ઈકિટેરીના વેકાઝીના, જ્યોર્જી વેકાઝીન, લેટવીઆનું પિલાટ દંપતી, અને એવાં અસંખ્ય ભાઈબેનોનાં દુઃખમાં હું સહ-ભાગીદાર થાઉં છું. એ બધા વીસમી સદીના ધર્મવીરો અને સંતો થઈ ગયા છે! જંગલી પશુઓ આગળ ફેંકાવા માટે પ્રથમ સદીના ખ્રિસ્તીઓ લઈ જવાતા ત્યારે તેમને બાંધેલી સાંકળોને સાથી ખ્રિસ્તીઓ પ્રેમભાવથી ચૂમીઓ કરતા તેમ આ ધર્મવીરોની સાંકળોને હું પણ ચૂંબનથી અંજલિ આપું છું.

પશ્ચિમની મંડળીઓના આગેવાનોને આ ધર્મવીરોની દશા સંબંધી જરા પણ ઉંચો જીવ હોય એમ લાગતું નથી. પોતાની પ્રાર્થનાની યાદીમાં તેઓ શહીદનાં નામો સામેલ કરતા નથી. એક બાજુ ખ્રિસ્તીઓ જ્યારે પોતાના દેશમાં ત્રાસ અને સજા ભોગવી રહ્યા હતા ત્યારે બીજી બાજુ તેમના કહેવાતા આગેવાનો, (રશિયન અને ઓર્થોડૉક્ષ મંડળી-ઓના સત્તાવાર નેતાઓ) દ્રોહ કરીને ખ્રિસ્તી મંડળીઓની વિશ્વ પરિષદમાં ભાગ વઈ નવી દિલ્હીમાં મહેમાનગતિ માણી રહ્યા હતા. એ ઉપરાંત જીનીવા અને બીજે ભરાતી પદિષદોમાં આદરમાન સ્વીકારતાં તેઓ છાતી ઠોકીને કહેતા હતા કે રશિયામાં પૂરેપૂરી ધાર્મિક સ્વતંત્રતા દરેક જણ ભોગવે છે. આ નરદમ જૂઠાણું છે, કારણ કે હજારો ખ્રિસ્તીઓ તે જ સમયે જેલ ભોગવતા હતા.

સામ્યવાદી બિશપ નીકોદીમ તરફથી આવી ખાત્રી મળતાં ખ્રિસ્તી–મંડળીઓની વિશ્વપરિષદના એક અધ્યક્ષે બિશપને ચૂમી લીધા હતા. એ પછી તેઓ બધાએ મોટો ભોજનસમારંભ માણ્યો હતો. એ જ સમયે ત્યાં જેલમાં પડેલા સંતો બિચારા વગર ધોએલાં ગંદાં આંતરડાં અને કોબીજનું શાક ન છૂટકે ખાતા હતા. ખ્રિસ્તના નામને ખાતર મારે પણ એવો ખોરાક ખાવો પડ્યો હતો.

આ બધું આમને આમ હંમેશાં ચાલવાનું નથી. આથી જો પ્રસંગ

મળે તો મારો દેશ છોડી પશ્ચિમમાં જઈ, ખ્રિસ્તીઓ કોમ્યુનિસ્ટોના હાથે કેવા કેવા અત્યાચારો વેઠે છે તેનો ખ્યાલ મારે આપવો એવું ભૂગર્ભ મંડળીએ ઠરાવ્યું

સામ્યવાદને પદભ્રષ્ટ કરવાનો મેં નિશ્ચય કર્યો છે, એ ખરું પણ કોમ્યુનિસ્ટો પ્રત્યે મને પ્રેમભાવ છે. સામ્યવાદને દોષિત બતાવ્યા વિના સુવાર્તાનો યોગ્ય પ્રચાર થઈ શકે નહિ એમ મને લાગે છે.

કેટલાક મને સલાહ આપે છે કે "નિર્ભેળ સુવાર્તાનો પ્રચાર કરવો!" એ સલાહ સાંભળીને મને કોમ્યુનિસ્ટોની સલાહ યાદ આવી. તેમણે પણ મને શરૂઆતમાં કહેલું કે તમે સામ્યવાદને અંદર લાવ્યા વિના ફક્ત ખ્રિસ્તનો ભલે ઉપદેશ કર્યા કરજો. જેઓ નિર્ભેળ સુવાર્તાની હિમાયત કરે છે તેઓ કોમ્યુનિસ્ટ છૂપી પોલીસ સાથે એકમત થયા હશે કે શું?

મને તો આ નિર્ભેળ સુવાર્તા શું હશે તે જ સમજાતું નથી, સંત યોહાન બાપ્તિસ્મીનો ઉપદેશ નિર્ભેળ હતો ખરો? "પસ્તાવો કરવા માંડો, સ્વર્ગીયશાસન આવવામાં છે" એટલો જ સંદેશો આપીને તે અટકી ગયો નહિ પણ તેણે તો હેરોદને સીધો પડકાર દીધો કે "હેરોદ, તું દુષ્ટ છે," તેનું શિક્ષણ ફક્ત વિચારના ક્ષેત્રમાં જ રહે તેવું ન હતું પણ તે જીવનને ખાસ મુદ્દાના સ્થળે સ્પર્શતું હતું. એને એનું ઉગ્ર પરિણામ વેઠવાનું આવ્યું. તેને પોતાનું માથું ગુમાવવું પડ્યું. ઈસુએ પણ ગિરિપ્રવચનની નરી હવાઈ વાતો કરી ન હતી પણ આ જમાનાના ધર્માધ્યક્ષો તો નકારાત્મક ગણી કાઢે તેવાં પ્રવચનો પણ તેણે કર્યાં હતાં. જેમકે, "ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, તમને અફસોસ છે.' ઓ ઢોંગીઓ સર્પોના વંશજો!" વગેરે આવા "અશુદ્ધ" ઉપદેશ માટે તેને થાંભલા પર લટકવાનું આવ્યું. એકલા ગિરિપ્રવચનની તો ફરોશીઓએ કશી પરવા કરી ન હોત તે દેખીતું છે.

પાપને તો બેધડક ઉઘાડું પાડવું જ જોઈએ. આજે દુનિયામાં સામ્યવાદ એ હાનિકારક પાપ સમાન છે. સુવાર્તાપ્રચાર સાથે સાથે

સામ્યવાદમાં રહેલો દોષ સ્પષ્ટ કરવામાં ન આવે તો તેવી સુવાર્તા શુદ્ધ સુવાર્તા ન ગણાય. ભૂગર્ભ મંડળી એ દોષ સ્પષ્ટ કરવામાં પોતાનો જીવ અને સ્વાતંત્ર્ય હોડમાં મૂકીને પણ એ કાર્ય બરાબર રીતે બજાવે છે. અહીં પશ્ચિમમાં આપણે મૌન રહીએ તે ન શોભે.

## પશ્ચિમમાં પણ ચાલુ રહેલી મારી યાતના

કોમ્યુનિસ્ટ દેશમાં મેં વેઠયો હતો તેના કરતાં વધુ ત્રાસ હું અહીં પશ્ચિમમાં આવ્યાબાદ વેઠી રહ્યો છું.

પ્રથમ તો ભૂગર્ભ મંડળીનું પવિત્ર સૌંદર્ય માણવાની મને તલપ છે પણ તે અહીં પૂરી પડતી નથી તેથી મને માનસિક અતૃપ્તિનો ત્રાસ વેઠવો પડે છે. એ ભૂગર્ભ મંડળી તો પ્રાચીન લાટીન કહેવત પૂર્ણ કરી રહી છે કે નગ્ન જેવા અમે નગ્ન ખ્રિસ્તને અનુસરીએ છીએ.

કોમ્યુનિસ્ટ છાવણીમાં માણસના દીકરાને તેમજ તેનાં સંતાનને માથું મૂકવાનું ઠેકાણું નથી. તે દેશોમાં ખ્રિસ્તીઓ પોતાના માટે ઘર બાંધતા નથી. ઘર બાંધવાથી ફાયદો પણ શો? ખ્રિસ્તી માણસની ધરપકડ થાય એટલે તેનું ઘરબાર બધું જપ્ત થઈ જાય. કોઈ ખ્રિસ્તીએ નવું ઘર બાંધ્યું છે એવી ખબર સત્તાધીશોને પહોંચે એટલે ગમે તે બાને તેને જેલ ભેગો કરવામાં આવશે. પછી કોમ્યુનિસ્ટો ઘર પચાવી પાડશે. પોતાના પિતાને દફનાવવાનો સમય આવે ત્યાં સુધી વિલંબ થઈ શકે તેમ નથી. ખ્રિસ્તની પાછળ ચાલી નીકળતાં કુટુંબની વિદાય લેવાનો પ્રસંગ પણ મળે તેવી ખાત્રી નથી. ખ્રિસ્તીને માટે મા, બેન, ભાઈ કોણ હોઈ શકે? એ બાબતમાં તો ચેલા પણ સ્વામીના જેવીજ કક્ષાએ પહોંચી ગયા છે. જેઓ ઇશ્વિરની આજ્ઞાને અનુસરનારા છે તેઓ જ સગાં ગણી શકાય. લોહીની સગાઈનો શો ભરોસો રાખી શકાય? જ્યારે પત્ની ઉઠીને પતિને, બાળકો પોતાનાં માબાપને કે કન્યા પોતાના વરને દોષ દેવા માંડે ત્યાં સગાં કોને ગણી શકાય? આધ્યાત્મિક સગાઈ જ આવા સંજોગોમાં તો ટકી રહે છે.

ભૂગર્ભ મંડળી ગરીબ અને દુઃખગ્રસ્ત છે પણ તેમાં અધકચરા ખ્રિસ્તીઓ નથી.

આ ભૂગર્ભ મંડળીમાં પ્રાચીન મંડળીના જેવી જ ભજન સેવા ચાલે છે. ઉપદેશ આપનારને ઈશ્વરવિદ્યાનું ઝાઝું જ્ઞાન હોતું નથી. તેને વકતૃત્વ કળાનો કોઈ ખ્યાલ હોતો નથી. પિટરને બરાબર બોલતાં પણ આવડતું ન હતું. પચાસમાના પર્વના દિવસે પિટરે જે ભાષણ કરેલું તે કોઈ પ્રોફેસરે સાંભળ્યું હોત તો તેને બહુ ઓછા ગુણ આપત. કોમ્યુનિસ્ટ દેશોમાં બાયબલો બહુ ઓછાં હોવાથી બાયબલની કલમોનું જ્ઞાન ઘણું અલ્પ હોય છે. તેમાં અધૂરામાં પૂરૂં જો ઉપદેશક જેલમાં રહી આવ્યો હોય તો તો વર્ષો સુધી બાયબલ જોવા પણ શાનો પામ્યો હોય ?

આવા ઉપદેશકો જ્યારે ઈશ્વરપિતા પરની શ્રદ્ધા સંબંધી સાક્ષી આપે ત્યારે તેમના એ કથનમાં ઘણો અર્થ ભરેલો હોય છે. તેમના દરેક કથન પાછળ કંઈને કંઈ ઇતિહાસ છૂપાયેલો હોય છે. તેઓ કેદખાનામાં સર્વશક્તિમાન ઈશ્વર પાસે દિવસને માટે રોટલી માગે છે ત્યારે કોબીજ અને તેની સાથે નામ દેતાં ઘૃણા છૂટે તેવી ગંદકી મળે છે છતાં જ્યારે તેઓ કહી શકે ઈશ્વર પ્રેમમય પિતા છે ત્યારે તે શ્રદ્ધાની પરાકાષ્ઠા છે. અયૂબની માફક તેઓ ઉદ્‌ગાર કાઢે છે કે ઈશ્વરે અમને તરછોડી દીધા છે, છતાં તેઓ ઈશ્વરને બાપ તરીકે સંબોધન કરીને હાંક મારે છે.

જેઓએ ભૂગર્ભ મંડળીનું સૌંદર્ય નિહાળ્યું છે તેઓ પશ્ચિમની મંડળીઓના ખાલીદમામથી કદી અંજાશે નહિ.

કોમ્યુનિસ્ટ જેલના કરતાં પશ્ચિમમાં મને વધુ ત્રાસ વેઠવો પડતો હોય એમ લાગે છે કારણ કે પાશ્ચાત્ય સંસ્કૃતિને મરણને પંથે ગતિ કરતી હું મારી નજરે જોઈ રહ્યો છું.

ઓસ્વાલ્ડ સ્પેન્ગ્લર તેના પુસ્તક "પશ્ચિમનું પતન" માં જણાવે છે :

"તમે મરી રહ્યા છો. મને તમારામાં જીર્ણતાનાં સઘળાં વિશિષ્ટ લક્ષણો નજરે પડે છે. તમારી સમૃદ્ધિ અને તમારી ગરીબાઇ, તમારો મૂડીવાદ અને તમારો સમાજવાદ, તમારા વિગ્રહો અને ક્રાંતિઓ, તમારી નાસ્તિક માન્યતાઓ, તમારો નિરાશાવાદ, તમારી દોષ દૃષ્ટિ, તમારી ભ્રષ્ટતા, તમારા લગ્નવિચ્છેદ અને તમારૂં સંતતિનિયમન એ બધાં એક તરફ તમારૂં લોહી ચૂસી લે છે અને બીજી તરફ તમારા મગજને બુઠ્ઠું કરી નાખે છે. પુરાણાં સામ્રાજ્યોની અંતિમ દશામાં આવાં જ લક્ષણો જોવામાં આવ્યાં હતાં તે હું પુરવાર કરી આપી શકું તેમ છું. એલેક્ઝાન્ડ્રીયા, ગ્રીસ કે અસ્થિર મનવાળું રોમ એ બધાં એ જ નિશાનીઓ બતાવી રહ્યાં હતાં."

ઈ. સ. ૧૯૨૬ માં કરેલા લખાણમાંથી ઉપરનું અવતરણ લીધેલું છે. ત્યાર પછી તો અર્ધું યુરોપ અને ઠેઠ કયુબા સુધી લોકશાહી અને સંસ્કૃતિનું મરણ થઈ ચૂક્યું છે. બાકીનું પશ્ચિમ ઉંઘમાં પડેલું છે.

પણ એક શક્તિ ઉંઘમાં પડી નથી. તે કોમ્યુનિસ્ટો છે. પૂર્વમાં કોમ્યુનિસ્ટોનો ભ્રમ ભાંગી ગયો છે. તેઓમાં નિરાશા વ્યાપી છે. પણ હવે પશ્ચિમમાં તેઓ જોર કરવા લાગ્યા છે. કોમ્યુનિસ્ટ દેશોમાં પ્રવર્તી રહેલી ક્રૂરતા, યાતનાઓ અને અત્યાચારના હેવાલો તેઓ માનવા જ તૈયાર નથી. ઉલટું તેઓ પોતાના સિદ્ધાંતો વગર થાકયે સર્વત્ર પ્રસારી રહ્યા છે. ઉચ્ચ લોકોનાં દિવાનખાનાંમાં, શિક્ષિતોની કલબોમાં, કોલેજોમાં, દેવળોમાં કે ગરીબ લત્તાઓમાં બધે તેઓનું કાર્ય ચાલતું જ હોય છે. આપણે ખ્રિસ્તીઓ સત્યના પક્ષે અધવધરા જોડાઈએ છીએ, પણ કોમ્યુનિસ્ટો અસત્યના પક્ષે પૂરા મનથી લાગી જાય છે.

જ્યારે આવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે ત્યારે પશ્ચિમના ઈશ્વર-વિદ્યાના વિદ્વાનો ક્ષુદ્ર મુદ્દાઓ પર વિવાદમાં સમય ગાળી રહ્યા છે.

આવું જોઈને મને મહમદ બીજાએ ૧૪૯૩ માં કોન્સ્ટાન્ટીનોપલ પર ચઢાઈ કરી ત્યારનો એક પ્રસંગ યાદ આવે છે. એ લડાઈના પરિણામ પર બાલ્કન પ્રદેશમાં ખ્રિસ્તી કે મુસ્લીમ રાજસત્તા જામવાનો

આધાર હતો. એવા કટોકટીના સમયમાં એ ઘેરાએલા શહેરમાં એક દેવળમાં વાદવિવાદ ચાલી રહ્યો હતો, કે "પવિત્ર કુમારી મરીયમની આંખની કીકીનો રંગ કેવો હશે? દૂતોની જાતિ કઈ, નર કે નારી? પવિત્ર કરાએલા પાણીમાં માખ પડે તો પાણી પવિત્ર ગણાય કે અપવિત્ર? માખ પવિત્ર પાણીના સ્પર્શથી પવિત્ર થાય કે નહિ?" કદાપી એ સમય અંગે આવી દંતકથાઓ પાછળથી પ્રચલિત થઇ હોય, પણ આજનાં પ્રકાશનો તરફ નજર કરી જાઓ તો તેમાં પણ મંડળીઓના કેવા સમાચારો અને કેવા વિષયોની ચર્ચા જોવા મળે છે? એવા જ ક્ષુદ્ર પ્રશ્નોપર શક્તિ અને સમય વેડફાતો જણાય છે. કોમ્યુનિસ્ટોનો ભય કે ભૂગર્ભ મંડળીની યાતનાઓ સંબંધી જવલ્લેજ ઉલ્લેખ થતા હોય છે.

ઈશ્વરવિદ્યાના અર્થહીન કોયડા, વિધિનિષેધની નકામી ચર્ચા અને એવી બીજી અનેક બીનજરૂરી બાબતો સંબંધી સતત ચર્ચાઓ ચાલ્યા કરતી હોય છે.

એક ઘરના બેઠકખંડમાં થોડા લોકો એકઠા થયા હતા. ત્યાં કોઈએ પ્રશ્ન મૂક્યો: "ધારો કે તમે વહાણમાં સફર કરી રહ્યા હો અને અચાનક વહાણ ડૂબવા લાગે. થોડે દૂર એકાદ ટાપુ પર પહોંચી જવાય તો બચવાની આશા રહે તેવી પરિસ્થિતિ હોય. તમને કહેવામાં આવે કે વહાણના પુસ્તકાલયમાંથી જેને જોઈએ તે એક જ પુસ્તક સાથે લઈ જઈ શકાશે. તો તમે કયું પુસ્તક પસંદ કરશો?

કોઈ બોલ્યું: "બાયબલ."

બીજા કોઈએ જવાબ આપ્યો: "શેક્સપીયરનાં લખાણ."

પણ એક જણે તદ્દન વિશિષ્ઠ જવાબ આપ્યો: "હું તો વહાણ બનાવવાનો હુન્નર શિખવતું પુસ્તક હોય તો તેજ લેવાનું પસંદ કરૂં! એમાં બતાવ્યા પ્રમાણે હોડી બનાવીને કોઈ દેશમાં પહોંચી શકાય તો પછી ત્યાં મારે જે વાંચવાની ઈચ્છા થાય તે મેળવી શકાય!"

કોઈ અમુક સંપ્રદાયની માન્યતાઓ માટે દુરાગ્રહ રાખવો યોગ્ય

નથી. બધા સંપ્રદાયોને પોતપોતાના મત માનવાની સંપૂર્ણ છૂટ હોય એ ખાસ જરૂરી છે. કોમ્યુનિસ્ટોના જુલમથી જ્યાં એ છૂટ છીનવી લેવાઈ છે ત્યાંની પરિસ્થિતિ માટે વ્યથિત થવાની જરૂર છે.

પ્રભુ ઈસુનું વચન છે કે "સત્યદ્વારા સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય છે." એવુંજ આ બીજું સૂત્ર પણ ધ્યાનમાં રાખવા જેવું છે, "કેવળ સ્વાતંત્ર્ય હોય તોજ સત્ય પ્રાપ્ત થઈ શકે છે." માટે ક્ષુદ્ર બાબતોનાં ચૂંથણાં કરવા કરતાં કોમ્યુનિસ્ટોના જુલમમાંથી છૂટકારો મેળવવાની જે લડત ચાલી રહી છે તેમાં આપણે બધા એક થઈને ઝંપલાવીએ.

લોખંડી પડદા પાછળ ખ્રિસ્તી મંડળીનાં દુઃખો વધતાં જ રહ્યાં છે. એની સાથે હું પણ સહભાગી થઈ દુઃખો અનુભવું છું. મેં પોતે એવી ખૂબ યાતનાઓ ભોગવી છે અને તેઓ શું શું વેઠી રહ્યા છે તેનો મને પૂરો ખ્યાલ છે.

ઈ. સ. ૧૯૬૭ના જુનમાં ઈઝ્વેસ્ટીઆ અને ડેરેવેન્સ્કાયાઝ ઝીઝ્ન નામનાં સોવિયેટ વર્તમાનપત્રોએ રશિયન બાપ્ટિસ્ટો પર દોષ મૂકયો કે પાપની માફી માટે બાળકોનો ભોગ ચઢાવવાનું શિક્ષણ તેઓ આપે છે. આવા આક્ષેપ જુના વખતમાં યહુદીઓને માથે પણ મૂકતા. એવું તો પહેલેથી ચાલતું આવ્યું છે.

પણ એ આક્ષેપની પાછળનો આશય હું સમજું છું. ૧૯૫૯માં રૂમાનીયાના કલ્જ ગામની જેલમાં હું હતો. મારી સાથે લાઝરોડીસી નામનો એક કેદી હતો. તેના પર એવો આરોપ હતો કે તેણે એક છોકરીને મારી નાખી છે. એ કેદી ફક્ત ત્રીસજ વર્ષનો હશે. પણ ભયંકર રીબામણને લીધે રાતની રાતમાં તેના વાળ એકદમ ધોળા થઈ ગયા હતા. તેનો દેખાવ વૃદ્ધ જેવો થઈ ગયો હતો. તેના બધા નખ ખેંચી લેવામાં આવ્યા હતા. તેણે જે ગુન્હો કર્યો જ ન હતો તે પરાણે કબૂલ કરાવવા એક પછી એક નખ ખેંચવામાં આવ્યા હતા. એક વર્ષ સુધી અત્યાચાર ગુજાર્યા પછી સાબીત થયું કે તે નિર્દોષ છે

એટલે તેને છોડી દેવામાં આવ્યો. પણ તે તો ત્યાં સુધીમાં સાવ ભાંગી પડયો હતો. હવે તેને મળેલી સ્વતંત્રતાનો કશો અર્થ ન હતો.

બીજા લોકો છાપામાં આવતા આવા સમાચાર વાંચીને કુતૂહલ અનુભવે કે હસી કાઢે કે આવાં ખોટાં આળ ચઢાવવા એ કેવી મૂર્ખાઈ કહેવાય? સોવિયેટ છાપાં શું કરવા બાપ્ટિસ્ટોને આમ અમથા વગોવતા હશે? પણ જે આવા આરોપનો ભોગ થાય છે તેના પર કેવી વીતે છે તે તો મારા જેવા કોઈક જ જાણતા હશે.

પશ્ચિમમાં રહેતાં છતાં, નજર આગળ આવી ભૂતાવળો રમ્યા કરે તે અતિ ભયંકર ત્રાસ છે. એનો મને રોજ અનુભવ થયા કરે છે.

પેટ્રીઆર્ક એલકેસી અને આર્ચબિશપ નિકોદીમ કોમ્યુનિસ્ટ સત્તાના હાથમાં હાથો બની ગયા છે અને તેમની સાથે પૂર્ણ કક્ષાએ સહકાર સાધે છે. તેમની સામે વિરોધ ઉઠાવનાર યેરમોજેન નામના કાલુગાના (સોવિયેટ સંઘ) બિશપ અને બીજા સાત બિશપોનું શું થયું તેની કોઈને ખબર જ પડી નથી. રૂમાનીયામાં મારી સાથેના કેટલાયે બિશપોને મેં કમોતે મરણને ભેટતા જોયા છે. એ યાદ કરતાં પેલા બિશપોનું શું થયું હશે તેના વિચારથી મારૂં ચિત્ત અસ્વસ્થ થઈ જાય છે.

નિકોલાઈ એશલીમાન અને ગ્લેબ યાકુમીન નામના બે ધર્મ-સેવકોએ પેટ્રીઆર્ક સમક્ષ માગણી મૂકી કે મંડળીઓને ધાર્મિક સ્વાતંત્ર્ય હોવું જ જોઈએ. આ પરથી પેટ્રીઆર્કે તેમને માટે શિસ્તભંગનાં પગલાં લીધાં છે એવા સમાચાર બહાર આવ્યા હતા. પણ રૂમાનીયાના વ્લાડીમીરેષ્ટીનાં ફાધર ઈયોન સાથે હું કેદમાં હતો ત્યારે શિસ્તભંગનાં પગલાં એ શું તેની સમજ તેમના તરફથી મને મળી હતી. કારણ કે તેમની સામે પણ એવા પગલાં લેવામાં આવેલાં. પશ્ચિમમાં તો આવા જ સમાચાર ફેલાય છે કે મંડળીના બંધારણ પ્રમાણે પગલાં લેવામાં આવ્યાં છે પણ કોમ્યુનિસ્ટ દેશોની ખ્રિસ્તી મંડળીઓના આગેવાનો છૂપી પોલીસની કામગીરી સાથે જોડાઈ ગયેલા હોવાથી મંડળીની શિસ્ત

ઉપરાંત વધુ "કડક શિસ્ત"નો પણ ઉપયોગ કરવામાં આવે છે; એટલે જેલમાં પૂરીને અત્યાચાર, મારઝૂડ અને ઘેનની દવાઓ આપીને ત્રાસ ગુજારવામાં આવે છે.

કોમ્યુનિસ્ટ છાવણીમાં ચાલી રહેલા અત્યાચારોનો ભોગ થનારા સંબંધી વિચાર આવતાં મને ધ્રૂજારી આવી જાય છે. જુલમગારોને જે ચિર અવદશા ભોગવવી પડશે તેના ખ્યાલથી પણ મારાં ગાત્ર શિથિલ થઈ જાય છે. એ બંને માટે કશી પરવા ન કરતા પશ્ચિમના ખ્રિસ્તીઓ માટે પણ મારૂં હૃદય ફફડ્યા કરે છે.

મારા મનમાં ઊંડે ઊંડે એમ પણ થાય છે કે હું મારે મારૂં જ સાચવીને બેસી રહું તો શો વાંધો? શા માટે ફોકટનો હું આ લડતમાં સંડોવાઉં? મેં આગળ જણાવ્યું છે તેમ મને તો હવે નિવૃત્તિના જીવનની ખાસ ઇચ્છા છે. પણ મારાથી એ માર્ગ લેવાય તેમ નથી. સામ્યવાદ મારા ઘર સામે આવીને ઘૂરકીયા કરી રહ્યો છે. કોમ્યુનિસ્ટોએ જ્યારે તિબ્બટ સર કર્યું ત્યારે આધ્યાત્મિક ભાવનાવાળાઓનો પ્રથમ નાશ કર્યો હતો. અમારા દેશમાં પણ જેઓએ વાસ્તવિકતાની અવગણના કરી તેમનો નાશ કરવામાં આવ્યો. ખ્રિસ્તી મંડળીઓ અને મઠો વિખેરી નાખવામાં આવ્યા. બહારના જગતને ભૂલાવામાં નાખી શકાય તેટલા પૂરતું થોડીક સંસ્થાઓ દેખાડવા માટે રહેવા દેવામાં આવી. આવા સંજોગોમાં જો હું નિવૃત્તિ લઉં તો જાણે આ જોખમોથી ડરીને હું ભાગી જવા માગું છું એવો અર્થ નીકળે. એમ કરૂં તો મારા આત્માનું પણ અહિત થાય એમ મને લાગે છે.

આ લડત અંગત રીતે મારા માટે ખૂબજ જોખમકારક છે. છતાંય મારે તેમાં ઝંપલાવવું જ જોઈશે. જો હું કદીક અદૃશ્ય થઇ જાઉં તો માનજો કે કોમ્યુનિસ્ટો મારૂં અપહરણ કરી ગયા હોવા જોઈએ. ઈ. સ. ૧૯૪૮ માં જાહેર રસ્તા પરથી મને પકડી લેવામાં આવ્યો હતો. કેદખાનામાં મારૂં નામ બદલી નાખવામાં આવ્યું હતું.

આના પાઓકર અમારા ગૃહપ્રધાન હતા. તેમણે એકવાર સ્વીડનના એલચી સર પેટ્રીક વોન રૂટર્સવર્ડે'ને વાત વાતમાં એમ પણ કહેલું, "અરે, વર્મબ્રાન્ડની વાત પૂછો છો? તે તો હવે કોપનહેગનના રાજમાર્ગો પર લહેરથી લટાર મારી રહ્યા હશે!" પણ અમારા ગૃહપ્રધાનને ખબર ન હતી કે તેજ વખતે મેં ચોરીછૂપીથી કેદખાનામાંથી મોકલેલો કાગળ એ એલચીના ખિસ્સામાં પડ્યો હતો! સર પેટ્રીકને એ જવાબથી ખાત્રી થઈ ગઈ કે મારા સંબંધી અનેક જુઠાણાં વહેતાં કરવામાં આવે છે. તે સમયે જે થતું હતું તે આજે ફરીથી પણ કોમ્યુનિસ્ટો કરી શકે. મને જેલમાં પૂરી રાખી અનેક અફવાઓ ફેલાવી શકે. જો મારૂં ખૂન થાય તો ખૂની કોમ્યુનિસ્ટોએ જ મોકલેલો હશે. બીજા કોઈને મારૂં ખૂન કરવાથી કંઈ લાભ થાય તેમ નથી. મારા ચારિત્ર્ય સંબંધી જુદી જુદી અફવા સાંભળો કે હું તદ્દન ભ્રષ્ટ છું. ચોરી કરવાની ટેવવાળો છું. અકુદરતી વિષયભોગમાં રાચનારો છું, વ્યભિચારી છું, રાજકીય બાબતમાં અસ્થિર હોઈ સંજોગો પ્રમાણે મત ફેરવનાર છું, જુઠાણાનો પ્રચાર કરનાર છું વગેરે વગેરે ઘણી વાતો સાંભળો તો તમે ખાત્રી રાખજો કે અમારા દેશની છૂપી પોલીસ મારા નૈતિક વ્યક્તિત્વનો નાશ કરવા એ બધું ફેલાવી રહી છે. તેમણે મને એવી ધમકી આપી છે કે "અમે તમને નૈતિક રીતે ખતમ કરી શકીએ તેમ છે."

યુનાઈટેડ સ્ટેટ્સની સેનેટની પેટા કમિટિ સમક્ષ મેં નિવેદન આપ્યું ત્યાર પછી રૂમાનીયાની કોમ્યુનિસ્ટ સરકારે નિશ્ચય કરી લીધો છે કે મને ખતમ કરી દેવો. એની બાતમી મને ખૂબ જ વિશ્વાસપાત્ર સ્થળેથી મળી ગઈ છે. તેઓ કાં તો મારા દેહને મિટાવી દેશે કે મારૂં ચારિત્ર્યખંડન કરશે. રૂમાનીયાના મારા મિત્રો પર ત્રાસ ગુજારીને મને અંકૂશમાં રાખવાના પ્રયત્નો પણ આદરે. તેઓ પાસે ઘણાં સબળ સાધનો છે.

છતાં હું મૂંગો રહી શકવાનો નથી. તમારી ફરજ છે કે તમે

મારી આ વાત સમજી લો. પહેલાં તો તમને કદાચ એમ લાગશે કે અતિ માનસિક ત્રાસ વેઠી વેઠીને મારા મનમાં પૂર્વગ્રહ બંધાઈ ગયો છે. આથી બધે મને સામ્યવાદી હાઉ દેખાયાં કરે છે. ઘડીભર એમ માનીલો તો પણ સારા, શાંતિપ્રિય, સમજુ નાગરિકોના મન પર ત્રાસ અને દમન કરીને આવી ગ્રંથીનું સર્જન કરે તે કોમ્યુનિસ્ટો કેવા ભયંકર છે તે તમારે કલ્પી લેવું જોઈએ. આ તે કેવી રાજસત્તા કહેવાય કે એક બાળકને તેના પંજામાંથી બચાવવા ગોળીઓની રમઝટ વચ્ચે થઈને લોકો બુલડોઝરમાં પૂર્વ જર્મનીમાંથી પશ્ચિમ જર્મનીમાં નાસી છૂટે છે? ઘડીકમાં આખા કુટુંબનું નિકંદન નીકળી જાય તેવું જોખમ ખેડીને લોકો ભાગી છૂટવાનું પસંદ કરે એ ત્રાસ કેવો અસહ્ય હોવો જોઈએ?

પણ પશ્ચિમ તો નિદ્રાવશ છે. તેને જાગૃત કરવાની જરૂર છે.

*　　*　　*　　*

દુઃખ વેઠનાર હંમેશાં પોતાના દુઃખનું આરોપણ કરવા બાનું શોધતા હોય છે. એ પ્રમાણે કરવાથી મનને જરા શાતા વળે છે. હું એમ કોઈ પર દોષ ઢોળી શકું તેમ નથી.

કોમ્યુનિસ્ટ સાથે સહકાર કરનાર પશ્ચિમના આગેવાનો પર હું દોષ મૂકી શકું તેમ નથી. તેઓ કંઈ દુષ્ટાઈનું મૂળભૂત કારણ નથી. અનિષ્ટનું મૂળ કારણ તો અતિ પુરાણું છે. આજના નેતાઓ પોતે પણ આ જુગજૂના અનિષ્ટનો ભોગ થયેલા છે. આજની ખ્રિસ્તી મંડળીમાં વ્યાપેલી અંધાધુંધી કંઈ તેમણે ઉભી કરી નથી. એ તો તેમને વારસામાં ઉતરી આવેલી મળી છે.

પશ્ચિમમાં આવ્યા પછી મેં ઘણી ઈશ્વરવિદ્યાશાળાઓની મુલાકાત લીધી છે. ત્યાં થતાં વ્યાખ્યાનોના વિષયો જાણવા જેવા છે. ત્યાંના દેવળના ઘંટનો ઈતિહાસ, ભજનસેવામાં ગવાતા સ્તોત્રોનો ઈતિહાસ, વિસારે પડેલા કોઈ વિધિનિયમ અંગેનો ઈતિહાસ કે શિક્ષાપત્રી વિષેનો કોઈ મુદ્દો, આવા આવા વિષયો પર ઉપાસકો આગળ બોધભાષણ

આપવામાં આવતાં હોય છે. ઈશ્વરવિદ્યાના વિદ્યાર્થીઓને હવે તો છડેચોક શીખવવામાં આવે છે કે બાયબલમાં વર્ણવેલું પૃથ્વીની ઉત્પત્તિનું વર્ણન સત્ય નથી. આદમની પડતીની વાત કે જળપ્રલયની વાતો એ બધી દંતકથાઓ છે એવું શિખવાય છે. મુસાના ચમત્કારો વિષે પણ એવું જ શિક્ષણ અપાય છે. એ માની ન શકાય એવા છે એમ શિખવાય છે. ભવિષ્યકથનો માટે એવું શિખવે છે કે એ તો બનાવો બની ગયા પછી ઘણા સમયે ભવિષ્યવાણીરૂપે લખવામાં આવ્યાં હતાં! કુંવારીથી જન્મ થયાની વાત પણ યહુદીઓની એક દંતકથા છે. ઈસુનું પુનરૂત્થાન એ પણ કાલ્પનિક વાતો છે. ઈસુનું હાડપિંજર તો કોઈક સ્થળે કોઈ કબરમાં પડયું હશે. નવા કરારના પત્રો તે મૂળ પત્રો નથી. પ્રકટીકરણ તો કોઈક અસ્થિર મગજના માણસે લખેલી કૃતિ છે. આવું બધું શિખવ્યા પછી પાછું કહેવામાં આવે છે કે બાયબલ તો પવિત્ર પુસ્તક છે! (આ રીતે જોઈએ તો પવિત્ર શાસ્ત્રમાં કોમ્યુનિસ્ટ છાપાં કરતાયે વધુ જૂઠાણું ભરેલું છે એમ કહેવું પડે!)

હાલની મંડળીઓના નેતાઓ ઈશ્વરવિદ્યાશાળાઓમાંથી આવું શિક્ષણ પામીને આવેલા છે. તેમની ચારે બાજુનું વાતાવરણ પણ એજ પ્રકારનું છે. જ્યારે પ્રભુસંબંધી અનેક ચિત્રવિચિત્ર વાતો ફેલાવવામાં આવતી હોય ત્યારે પ્રભુ પ્રત્યે દૃઢ વફાદારી દાખવવાનું ક્યાંથી સહેલું હોય? મંડળીમાં એમ શિખવાતું હોય કે ઈશ્વર તો મરણ પામ્યો છે તો ત્યાં શ્રદ્ધા અને વફાદારીની આશા કેવી રીતે રાખી શકાય?

આવા આગેવાનો તો સત્તાવાર નિમાએલા અધિકારીઓ છે. તેઓ ખ્રિસ્તની કન્યારૂપી મંડળીના પાળક નથી. તેમની મંડળીમાંના ઘણાએ સ્વામી પ્રત્યે દ્રોહ આચર્યો હોય છે અને એવી દ્રોહી મંડળીના તેઓ નેતા ગણાય છે. ભૂગર્ભ મંડળીઓના રીબાતા શહીદોને જોઈને તેમને કશો આત્મભાવ કે હમદર્દી પેદા થતી નથી. તેમના પ્રત્યે જાણે અજાણ્યા હોય તેવા ભાવથી જુએ છે.

એક જ પાસાને ધ્યાનમાં લઈને માણસનો ન્યાય તોળવો એ યોગ્ય ન ગણાય. એમ કરવા જતાં આપણે ફરોશીના જેવા થઈએ. ફરોશીઓને ઈસુનું સઘળું ખોટું જણાતું હતું કારણ કે તે સાબ્બાથના નિયમો ચૂસ્ત રીતે પાળતો ન હતો. આટલા પરથી જ ધર્મનું ઝનૂન લોકોમાં ઉશ્કેરીને ઈસુના જીવનનાં બધાં ઉત્તમ વાનાં પ્રત્યે તેમણે આંખ આડા કાન કર્યા.

આમ સામ્યવાદ પ્રત્યે ભ્રમમાં પડેલા ખ્રિસ્તી આગેવાનો બીજી અનેક બાબતોમાં સાચું વલણ ધરાવતા હોય અને ખૂબ નિખાલસ હોય એ બનવાજોગ છે.

અને સામ્યવાદ પ્રત્યેનું તેમનું વલણ પણ ફેરફારને પાત્ર છે. સામ્યવાદ વિષેનો તેમનો અભિપ્રાય ગમે ત્યારે બદલાઇ જાય.

એકવાર રૂમાનીયાના ઓર્થોડોક્ષ મેટ્રોપોલીટન (મુખ્ય ધર્માધ્યક્ષ)ને મળવાનો મને પ્રસંગ મળ્યો હતો. એ ધર્માધ્યક્ષે કોમ્યુનિસ્ટ પક્ષ સાથે સહકાર કર્યો હતો. તે પોતાનાં ટોળાં પ્રત્યે બહુ બેદરકાર રહેતો હતો. મેં તેમના હાથ મારા હાથમાં લઈને ઉડાઉ દીકરાનું દૃષ્ટાંત તેમને કહી સંભળાવ્યું. એ વખતે અમે તેમના નિવાસના બગીચામાં બેઠા હતા અને સાંજનો સમય હતો. મેં તેમનું ધ્યાન દોર્યું કે "નામદાર, જોયું? જો પાપી પશ્ચાતાપ કરીને પાછો વળે તો ઈશ્વર કેટલા પ્રેમથી તેનું સ્વાગત કરે છે. જો બિશપ એ જ પ્રમાણે પાછા વળે તો તેમને પણ એટલા જ પ્રેમથી પાછા સ્વીકારવામાં આવશે." મેં તેમની આગળ એક ખ્રિસ્તી ગીત ગાયું. એ ધર્માધ્યક્ષનું હૃદયપરિવર્તન થયું.

એક ઓર્થોડોક્ષ યાજક સાથે એકજ ખોલીમાં મારે રહેવાનું થયું હતું. જેલમાંથી છૂટકાની આશાથી તેણે નાસ્તિક ભાવના વાળાં વ્યાખ્યાનો લખીને તૈયાર કર્યાં. પણ મેં તેની સાથે ચર્ચા કરીને તેના મનનું સમાધાન કર્યું ત્યારે તેણે લખેલું બધું ફાડી નાખ્યું. એમ ભવિષ્યમાં પણ છૂટવાની તેની આશા સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગઈ. પણ તે જોખમ તેણે રાજીખુશીથી ખેડ્યું.

માટે હું કોઈના પર દોષ ઢોળવા ઇચ્છતો નથી. હું કોઈને હોળીનું નાળિયેર કરવા માગતો નથી. એમ કોઈના પર દોષારોપણ કરીને હું મારા મનની શાંતિ શોધતો નથી.

* * * *

મારા મનમાં એક બીજું દુઃખ પણ છે. મારા નિકટના મિત્રો પણ મારા વિષે ગેરસમજ કરી બેસે છે. કેટલાક કહે છે કે કોમ્યુનિસ્ટો પ્રત્યે મારા મનમાં કડવાશ ભરાઈ ગઈ છે. મને તેમના પ્રત્યે ખૂબ ખીજ ચઢી છે. હું જાણું છું કે આ વાતમાં કંઈજ તથ્ય નથી.

મુસા સંબંધી વિશેષજ્ઞ કલોડ મોન્ટેફીઓર કહે છે કે ફરોશીઓ અને શાસ્ત્રીઓ સંબંધી ઇસુએ ઉચ્ચારેલાં વચનો વિરોધાભાસી છે. ફરોશીઓ અને શાસ્ત્રીઓને સંબોધીને ઉચ્ચારેલાં શાપવચનો અને ઉતારી પાડનારી વાતો અને શત્રુ પર પ્રેમ કરવો અને શાપનો બદલો આશીર્વાદથી વાળવો એ બે પ્રકારનાં વિધાનો વિસંવાદી છે. ઇસુની ભાવના સાથે આનો મેળ બેસતો નથી. થોડા સમય પર લંડનના મુખ્ય દેવળ સેંટ પૉલના ડીન પદેથી નિવૃત્ત થયેલા ડૉ. ડબ્લ્યુ. આર. મેથ્યુસ પણ એવો અભિપ્રાય બાંધે છે કે ઇસુના જીવન સાથે આ બાબતો અસંગત અને અયુક્ત છે અને ઇસુ તીવ્ર બુદ્ધિશાળી ન હોવાથી તેના કથનમાં આવી વિસંગતિ આવી ગઈ છે એવું અનુમાન તારવે છે.

કલોડ મોન્ટેફીઓરની છાપ ખોટી છે. ઈસુને ફરોશીઓ પર પ્રેમ હતો છતાં તેણે તેમને જાહેરમાં દોષિત ઠરાવ્યા હતા. હું પણ કોમ્યુનિસ્ટોને ચાહું છું. તેમણે મંડળીઓ પર નીમેલા ખાંધીઆઓને પણ ચાહું છું. અને છતાં હું તેમને દોષિત ઠરાવું છું.

મને સતત સલાહ અપાઈ રહી છે: "કોમ્યુનિસ્ટોને ભૂલી જાઓ! આધ્યાત્મિક બાબતો પર ધ્યાન આપી ફક્ત ધાર્મિક પ્રવૃત્તિમાં મન પરોવો!"

નાઝી સત્તા નીચે અત્યાચારથી કચડાએલા એક ખ્રિસ્તી

માણસની મારે મુલાકાત થઈ. તેણે કહ્યું કે ઇસુ ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરવી જોઈએ. એ વાતમાં હું તમારી સાથે પૂરેપૂરો સંમત છું. પણ કૉમ્યુનિસ્ટો વિરૂદ્ધ એક પણ શબ્દ ઉચ્ચારવો ન જોઈએ. મેં પૂછ્યું, "હિટલરની સામે લડત ચલાવનારા ખ્રિસ્તીઓ ખોટા હતા? તેમણે પણ હિટલર વિરૂદ્ધ એક શબ્દ પણ ન બોલતાં બાયબલના પ્રચારની વાતને જ વળગી રહેવું જોઈતું ન હતું?" તેણે જવાબ દીધો, "પણ હિટલરે તો ૬૦ લાખ યહુદીઓને ખતમ કરી નાખ્યા હતા. તેની વિરૂદ્ધ તો બોલ્યા વિના છૂટકો જ ન હતો." મેં જવાબ દીધો; "કૉમ્યુનિસ્ટોએ ત્રણ કરોડ રશિયનો અને લાખો ચીનાઓને કતલ કરી નાખ્યા છે. બીજા પણ અનેકને પૂરા કર્યા છે અને યહુદીઓને પણ છોડ્યા નથી. શું યહુદીઓની કતલ થાય ત્યારે જ વિરોધ કરવો અને બીજાઓની કતલ વખતે મૌન રહેવું?" તેણે જવાબ આપ્યો "પણ આ વાત જુદી છે." પણ એ કેવી રીતે જુદી છે તેનો કશો ખુલાસો ન કર્યો. હિટલરના શાસનમાં તેમ જ કૉમ્યુનિસ્ટ શાસનમાં મને માર પડ્યો છે. બંનેના માર સરખાજ કષ્ટમય માલમ પડ્યા છે. એ બેમાં મને તો કશો ફેર જણાયો નથી.

ખ્રિસ્તી ધર્મને પાપનાં અનેક રૂપો સામે લડત આપવી પડે છે. એકલા સામ્યવાદ સામે જ લડત ચાલતી નથી. આપણે એક જ કોયડાનો ઉકેલ લાવવામાં ગૂંથાયા નથી.

પણ ચાલુ જમાનામાં ખ્રિસ્તી ધર્મ સામે સૌથી મોટો શત્રુ સામ્યવાદ છે, તે સૌથી મોટો ખતરો છે. તેની સામે લડત આપવા બધાએ એક થવાની જરૂર છે.

એક વાત ફરીથી કહું. માનવજીવનનું અંતિમલક્ષ્ય ખ્રિસ્તસમા થવાનું છે. કૉમ્યુનિસ્ટોનું મુખ્ય ધ્યેય માણસોને ખ્રિસ્તના જેવા થતાં રોકવાનું છે. મૂળેજ તેઓ ધર્મવિરોધી હોય છે. તેઓ તો માને છે કે મૃત્યુ પછી કશું ભાવિ નથી. મરણ પછી દેહ ક્ષાર અને ખનિજ-દ્રવ્યોમાં મળી જાય છે. તેઓ આખું જીવન ભૌતિક સ્તરે જ જીવવા ઇચ્છે છે.

તેઓ સમુહની શક્તિને ઓળખે છે. સુવાર્તામાંના પેલા અશુદ્ધ આત્માને તેનું નામ બતાવવાનું કહ્યું ત્યારે તેણે કહ્યું, "અમે મોટી સેના છીએ." કોમ્યુનિસ્ટોનો જવાબ પણ એવોજ છે. દરેક માણસનું વ્યક્તિત્વ અલગ હોય છે. તે ઇશ્વરની મહાન ભેટ છે. પણ કોમ્યુનિસ્ટો આ વ્યક્તિત્વ કચડી નાખવા માગે છે. એક માણસ પાસે આલ્ફ્રેડ એડ્લરની "વ્યક્તિનું માનસશાસ્ત્ર" નામની ચોપડી હતી. એટલા પરથી જ તેને જેલમાં પૂરવામાં આવ્યો હતો. છૂપી પોલીસના માણસો તેની સામે તાડૂકતા હતા: "વ્યક્તિ", જ્યાંને ત્યાં "વ્યકિત"! તમને સમુહ કેમ ગમતો નથી?

ઇસુ આપણો વ્યકિતગત વિકાસ ઇચ્છે છે. એને લીધે જ ખ્રિસ્તી અને કોમ્યુનિસ્ટો વચ્ચે સમાધાન શકય નથી. કોમ્યુનિસ્ટો પણ એ સમજે છે. તેમના "વિજ્ઞાન અને ધર્મ" નામના સામયિકમાં લખ્યું છે," કોમ્યુનિઝમ અને ધર્મ એ વિસંગત બાબતો છે. ધર્મ સામ્યવાદ પર આક્રમણ કરે છે...સામ્યાવાદી પક્ષના કાર્યક્રમના મુદ્દાઓ ધર્મને મરણતોલ ફટકા મારે છે...એમના કાર્યક્રમનો ઉદ્દેશ નાસ્તિક સમાજ ઊભો કરવાનો છે. તેઓ એવો દાવો કરે છે કે એ સમાજના લોકો ધર્મની ઝુંસુરીમાંથી સદાને માટે મુકત થઈ જશે."

ખ્રિસ્તીધર્મ અને સામ્યવાદનું સહઅસ્તિત્વ શકય છે? કોમ્યુનિસ્ટોએ તેનો જવાબ આપી દીધો છે: "......સામ્યવાદ ધર્મ માટે મરણતોલ ફટકા સમાન છે."

# પ્રકરણ ૫

અહીં ફરીથી ભૂગર્ભ મંડળી સંબંધી થોડી વાત કરું.

બહુ જ વિષમ પરિસ્થિતિમાં તેનું કાર્ય ચાલે છે. કોમ્યુનિસ્ટ દેશોનો રાજધર્મ નાસ્તિકવાદ છે. વૃદ્ધો ધર્મમાં શ્રદ્ધા રાખતા હોય તો તેઓ ચાલવા દે છે પણ બાળકો અને યુવાનોને માટે ધર્મની કડક બંધી છે. એ દેશોમાં બધાં પ્રચાર-સાધનો રેડીઓ, ટેલિવિઝન, સિનેમા, નાટયગૃહો, વર્તમાનપત્રો અને પ્રકાશનગૃહો – એક જ ધ્યેય માટે મથી રહ્યાં છે. ઇશ્વરમાંથી શ્રદ્ધાનો લોપ કરવો.

આ સરમુખત્યારી શાસન ચલાવતાં રાજ્યોની શક્તિ સામે લડવા માટે ભૂગર્ભ મંડળીનાં સાધનો નજીવાં છે. રશિયામાંની ભૂગર્ભમંડળીના ધર્મ સેવકોને કશીજ ધર્મની તાલીમ મળી શકતી નથી. કેટલાય પાળકોએ આખું બાયબલ એકે વાર પૂરું કર્યું નથી.

એમનામાંના કેટલા ખરેખરી દીક્ષા પામેલા છે તે પણ જાણવા જેવું છે. એક રશિયન અમને મળ્યો. તે છૂપા ધર્મસેવક તરીકે સેવા કરતો હતો. મેં તેને પૂછ્યું, "તમારી દીક્ષા ક્રિયા કોણે કરી હતી?" તેણે જવાબ દીધો, "અમને દીક્ષા આપવા ખરો બિશપ તો અહીં છે જ નહિ. સત્તાવાર નિમાએલો બિશપ છે તે તો કોમ્યુનિસ્ટ પક્ષની પાસે નામ મંજુર કરાવ્યા પછી જ દીક્ષા આપી શકે છે. આથી અમે દશ યુવક ખ્રિસ્તીઓ એક બિશપની કબર આગળ ગયા. તેની કબર પર બે જણ હાથ મૂકીને ઊભા. બીજા બધા તેમની ચારે બાજુ ઊભા રહી ગયા. ત્યાં અમે પવિત્ર આત્માને વિનંતિ કરી કે અમારી દીક્ષા કર. હવે અમને ખાત્રી થઈ છે કે પ્રભુ ઈસુના વિંધાયેલા હાથ વડે અમારી દીક્ષા થઈ છે."

મને ખાત્રી છે કે એ યુવાનની દીક્ષા ઇશ્વરમાન્ય છે.

આવી દીક્ષા મેળવીને ઇશ્વર વિદ્યાનો અભ્યાસ કર્યા વિના, બાયબલના તદ્દન અલ્પ જ્ઞાન સાથે આવા ખ્રિસ્તીઓ ઇશ્વરનું કાર્ય આગળ ધપાવી રહ્યા છે.

પ્રથમ ખ્રિસ્તી સદીમાં ચાલેલા કાર્યના જેવું જ આ કાર્ય છે. પેલા દુનિયાને ઉથલપાથલ કરી નાખનારા કઈ પાઠશાળાઓમાં ભણવા ગયા હતા ? તેમાંના કેટલાને વાંચતાં આવડતું હશે ? તેમની પાસે બાયબલ પણ શાનું હોય ? પણ ઇશ્વર સીધેસીધો તેમની સાથે વાત કરી લેતો.

ભૂગર્ભ મંડળી પાસે મોટાં મોટાં દેવળો નથી. પણ આકાશ કરતાં વધુ સુંદર કેથેડ્રલ ક્યાં જોવા મળે ? અમે જંગલમાં છાનામાના ભજન કરવા મળતા ત્યારે અમારા માથા પર આકાશની સુંદર છત અમને જોવા મળતી. વાદ્યોને બદલે પક્ષીઓના ગાયન સાંભળવા મળતાં. ધૂપને બદલે જંગલનાં ફૂલોની સુગંધ અમે માણતા. યાજકોના લાંબા લાંબા ઝભ્ભા કરતાં તાજા જ જેલમાંથી છૂટીને આવેલા શહીદનાં મેલાં ઘેલાં કપડાંથી અમે વધુ પ્રભાવિત થતા. દીવાઓને બદલે અમારા કુદરતી દેવળમાં સૂર્ય અને ચંદ્ર હતા. અમારે માટે દૂતો એ જ્યોતિ સળગાવતા.

આવા દેવળનું સૌન્દર્ય મારાથી વર્ણવી શકાય તેમ નથી.

આવી છૂપી સભા પૂરી થતાંજ ખ્રિસ્તીઓને પકડીને જેલમાં ધકેલી દેવામાં આવતા. જેમ કોઈ કન્યા તેના પ્રિયજને આપેલાં કિમતી આભૂષણો ઘણા હર્ષથી પહેરે તેમ આ ખ્રિસ્તીઓ કેદમાં ખૂબ આનંદથી સાંકળે બંધાતા. જેલનાં જળ તો સ્થિર હોય છે. ત્યાં તમે પ્રભુનાં ચુંબનો અને આલિંગનોનો આનંદ માણી શકો છો. એ સુખના બદલે રાજાઓના મહેલમાં જવાનું પણ કોઈ ખ્રિસ્તી પસંદ નહિ કરે. મેં ખરેખરા ઉલ્લાસપૂર્ણ ખ્રિસ્તીઓ વિષે બાયબલમાં વાંચ્યું છે અને ભૂગર્ભ મંડળીમાં અને જેલમાં તેમને નજરે જોયા છે.

ભૂગર્ભ મંડળી કચડાએલી હોવા છતાં તેને મિત્રો પણ ઘણા થયા છે. છૂપી પોલીસના અધિકારીઓમાં પણ તેના મિત્રો છે. સરકારમાં પણ મિત્રો છે. આ છૂપા શ્રદ્ધાળુઓ અનેક વાર ખ્રિસ્તી મંડળીનું રક્ષણ કરે છે.

હમણાં હમણાં રશિયન છાપામાં ફરિયાદ આવી છે કે ઉપરથી નાસ્તિક જણાતા લોકોનો આંકડો વધતો જાય છે. આનો એવો ખુલાસો આપવામાં આવ્યો કે કોમ્યુનિસ્ટ સત્તાનાં સ્થાનોમાં એટલે સરકારી ઓફિસોમાં, પ્રચારખાતાઓમાં, અને બીજે ઘણે સ્થળે કામ કરનારા કર્મચારીઓ બહારથી કોમ્યુનિસ્ટ હોવાનો દેખાવ કરે છે પણ અંદરખાનેથી તેઓ છૂપા ખ્રિસ્તીઓ હોય છે અને ભૂગર્ભ મંડળી સાથે સંબંધ ધરાવતા હોય છે.

કોમ્યુનિસ્ટ વર્તમાનપત્રમાં એક સ્ત્રીની વાત જાહેર કરવામાં આવી હતી. તે કોમ્યુનિસ્ટ પ્રચારખાતામાં કામ કરતી હતી. કામ પરથી છૂટીને તે ઘેર જતી. તે સમયે તેનો પતિ પણ કામ પરથી ઘેર આવી જતો. સાંજના ખાણા પછી તેમના માળાના કેટલાક યુવાનોને ભેગા કરીને તેઓ છૂપા શાસ્ત્રશિક્ષણના વર્ગ અને પ્રાર્થનાસભા ચલાવતાં. આવું તો કોમ્યુનિસ્ટ દેશોમાં ઘણે સ્થળે થતુ હોય છે. કોમ્યુનિસ્ટ દેશોમાં બહારથી નાસ્તિક ગણાતા ઘણા લોકો છે. તેઓ દેખાવ ખાતર ચાલતાં દેવળોમાં ભજન માટે જતા નથી કારણ કે ત્યાં સરકારની ચાંપતી નજર રહે છે અને ત્યાંનો સંદેશો પણ પાણી ઉમેરીને પાતળો કરી નાખેલો હોય છે. એના બદલે તેઓ પોતાની અધિકારની જગ્યા પર રહીને છૂપી રીતે કાર્ય કર્યે જાય છે. તેઓ શાંત રહીને ખ્રિસ્તનો પ્રચાર કર્યા કરે છે.

આ વફાદાર ભૂગર્ભ મંડળીના હજારો સભ્યો છે. તેઓ મકાનોનાં ભોંયરાંમાં, માળીયાંમાં, છૂપી ઓરડીઓમાં અને લોકોનાં ઘરોમાં છૂપી રીતે સભાઓ ભરે છે.

રશિયામાં હવે બાળકોનાં બાપ્તિસ્મા થઈ શકે કે નહિ એના વાદવિવાદ થતા નથી. પોપ ભૂલને પાત્ર નથી એ વિધાનને પડકારવાની પણ કોઈને પરવા નથી. ખ્રિસ્તનું પુનરાગમન ક્યારે થવાનું છે—હજાર વર્ષના સ્વર્ગીય યુગ પહેલાં કે પછી તે સંબંધી દલીલમાં ઉતરવાની કોઈને ફૂરસદ નથી. ભવિષ્યવાણીઓના ઉકેલની ખબર પડે તેમ નથી તો પછી તેના અર્થ વિષે વિવાદ કરી ઝગડા કરવાની કોઈ જરૂર

જોતું નથી. પણ તે કરતાં વધુ અગત્યના પ્રશ્નોમાં તેઓ પોતાની હોશિયારી કૂનેહનો ઉપયોગ કરી બતાવે છે તે જોઈ મને ઘણું આશ્ચર્ય થયું છે. તેઓ નાસ્તિકો આગળ ઈશ્વર છે એ પૂરવાર કરવા ઘણી સચોટ દલીલો કરે છે.

નાસ્તિકો માટે એક સરળ જવાબ તેઓ વારંવાર આપતા જણાય છે: "ધારો કે એક જમણમાં તમને આમંત્રણ હોય, ત્યાં અનેક સુંદર સ્વાદિષ્ઠ વાનગીઓ તૈયાર કરીને પીરસવામાં આવે, તો તમે એમ માનશો ખરા કે આ રસોઈ એની મેળે જ તૈયાર થઈ હોવી જોઈએ. એનો રાંધનાર કોઈ જ નહિ હોય? તો આ કુદરત આપણી આગળ એક પીરસેલી થાળી જેવી જ છે. આપણા માટે ટામેટા, ઝામફળ, સફરજન, મધ અને દૂધ એ બધી વાનગી તૈયાર કરવામાં આવેલી છે. માણસ માટે એ બધાં કોણે તૈયાર કર્યાં હશે? કુદરત તો આંધળી છે. જો તમે એમ માનતા હો કે ઇશ્વર નથી તો પછી આ આંધળી કુદરતે આપણા માટે જરૂરી આ બધાં વાનાં પુષ્કળ પ્રમાણમાં ઉત્પન્ન કર્યાં છે એમ માનવું પડે. એ શી રીતે ગળે ઉતરે?

તેઓ અનંત જીવન છે એવું પણ પૂરવાર કરી શકે છે. એક ખ્રિસ્તી એક નાસ્તિકની આગળ એ વિષય પર દલીલો કરી રહ્યો હતો. તેણે કહ્યું, "ધારો કે માના ગર્ભ રહેલા જીવને આપણે કહીએ કે તારૂં આ ગર્ભ તરીકેનું જીવન તો ઘણું ટૂંકું છે પણ એ પૂરૂં થયા પછી તને ખરૂં લાંબુ જીવન પ્રાપ્ત થવાનું છે. તો ગર્ભ પણ તમે અત્યારે જેવું માનો છો તેવો જ જવાબ દેશે. અમે તમને સ્વર્ગ અને નર્કમાંના ભાવિ જીવન વિષે વાત કરીએ છીએ ત્યારે તમે જેવો જવાબ આપો છો તેમજ ગર્ભ પણ કહેવાનો કે અહીં ગર્ભસ્થાનમાં અત્યારે જે જીવન હું જીવી રહ્યો છું તેજ ખરૂં જીવન છે. ભવિષ્યના જીવનની વાતો એ તો ધર્મની મૂર્ખાઈ જેવી છે. પણ જો ગર્ભ વિચાર કરી શકતો હોય તો તેને વિચાર થશે કે હાથની મારે કશી જરૂર નથી છતાં તે વિકાસ પામી રહ્યા છે. અહીંની સંકડામણમાં તો તે લાંબા પણ કરી શકાય

તેમ નથી. એ કેમ વિકસતા જતા હશે? કદાચ ભવિષ્યમાં કોઈ જુદા જ પ્રકારની હયાતિમાં તે મને કામ લાગવાના હશે. એના વડે હું કામ કરી શકીશ. મારા પગ પણ વધતા જાય છે અને મારે ટૂંટિયું વાળી રાખવા પડે છે. એ કેમ વધતા હશે? કદાચ ભવિષ્યમાં મારે જુદા જગતમાં રહેવાનું હશે ત્યાં મારે પગ વડે ચાલવાનું થશે. મારી આંખો વિકાસ પામી રહી છે. અહીં તો સંપૂર્ણ અંધકાર છે. આંખોની કશી જ જરૂર નથી. તો પછી આંખો મળવાનું કારણ શું? પણ કદાચ હવે પછી પ્રકાશમય રંગબેરંગી જગતનો મારે ઉપભોગ કરવાનો હશે. ત્યાં આંખો વિના નહિ ચાલે. આમ જો ગર્ભ વિચાર કરી શકે તો વગર જોયે તેને બહારની દુનિયાનો કંઈક ખ્યાલ આવી શકે. આપણુ ઐહિક જીવન વિષે પણ એમજ સમજવાનું છે. જુવાનીમાં શરીરમાં શક્તિ હોય છે પણ અજ્ઞાનને લીધે તેનો યોગ્ય ઉપયોગ સૂઝતો નથી. વર્ષો વીતતાં જ્ઞાન અને ડહાપણમાં ઠીક ઠીક વધારો થાય છે. પણ ત્યાં તો કબરમાં જવાનો વખત આવી લાગે છે. જો કામમાં આવવાનું ન હોય તો જ્ઞાન વધવાનો અર્થ શો? જેમ ભવિષ્યના ઉપયોગ માટે ગર્ભના હાથ, પગ, આંખો વગેરેનો વિકાસ થાય છે તેમ જ્ઞાન અને ડહાપણ પણ ભાવિ જીવનમાં ઉપયોગમાં લેવાય તે માટે જ વૃદ્ધિ પામે છે. મૃત્યુ બાદ જે ઉચ્ચ કક્ષાનું જીવન પ્રાપ્ત થવાનું છે તેના માટે આ જીવનમાં આપણે તૈયાર થઈ રહ્યા છીએ.

કોમ્યુનિસ્ટોનો સત્તાવાર મત એવો છે કે ઈસુ નામનો કોઈ માણસ થયોજ નથી. ભૂગર્ભ મંડળીના કાર્યકર્તાઓ આ દલીલનો જવાબ પણ સહેલાઈથી અને સચોટ રીતે આપે છે. કોમ્યુનિસ્ટના ખિસ્સામાં છાપું હોય તો તે જોઈને કહેશે : "આ તમારા ખિસ્સામાં કઈ તારીખનું છાપું છે, આજનું કે ગઈ કાલનું "પ્રવડા" છે? જરા જોવા દો જોઈએ. અરે હા, આતો ઈ. સ. ૧૯૬૪ ના જાન્યુઆરીની ૧૪ મીનું છાપું છે. પણ જરા મને સમજાવશો કે આ ઓગણીસસોને

ચોસઠનું વર્ષ શી રીતે ગણવામાં આવ્યું છે? એ તો ઇસુનું વર્ષ છે ને? તો જે માણસ કદી હયાત જ ન હતો કે કશી ગણત્રીમાં લેવા જેવો ન હતો તેના સમયથી એ શી રીતે ગણાય? તમે કહો છો કે તે કદી હયાત ન હતો છતાં તેની જન્મસાલથી વર્ષોની ગણત્રી માંડો છો એ કેવું? સમય તો તેના જન્મ પહેલાંયે અસ્તિત્વમાં હતો પણ માણસને લાગ્યું કે ઇસુના આગમન પહેલાંનું બધું વ્યર્થ હતું. તેના આગમન કાળથી જ સમયની ખરી શરૂઆત થતી લાગી અને ત્યાંથી ગણત્રી શરૂ થઈ. તમારૂં કોમ્યુનિસ્ટ છાપું જ પૂરવાર કરે છે કે ઇસુનું પાત્ર કંઈ કલ્પિત ઉપજાવેલું નથી."

પશ્ચિમમાં ધર્મગુરૂઓ માની લેતા હોય છે કે મંડળીમાં સભ્યપદ ધરાવનાર દરેકજણ ખ્રિસ્તી ધર્મના પાયારૂપ ગણાતા સિદ્ધાંતોમાં પૂરેપૂરી શ્રદ્ધા ધરાવે છે. પણ વાસ્તવમાં એમ હોતું નથી. અહીં ધર્મની સત્યતાઓ સાબિત કરનારાં વ્યાખ્યાનો તો જવલ્લેજ સાંભળવા મળે છે. પણ લોખંડી પડદા પાછળના ખ્રિસ્તીઓ યોગ્ય શિક્ષણ પામેલા હોતા નથી, છતાં હૃદયપરિવર્તનથી નવા થનાર ખ્રિસ્તીઓને પાકે પાયે શિક્ષણ આપે છે.

સત્તાવાર માન્ય મંડળી અને ભૂગર્ભ મંડળી વચ્ચે એવી કોઇ સ્પષ્ટ ભેદરેખા મળવી મુશ્કેલ છે. એટલે ક્યાં સુધી સત્તાવાર મંડળી ગણાય અને ક્યાંથી ભૂગર્ભ મંડળી શરૂ થાય તે કોઈ કહી શકે તેમ નથી. એવી કોઈ જુદા પાડનારી દિવાલ નથી. ભૂગર્ભ મંડળી એક મજબૂત દુર્ગસમાન છે અને તે ખ્રિસ્તી ધર્મનું રક્ષણ કરે છે. પણ ભૂગર્ભ અને જાહેર પ્રકારની મંડળીઓ એકબીજામાં ગૂંચવાઈ ગએલી છે. દેખાડવા ખાતર ચાલતી ઘણી ખરી મંડળીઓના ધર્મગુરૂઓ છૂપી રીતે બીજી અનેક ગુપ્ત સેવાઓ આપે છે. કોમ્યુનિસ્ટોનાં બંધનોની ઉપરવટ જઈને તેઓ સેવા આપે છે.

સામ્યવાદીઓ સાથે સહકારમાં જોડાનાર સત્તાવાર મંડળીનો પણ

લાંબો ઈતિહાસ છે. રશિયાની સમાજવાદી ક્રાંતિબાદ સર્જીયસ નામના યાજકે પોતાની આગેવાની નીચે "જીવંત મંડળી"ના નામ નીચે તેની શરૂઆત કરી હતી.

આ "જીવંત મંડળી"એ તે જ સમયે મોસ્કોમાં પોતાના ઉદ્દેશોની જાહેરાત કરતાં કહ્યું હતું: "અમારું ધ્યેય મંડળીની પુનઃરચના કરવાનું નથી, પણ તેનો નાશ કરવાનું છે. ધર્મ માત્રને અમારે તો હાંકી કાઢવો છે!" મંડળીનો આ કેવો સુંદર કાર્યક્રમ!

દરેક દેશમાં આવો એકાદ સર્જીયસ કોમ્યુનિસ્ટોને મળી જાય છે.

હંગેરીમાં કેથોલિક મંડળીમાંથી ફાધર બેલોગ નીકળી આવ્યો. તેની સાથે કેટલાક પ્રોટેસ્ટંટ ધર્મોપદેશકો મળી ગયા અને તેમણે સરકાર પર કોમ્યુનિસ્ટોનો કબજો જમાવવામાં પૂરેપૂરી મદદ કરી.

રૂમાનીયામાં બુર્દુસીયા નામના ઓર્થોડોક્ષ મંડળીના એક યાજકની મદદ મળી. તે પહેલેથી સરમુખત્યારશાહી શાસનમાં માનતો હતો. આથી તે કોમ્યુનિસ્ટો સાથે ભળી ગયો અને પોતાની આગલી છાપ ભૂંસી નાખવા ખરા કોમ્યુનિસ્ટો કરતાં પણ વધુ પડતો ઉત્સાહ દાખવવા લાગ્યો. આ યાજક રૂમાનીયામાં જ્યારે કોમ્યુનિસ્ટ શાસનની જાહેરાત થઈ ત્યારે સોવિયેત ગૃહપ્રધાન વિશિન્સ્કીની નજીક જ ઉભો હતો. જ્યારે પ્રધાને ઘોષણા કરી કે "આ કોમ્યુનિસ્ટ રાજશાસન આ પૃથ્વી પર જ તમારે માટે એવું સ્વર્ગ ઉતારશે કે તમારે પરલોકમાં સ્વર્ગની આશા રાખવાની જરૂર નહિ રહે" ત્યારે તે પ્રસન્નતાથી મંદ મંદ સ્મિત કરી રહ્યો હતો.

રશિયન આર્ચબિશપ નિકોદીમ સરકારને માહિતી પૂરી પાડનાર છે એ હકીકત તો સરકારી તુમારોમાં પણ નોંધાએલી છે. મેજર ડેરીયાબીન રશિયન છૂપી પોલીસમાંનો ભાગેડુ છે. તેણે શાહેદી આપી છે તે પ્રમાણે નિકોદીમ તેમના બાતમીદાર તરીકે ફરજ બજાવતો હતો.

લગભગ બધા જ ખ્રિસ્તી સંપ્રદાયોની આવી પરિસ્થિતિ છે. રૂમાનીયાના બાપ્ટિસ્ટ સંપ્રદાયનો આગેવાન કોમ્યુનિસ્ટોએ પરાણે ચૂંટાવેલો માણસ છે. તે ધર્માધ્યક્ષ હોવા છતાં સાચા ખ્રિસ્તીઓની ખૂબ નિંદા કરે છે. રશિયામાં પણ બેપ્ટિસ્ટોનો અધિકારી એવો જ છે. રૂમાનીયન એડવેન્ટીસ્ટોના અધ્યક્ષ ટાકીસીએ પોતે મને જણાવેલું કે કોમ્યુનિસ્ટો સત્તાપર આવ્યા ત્યારથી મારે તેમને માહિતી આપવી પડે છે.

જો કે કોમ્યુનિસ્ટોએ હજારો દેવળોને તાળાં મારી દીધાં છે અને મંડળીઓ વિખેરી નાખી છે પણ બધાં દેવળો બંધ કરી દેવાની ભૂલ તેમણે કરી નહિ. દેખાવ કરવા ખાતર તેમણે અમુક અમુક દેવળો ચાલુ રાખ્યાં છે. આ દેવળો મારફતે તેઓ મંડળીઓમાં ચાલતી પ્રવૃત્તિઓ પર નજર રાખી શકે છે અને તેમના પર અંકુશ પણ રાખી શકાય છે. તેમનું અંતિમ ધ્યેય તો ખ્રિસ્તી ધર્મ અને તેના અનુયાયીઓનો સંપૂર્ણ વિનાશ કરવાનું છે.

તેઓએ મંડળીનું માળખું જ ટકાવી રાખીને તેની મારફતે ખ્રિસ્તીઓ પર અંકૂશ રાખવાની ધારણા રાખી છે. કોમ્યુનિસ્ટ દેશોની મુલાકાતે જતા પ્રવાસીઓને આવી પુતળાં જેવી મંડળીઓ બતાવીને તેઓના મનમાં ખોટો ખ્યાલ ઉભો કરવાની દાનત પણ ખરી. છૂપી પોલીસને બાતમી પૂરી પાડવાની શરતે મને પણ એવી એક મંડળી પર ધર્માધ્યક્ષ નિમવાનું કહેણ મોકલવામાં આવ્યું હતું. પશ્ચિમના લોકો બધું કાંતો કાળું હોય કે ધોળું હોય એમ માને છે. એક બાબત કાંતો ખરી હોય કે તદ્દન ખોટી હોય એમ સમજે છે. તેથી કોમ્યુ-નિસ્ટોની આવી યુક્તિપ્રયુક્તિઓ તેઓ સમજી શકતા નથી. પણ ભૂગર્ભ મંડળી આવી દેખાવની મંડળી થઈને રાચી શકે નહિ. તેને એવું સંકુચિત કાર્ય કરવું ફાવે પણ નહિ. તે તો દરેક દરેક વ્યક્તિને–યુવકોને પણ–સુવાર્તા સંભળાવવાનો હક્ક પકડી રાખવા માગે છે,

એટલે ખરી મંડળીની અવેજીમાં આવી સરકારી સત્તાના દોરે ચાલતી મંડળી તેને માન્ય નથી.

આવી સત્તાવાર મંડળીમાં ઘણા દ્રોહીઓ હોવા છતાં તેમાં પણ ઘણી જગ્યાએ ખરૂં આધ્યાત્મિક જીવન ધબકતું જોવામાં આવે છે. (મને પશ્ચિમની મંડળીઓમાં પણ જોવા મળ્યું છે કે યોગ્ય આગેવાનો વડે નહિ પણ અયોગ્ય આગેવાનો હોવા છતાં મંડળીઓના સભ્યોની શ્રદ્ધા સમવાઈ રહે છે).

ઓર્થોડોક્ષી મંડળીની ભજનપદ્ધતિમાં મહત્વનો કોઈ ફેરફાર થયો નથી. બોધભાષણોમાં ભારોભાર કોમ્યુનિસ્ટોની પ્રશંસા જોવામાં આવે છે પણ ભજનસેવાનાં બીજાં તત્ત્વો એમને એમ જળવાઈ રહ્યાં છે, તેનાથી ખ્રિસ્તીઓનું આધ્યાત્મિક જીવન પોષાતું રહે છે. લુથરન, પ્રેસ્બીટેરીયન, તેમજ બીજા પ્રોટેસ્ટંટો હજી તેમનાં જુનાં સ્તોત્રો ગાતા સંભળાય છે. કોમ્યુનિસ્ટ ખાંધીઓના ભાષણોમાં પણ થોડું ઘણું શાસ્ત્રશિક્ષણ તો હોવું જ જોઈએ. વિદ્રોહી નીવડેલા ધર્મોપદેશકોનાં ભાષણો વડે પણ લોકોનાં હૃદયપરિર્તન થાય છે. લોકોને ખબર હોય છે કે એજ ઉપદેશકો તેમના પરિવર્તનની વાત જાણે તો સરકારી જાસુસોને જણાવી દેવાના. આથી તેઓ પોતાના હૃદયની વાત તેમનાથી છૂપાવી રાખે છે. આ તો ઈશ્વરનો ભારે ચમત્કાર જ ગણાય. એ વિષે લેવીયના પુસ્તકના ૧૧ મા અધ્યાયમાં સંકેતરૂપે લખેલું છે કે "મુડદાનો કોઈ પણ ભાગ (જે મુસાના નિયમ પ્રમાણે અશુદ્ધ ગણાય છે) વાવવાના બીપર પડે તો પણ બી શુદ્ધ રહેશે."

ન્યાયને ખાતર અમારે કહેવું જોઈએ કે બધા સત્તાવાર નિમાએલા મંડળીઓના અધ્યક્ષો કે ઉચ્ચ કક્ષાના સરકારી સત્તાધીશો પણ કોમ્યુનિસ્ટોના અસહાય હાથા જેવા નથી હોતા.

ભૂગર્ભ મંડળીના સભ્યો પણ સત્તાવાર મંડળીમાં અગ્રસ્થાનો

શોભાવે છે, પણ કેટલાકને પોતાનો ખરો ધર્મ ગુપ્ત રાખવો પડે છે. પણ ખ્રિસ્તી ધર્મ કંઈ ઢીલા પોચાનો ધર્મ નથી એ તો બધા બરાબર સમજે છે. એ તો સાચે જ આક્રમક ધર્મ છે. રૂમાનીયામાં વ્લાડીમીરેષ્ટીના મઠને તાળું મારવા છૂપી પોલીસના સત્તાવાળાઓ આવ્યા ત્યારે તેમને એ કાર્ય પૂરું કરતાં ખબર પડી ગઈ હતી. એવું જ રશિયામાં પણ ઘણે સ્થળે બન્યું હતું. ધર્મ પાલનની મનાઈ કરતાં હુકમનો અમલ કરાવવા જતાં કેટલાયે કોમ્યુનિસ્ટોએ પોતાના જાન ગુમાવ્યા છે.

પણ દિવસે દિવસે સત્તાવાર મંડળીઓની સંખ્યા ઓછી થતી જાય છે. મને લાગે છે કે આખા સોવિયેટ યુનીયનના વિસ્તારમાં પાંચ કે છ હજારથી વધુ મંડળીઓ રહી નહિ હોય. (એટલી જ વસ્તીવાળા યુનાઇટેડ સ્ટેટ્સમાં ત્રણ લાખ મંડળીઓ છે). આ મંડળીઓ માટેનાં દેવળો પણ નાની નાની ઓરડીઓ જ છે. આપણા મનમાં દેવળ સંબંધી જેવા ખ્યાલ બંધાયેલા છે તેવાં દેવળો અહીં નથી. પરદેશી પ્રવાસીઓ મોસ્કોનું ભરચક્ક દેવળ જોઈને છક્ક થઈ જાય છે અને બોલી ઉઠે છે: "અહા! અહીં પણ કેવી ધાર્મિક સ્વતંત્રતા લોકો ભોગવે છે!" પણ આખા મોસ્કોમાં એક જ પ્રોટેસ્ટંટ દેવળ છે. સીતેર લાખની વસ્તી માટે એક જ દેવળ હોય એ કેવી કરૂણતા કહેવાય? પેલાં નાનાં નાનાં એક ખોલીનાં દેવળો પણ વસ્તીથી ઘણે દૂર હોવાથી એંસી ટકા લોકો તેનો લાભ ઉઠાવી શકતા નથી. આ જનસમુદાયને કાં તો વિસારે પાડવો પડે અથવા ભૂગર્ભ મંડળીની પદ્ધતિ દ્વારા તેમને સુવાર્તા પહોંચાડવી પડે. એ સિવાય બીજો કોઇ વિકલ્પ નથી.

કોઈ પણ દેશમાં જેમ જેમ સામ્યવાદની પ્રગતિ થતી જાય છે તેમ તેમ મંડળીને વધુ ને વધુ પ્રમાણમાં ભૂગર્ભમાં ઉતરવું પડે છે.

બંધ કરી દીધેલાં દેવળોની ભજનસેવાને બદલે ધર્મવિરોધી સંસ્થાઓની સભાઓ ભરવામાં આવે છે.

## ભૂગર્ભ મંડળી નાસ્તિક સાહિત્ય દ્વારા "પોષણ" પામે છે.

ભૂગર્ભ મંડળી નાસ્તિક સાહિત્યનો પણ સદુપયોગ કેવી રીતે કરવો તે જાણે છે. જુના જમાનામાં એલીયાર પ્રબોધકે કાગડા પાસેથી ખોરાક લઈને ખાધો હતો તેમ આજના જમાનામાં ભૂગર્ભ મંડળી પણ પોષણ મેળવે છે. નાસ્તિક લેખકો ખૂબ બુદ્ધિચાતુર્ય વાપરીને ધગશપૂર્વક બાયબલની કલમો પર ટીકાઓ કરે છે અને મજાક ઉડાવે છે.

તેઓએ "રમૂજી બાયબલ" તેમજ "શ્રદ્ધાળુ તથા અશ્રદ્ધાળુ માટેનું બાયબલ" એ નામનાં બાયબલ વિરુદ્ધ ટીકાના પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં હતાં. તેમાં બાયબલની કલમોમાં કેવી મૂર્ખાઈ છે તે બતાવવા પ્રયત્ન કર્યા છે. એ પુસ્તકોને માટે અમે ખૂબ હર્ષ કરીએ છીએ. તેમાં બાયબલ વિરૂદ્ધ કરેલી ટીકાઓ પોતેજ મૂર્ખાઈ ભરેલી છે. વાચકને એથી જરા પણ પ્રતીતિ થાય એમ નથી અને તેથી એ ટીકાઓ કોઈ ગંભીરતાથી ધ્યાનમાં લેતું નથી. એ પુસ્તકોની લાખો નકલો છાપવામાં આવી હતી. તેમાં અસંખ્ય કલમો ટાંકેલી હતી. કોમ્યુનિસ્ટોએ તો મજાક કરવા માટેજ એ કલમો ટાંકી હતી પણ તે ઘણી મધુર કલમો હતી. પુરાણા સમયમાં પાખંડી ગણાતા લોકોને શિક્ષા કરવા વધ કરવાના સ્થળે સરઘસ કાઢીને લઇ જવાતા ત્યારે તેમને વિચિત્ર કપડાં પહેરાવવામાં આવતાં. એના પર નરકનાં ભૂતો અને નરકના અગ્નિની જવાળો ચિતરવામાં આવતી. પણ એ પાખંડી ગણાએલા તો કેવા ભવ્ય સંતો હતા! એમજ અત્યારે પણ ભલે બાયબલની કલમો શેતાન તરફથી પ્રસિદ્ધ થતી હોય તો પણ તેમાંનું સત્ય સદા અવિચળ રહે છે.

કોમ્યુનિસ્ટ પ્રકાશનગૃહો, આવા બાયબલની હજારો નકલો માટે માંગ થવા લાગી, એનાથી તેઓ તો ખુશ ખુશ થઈ ગયા. તેઓને

ખબર ન હતી કે આ માગણીઓ ભૂગર્ભ મંડળીઓ તરફથી આવી રહી છે. શાસ્ત્રનાં વચનો મેળવવાનો બીજો કોઈ ઉપાય ન હતો.

નાસ્તિક લોકોની સભાઓનો લાભ ઉઠાવવાની રીતો પણ અમે શોધી કાઢી હતી.

એક નાસ્તિક સભામાં સામ્યવાદી પ્રોફેસરે બતાવ્યું કે ઈસુ તો એક જાદુગર હતો. પ્રોફેસર પાસે એક ચંબૂ હતો. તેમાં પાણી ભરેલું હતું. તેમાં અમુક ભૂકી નાખતાં પાણી લાલ થઈ ગયુ. પછી તેણે સમજાવ્યું કે ઈસુનો ચમત્કાર પણ કંઈક આવો જ હતો. ઈસુએ પોતાના ઝભ્ભાની બાંયમાં આવી ભૂકી સંતાડી રાખીને લાગ આવતાં પાણીમાં તે નાખીને દેખાવ કર્યો હતો કે જાણે પાણીનો દ્રાક્ષારસ બનાવી દીધો છે. પ્રોફેસરે કહ્યું કે "ઈસુના કરતાં હું કંઈક વધુ ભારે ચમત્કાર કરી શકું છું. હું તો દ્રાક્ષારસનું પાછું પાણી બનાવી શકું છું. જુઓ!" એમ કહીને તેણે બીજી કશી ભૂકી લાલ પાણીમાં નાખી એટલે લાલ રંગ અદૃશ્ય થઈ ગયો અને પ્રવાહી રંગ વગરતું થઈ ગયું. વળી બીજી ભૂકી નાખતાં ફરી લાલ રંગ આવી ગયો.

એક ખ્રિસ્તી આ પ્રયોગ જોઈને ઉભો થયો. તેણે કહ્યું, "બિરાદર પ્રોફેસર, તમારા આ ચમત્કારથી અમે તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા છીએ. મારે તમને એક જ પ્રશ્ન કરવાનો છે. તમે જે દ્રાક્ષારસ બનાવ્યાનો દાવો કરો છો તેમાંથી થોડો પી બતાવશો?" પ્રોફેસરે જવાબ દીધો, "એ તો ન બને. એ ભૂકી તો ઝેર છે." ખ્રિસ્તી માણસે જવાબ દીધો, "ત્યારે ઈસુના ચમત્કાર અને તમારા પ્રયોગ વચ્ચે એજ મોટો તફાવત છે. ઈસુના બનાવેલા દ્રાક્ષારસે તો આજે બે હજાર વર્ષથી માણસ જાતને આનંદનો અનુભવ કરાવ્યો છે, પણ તમારા દ્રાક્ષારસથી તમે તો અમને ઝેર આપી રહ્યા છો." આવું સ્પષ્ટ કહેવા માટે તે ખ્રિસ્તીને જેલમાં જવું પડ્યું. પણ એ વાત બધે પ્રસરી ગઈ અને તેથી લોકોની શ્રદ્ધા વધુ દૃઢ થઈ.

અમે તો યુવાન દાઉદ જેવા નિર્બળ છીએ છતાં નાસ્તિકવાદના ગોલીયાથ કરતાં અમે બળવાન છીએ. ઇશ્વર અને સત્ય બંને અમારા પક્ષે છે.

એક સમયે એક કોમ્યુનિસ્ટ ભાષણકર્તા નાસ્તિકવાદ સંબંધી ભાષણ આપતો હતો. કારખાનામાંના બધા કર્મચારીઓને ફરજિયાત તેમાં હાજરી ભરવી પડતી. કર્મચારીઓમાં અમુક ખ્રિસ્તી હતા. ઇશ્વરની હયાતી વિરૂદ્ધની દલીલો તેઓ શાંતિપૂર્વક સાંભળી રહ્યા. ખ્રિસ્ત પર શ્રદ્ધા રાખવી એ પણ કેવી મૂર્ખાઈ છે તે તેણે દલીલોદ્વારા સમજાવ્યું તે પણ તેઓ શાંતિથી સાંભળી રહ્યા. ભાષણકર્તાએ ભાષણમાં બતાવ્યું કે આધ્યાત્મિક જગત જેવું કશું જ નથી. ઇશ્વર નથી, ખ્રિસ્ત નથી, કે પરલોક નથી. માણસનો દેહ ભૌતિક પદાર્થોનો બનેલો છે પણ તેમાં આત્મા જેવું કશું નથી. તેણે વારંવાર એક વાતપર ભાર મૂક્યા કર્યો કે ભૌતિક પદાર્થોજ હયાત છે.

છેવટે એક ખ્રિસ્તી ઊભો થયો અને બે શબ્દ બોલવાની રજા માગી. પરવાનગી મળી એટલે પોતાની ખુરશી ઉઠાવીને જોરથી પછાડી. થોડી વાર ખુરશી સામે તાકી રહ્યો. પછી ભાષણકર્તા પાસે જઈને તેને તમાચા ચોઢી દીધા. ભાષણકર્તા તો ધૂંવાપૂંવા થઈ ગયો. તેનું મોં તો લાલચોળ થઈ ગયું. તે બીભત્સ ગાળો બોલવા લાગ્યો. બીજા કોમ્યુનિસ્ટોને કહેવા લાગ્યો, "આને પકડી લો." પછી તે તમાચા મારનારને પૂછવા લાગ્યો, "આમ તમાચો મારવાની તારી જીગર કેમ ચાલી ? તું તારા મનમાં સમજે છે શું ?" ખ્રિસ્તીએ જવાબ દીધો, "તમારાં વિધાન ખોટાં છે એ તમે પોતે તમારા વર્તનથી સાબિત કરી આપ્યું છે. તમે હમણાંજ કહ્યું કે બધે ભૌતિક પદાર્થ જ છે... એમાં વિશેષ કશું નથી. મેં ખુરશી ઉપાડીને પછાડી. તે ફક્ત પદાર્થ જ છે. તેને કશો ગુસ્સો ચઢ્યો નહિ. પણ મેં તમને તમાચા ચોઢી દીધા ત્યારે તમે ખુરશી કરતાં જુદું વર્ત્યા. પદાર્થ ગુસ્સે થતો

નથી કે મિજાજ ગુમાવતો નથી. પણ તમે એમ કરો છો. માટે બિરાદર પ્રોફેસર! તમારી વાત ખોટી છે. માણસમાં પદાર્થ કરતાં કઈંક વિશેષ છે. આપણે આધ્યાત્મિક વ્યક્તિઓ છીએ!"

ભૂગર્ભ મંડળીના સામાન્ય સભ્યો જ આમ અનેક રીતે નાસ્તિક લોકોની યુક્તિપૂર્વક કરેલી દલીલોનું ખંડન કરી તેમને બોલતા બંધ કરી દે છે.

એક વાર જેલમાં એક રાજકીય અધિકારીએ મને કઠોરતાથી કહ્યું, "આ તમારો ખ્રિસ્તી ધર્મ તો મૂર્ખાઈનો પૂરો નમૂનો છે. એને તમે ક્યાં સુધી વળગ્યા રહેશો?" મેં જવાબ દીધો, "આજ સુધીમાં મરણ પથારીએ પડેલા અનેક નાસ્તિકોને મેં પશ્ચાતાપ કરીને કલ્પાંત કરતા જોયા છે. તેમણે કબૂલ કર્યું છે કે ઈશ્વરરહિત જીવન ગાળીને તેઓ દુઃખી દુઃખી થઈ ગયા છે. છેલ્લે મરણ પથારીએ તેઓ ખ્રિસ્તને પોકાર કરતા હોય છે. પણ હજી સુદ્ધાં ખ્રિસ્તી જીવન ગાળવા માટે પસ્તાવો કરીને છેલ્લા સમયે ખ્રિસ્તને છોડી માર્ક્સ કે લેનિનને સહાય માટે પોકાર કરે એવો કોઈ ખ્રિસ્તી મને મળ્યો નથી. એવી તમે કલ્પના પણ કરી શકો ખરા?" મારો જવાબ સાંભળી તે હસવા લાગ્યો અને બોલ્યો, "બહુ ચાલાકીભર્યો જવાબ!" મેં ઉમેર્યું, "કોઈ ઈજનેર પૂલ બાંધે તો પછી તેની મજબૂતીની ખાત્રી કરવા એના પરથી બિલાડીને પસાર કર્યાનો કશો અર્થ નથી. પૂલની મજબૂતી વિષે ખાત્રી કરવી હોય તો તેના પરથી ધમધમાટ કરતી ગાડી પસાર કરવી જોઈએ. જ્યારે બધું અનુકૂળ હોય ત્યારે નાસ્તિક રહેવાનું બહુ સરળ રહે છે પણ તેથી કંઈ એ વાદ સાચો છે એમ સાબિત થતું નથી. ખરી કટોકટીની પળેજ એનો આધાર ભાંગી પડે છે." પછી લેનિનના પુસ્તકમાંનું અવતરણ બતાવીને મેં તેને ખાત્રી કરાવી આપી કે સોવિયેટ યુનીયનનો મુખ્ય પ્રધાન થયા પછી પણ જ્યારે જ્યારે સંજોગો પ્રતિકૂલ હોય ત્યારે લેનિન પોતે જ પ્રાર્થનાનો આસરો લેતો હતો.

અમે શાંત રહીને શાંતિપૂર્વક ઘટનાઓ બનવાની રાહ જોઈ રહ્યા છીએ. પણ કોમ્યુનિસ્ટોમાં ભારે અજંપો છે. તેઓ વારંવાર નવી નવી ધર્મવિરોધી ઝુંબેશો શરૂ કરે છે. એમના આવા વર્તાવથી સંત ઓગસ્ટીનનું કથન કેવું સત્ય છે તે સમજાય છે: જ્યાં સુધી હૃદયને તારામાં (પ્રભુમાં) જંપ વળતો નથી ત્યાં સુધી તેનો અજંપો ચાલુ જ રહે છે."

## અરે કોમ્યુનિસ્ટોને પણ જીતી શકાય!

ભૂગર્ભ મંડળીને મુક્ત ખ્રિસ્તીઓની સહાય સાંપડે તો તેઓ કોમ્યુનિસ્ટોનાં મન અવશ્ય જીતી લેશે અને તેથી દુનિયાની કાયાપલટ થઈ જશે. તેઓને જીતી લેવાનું ઘણું સહેલું છે, કારણ કે કોમ્યુનિસ્ટ હોવું એ પ્રકૃતિગત નથી. કૂતરું પણ પોતાનો હક્ક માગે છે. કોમ્યુ-નિસ્ટ શાસનમાં કોમ્યુનિસ્ટોને જે ભાગ ભજવવો પડે છે અને જે વિચિત્ર માન્યતાઓને અનુમોદન આપવું પડે છે તે વિરૂદ્ધ તેમનાં મનમાં ક્યારનો બળવો થવા લાગ્યો છે.

વ્યક્તિગત રીતે અમુક માણસો માને છે કે ભૌતિક દ્રવ્યો એજ દુનિયામાં સર્વ કંઈ છે. માણસ તો અમુક વિશિષ્ઠ રીતે એકઠા થએલાં મુઠીભર તત્ત્વોનો સમુહ છે તેમાં બીજુ વિશેષ કંઇ નથી. મૃત્યુ બાદ દેહના થોડા ક્ષાર અને ખનિજ દ્રવ્યો રહી જાય છે અને બસ એટલે-થી જ અંત આવી જાય છે. એવા લોકોને જ્યારે પૂછીએ કે જો એમ હોય તો ઘણા દેશોમાં પોતે માની લીધેલા ઉચ્ચ આદર્શો માટે કેટલાયે આશાભર્યા યુવાન કોમ્યુનિસ્ટોએ પોતાના પ્રાણ પાથરી દીધા છે એનો શો અર્થ? "મુઠીભર રસાયણિક દ્રવ્યો"ને વળી આદર્શ શાના હોય? શું ખનિજદ્રવ્યો બીજાના હિતને ખાતર પોતાનું બલિદાન દેવા તૈયાર થાય ખરાં? આવી દલીલોનો કશો જવાબ તેઓ આપી શકતા નથી.

અને તેમની પાશવતા! માણસને નર્યો પશુ જેવો પેદા કર્યો નથી અને તેથી તેનું પાશવીપણું બહુ લાંબું ચાલી શકતું નથી. નાઝી સત્તાધીશોની પડતીદ્વારા આપણને એનો ખ્યાલ આવી ગયો છે. જુલમગારોમાંના ઘણાએ આત્મહત્યા કરી નાખી છે. બીજા ઘણાએ પોતાનાં પાપની કબૂલાત કરીને પશ્ચાતાપ કર્યો છે.

કોમ્યુનિસ્ટ દેશોમાં માદક પીણાનો ધૂમ ઉપયોગ થવાનું કોઇક સબળ કારણ હોવું જોઈએ. કેફ કરીને માણસ જાણે પોતાની મર્યાદાઓ તોડીને વિરાટ થવા ફાંફાં મારતો ન હોય તેમ લાગે છે. એવી વિરાટ ભાવના સામ્યવાદ આપી શકતો નથી. સામાન્ય રીતે રશિયન નાગરિક ધીર ગંભીર, ઉદારભાવી અને ઉમદા મનનો હોય છે. સામ્યવાદ તો છીછરો અને ઉપરછલ્લો બાહ્ય વાનાંને સ્પર્શનારો જણાય છે. પણ રશિયનો તો જીવનનું ઊંડાણ શોધે છે, અને તેણે અપનાવેલા માર્ગે એ ઊંડાણ પ્રાપ્ત થતું ન હોવાથી તે નશાનો આસરો લે છે. તેને જે ઠગારૂં અને પાશવી જીવન જીવવું પડે છે તેની ભયંકરતા ભૂલવા તે દારૂમાં ડૂબી જવા ફાંફાં મારે છે. દારૂની અસરથી થોડી પળો તેને ખૂબ ભવ્ય લાગે છે પણ ફરી હતી તેથી ખરાબ પરિસ્થિતિ ઊભી થાય છે. જો તેને ખબર પડે કે સત્ય દ્વારા જ મુક્તતા, વિરાટતા વગેરે પ્રાપ્ત થઈ શકે છે તો કેવું સારૂં!

બુખારેસ્ટમાં રશિયન શાસન ચાલતું હતું ત્યારે મારા મનમાં એવી અદમ્ય ઇચ્છા થઈ આવી કે મારે એક અમુક દારૂના પીઠામાં જવું. મેં મારી પત્નીને પણ સાથે લીધી. અમે અંદર ગયાં તો ત્યાં એક રશિયન કેપ્ટન પાસે ભરી બંદૂક લઈને બેઠો હતો. તે પીઠામાં આવતા દરેક જણને બીવડાવીને દારૂ મંગાવતો અને પ્યાલી ઉપર પ્યાલી ઢીંચ્યે જતો હતો. હું ગયો ત્યાં સુધીમાં તેણે ખૂબ જ પીધો હતો અને તેથી બધા દારૂ આપવા આનાકાની કરતા હતા છતાં બીકને લીધે કંઈ કરી શકતા ન હતા. પીઠાનો માલીક મારો

ઓળખીતો હતો. તેની પાસે જઈને મેં કહ્યું, "ભલે, એને જોઈએ તેટલો દારૂ આપો. હું પોતે તેની પાસે જઈને બેસું છું અને તેને અંકુશમાં રાખીશ." એક પછી એક દારૂની બાટલીઓ આવવા લાગી. ટેબલ પર ત્રણ ગ્લાસ હતા. કેપ્ટન સભ્યતાના ધોરણે ત્રણે જણ માટે ત્રણે ગ્લાસ ભરતો ખરો પણ પછી અમને ધરવાને બદલે ત્રણે ગ્લાસ પોતે જ ગટગટાવી જતો. હું અને મારી પત્ની તો કેફી પીણું લેતાં જ ન હતાં. જો કે તેણે ખૂબજ દારૂ પીધો હતો અને હવે તેને ચઢવા લાગ્યો હતો છતાં તેનું મગજ હજી સચેત હતું. તેને ખૂબ પીવાની ટેવ હોવાથી દારૂ ચઢતાં વાર લાગતી. આસ્તે આસ્તે મેં તેની આગળ ખ્રિસ્તની વાત કરવા માંડી. મારી અજાયબી વચ્ચે તે શાંતિથી એ સાંભળી રહ્યો.

આખરે તેણે કહ્યું, "તમે તમારી ઓળખ મને આપી દીધી. હવે હું મારી ઓળખ આપું. હું પોતે ઓર્થોડોક્ષ મંડળીનો યાજક છું. સ્ટાલીનના શાસન તળે પહેલી સતાવણી થઈ ત્યારે પોતાના ધર્મનો ત્યાગ કરનારાઓમાં હું અગ્રેસર હતો. હું ત્યારે ગામેગામ ફરીને વ્યાખ્યાનો આપતો કે ઈશ્વરનું અસ્તિત્વ છે જ નહિ પણ હું યાજકના સ્વાંગમાં આજસુધી તમને છેતરતો આવ્યો છું. હું તેમને કહેતો કે "એવો હું એકલો નથી પણ મંડળીઓના ઘણાખરા ધર્મસેવકો મારા જેવા પ્રપંચ ચલાવનારા છે." મારી ધગશની ભારે કદર કરવામાં આવતી. આખરે મને છૂપી પોલીસમાં અધિકારી તરીકે નિમવામાં આવ્યો. ઈશ્વરે મને એવી શિક્ષા કરી કે મારા હાથેજ ખ્રિસ્તીઓની મારે કતલ કરવાની આવી. તેઓને મારે કષ્ટ આપીને તેમના પર અત્યાચાર ગુજારવા પડતા. તે સમયે મેં જે કાળાં કૃત્યો કર્યાં છે તેની યાદ ભૂલવા માટે હું ફાંફાં મારી રહ્યો છું. એથીજ હું દારૂ બને તેટલો વધુ ને વધુ ઢીંચ્યા કરૂં છું. પણ એ યાદ મારા મનમાંથી ખસતી જ નથી."

અનેકાનેક કોમ્યુનિસ્ટો આપઘાતનો માર્ગ લે છે. એસેનીન અને

માઈઆકોવ્સ્કી જેવા મહાન રશિયન કવિઓએ પણ એ રાહ પસંદ કર્યો હતો. મહાન રશિયન લેખક ફેડીવે પણ પોતાની છેલ્લી નવલકથા "સુખ" નામે પૂરી કરીને આત્મહત્યા કરી હતી. એ નવલકથામાં તેણે પ્રતિપાદન કર્યું છે કે સામ્યવાદના ઉત્કર્ષ માટે અવિરતપણે કાર્યમાં પ્રવૃત્ત રહેવામાંજ સુખ સમાએલું છે. નવલકથા પૂરી થતાં સુધીમાં તે એટલો બધો સુખમાં નિમગ્ન થઈ ગયો કે પૂરી કરી રહ્યો એટલે તરતજ ગોળી ખાઈ રસ્તે પડ્યો. સામ્યવાદ અંગે આવો ભારે પ્રપંચ ચલાવવાની તાણ તેનું મન સહન કરી શક્યું નહિ. રશિયાના રાજા ઝારના સમયમાં સામ્યવાદી લડતો ચલાવનાર નેતાઓ જોફ અને ટોમકીન પણ વાસ્તવમાં સામ્યવાદ કેવો દેખાશે તે જોવાની જીગર કરી શક્યા નહિ. સામ્યવાદ સ્થિર થાય તે પહેલાં તેમણે આત્મહત્યા કરી લીધી હતી.

કોમ્યુનિસ્ટોને કંઈજ સુખ નથી હોતું. કોમ્યુનિસ્ટોના મહાન સરમુખત્યારોને પણ સુખ ભોગવવા મળતું નથી. સ્ટાલીનના દુઃખનો પાર ન હતો! તેણે પોતાની સલામતી માટે બધા હરિફ બિરાદરોને ખતમ કર્યા પછી પણ તેના મનમાં હંમેશાં ડર રહ્યા કરતો કે કોઇ ઝેર આપી દેશે કે ખૂન કરી નાખશે. તેના માટે આઠ શયનગૃહો તૈયાર કરવામાં આવ્યાં હતાં અને તે એવી રીતે બનાવેલાં કે અંદરથી તિજોરીની પેઠે બંધ કરી શકાય. કયા શયનગૃહમાં સૂવાનું છે તે છેલ્લી પળ સુધી તે નક્કી કરતો નહિ. રસોઈ કરનાર તેની પ્લેટમાં જે પીરસ્યું હોય તેમાંથી ખાય પછીજ તે ખાતો. સામ્યવાદથી કોઈને સુખ મળ્યું લાગતું નથી. સરમુખત્યારોને પણ નહિ! તે બધાને ખ્રિસ્તની જરૂર છે.

સામ્યવાદને હઠાવી દેવાથી કોમ્યુનિસ્ટોના પંજામાં પડેલાઓ છૂટકારો પામશે એટલું જ નહિ કોમ્યુનિસ્ટો પોતે પણ મુક્ત થશે.

ગુલામ જેવી અમારી પ્રજાની સૌથી ભારે જરૂરિઆતો અત્યારે ભૂગર્ભ મંડળી પ્રકાશમાં લાવી રહી છે. એ મંડળીઓને સહાય કરો!

*　　　*　　　*

ઉત્કટ શ્રદ્ધા એ આ ભૂગર્ભ મંડળીનું વિશિષ્ઠ લક્ષણ છે.

એક ધર્મસેવક "જ્યોર્જ" ઉપનામથી નીચે વર્ણવેલો પ્રસંગ ટાંકે છે. એનાથી ભૂગર્ભ મંડળીની શ્રદ્ધાનો ખ્યાલ આવશે.

હંગેરીમાં એક ધર્મોપદેશકને ત્યાં એક રશિયન લશ્કરી અમલદાર આવ્યો. તેણે એકાંતમાં વાત કરવાની માગણી કરી. અમલદાર ખૂબ કાચી વયનો અને ઉતાવળીયો જણાતો હતો. વિજેતા સૈન્યનો અમલદાર હોવાનો ફાંકો પણ તેના વર્તનમાં સ્પષ્ટ વર્તાતો હતો. તેઓ એક નાની ઓરડીમાં વાતચીત કરવા ગયા. પછી એકાંત માટે બારણું પણ બંધ કર્યું. પછી ભીંતે લટકતા ક્રોસ તરફ નજર કરીને તે અમલદારે ધર્મોપદેશકને કહ્યું, "તમે જાણો છો ને કે આ મોટું ડીંડવાણું છે? ગરીબો હંમેશાં ગરીબ રહે માટે શ્રીમંતોની યુક્તિઓના તમે હાથા થઈને આવી ધર્મની છેતરપીંડી ચલાવો છો. અહીં આપણા બે સિવાય ત્રીજું કોઈ નથી તો ચાલો મારી આગળ નિખાલસપણે એકરાર કરી દો કે ઈસુને તમે ઈશ્વરપુત્ર તરીકે માનતા નથી."

ધર્મોપદેશક આછું સ્મિત કરીને બોલ્યો, "મારા યુવક મિત્ર, ઈસુ ઈશ્વરપુત્ર છે એ તો હું ખરેખર માનું છું. એજ સત્ય છે."

રશિયન કેપ્ટને બરાડો પાડીને ધમકાવતાં કહ્યું, "મારી આગળ તમારી કોઈ ચાલાકી ચાલવાની નથી. આ કંઈ હસવાની વાત નથી. હું ગંભીરતાથી તમારી સાથે વાત કરી રહ્યો છું." તેણે પોતાની રીવોલ્વર કાઢીને ધર્મોપદેશકની છાતી સામે ધરીને કહ્યું, "તમે બધુ

જૂઠાણું ચલાવો છો તે કબૂલ નહિ કરો તો હું ગોળીથી તમને વીંધી નાખીશ."

ધર્મોપદેશકે દ્દઢતાથી ફરી કહ્યું કે, "એવી કબૂલાત મારાથી કરાય નહિ અને એવી કબૂલાત સાચી પણ ન કહેવાય. આપણો પ્રભુ સાચેસાચ ઇશ્વરપુત્ર છે."

આ સાંભળીને કેપ્ટને પોતાની રીવોલ્વર જમીનપર ફેંકી દીધી. પછી તે ઇશ્વરભક્તને ભેટીને રડવા લાગ્યો.

અંતે તે બોલ્યો, "એ સત્ય છે. હું પણ માનું છું. પણ એને માટે મરવાની તૈયારી બતાવે તેટલી શ્રદ્ધા મારે જોવી હતી. એવી ફના થઈ જવાની તૈયારી જોયા વિના મારા મનમાં ખાત્રી થતી ન હતી. આજે હું તમારો ખૂબ ઋણી થયો છું! તમે મારા વિશ્વાસને સ્થિર કર્યો છે. હવે હું પણ ખ્રિસ્તને ખાતર જીવ આપવા તૈયાર છું. પોતાનો જીવ કેવી રીતે આપવો તે તમે મને શીખવ્યું છે."

મેં પોતે પણ આવા કિસ્સા જોયા છે. રશિયનોએ રૂમાનીયાનો કબજો લીધો ત્યારે એક ગામમાં બે રશિયન સૈનિકો ભરી બંદુકો સાથે એક દેવળમાં પેસી ગયા. તેમણે બરાડો માર્યો, "અમે તમારા ધર્મને માનતા નથી. તમારામાંથી જેટલા એ ધર્મને અત્યારેજ છોડી નહિ દે તેમને અહીં અમે ઠાર કરી દઈશું. જે પોતાનો ધર્મ છોડી દેવા તૈયાર હોય તે જમણી બાજુ એક સ્થળે એકઠા થઈ જાય. થોડાક જણ એ સૂચન પ્રમાણે જમણી બાજુ જઈને ઉભા. તેમને હુકમ છોડ્યો કે તમે એકદમ દેવળ છોડી સીધા ઘરભેગા થઈ જાઓ. પેલા લોકો જીવ લઈને ત્યાંથી ભાગ્યા પછી પેલા સૈનિકો ખ્રિસ્તીઓ સાથે એકલા પડ્યા એટલે તેઓ બધાને ભેટીને કહેવા લાગ્યા, "અમે પણ ખ્રિસ્તી છીએ. પણ સત્યને ખાતર જીવ દેવા તૈયાર હોય તેવા સાચા ખ્રિસ્તીઓની સંગતનો લાભ અમારે લેવો હતો. આથીજ અમે આ પ્રમાણે કર્યું."

અમારા દેશમાં આવા લોકો સુવાર્તાના પ્રચાર માટે લડત આપી રહ્યા છે. તેઓ ફક્ત સુવાર્તાને માટે જ નહિ પણ આપણા સ્વાતંત્ર્ય માટે પણ લડત આપી રહ્યા છે.

પશ્ચિમના દેશોમાં ખ્રિસ્તીઓ કલાકોના કલાકો જગતિક સંગીત સાંભળવામાં ગાળે છે. અમારાં ઘરોમાંથી પણ સંગીતના સૂરો જોરથી નીકળતા સંભળાશે ખરા પણ તે અમારા ભૂગર્ભ કાર્યની વાત કે સુવાર્તાની વાત ચાલતી હોય તો તે પડોશીઓ સાંભળી ન જાય માટે આવરણ માટે વાગતા હોય છે.

પશ્ચિમમાંથી કોઈ ધીર ગંભીર ખ્રિસ્તી અમારી મુલાકાતે આવે છે ત્યારે અમને અનહદ આનંદ થાય છે.

આ પુસ્તકનો લેખક તો એક તુચ્છ માણસ છે. પણ જે વાણીથી વંચિત છે તેઓની વાણી બનીને તેમની વાત હું સંભળાવું છું. જેઓના મોંએ ડૂચા મારીને બોલવાની શક્તિ લઈ લીધી છે તેમની વાત કહેનાર કોઈ ન હોવાથી હું તેમના વતી બોલું છું. તેઓના વતી હું માગું છું કે તમે બધા ધર્મ સંબંધી વધુ ગંભીર થાઓ. ખ્રિસ્તી-ધર્મના પ્રશ્નોના ઉકેલ ખંતથી ખોળો. કોમ્યુનિસ્ટ દેશોમાં વફાદારીને લીધે કષ્ટ વેઠતી ભૂગર્ભ મંડળીને વ્હેવારિક તેમજ પ્રાર્થનાદ્વારા આધ્યાત્મિક સહાય પહોંચાડવા માટે હું તમને વીનવી રહ્યો છું.

* * *

આપણે કોમ્યુનિસ્ટોને ખ્રિસ્તને શરણે લાવી શકીશું. એવી શ્રદ્ધા રાખવા માટે અનેક કારણો છે.

પ્રથમ કારણ, ઈશ્વિર આપણા પક્ષે છે.

બીજું, માણસના મનની ઊંડામાં ઊંડી તલપને સંતોષી શકે તેવો આપણી પાસે સંદેશો છે. નાઝીઓના શાસન દરમિયાન જેલમાં

પડેલા કોમ્યુનિસ્ટોએ મારી આગળ કબૂલ કરેલું કે મુશ્કેલીના વખતે અમે પણ ઇશ્વરને પ્રાર્થના કરીએ છીએ. "ઇસુ, ઇસુ" એ નામનું રટણ કરતાં કરતાં કોમ્યુનિસ્ટ અમલદારોને મરતાં મેં જોયા છે.

આપણા રાષ્ટ્રની સંસ્કૃતિનો સમસ્ત વારસો આપણને ટેકારૂપ છે માટે આપણે વિજય મેળવીશું. હાલના ખ્રિસ્તીઓને રશિયનોએ લેખનકાર્ય કરવાની બંધી ફરમાવી છે. પણ અગાઉના ટોલ્સ્ટોઈ અને દોસ્તોવ્સ્કી જેવા લેખકોનાં લખાણો હજી મળી શકે છે. તેમાંથી ઇસુના શિક્ષણનો પુષ્કળ પ્રકાશ મળી રહે છે. પૂર્વ જર્મનીમાં ગેટે, પોલાંડમાં સ્ઝીન્કીવીક્ઝ અને બીજા લેખકો વિષે પણ એમજ કહી શકાય. રૂમાનીયાનો સૌથી મહાન લેખક સેડાવીનો નામે થઈ ગયો. તેણે "સંતોનાં જીવનચરિત્રો" નામનું પુસ્તક લખ્યું છે. કોમ્યુનિસ્ટોએ એ પુસ્તક "સંતોની દંત કથાઓ" એવા નામથી પ્રસિદ્ધ કર્યું છે. ગમે તે નામે પ્રસિદ્ધ થાય પણ તેમાં વર્ણવેલી જીવનકથાઓથી લોકોને ઉચ્ચ જીવન જીવવાની પ્રેરણા મળે છે.

રફાએલ, માઇકલ એન્જેલો, લીઓનાર્ડો ડા વિન્સી વગેરે મહાન ચિત્રકારોએ તેમનાં ચિત્રોદ્વારા ઇસુના જીવન અને શિક્ષણની ઝાંખી કરાવી છે. તેમની કલાકૃતિઓના ફેલાવાને તો કોમ્યુનિસ્ટો પણ રોકી શકે તેમ નથી.

કોમ્યુનિસ્ટોના દિલમાં પડેલી આધ્યાત્મિક જરૂરિઆતો સંતોષાય એ જરૂરનું હોવાથી તેમની સાથે વાત કરતાં મને એમનીજ ઇચ્છાઓ કામમાં આવે છે. મારી સમજાવટ પ્રત્યે આંખ આડા કાન કરવાનું તેના માટે બહુ મુશ્કેલ થઈ પડે છે. તેની પોતાની અંતઃપ્રેરણાને તે કચડી નાખી શકતો નથી, અને અંતઃપ્રેરણા તો હંમેશ મારા પક્ષેજ રહે છે.

હું કેટલાક માર્ક્સવાદના પ્રોફેસરોને ઓળખું છું. તેઓ નાસ્તિક-

વાદ પર વ્યાખ્યાન આપવા જતાં પહેલાં ઇશ્વરની પ્રાર્થના કરતા એની પણ મને ખબર છે! દૂરનાં સ્થળોમાં છૂપી રીતે ભરાતી ભજન સેવાઓમાં છાનામાના હાજરી આપતા કોમ્યુનિસ્ટોને પણ હું ઓળખું છું. તેઓ કદીક પકડાઈ જાય ત્યારે જૂઠું બોલી દેતા કે અમે એવી ભજન સેવામાં કદી જતા નથી. પણ એવી નામર્દાઈ બતાવવાને લીધે પાછળથી દુઃખી થઈ જતા પણ મેં તેમને જોયા છે. તેમના દિલમાં ધર્મનું આકર્ષણ છે ખરું, તેથીજ તેઓ એવી સભાઓમાં ખેંચાઈ આવતા પણ ધર્મને માટે હિંમતથી દૃઢ રહેવાની શક્તિ તેમનામાં ન હતી. તેઓ બિચારા નિર્બળ માનવીઓ હતા.

માણસમાં એકવાર શ્રદ્ધા પેદા થાય પછી એ ક્રમે ક્રમે વધતી જાય છે. તેનો વિકાસ થતો રહે છે. ભલે શરૂઆતમાં પ્રાથમિક દશામાં તે તદ્દન ક્ષીણ હોય પણ અમે અનેક વાર ભૂગર્ભ મંડળીમાં જોયું છે કે તે વારંવાર વિજયી નીવડે છે. હવે અમારી દૃઢ માન્યતા બંધાઇ છે કે શ્રદ્ધા હંમેશાં વિજય મેળવશેજ.

ખ્રિસ્ત પોતે કોમ્યુનિસ્ટોને ચાહે છે, માટે તેમને ખ્રિસ્તને શરણે આણવા જોઈએ. તેઓ તેને શરણે આવશે એ પણ નિશ્ચિત છે. લોખંડી પડદા પાછળની ભૂગર્ભ મંડળી જ એ કાર્ય કરવા યોગ્ય છે. પ્રભુ ઇસુના મનની ઇચ્છા સમસ્ત માનવજાતનો ઉદ્ધાર સાધવાની છે. એ કાર્યમાં જેઓ સહાયક થવા ઇચ્છે છે તેઓએ ભૂગર્ભ કાર્યને ટકાવી રાખવા પોતાથી બનતી સઘળી સહાય આપવી જોઈએ. ઇસુનું વચન છે કે "તમે સર્વ દેશના લોકોને શિક્ષણ આપો." એના આદેશમાં લોખંડી પડદા સુધી જઈને ત્યાં અટકી જવાનું કહ્યું નથી. ઇશ્વરના આદેશને આજ્ઞાંકિત હોઈએ તો આ મહાન આજ્ઞાપત્ર આપણને લોખંડી પડદાની પેલી બાજુ જઈને ત્યાંના લોકોમાં પણ કાર્ય કરવાની ફરજ પાડે છે. હાલમાં દુનિયાની વસ્તીના દર ત્રણ માણસે એક માણસ કોમ્યુનિસ્ટોની એડી નીચે દબાયેલો છે.

અત્યાર સુધી ત્યાં કાર્ય કરી રહેલી ભૂગર્ભ મંડળીની મારફતે આપણે એ લોકોનો સંપર્ક સાધી શકીશું.

## ભૂગર્ભ મંડળીમાં ત્રણ પ્રકારનાં જુથો છે

પહેલું જુથ કોમ્યુનિસ્ટોએ છૂટા કરેલા પાદરીઓ અને ધર્મસેવકોનું છે. આ જુથમાં હજારો પાદરીઓ અને ધર્મસેવકો આવી જાય. એ લોકો સુવાર્તાના સિદ્ધાંતો સંબંધી કોમ્યુનિસ્ટો સાથે જરાપણ બાંધછોડ કરવા તૈયાર ન હતા. આથી તેમને અધિકારીઓએ મંડળીમાંથી કાઢી મૂક્યા. એમાંના ઘણાને વર્ષો સુધી જેલમાં રહીને ભારે અત્યાચાર સહેવા પડ્યા છે. તેઓ જેલમાંથી છૂટે કે તરત જ ભૂગર્ભ-મંડળીમાં સેવા આપવાનું શરૂ કરી દે છે. જો કે કોમ્યુનિસ્ટો તેમનાં દેવળો બંધ કરી દે કે તેમની જગ્યાએ બીજા કોમ્યુનિસ્ટ તરફી પાદરી નિમી દે છતાં આ પાદરીઓ અને ધર્મસેવકો જ્યાં પ્રસંગ મળે ત્યાં, ખેતરોમાંના તબેલામાં, ઘરના માળીયામાં, મકાનનાં ભોંયરાંમાં કે ઘાસની ગંજીઓમાં છૂપાઈને બહુ સફળ રીતે છૂપું કાર્ય ચલાવતા હોય છે. આ સેવકો તો "જીવતા શહીદો" છે. તેઓની સેવા કોઈ રીતે બંધ થતી નથી. ફરી ફરી પકડાવાનાં, જેલના અત્યાચારો વેઠવાનાં જોખમ ખેડીને પણ તેઓ તો પોતાની સેવા ચાલુ રાખે છે.

બીજું જુથ–મંડળીના સામાન્ય સભ્યો. આ જુથમાં સમર્પિત થએલા સામાન્ય સભ્યોનો મોટો સમુહ આવે છે. રશિયા કે ચીનની મંડળીઓમાં નામના, હચુપચુ વિચારવાળા કે મંદ ખ્રિસ્તીઓ ટકી શકતા નથી એ એક ખાસ વિશિષ્ટતા ધ્યાનમાં લેવા જેવી છે. ખ્રિસ્તી થવા માટે અતિ ભારે ભોગ આપવો પડે છે. એટલે સમર્પિત થવા તૈયાર હોય તોજ તે ખ્રિસ્તી થાય છે.

બીજી એક ખાસ યાદ રાખવાની વાત છે કે સતાવણીની તાવણીથી હંમેશાં ઉચ્ચ કક્ષાના ખ્રિસ્તીઓ તૈયાર થાય છે. આ

ખ્રિસ્તીઓ પોતાના તારનારના કાર્ય વિષે શાહેદી પૂરનારા અને આત્માઓને ખ્રિસ્તને શરણે લાવવાની ધગશવાળા હોય છે. કોમ્યુનિસ્ટોની સતાવણીની અવળી અસર થતી જણાઈ છે. મુક્ત દેશોમાં જવલ્લેજ જોવા મળે તેવા ધીર, સમર્પણની ભાવનાવાળા ખ્રિસ્તીઓ કોમ્યુનિસ્ટ દેશોમાં ઘણા પાક્યા છે. ખ્રિસ્તી થઈને બીજાઓને ખ્રિસ્ત પાસે ખેંચી લાવવાની તમન્ના ન હોય એ વાત જ તેમને ગળે ઊતરતી નથી.

લાલ તારા (રશિયન લશ્કરનું સત્તાવાર પત્ર)એ એકવાર ખ્રિસ્તીઓ પર હલ્લો કરતાં જણાવેલું કે "ખ્રિસ્તના ઉપાસકો પોતાના નહોર દરેક જણમાં ઘુસાડવા માગે છે." પણ ખ્રિસ્તીઓનાં પ્રકાશમય જીવન જ એવાં હોય છે કે તે તેમના પડોશીઓ અને બીજા ગ્રામવાસીઓનાં આદર અને ચાહના પ્રાપ્ત કરી લે છે. ગામ કે શહેરમાં સૌથી લોકપ્રિય નાગરિકો ખ્રિસ્તીઓ જ જણાશે. ઘરમાં મા માંદી હોય અને બાળકોની સારસંભાળ લેવાય તેમ ન હોય તો એકાદ ખ્રિસ્તી બેન આવીને એ સેવા ઉપાડી લે છે. કોઈ માણસ અશક્તિને લીધે જરૂર પૂરતાં લાકડાં ચીરી શકતો ન હોય એકાદ ખ્રિસ્તી ક્યાંકથી નીકળી આવી તેનું કામ કરી આપશે. આમ આ ખ્રિસ્તીઓ પોતાનો ધર્મ આચારમાં ઉતારી બતાવે છે. આમ પ્રથમ આચરણમાં બતાવ્યા પછી જ્યારે ખ્રિસ્તી ધર્મની વાત તેઓ કરે છે ત્યારે લોકો ધ્યાનથી સાંભળે છે અને ખ્રિસ્તને માનવા તૈયાર થઈ જાય છે. કેમકે લોકોએ તેમના જીવનમાં ખ્રિસ્તની અસર જોઈ હોય છે. જો કે ઉપદેશ કરવાની સેવા તો દીક્ષા પામેલો ધર્મોપદેશક જ કરી શકે છે પણ લાખો સમર્પિત ખ્રિસ્તીઓ કોમ્યુનિસ્ટ જગતમાં ખૂણે ખૂણે આત્માઓને ખ્રિસ્ત તરફ આકર્ષી લાવે છે. ખ્રિસ્ત વિષે સાક્ષી આપે છે. કોમ્યુનિસ્ટ છાપાંઓમાં પણ પ્રસિદ્ધ થયું છે કે માંસ વેચનારા પણ માંસ આપતી વખતે ઉપર લપેટેલા કાગળ સાથે સુવાર્તા કે એવી બીજી પુસ્તિકાઓ આપતા હોય છે. એ છાપાંમાં એ પણ જાહેર થઈ ચૂક્યું છે કે કોમ્યુનિસ્ટ

છાપખાનામાં કેટલાક ખ્રિસ્તીઓ ઉચ્ચ પદવી ધરાવતા હોય છે. તેઓ રાત્રે મોડેથી છાનામાના પ્રેસમાં જઈને ખ્રિસ્તી સાહિત્યની હજારો નકલો છાનામાના છાપી લે છે. સૂર્ય ઉગતાં પહેલાં તો બધું વ્યવસ્થિત કરીને પ્રેસ બંધ કરીને તેઓ ઘેર પહોંચી નિરાંતે ઉંઘી જાય છે. કોમ્યુનિસ્ટ છાપાંમાં એ પણ જાહેર થયું હતું કે "ક્યાંક"થી મોસ્કોનાં ખ્રિસ્તી છોકરાંને સુવાર્તાની નકલો મળી હતી. તેમણે હાથે તેની નકલો ઉતારી લીધી હતી અને તેમના શિક્ષકોના મોટા ડગલા શિક્ષકોના બેઠક રૂમમાં ભીંતે લટકાવ્યા હોય ત્યારે એ બાળકો છાનામાના સુવાર્તાની નકલ ખિસ્સામાં સરકાવી દેતા જણાયા હતા. સામાન્ય ખ્રિસ્તીઓ મોટી સંખ્યામાં હોવાથી તેઓની સામુહિક શક્તિ ઘણી સફળ જણાય છે. લોકો પર તેમના કાર્યની ઊંડી છાપ પડે છે. બીજાઓને ખ્રિસ્તને શરણે લાવવાણી મિશનેરી ધગશ તેમનામાં જોવામાં આવે છે. દરેક કોમ્યુનિસ્ટ દેશમાં આવા સમુહો કાર્ય કરી રહ્યા છે.

ક્યુબામાં પહેલાં મિશનેરી તરીકે કામ કરનારા હાલમાં સમાચાર આપે છે કે ત્યાં બધા ખરા ધર્મોપદેશકોને પકડી લેવામાં આવ્યા છે. તેમની જગ્યાએ કોમ્યુનિસ્ટ વળના "ધર્મસેવકો" ની નિમણુંક કરાઈ છે. ખ્રિસ્તીઓની ત્યાં કડક સતાવણી ચાલતી હોવાથી હમણાં ત્યાં "જનતા મંડળી" શરૂ થઈ છે. તેમાં કોઈ દીક્ષા પામેલા ધર્માધ્યક્ષો નથી.

આવા લાખો સાચા, સમર્પિત, ધગશવાળા છૂપી મંડળીના સભ્યો કોમ્યુનિષ્ટોની કડક તાવણીમાં શુદ્ધ થઈને કાર્ય કરી રહ્યા છે. કોમ્યુનિસ્ટોએ તેમનો નાશ કરવાના ઇરાદાથી સતાવણી આદરેલી પણ પરિણામે વધુ સારી મંડળી ઊભી થઈ છે.

ત્રીજું જુથ-નિમાએલા પાળકો અને ધર્મસેવકો ત્રીજા જુથમાં ગણાય છે. કોમ્યુનિસ્ટો તેમને પણ સંપૂર્ણ રીતે બોલતા બંધ કરી શકે તેમ નથી કે પૂરા અંકુશમાં રાખી શકે તેમ પણ નથી.

આ પ્રકાર સૌથી વધુ જીવંત ગણાય તેવો છે. સરકાર માન્ય સત્તાવાર મંડળીઓ પર નિમાએલા આ પાળકો પર અનેક રીતે અંકુશ રાખીને તેમને લગભગ મૌન કરી દેવામાં આવે છે. આ વર્ગમાં પણ સારી એવી સંખ્યા છે. ગુપ્ત મંડળી અને આ સત્તાવાર મંડળી એ બંને તદ્દન અલગ પડી ગએલાં જુથ નથી પણ તેમની વચ્ચે અમુક વહેવાર તો ચાલુ રહે છે. યુગોસ્લાવીઆ, પોલાંડ, હંગેરી વગેરે કોમ્યુનિસ્ટ દેશોમાં સરકાર માન્ય મંડળીઓમાં નિમાએલા ધર્માધ્યક્ષો છૂપી રીતે ભૂગર્ભ મંડળી સાથે પણ સંપર્ક સાચવે છે અને તેમાં કાર્ય પણ કરે છે. કેટલાક દેશોમાં તો એ બંને જુથો એકબીજામાં ગૂંથાઈ ગયાં હોય છે. નિમાએલા પાળકો પોતાના સત્તાવાર નાના ઓરડા જેવા દેવળ સિવાય બીજે ક્યાંય ઉપદેશ કરી શકતા નથી. તેઓ બાળકો કે યુવકો માટે સભાઓ યોજી શકતા નથી. બિનખ્રિસ્તીઓ તો એવાં દેવળોમાં પેસતાં યે ડરે છે. મંડળીના માંદા સભ્યોને ઘેર જઈ તેમને માટે પ્રાર્થના કરવાની પણ મનાઈ હોય છે. આ નિમાયેલા પાળકોને ચારે બાજુથી એવા રૂંધી દેવામાં આવે છે કે તેમનાથી તેમની મંડળીઓમાં કશું જ અર્થપૂર્ણ કાર્ય થઈ શકે નહિ. વારંવાર, કેટલાક સાહસિક પાળકો નિયમોને ઊંચે મૂકીને, પોતાનું સ્વાતંત્ર્ય હોડમાં મૂકીને છૂપી રીતે સેવાઓ આપવા માંડે છે. આવી સેવાઓ અનેકવિધ હોય છે. કોમ્યુનિસ્ટોની કહેવાતી "ધાર્મિક સ્વાતંત્રતા" એ તો એક મોટી મશ્કરી જ છે. કારણ કે એ સ્વાતંત્ર્યને અસંખ્ય નિયમોથી રૂંધી નાખવામાં આવેલું છે. આ પાળકો બાળકો અને યુવાનો માટે છૂપી સભાઓ ભરે છે. તેઓ ખ્રિસ્તીઓનાં ઘરોમાં અને ભોંયરાંમાં હિંમતપૂર્વક સુવાર્તાનું કાર્ય કરે છે. તેઓ છૂપી રીતે ખ્રિસ્તી સાહિત્ય મેળવીને આધ્યાત્મિક રીતે ભૂખ્યા લોકોમાં વહેંચે છે. તેમની ચારે બાજુ ખદબદતી માનવ મેદનીની ભૂખને સંતોષવાનું આવું કાર્ય કરવાથી રાજસત્તાના નિયમોનું ઉલ્લંઘન થાય છે અને તેથી તેમનું સ્વાતંત્ર્ય

હોડમાં મૂકાઈ જાય છે છતાં તેઓ તેની પરવા કરતા નથી. બાહ્ય રીતે નરમ અને આજ્ઞાંકિત હોવાનો દેખાવ કરતા રહીને આ પાળકો છૂપી રીતે ઇશ્વરનાં વચનોનો પ્રચાર કરતાં પોતાનો જીવ જોખમમાં નાખતાં જરા પણ અચકાતા નથી. થોડા સમય પહેલાં જ રશિયામાં આવા ઘણા કિસ્સા પકડાઈ જવાથી ઘણા પાળકોને પકડીને ભારે સજાઓ ફટકારવામાં આવી હતી.

આ લોકો ભૂગર્ભ મંડળીનું અતિઆવશ્યક ત્રીજું અંગ છે.

આમ ભૂગર્ભ મંડળીમાં જુદાં જુદાં અંગો કામ કરે છે, કોમ્યુનિસ્ટોએ હાંકી કાઢેલા, અગાઉના પાળકો અને ધર્મસેવકો, મંડળીના સામાન્ય સભાસદો તેમજ સત્તાવાર નિમાએલા, મંડળીના પાળકો અને ધર્મસેવકો એ બધા મળીને ભૂગર્ભ મંડળીનું છૂપું કાર્ય આગળ ધપાવી રહ્યા છે. સત્તાવાર રીતે નિમાએલા ધર્માધ્યક્ષો નિયમ પ્રમાણે તેમને સોંપાએલા કાર્ય કરતાં ઘણું વિશાળ કાર્ય વગર પરવાનગીએ છૂપી રીતે કરતા હોય છે. સામ્યવાદનો સંપૂર્ણ પરાજય નહિ થાય ત્યાં સુધી ભૂગર્ભ મંડળીનું કાર્ય અવિરતપણે ચાલ્યા કરવાનું છે. જુદા જુદા દેશોમાં ભૂગર્ભ મંડળીનાં જુદાં જુદાં અંગ વધતાં ઓછાં સક્રિય હોય છે. પણ ત્રણે અંગો હોય છે તો ખરાં જ. તેઓ ભારે જોખમ ખેડીને ખ્રિસ્તની સેવા કરતાં હોય છે.

એક અમુક ચોક્કસ વ્યક્તિ છે. તે અવારનવાર કોમ્યુનિસ્ટ દેશોના પ્રવાસે જાય છે. ધર્મ અંગેના પ્રશ્નોમાં તે સારો રસ ધરાવે છે. એક વાર એવી રીતે કોમ્યુનિસ્ટ દેશોની મુલાકાતેથી પાછા ફરીને તેણે નિવેદન કરેલું કે "મને તો કોમ્યુનિસ્ટ દેશોમાં ક્યાંયે ભૂગર્ભ મંડળી જોવા નથી મળી."

આ નિવેદનને નીચેની વાત સાથે સરખાવી શકાય. કોઈ માણસ મધ્ય આફ્રિકાના પ્રદેશોમાં પ્રવાસ કરીને આવીને જાહેર કરે કે "ત્યાં મેં ખૂબ ઝીણવટથી તપાસ કરી છે કે કોઈ ગધનો ઉપયોગ કરે છે કે

કેમ. ત્યાં બધા લોકોએ ભારપૂર્વક ઇન્કાર કર્યો છે કે ગદ્ય એ શું તે અમે જાણતા જ નથી!" તે લોકોનો બધો વ્યવહાર ગદ્યદ્વારા ચાલતો હોવા છતાં એ જ ગદ્ય કહેવાય તેટલી સમજ તેમને ન હોવાથી આવો ગોટાળો થઈ જાય છે. ભૂગર્ભ મંડળીની હયાતી સંબંધી પણ આવું જ છે.

ખ્રિસ્તી મંડળીના શરૂઆતના અમુક દશકામાં ખ્રિસ્તના અનુયાયીઓ પોતે ખ્રિસ્તી છે એવું જાણતા ન હતા. કોઈએ તેમને પૂછ્યું હોત કે તમારો ધર્મ કયો છે તો તેમનો જવાબ કંઈક આવો હોત: "અમે યહુદી છીએ, કે અમે ઇસ્રાએલી છીએ, પણ અમે ઇસુ એ મસિહ છે એવી શ્રદ્ધા રાખીએ છીએ." અથવા તેમણે એમ કહ્યું હોત કે અમે ભાઈઓ, સંતો કે ઇશ્વરનાં સંતાન છીએ. પણ અમે ખ્રિસ્તી છીએ એવું તો કોઈએ કહ્યું ન હોત. કેટલાક દશકા વીત્યા બાદ બીજા લોકો તેમને ખ્રિસ્તી કહેવા લાગ્યા. અંત્યોખમાં એ નામનો સૌથી પ્રથમ પ્રયોગ થયો.

લુથરના અનુયાયીઓમાંનો કોઈ પોતાને લુથરન કહેવાની કલ્પના પણ કરતો ન હતો. લુથરે પોતે પણ પોતાના નામે કોઈ પણ ઓળખાય એ સામે ભારે વિરોધ દર્શાવ્યો હતો.

"ભૂગર્ભ મંડળી" એ નામ કોમ્યુનિસ્ટોએ જ આપ્યું છે. કોમ્યુનિસ્ટ શાસન તળેના દેશોમાં આપોઆપ ઊભી થએલી છૂપી સંસ્થાઓને ઓળખવા માટે પશ્ચિમના કેટલાક અભ્યાસીઓએ પણ એજ શબ્દ પ્રયોગ વાપરવા માંડ્યો અને એમ એ નામ કેટલાંક લખાણોમાં દેખાવા લાગ્યું. આમ આ છૂપી પ્રવૃત્તિઓને આ નામ મળેલું છે. ભૂગર્ભ મંડળીના સભાસદો પોતે પોતાના માટે એ નામ વાપરતા નથી. તેઓ તો પોતાને ખ્રિસ્તી, શ્રદ્ધાવાન, ઇશ્વરનાં સંતાન એવાં નામો વાપરે છે. ભૂગર્ભ પ્રવૃત્તિઓ તેઓ જ ચલાવે છે. તેઓજ છૂપાં સ્થળોમાં એકઠા મળે છે અને સુવાર્તાનો પ્રચાર કરે છે. એવી

સભાઓમાં કદીક કોઈ પરદેશી પણ હાજર હોય છે પણ તેને ખબર પડતી નથી કે આ કોઈ છૂપી સભા છે. આથી બહાર જઈને તેઓ જુદી વાત કરે છે. દુશ્મનોએ પાડેલું આ નામ બરાબર બંધબેસતું છે. બહારથી જેઓ આ સંસ્થા તરફ પ્રેમભાવથી જુએ છે તેઓએ યોગ્ય રીતેજ એ નામનો ઉપયોગ કર્યો છે કારણ કે તે છૂપી રીતે કામ કરે છે અને ભૂગર્ભમાં અસ્તિત્વ ધરાવે છે.

પશ્ચિમના દેશોમાં વર્ષો સુધી પ્રવાસ કર્યા છતાં સોવિયેટ જાસુસી જાળની સહેજ પણ ગંધ ન આવે એ સંભવિત છે. પણ તે પરથી એમતો નજ કહેવાય કે એવી જાસુસીની જાળ કાર્ય કરતી નથી એ પરથી તો એમ સાબીત થઈ શકે કે એ જાસુસીનું તંત્ર એટલું ચકોર છે કે કુતૂહલવૃત્તિવાળા પ્રવાસીઓના ધ્યાનમાં આવી જતું નથી. એમ પકડાઈ જાય તો તો એની મૂર્ખાઈજ ગણાયને ?

આ સાહસિક ભૂગર્ભ મંડળીની હયાતી અને વધતી જતી સફળતા વિષે સોવિયેટ પત્રો શું કહે છે તે જણાવવા, હવે પછીના પ્રકરણમાં હું કેટલાક ઉતારા રજુ કરું છું.

# પ્રકરણ ૬

સોવિયેટ લશ્કરમાં અને રૂમાનીયાના કોમ્યુનિસ્ટોમાં છૂપી રીતે ખ્રિસ્તનો સંદેશો ફેલાવતાં અમને થએલા વિવિધ અનુભવો સંબંધી આગળનાં પ્રકરણમાં મેં જણાવ્યું છે.

કોમ્યુનિસ્ટો તેમજ તેમના દમન નીચે કચડાતા લોકોને ખ્રિસ્તનો સંદેશો પહોંચાડવામાં તમે સહાય કરો એવી હું વિનંતિ કરતો રહ્યો છું.

મારી આ હાકલ તમને "તરંગી" કે "અવ્યવહારૂ" લાગે છે? એ પડકાર વાસ્તવિક ગણી શકાય ખરો?

શું રશિયા અને બીજા કોમ્યુનિસ્ટ દેશોમાં ભૂગર્ભ મંડળી હયાતીમાં હજી છે ખરી? હજી ત્યાં ભૂગર્ભ કાર્ય કરવાની કોઈ તક છે ખરી?

આવા બધા પ્રશ્નોના ઉત્તર ઘણા આશાસ્પદ છે.

કોમ્યુનિસ્ટો તેમના શાસનની અર્ધશતાબ્દિ ઉજવી રહ્યા છે. પણ તેમનો કહેવાતો વિજય પરાજયમાં ફેરવાતો જાય છે. સામ્યવાદનો નહિ પણ ખરી રીતે તો ખ્રિસ્તી ધર્મનો વિજય થતો જણાય છે. અમારી સંસ્થા રશિયન પત્રોનો ખૂબ ઝીણવટથી અભ્યાસ કરે છે, કારણ કે તેમાં ભૂગર્ભ મંડળીના કાર્ય વિષે ઘણી માહિતી આવતી હોય છે. હમણાં હમણાં આ ભૂગર્ભ મંડળી એવી શક્તિશાળી થવા લાગી છે કે હવે થોડું ઘણું જાહેરમાં આવવાની હિંમત કરી શકે છે. હવે તો ઉલટું કોમ્યુનિસ્ટોને પણ ડરાવવાની પણ છાતી ચલાવી શકે છે. બીજી રીતે મળતા સમાચારો પણ કોમ્યુનિસ્ટ પત્રોમાં આવતી માહિતીનું સમર્થન કરે છે.

ભૂગર્ભ મંડળી એ તો સમુદ્રમાં તરતા બરફના પહાડ જેવી છે. તેનો મોટો ભાગ સપાટીની નીચે દૃષ્ટિમાં ન આવે તેમ રહે છે. ફક્ત ટોચનો થોડો જ ભાગ બહાર નજરે પડે છે. આ મુદ્દો ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે.

અહીંથી હવે હું ખાસ અગત્યના સમાચારો સંકલિત કરીને રજુ કરૂં છું.

**અરફના પહાડની ચોટી**

ઈ. સ. ૧૯૬૬ના નવેમ્બરની ૭મી તારીખે કોકેસસના સુહુમી નામના સ્થળે ભૂગર્ભ મંડળીની એક મોટી પરિષદ ખુલ્લા આકાશ તળે ભરવામાં આવી હતી. બીજાં ઘણાં શહેરોમાંથી ઘણા ખ્રિસ્તીઓ આ પરિષદમાં ભાગ લેવા આવ્યા હતા. ખ્રિસ્તને શરણે આવવાનું તેડું અપાતાં સુડતાળીસ યુવકો અર્પણવેદી પાસે ખડા થઈ ગયા હતા. ત્યાંજ કાળા સમુદ્રમાં તેમને બાપ્તિસ્મા આપવામાં આવ્યું હતું. આતો જાણે બાયબલનો જમાનો ફરી આવ્યો હોય તેવો અનુભવ થાય છે.

તેઓને આગળથી શિક્ષણ આપીને તૈયાર કરવાનો સમય જ ન હતો. પચાસ વર્ષની કોમ્યુનિસ્ટ સરમુખત્યારશાહી પછી ભૂગર્ભ મંડળી પાસે નથી બાયબલ કે નથી બીજુ કોઈ ખ્રિસ્તી સાહિત્ય, ત્યાં કોઈ ઈશ્વરવિદ્યાશાળાઓ ચાલતી નથી તેથી ભૂગર્ભ મંડળીના ધર્માધ્યક્ષો પણ ઈશ્વર વિદ્યા સંબંધી કશું શિક્ષણ પામેલા હોતા નથી. પણ એમ તો નવા કરારમાંનો સેવક ફિલિપ પણ એવી તાલીમ પામેલો ક્યાં હતો? છતાં પેલા ખોજા સાથે એકાદ કલાકની વાતચીતમાં જ બાપ્તિસ્માનો પ્રશ્ન આવી ગયો અને હબસી ખોજાએ કહ્યું, "આ રહ્યું પાણી, હવે મારે બાપ્તિસ્મા લેવામાં વાર શા માટે કરવી?" ત્યારે ફિલિપે પણ તેને અનુરૂપ જવાબ આપ્યો, "જો તું ખરા મનથી ઈસુ પર શ્રદ્ધા ધરાવતો હોય તો કશો અવરોધ નથી." પછી તેઓ બંને પાણીમાં ઉતર્યા અને બદલાણ પામેલા માણસનું બાપ્તિસ્મા થયું. (પ્રે. કૃ. ૮. ૩૬–૩૮).

કાળા સમુદ્રમાં પૂરતું પાણી છે, અને ભૂગર્ભ મંડળીએ બાયબલના જમાનામાં ચાલતી રીતો અજમાવવા માંડી છે!

ઉશીટેલ્સ્કાયા ગેઝેટા (શિક્ષકો માટેનું સામયિક) ના ઓગસ્ટ ૨૩, ૧૯૬૬ ના અંકમાં રોસ્ટોવ–ઓન–ડોન નામના એક શહેરના

સમાચાર આપવામાં આવ્યા છે. કોમ્યુનિસ્ટ કાયદા પ્રમાણે બેપ્ટિસ્ટોએ પોતાના સમુહની નોંધણી કરાવવાનો અને કોમ્યુનિસ્ટોએ નિમેલા "ધર્માધ્યક્ષોને" આધીન થવાનો ઈન્કાર કર્યો. એ પછી તેઓએ જાહેર માર્ગો પર એક મોટું સરઘસ કાઢવાની હિંમત કરી હતી.

આ બનાવ મે માસની ૧ લી તારીખે બન્યો હતો. જેમ પોતાના ફરોશી પ્રતિસ્પર્ધીઓને હંફાવવા ઈસુ સાબ્બાથના દિવસે ચમત્કારો કરતો તેમ ભૂગર્ભ મંડળી પણ કોમ્યુનિસ્ટોનો જાહેર સામનો તેમના ઉત્સવના દિવસે જ કરવાનું પસંદ કરે છે.

મેની પહેલી તારીખે કોમ્યુનિસ્ટો મોટાં મોટાં પ્રદર્શનો ગોઠવે છે. તે જોવા જવાનું દરેક માટે ફરજીયાત હોય છે. પણ કોમ્યુનિસ્ટોનો સામનો કરે તેવી એક બીજી શકિત આજ વખતે જાહેર રસ્તા પર દેખાઈ.

પંદરસો જેટલા શ્રદ્ધાવાન ખ્રિસ્તીઓએ તેમાં ભાગ લીધો. આવું જોખમકારક સાહસ ખેડવા ઈશ્વરના પ્રેમનું જ પ્રેરકબળ તેમને દોરતું હતું. તેઓને પૂરી ખબર હતી કે આ પગલાને લીધે તેમની સ્વતંત્રતા પૂરેપૂરી ખતરામાં હતી. તેમને પકડીને જેલમાં પૂરવામાં આવે તો ત્યાં તો ભૂખમરો અને અત્યાચારો જ રાહ જોઈ રહ્યા હતા તે સૌ કોઈ જાણતા હતા.

રશિયામાં દરેક શ્રદ્ધાવાન ખ્રિસ્તી "છૂપા ઢંઢેરા"ની વાત જાણે છે. બારનોલમાંના ઈવેન્જેલીકલ ક્રિશ્ચિયન સંપ્રદાયે તે છપાવ્યો હતો. એ ઢંઢેરામાં કુલુન્દા ગામની હ્નારા નામની એક ખ્રિસ્તી બેનનો મતિ જેલમાં મૃત્યુ પામ્યો અને તેનું શબ તેની વિધવા પત્નીને કેવી હાલતમાં સોંપવામાં આવ્યું તેની વિગતો જાહેર કરવામાં આવી હતી. પતિના મૃત્યુથી ચાર નાનાં બાળકોનો ભાર તે વિધવાના માથે આવ્યો. તેના પતિનું શબ તેને સોંપવામાં આવ્યું ત્યારે તેના હાથે હાથકડીઓના ઘસારાથી છાલાં પડી ગએલાં દેખાતાં હતાં. હથેલી, આંગળીઓ અને પગનાં તળીઆં દાઝી ગએલાં જણાતાં હતાં. પેટના ભાગો પર

છરીઓના ઘા પડેલા હતા. જમણો પગ સૂજી ગયો હતો. બંને પગે સખત મારઝૂડનાં નિશાન હતાં. એવાં જ નિશાન આખા શરીરે હતાં.

રોસ્ટોવ – ઓન – ડોનના સરઘસમાં ભાગ લેવા આવનારના એવાજ હાલ થવાનો પૂરેપૂરો સંભવ હતો. ભાગ લેનાર બધા જ ખ્રિસ્તી શ્રદ્ધાવાનોને ખબર હતી છતાં સામી છાતીએ તેઓ આવ્યા હતા.

"છૂપા ઢંઢેરા"માં વર્ણવેલા શહીદે હૃદયપરિવર્તન થયા પછી ત્રણ જ માસમાં પોતાના પ્રાણનું બલિદાન કરી દીધું હતું. તેની દફનક્રિયા સમયે શ્રદ્ધાળુઓનું મોટું ટોળું વિવિધ લખાણોવાળાં પાટીયાં લટકાવીને હાજર થયું હતું. પાટીયાંનાં કેટલાંક લખાણો નીચે પ્રમાણે હતાં:

"મારે માટે જીવવું તે ખ્રિસ્ત અને મરવું લાભકારક છે."

"અને શરીરને જેઓ મારી નાખે છે પણ આત્માને મારી નાખી શકતા નથી તેઓથી બીહોમા."

"ઈશ્વરના વચનને ખાતર શહીદ થનારાને મેં વેદી નીચે જોયા."

એ શહીદના નમૂનાથી રોસ્ટોવ–ઓન–ડોનમાં એકઠા થએલા બધા ખ્રિસ્તીઓને ખૂબ પ્રેરણા મળી. એક નાના મકાન આગળ જાહેર રસ્તા પર બધા એકઠા થયા. ચારે બાજુ બધે લોકો જ નજરે પડતા હતા. કેટલાક જોવા માટે છાપરા પર ચઢી ગયા હતા. કેટલાક ઝાડ પર ચઢીને જોતા હતા. પહેલાંના સમયમાં જાખી ઝાડ પર ચઢી ગયો હતો તેમજ તે સમયે ૮૦ જેટલા માણસોનું હૃદયપરિવર્તન થયું. તેમાંના મોટા ભાગના યુવકો હતા. એમાંના ત્રેવીસ જણા તો કોમ્સોમોલના સભ્યો હતા! (કોમ્સોમોલ એ કોમ્યુનિસ્ટ યુવક સંસ્થા છે).

શ્રદ્ધાળુ ખ્રિસ્તીઓ સરઘસ રૂપે આખું શહેર વીંધીને ડોન નદીને કિનારે પહોંચ્યા. ત્યાં બાપ્તિસ્માનો વિધિ કરવામાં આવ્યો.

એટલામાં કોમ્યુનિસ્ટોની મોટરોમાં પોલીસ આવી પહોંચી. ત્યાં નદીકિનારેજ તેઓને ઘેરી લેવામાં આવ્યા. સરઘસના નેતાઓને પકડી લેવાની તેમની યોજના હતી. (આટલા બધા પંદરસો જણને તો શી રીતે પકડી શકાય?) ખ્રિસ્તીઓ તો બધા તરત ઘુંટણે પડયા અને પ્રાર્થના કરવા લાગ્યા. તેમણે ઈશ્વર પાસે ભજનસેવા પૂરી થાય માટે રક્ષણ માગ્યું. પછી બધાં ભાઈબેનો ખભેખભા મિલાવીને વર્તુળમાં ઊભાં રહ્યાં. ભજનસેવા ચલાવનાર વર્તુળમાં ઉભા રહીને સભા ચાલુ રાખી રહ્યા. વર્તુળને લીધે તેમનું રક્ષણ થતું હતું. ધરપકડ કરવાનું ફાવે તેમ ન હતું. ધીરે ધીરે પરિસ્થિતિ તંગ બનતી ગઈ.

ઉશીટેલ્સ્કાયા ગેઝેટા હેવાલ આપે છે કે રોસ્ટોવમાંની "ગેરકાયદે" ગણાતી બેપ્ટિસ્ટ ખ્રિસ્તી મંડળીનું પોતાનું છૂપું છાપખાનું છે. (રશિયામાં ઇવેન્જેલીકલ ક્રિશ્ચિયન અને પેન્ટેકોસ્ટલ સંપ્રદાયોને પણ બેપ્ટિસ્ટ ગણવામાં આવે છે). તેઓ યુવકોને પોતાના ધર્મમાં દૃઢ રહેવાની હાકલ કરતાં લખાણો પ્રસિદ્ધ કરે છે. એવા એક ભૂગર્ભ પ્રકાશનમાં ખ્રિસ્તી માબાપોને ખૂબ કિમતી સલાહ આપવામાં આવી છે તે ટાંકું છુંઃ "બાળકોને પણ દફનક્રિયામાં સાથે રાખવાં. એ રીતે તેઓ દુનિયાની ક્ષણભંગુર બાબતો સંબંધી ચિંતા ન કરવાનું શીખશે." માબાપોને સલાહ આપવામાં આવી છે કે ઘેર બાળકોને ખ્રિસ્તી શિક્ષણ આપવું કે શાળામાં તેઓ નાસ્તિકવાદનું ઝેરી શિક્ષણ લે છે તેનું મારણ બાળકોને મળી રહે.

ઉશીટેલ્સ્કાયા ગેઝેટા લખાણના અંતે પ્રશ્ન કરે છે કે "જે કુટુંબોમાં બાળકોને ધર્મના શિક્ષણથી મૂર્ખ બનાવવામાં આવે છે તેવાં કુટુંબમાં શિક્ષકો કેમ બીતા બીતા ભળતા હશે!"

આ શિક્ષકોના સામયિકમાં એક બીજા બનાવનું વર્ણન પણ મળે છે. કેટલાક ભૂગર્ભ કાર્યકરો ચૂપકીથી બાપ્તિસ્માવિધિ કરતાં પકડાઈ જાય છે ત્યારે તેમનો કેસ ચાલે છે. ત્યાં જે કંઈ બન્યું તે જણાવ્યું છે :

"સાથી તરીકે આણેલા યુવકો ખ્રિસ્તીઓ હતા. તેઓ ઉદ્ધતાઈથી કોમ્યુનિસ્ટ કોર્ટનો તિરસ્કાર કરતા હતા. તેઓનું વર્તન રોષભર્યું અને ઝનૂની હતું. પ્રેક્ષક યુવતીઓ બચાવ પક્ષના આવા સાક્ષીઓ તરફ પ્રશંસાભાવથી જોઈ રહી હતી. પણ નાસ્તિક જનતા તરફ સ્પષ્ટ અણગમો બતાવતી હતી."

ભૂગર્ભ મંડળીના સભ્યોએ મારઝૂડ અને કેદનું જોખમ ખેડીને પણ કોમ્યુનિસ્ટ પક્ષના મુખ્ય મથક આગળ જઈને વધુ ધાર્મિક સ્વાતંત્ર્યની અરજીઓ કરી છે.

સોવિયેટ યુનિયનમાં ગેરકાયદે ગણાએલી ઈવેન્જેલીકલ બેપ્ટિસ્ટ મંડળીઓની સમિતિનો એક ગુપ્ત દસ્તાવેજ દાણચોરીથી પશ્ચિમના દેશોમાં પહોંચાડવામાં આવ્યો હતો તે હાલ અમારી પાસે છે. સોવિયેટ યુનીયનમાં બીજું એક કોમ્યુનિસ્ટ દોરી સંચારથી ચાલતું "બેપ્ટિસ્ટ યુનિયન" પણ છે. તેનો વડો કારેવ નામનો એક ખ્રિસ્તદ્રોહી છે. તે ખ્રિસ્તીઓની સામુહિક કતલ કરાવનાર કોમ્યુનિસ્ટ નેતાઓનાં ભારોભાર વખાણ કરે છે અને "આજનું સોવિયેટ જીવન"ના ૧૯૬૩ના છઠ્ઠા અંકમાં કોમ્યુનિસ્ટ દેશોમાં ભોગવવા મળતી ધાર્મિક સ્વતંત્રતાની અતિશયોક્તિભરી વાતો કરે છે.

એ છૂપા દસ્તાવેજમાં ખુદ મોસ્કોમાંજ યોજેલા એક સાહસિક સરઘસની વાત વર્ણવેલી છે. હું તેમાંથી ઉતારો આપું છું.

"તાકીદના સમાચાર."

"પ્રિય ભાઈબેનો, તમને ઈશ્વર તેમજ આપણા પ્રભુ ઈસુની આશીષ તથા શાંતિ પ્રાપ્ત થાઓ.

"અમે તમને બધાંને જાહેર કરવા ચાહીએ છીએ કે ઈવેન્જેલીકલ બેપ્ટિસ્ટ મંડળીઓના લગભગ પાંચસો જેટલા પ્રતિનિધિઓ મેની સોળમી તારીખે મોસ્કો પર મોરચો લઇ ગયા હતા. તેઓ ત્યાંની મધ્યસ્થ સત્તા આગળ વિરોધ જાહેર કરવા માગતા હતા. તેઓ

સોશ્યાલીસ્ટ સોવિયેટ રીપબ્લીક સંઘના કોમ્યુનિસ્ટ પક્ષની મધ્યસ્થ કચેરીએ પહોંચ્યા અને ત્યાં પોતાનું આવેદનપત્ર વાંચી સંભળાવીને સુપરત કર્યું.

એ અરજી અમે જનરલ સેક્રેટરી બ્રેઝનેવને સોંપી છે."

એ દસ્તાવેજમાં વધારામાં જણાવેલું છે કે એ પાંચસો માણસોએ એ કચેરી આગળ આખા દિવસનો સત્યાગ્રહ કર્યો. સામ્યવાદ વિરૂદ્ધ મોસ્કોમાં જાહેરમાં આ પહેલવહેલોજ દેખાવ કરવામાં આવ્યો હતો. એ દેખાવ કરનારા ભૂગર્ભ મંડળીવાળા જ હતા. દિવસ પૂરો થવા આવ્યો ત્યારે બ્રેઝનેવને તેઓએ એક બીજી અરજી સોંપી. તેમાં એવી ફરિયાદ હતી કે સ્ટ્રોગેનોવ નામનો એક "બિરાદર" ધમકીઓ આપતો હતો અને અરજી પહોંચાડવાનો ઇન્કાર કરતો હતો.

એ પાંચસો પ્રતિનિધિઓ રાતભર ખુલ્લામાં રસ્તાપર જ રહ્યા. તેમનું અપમાન કરવામાં આવતું. જતી આવતી મોટરોથી કાદવ છંટાતો. વરસાદ પણ સતત પડ્યા કરતો હતો. છતાં તેમના પ્રત્યે કશીજ દયા દર્શાવાતી ન હતી. એવી હાલતમાં જ સવાર થતાં સુધી તેઓ ત્યાં ખડા રહ્યા.

બીજે દિવસે તેમને જણાવવામાં આવ્યું કે અમુક બીજા એક મકાનમાં જઈને કોઈ ઉતરતા દરજ્જાના અધિકારી સાથે વાટાઘાટ કરો. "પણ જ્યાં કોઈ સાક્ષી ન હોય તેવા મકાનમાં, કોઈ અધિકારી સાથે વાટાઘાટ કરવાના બહાને ખ્રિસ્તીઓ અંદર દાખલ થાય તો તેમને મારઝૂડ કરવામાં આવતી, એ હકીકતથી તેઓ જાણકાર હોવાથી મકાનમાં પ્રવેશ કરવાનું સર્વાનુમતે ના પાડીને બ્રેઝનેવને જ મળવાનો આગ્રહ તેમણે જારી રાખ્યો."

અને અંતે આ બધાનો જેવો અંજામ ધારીએ તેવો જ આવ્યો.

બપોરે ૧–૪૫ વાગે મોટી મોટી બસો આવી અને ખ્રિસ્તીઓ પર વેર વાળવાની શરૂઆત થઈ. અમે કુંડાળું બનીને ઉભા અને

એકબીજાના હાથ જોરથી પકડી રાખ્યા. અમે બધા સાથે ગાવા લાગ્યા, " સર્વોત્તમ છે તે દિવસો કે સ્તંભ ઉંચકવા મળે જેમાં." છૂપી પોલીસના માણસોએ અમને મારવાનું શરૂ કર્યું. જુવાન કે વૃદ્ધને વગર વિચારે એક સરખો માર પડ્યો. પુરુષોને કુંડાળામાંથી ખેંચી કાઢીને મોં પર કે માથામાં ફટકા મારીને ડામરની સખત સડક પર પછાડવામાં આવ્યા. તેમના વાળ પકડીને ઘસડીને બસ સુધી તેમને લઈ ગયા. કેટલાકે ત્યાંથી દૂર ખસી જવાનો પ્રયત્ન કર્યો તો ઢોરમાર મારીને તેમને બેભાન બનાવી દીધા. ખ્રિસ્તીઓને બસમાં બેસાડીને અજાણ્યા સ્થળે લઈ જવામાં આવ્યા. એ બસોમાંથી પણ ખ્રિસ્તી ગાયનોના સૂર સંભળાતા હતા. ભરચક્ક રસ્તાઓ પર આ બનાવો બન્યા હતા.

આટલું બધું થયા છતાં એથી પણ સુંદર ઘટનાઓ બને છે. પેલા પાંચસો જણને પકડીને લઈ ગયા અને તેમના પર ખૂબ અત્યાચાર વરસાવ્યો ત્યાર પછી ભાઈ જી. બીન્સ અને ભાઈ હોરેવ એ બે જણાએ કોમ્યુનિસ્ટ પક્ષની મધ્યસ્થ કમિટિ સમક્ષ જવાની હામ ભીડી. (આવાઓનેજ ખ્રિસ્તના ટોળાના ખરા પાળક કહી શકાય). યોહાન બાપ્તિસ્મીની ધરપકડ થયા પછી જ ઈસુએ પોતાનું જાહેર સેવાકાર્ય શરૂ કર્યું હતું. " પસ્તાવો કરો, કેમકે આકાશનું રાજ્ય આવી પહોંચ્યું છે " એ પેગામને ખાતર યોહાનને જ્યાંથી પકડવામાં આવ્યો તેજ સ્થળેથી અને એજ શબ્દોદ્વારા ઈસુએ પોતાનું જીવનકાર્ય શરૂ કર્યું હતું.

ભાઈ બીન્સ અને હોરેવે સીધા જઈને માગણી કરી કે તમે જે ખ્રિસ્તીઓને પકડ્યા છે તેઓને છોડી મૂકવા જોઈએ. એ બે સાહસિક ભાઈઓ તો જાણે એ પછી અલોપ જ થઈ ગયા. પાછળથી લાંબા સમયે જાણવા મળ્યું કે તેમને લેફોર્ટોવ્સ્કાયાની જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

ભૂગર્ભ મંડળીના આ ખ્રિસ્તીઓ ડરપોક કહેવાય ખરા ? નહિ જ ! એ પછી તરતજ બીજા ખ્રિસ્તીઓએ પોતાની સ્વતંત્રતા જોખમમાં નાખીને આપણી પાસે છે તે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું અને જે કંઈ ઘટનાઓ બની તે એમાં વિના ડરે પ્રસિદ્ધ કરી. તેઓએ કહ્યું કે "અમને ખ્રિસ્ત પર શ્રદ્ધા બેઠી તે ઇશ્વરી કૃપા છે, એટલું જ નહિ પણ તેને ખાતર દુઃખ સહન કરવાની પણ તક મળી છે તે પણ મોટી કૃપા જ છે. (ફિલેમોન ૧.૨૯). તેઓ ભાઈઓને શિખામણ આપે છે કે "અમારાં આ કષ્ટથી કોઈ ડગી જાય નહિ કારણ કે તમે જાણો છો કે એને સારૂ આપણે નિર્માણ થયા છીએ." (૧ થેસ્સા ૩.૩). તેઓએ હેબ્રી ૧૨.૨ નો ઉલ્લેખ પણ કર્યો છે. તેઓ શ્રદ્ધાવાનોને આહ્‌વાન કરે છે કે "આપણે આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર ઇસુની તરફ લક્ષ રાખીએ. તેણે તેની આગળ મૂકેલા આનંદને લીધે શરમને તુચ્છ ગણીને મરણસ્તંભનું દુઃખ સહન કર્યું : "

યુવકોને નાસ્તિકવાદનું ઝેર આપવામાં આવે છે તેની સામે ભૂગર્ભ મંડળીએ રોસ્ટોવ, મોસ્કો અને આખા રશિયામાં વિરોધ દર્શાવ્યો છે. તેઓ સામ્યવાદનું ઝેર અને સત્તાવાર મંડળીના દ્રોહી આગેવાનો એ બંને સામે લડત ચલાવી રહ્યા છે. તેઓ પોતાની છૂપી જાહેરાતમાં આ વિષે જણાવે છે કે, "આ સમયમાં તો શેતાન આજ્ઞા કરે છે તે ઇશ્વરની આજ્ઞાઓ વિરૂદ્ધ હોય તો પણ મંડળી મંજુર કરી લે છે." (૪થી ઓકટો. ૧૯૬૬ના પ્રવડા યુક્રેનીમાંથી ઉતારેલું).

એલેકસી નેવેરોવ, બોરીસ ગાર્માશોવ, અને એક્ષન ઝુબોવ એ ભાઈઓએ અમેરિકામાંથી પ્રસારિત થતા સુવાર્તાના રેડીઓ સંદેશા સાંભળવા સભાઓ યોજવા માંડી હતી, તે ગુનાસર તેમના પર કામ ચાલ્યું તેનો હેવાલ પ્રવડા વોસ્ટોકામાં પ્રસિદ્ધ થયો હતો. તેઓએ એ

સંદેશા ટેપ રેકોર્ડ કરી લીધેલા અને પાછળથી મંડળીઓમાં સાંભળવા માટે ફેરવેલા.

"પર્યટનો" અને "કલાવતુંળો"ના ઓઠા હેઠળ તેઓ સુવાર્તાની સભાઓ ચલાવે છે એવો આરોપ પણ તેઓના પર મૂકવામાં આવ્યો હતો. જેમ શરૂઆતની મંડળી રોમ શહેરની શબગુફાઓમાં રહીને કાર્ય કરતી હતી તેમ આ ભૂગર્ભ મંડળી પણ કાર્ય કરે છે.

સપ્ટેમ્બર માસની પંદરમી ૧૯૬૬ના સોવિયેટસ્કાયા મોલ્ડાવીયામાં એક ફરિયાદ જોવા મળે છે કે ભૂગર્ભ મંડળી પુસ્તિકાઓની સાઇક્લોસ્ટાઇલ નકલો ઉતારે છે. તેઓ જાહેર સ્થળોમાં કાયદાનો ભંગ કરીને ટોળાં કરે છે અને ખ્રિસ્તનો ઉપદેશ કરતાં કરતાં વિવિધ સ્થળોમાં ફરતા રહે છે.

એ જ પત્રમાં બીજો એક પ્રસંગ ટાંકયો છે. રેનીથી ચિસીનો સુધીની મુસાફરીમાં ત્રણ ખ્રિસ્તી યુવકો અને ચાર યુવતીઓએ "ખ્રિસ્તને અર્પીએ યુવા આપણી" એ ગીત ગાયું હતું. એ ખબરપત્રી વધુમાં જણાવે છે કે આ લોકો જાહેર રસ્તાઓ પર, સ્ટેશનો પર, ગાડીઓમાં, બસોમાં અને સરકારી સંસ્થાઓમાં પણ ઉપદેશ કરતા ફરે છે, તે જોઈને મને ભારે આઘાત લાગ્યો. આપણા રશિયામાં ભૂગર્ભ મંડળી આવું કાર્ય કરી રહી છે.

ગ્લેડશેવીસ્રી નામના એક આગેવાનને કોર્ટમાં પકડી લાવવામાં આવ્યો. તેથી "ધર્મઝનૂની" મેડન નામનાં નેતા સાથે બીજા ખ્રિસ્તી ભાઈઓએ ત્યાં હાજર ૫૭ ને ખ્રિસ્તી સ્તોત્રો ગાયાં.

કોપસીઆગ અને ઝાહારોન્કા નામનાં બે ગામડાંમાં દેવળ ન હોવાથી મેની પહેલી તારીખે તેઓએ જંગલમાં છૂપી ભજન સેવા ચલાવી.

જન્મદિવસની મિજબાનીના બહાના નીચે પણ તેઓ છૂપી

સભાઓ યોજે છે. (ત્રણ, ચાર કે પાંચ માણસના ખ્રિસ્તી કુટુંબોમાં વરસમાં પાંત્રીસ જેટલી જન્મદિવસની મિજબાનીઓ ગોઠવાતી જણાય છે. એ રીતે તેઓ છૂપી સભાઓને ગુપ્ત રાખી શકે છે).

ભૂગર્ભ મંડળીના સભ્યોને જેલ કે અત્યાચાર કશાથી ડરાવી શકાતા નથી. સતાવણી તો તેમને વધુ દૃઢ કરે છે. એવું જ શરૂઆતની મંડળીમાં પણ થયું હતું.

પ્રવડા યુક્રેનીના ચોથી ઓકટોબર ૧૯૬૬ ના અંકમાં ભાઈ પ્રોકોફિવ નામના ભૂગર્ભ મંડળીના એક આગેવાન સંબંધીનો આવો ઉલ્લેખ મળે છે. એ માણસ અત્યાર સુધીમાં ત્રણ વાર જેલમાં જઈ આવ્યો છે પણ જેલમાંથી છૂટતાં જ તે છૂપી રવિવારની શાળાઓ ચલાવવાનું શરૂ કરી દે છે. હમણાં ફરીથી તેની ધરપકડ થઈ છે.

એક છૂપા નિવેદનમાં તેણે લખેલું કે, "માનવી ધારા ધોરણોને આધીન થવાથી સત્તાવાર મંડળીએ ઈશ્વરનો આશીર્વાદ ગુમાવી દીધો છે. (માનવી ધારા ધોરણ એટલે કોમ્યુનિસ્ટ કાયદાઓ સમજવાના છે)."

કોઈ રશિયન ભાઈને જેલની સજા થઈ એમ તમને કહેવામાં આવે ત્યારે એ જેલ એટલે પશ્ચિમના દેશોમાં છે એવી જેલ ન સમજતા. ત્યાંની જેલ એટલે ભૂખમરો, અત્યાચાર અને મગજનું પ્રક્ષાલન.

"વિજ્ઞાન અને ધર્મ" સામયિકના ૧૯૬૬ ની સાલના ૯ માં અંકમાં જણાવેલું છે કે ખ્રિસ્તીઓ સુવાર્તાનું સાહિત્ય 'ઓગોનીઓક' ના પુંઠાના ઓઠા નીચે ફેલાવતા હોય છે. ('ઓગોનીઓક' એ અમેરિકાના "લુક" કે 'ટાઈમ' જેવું સામયિક છે). લીઓ ટોલ્સ્ટોઈની આન્ના કારેનીના નામની નવલકથાનું પુઠું રાખીને અંદર બાયબલના ભાગો વહેંચવામાં આવે છે. તેમનાં ગાયનોના રાગ પણ ભૂલાવામાં નાખે તેવા હોય છે. "આંતરરાષ્ટ્રિય કોમ્યુનિસ્ટ" નામનાં

રાષ્ટ્રગીતની સૂરાવલીઓ હોય પણ શબ્દો ખ્રિસ્તની સ્તુતિ કરવાના હોય! (કઝાકસ્ટાન્સ્કાયા પ્રવડા, જુન ૩૦, ૧૯૬૬).

સાઇબીરીયાના કુન્નંદામાંથી પ્રસિદ્ધ થએલા એક છૂપા પત્રમાં ખ્રિસ્તીઓ જણાવે છે કે "જેમ પ્રમુખ યાજક, શાસ્ત્રીઓ અને ફરોશીઓએ પ્રભુ ઇસુ ખ્રિસ્તનો દ્રોહ કરીને તેને પિલાતને સોંપી દીધો હતો તેજ પ્રમાણે સત્તાવાર મંડળીના 'બેપ્ટિસ્ટો'ના અધ્યક્ષોએ જગતમાં મંડળી અને તેના ખરા સેવકોનો નાશ કર્યો છે." પણ વફાદાર ભૂગર્ભ મંડળી તો તેનું કાર્ય આગળ ધપાવ્યે જાય છે!

ખ્રિસ્તની કન્યા તેની સેવા કરતી રહે છે! કોમ્યુનિસ્ટોમાંના ઘણા ભૂગર્ભ મંડળીદ્વારા ખ્રિસ્તને શરણે આવતા રહે છે. એવો મારો દાવો છે. કોમ્યુનિસ્ટો પણ તે મંજુર રાખે છે. કોમ્યુનિસ્ટોને જીતી લેવાનું શક્ય છે!

"બાકુનો કાર્યકર" નામના સામયિકના ૧૯૬૬ ના એપ્રીલની ૨૭ મીના અંકમાં તાન્યા શ્યુગુનોવાનો એક પત્ર પ્રસિદ્ધ થયો હતો. (તે કોમ્યુનિસ્ટ યુવકસંઘની સભ્ય હતી). તે ખ્રિસ્તને શરણે આવી ત્યાર પછી આ પત્ર લખાયો હતો. કોમ્યુનિસ્ટ સત્તાવાળાઓએ એ પત્ર જપ્ત કર્યો હતો. પત્રનો પાઠ આ પ્રમાણે હતો:

પ્રિય નાડીયા કાકી, આપણા પ્રભુના નામમાં આશીષ. કાકી! પ્રભુનો મારા પર કેટલો બધો પ્રેમ છે! તેની આગળ આપણે તો કશીજ વિસાતમાં નથી. નાડીયા કાકી! પ્રભુના આ શબ્દોનો અર્થ સમજવા પ્રયત્ન કરશો, "તમારા શત્રુઓ પર પ્રેમભાવ રાખો. તમને શાપ દેતા હોય તેમને આશીષ આપો. તમારો તિરસ્કાર કરતા હોય તેમનું હિત સાધો. તમને તુચ્છકારતા હોય તેઓ માટે પ્રાર્થના કરો."

ભાઈ સેરેબ્રેનીકોવે તાન્યા તેમજ બીજા ઘણા કોમ્યુનિસ્ટ યુવકોને ખ્રિસ્ત તરફ દોરી આણ્યા હતા. ઉપરનો કાગળ પકડાઈ જવાથી તે ભાઈને જેલમાં જવું પડયું. તેના ઉપદેશમાંથી અવતરણો એક કોમ્યુનિસ્ટ

પત્રમાં જોવા મળે છે: "જેમ શરૂઆતની મંડળીઓના ખ્રિસ્તીઓ પ્રભુ ઇસુને માનતા તેજ પ્રમાણે આપણે પણ તેને માનવો જોઈએ. આપણે માટે મુખ્ય નિયમ પુસ્તક બાયબલ જ છે. એ વગરના બીજા કોઇ નિયમો આપણે કબૂલ રાખતા નથી. આપણે ઝડપ રાખવી જોઈએ અને માનવજાતને અને ખાસ કરીને યુવકવર્ગને પાપમાંથી ઉગારવો જોઈએ." કોઈએ તેને યાદ દેવડાવ્યું કે સોવિયેટ કાયદામાં યુવકોને ખ્રિસ્તની વાત કહેવાની મનાઈ છે ત્યારે તેણે જવાબ આપ્યો કે અમારા માટે તો જે કંઈ નિયમ બંધનકર્તા છે તે બાયબલમાંજ છે," દેશ પર જ્યારે જુલમી નાસ્તિક સરમુખત્યારશાહીનું શાસન ચાલતું હોય ત્યારે આવો જવાબ જ યોગ્ય ગણાય.

તે પછી કોમ્યુનિસ્ટ વર્તમાનપત્ર એક "જંગલી" દૃશ્યનો ચિતાર આપે છે: "યુવકયુવતીઓ આધ્યાત્મિક ગાયનો ગાય છે. બાપ્તિસ્માનો વિધિ કરે છે. તેઓ શત્રુ પ્રત્યે પ્રેમભાવ રાખવાનું દુષ્ટ, વિદ્રોહી શિક્ષણ આચરણમાં મૂકે છે!"

"બાકુનો કાર્યકર" જણાવે છે કે ઘણા યુવકયુવતીઓ કોમ્યુનિસ્ટ યુવકમંડળમાં સભ્ય હોવા છતાં ખરેખરી રીતે તો તેઓ ખ્રિસ્તી હોય છે. લેખના અંતમાં આ શબ્દો આવે છે: "કોમ્યુનિસ્ટ શાળાઓ કેટલી શક્તિહીન, કંટાળાજનક અને પ્રકાશથી વંચિત હોવી જોઈએ કે કોમ્યુનિસ્ટ શિક્ષણકારોની આંખમાં ધૂળ નાખીને પાદરીઓ યુવકોને આ પ્રમાણે છડેચોક ખેંચી જાય છે!...!"

ઈ. સ. ૧૯૬૬ના જુનની ૩૦ મી ના કઝાકસ્કાયા પ્રવડામાં એવો ઉલ્લેખ છે કે શાળાના હોશિયાર વિદ્યાર્થીઓ ખ્રિસ્તી હોય છે એ આપણા માટે ઓછું શરમજનક કહેવાય?

ઈ. સ. ૧૯૬૬ના જાન્યુઆરીની ૧૭ મીના કીરગીઝસ્કાયા પ્રવડામાં એક પુસ્તિકામાંથી અવતરણો ટાંકયાં છે. એ પુસ્તિકા ભૂગર્ભ મંડળીદ્વારા માતાઓ માટે પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તેમાં આવાં લખાણ છે:

" આપણા પ્રયત્નો અને પ્રાર્થના એવાં હોય કે આપણાં બાળકો ઘોડીયામાંથી જ ઇશ્વરને સમર્પિત થઈ જાય.....આપણે બાળકોને એવી રીતે સાચવીએ કે તેમનાપર દુનિયાનો રંગ લાગી ન જાય !"

આવા પ્રયત્નો સફળ થયા છે ! કોમ્યુનિસ્ટ છાપાંજ તેની સાબિતીઓ આપતાં રહે છે ! યુવકજગતમાં ખ્રિસ્તી ધર્મ પ્રસરતો જાય છે !

રશિયામાં સેલીયોબીન્સ્કના પત્રમાં એક યુવતી ખ્રિસ્તી થયાની વિગતો જાહેર થઈ હતી. તેનું નામ નીના હતું અને તે કોમ્યુનિસ્ટ યુવક મંડળમાં જોડાએલી હતી. તેનું હૃદયપરિવર્તન એક ગુપ્ત સભામાં હાજરી આપવાથી થયું હતું.

સોવિયેટસ્કાયા જસ્ટીશીયા નં. ૯, ૧૯૬૬ માં આવી કોઈ ભૂગર્ભ સભાનો હેવાલ આપવામાં આવ્યો છે. " આવી સભા મધરાત્રે ભરાય છે. ગુપ્તતા તો એટલી જાળવે છે કે લોકો જાણે પોતાના પડછાયાથી પણ ભડકે ! પોતપોતાનાં અલગ સ્થાનોએથી લોકો એકઠા થાય છે. ઓરડો નાનો હોય છે અને છત પણ નીચી હોય છે. ખ્રિસ્તી ભાઈઓથી તે ખીચોખીચ ભરાઈ જાય છે. ભીડ એટલી થાય છે કે પ્રાર્થના માટે ઘુંટણે નમવાની પણ જગ્યા મળતી નથી. હવામાં અશુદ્ધિ વધતી જવાથી થોડા સમય પછી મીણબત્તી કે ગેસની બત્તી પણ હોલવાઈ જાય છે. ગરમીને લીધે લોકોના મોં પરથી પરસેવાના રેલા ચાલે છે. આ સઘળા સમય દરમિયાન બહાર રસ્તા પર એક પ્રભુનો સેવક છૂપી પોલીસનું ધ્યાન રાખતો હોય છે." પણ નીના કહે છે કે આવી સભામાં જ તેણે આલિંગન, પ્રેમની ઉષ્મા અને માયાભર્યું સ્વાગત અનુભવ્યાં હતાં." તેમની શ્રદ્ધા અતિ ભવ્ય અને પ્રકાશકર હતી. હવે મારામાં પણ એવી શ્રદ્ધા પેદા થઈ છે. પ્રભુ આપણને તેના રક્ષણ નીચે સ્વીકારી લે છે. ભલે હવે મારા અગાઉના કોસમોમોલ સાથીઓ મારી સામે નજર

નાખ્યા વિના ચાલ્યા જાય! અરે ભલે મારો તિરસ્કાર કરે! તમાચો ચોઢતા હોય તેમ ભલે મને "બાપ્ટિસ્ટ" કહીને નિંદે! તેમને ફાવે તેવું વર્તન મારી સાથે ચલાવે. મારે હવે તેમની શી પરવા છે?"

તેની માફક જ અનેક કોમ્યુનિસ્ટોએ અંત સુધી ખ્રિસ્તને વફાદાર રહીને તેની સેવા કરવાના સંકલ્પ કર્યા છે.

ઈ. સ. ૧૯૬૬ ના જાન્યુઆરીની ૧૮ મીના કઝાકસ્તાનસ્કાયા પ્રવડામાં એક હેવાલ ટાંકવામાં આવ્યો છે. જાહેરમાં ખ્રિસ્તી સ્તોત્રો ગાવાના ગુનાસર પેન્ટીકોસ્ટલ સંપ્રદાયના ખ્રિસ્તીઓને સજા ફરમાવવામાં આવી ત્યારે આરોપીઓ ઘુંટણે પડીને બોલ્યા, "અમે અમારી જાતને ઈશ્વરના હાથમાં સોંપી દઈએ છીએ. ધર્મને માટે કંઈક વેઠવાની તક અમને આપી છે માટે તારો આભાર માનીએ છીએ, પ્રભુ!" તેજ વખતે જે સ્તોત્ર ગાવા માટે આ સજા ફરમાવવામાં આવી હતી તેજ સ્તોત્ર પ્રેક્ષકગણમાંથી ગુંજી ઉઠયું!

ભૂગર્ભ મંડળીના ખ્રિસ્તીઓને કોમ્યુનિસ્ટ કોર્ટ આગળ રજુ કરવામાં આવે છે ત્યારે ત્યાં તેમના જવાબો ઈશ્વરપ્રેરિત હોય છે, એક ન્યાયાધીશે આરોપીઓને પ્રશ્ન કર્યો, "તમારો ધર્મ તો મનાઈ તળે છે છતાં શા માટે તમે લોકોને તે તરફ આકર્ષો છો?" એક ખ્રિસ્તી બેને તરત જવાબ આપ્યો, "અમારૂં ધ્યેય આખા જગતને ખ્રિસ્તને શરણે લાવવાનું છે માટે!"

એક બીજા કેસમાં ન્યાયાધીશે ટોણો માર્યો કે "તમારો ધર્મ તો વિજ્ઞાનવિરોધી છે." તેના જવાબમાં એક વિદ્યાર્થીની બાળાએ જવાબ આપ્યો, "આઈન્સ્ટાઈન કરતાં તમે મોટા વિજ્ઞાની છો? કે ન્યૂટન કરતાં તમારૂં વિજ્ઞાનનું જ્ઞાન વધુ છે? તેઓ એટલા મહાન હતા છતાં ઈશ્વરને માનતા હતા. મારા પાઠયપુસ્તકમાં આ વિશ્વને આઈન્સ્ટાઈનનું વિશ્વ કહેવામાં આવ્યું છે. તે આઈન્સ્ટાઈન લખે છે, "જો યહુદી ધર્મમાંથી પ્રબોધકોનાં કથનો દૂર કરી તેને સ્વચ્છ કરવામાં આવે

અને ખ્રિસ્તી ધર્મમાં યાજકવર્ગે પાછળથી ઘુસાડેલી બાબતો કાઢી નાખીને ઈસુએ બોધેલી બાબતોને શુદ્ધ સ્વરૂપમાં માનવામાં આવે તો દુનિયાનાં સઘળાં દુઃખોનો ઉકેલ આપી શકે એવો ધર્મ એ બની જાય. આવો શુદ્ધ ધર્મ વિજયી થાય તેવા પ્રયત્નો આદરવાની બધા માણસોની પવિત્ર ફરજ છે." અને આપણાજ શરીરવિજ્ઞાનશાસ્ત્રી પાવલોવને યાદ કરો. આપણાં પુસ્તકો એ જાહેર નથી કરતાં કે તે ખ્રિસ્તી હતો? માર્ક્સે પોતાના પુસ્તક 'દાસ કેપીટલ' ની પ્રસ્તાવનામાં કબૂલ કર્યું છે કે માનવના પાપથી નષ્ટ થએલા ચારિત્ર્યના નવનિર્માણ માટે પ્રોટેસ્ટંટ સ્વરૂપનો ખ્રિસ્તી ધર્મ આદર્શ ઉપાય છે. મારૂં ચારિત્ર્ય પાપથી નષ્ટ થયું છે. માર્ક્સે મને માર્ગદર્શન આપ્યું છે કે મારે ખ્રિસ્તી થઈને મારા ચારિત્ર્યનું નવનિર્માણ કરવું. તો તમે માર્ક્સવાદી હોવા છતાં એમાં મારો વાંક શી રીતે કાઢી શકો?

દેખીતું જ છે કે ન્યાયાધીશ પાસે આનો જવાબ ન હતો.

આવી જ રીતે વિજ્ઞાનવિરોધી ધર્મ પાળવાનો આરોપ એક બીજા ખ્રિસ્તી પર મૂકાતાં કોર્ટ સમક્ષ તેણે જવાબ આપ્યો. નામદાર ન્યાયાધીશ સાહેબ, ક્લોરોફોર્મ અને બીજી અનેક દવાઓના શોધક વિજ્ઞાની સીમ્પસન જેવા મહાન વિજ્ઞાની હોવાનો આપનો દાવો નહિ હોય એમ હું માનું છું. એક વાર તેને કોઈએ પ્રશ્ન કર્યો કે તમારી સૌથી મહાન શોધ તમે પોતે કઈ ગણો છો? ત્યારે તેણે જવાબ આપ્યો કે, "ક્લોરોફોર્મ એ કંઈ મારી સૌથી મોટી શોધ નથી. હું પાપી છું એવું મારા મને શોધી કાઢયું અને ઈશ્વરની કૃપા વિના મારો ઉદ્ધાર શક્ય નથી એ જ્ઞાન મને થયું એને હું મારી સૌથી મોટી શોધ માનું છું."

ખ્રિસ્તી ધર્મના સમર્થન માટે ભૂગર્ભ મંડળીપાસે એકજ સબળ દલીલ છે કે તેના અનુયાયીઓ ધર્મને ખાતર પોતાનું જીવન રેડી દેવા તૈયાર હોય છે. તેઓ કોઈ પણ કક્ષાના ત્યાગ માટે તૈયાર હોય છે અને

પોતાનું લોહી રેડવું પડે તો રેડીને પણ ધર્મને વળગી રહે છે. પ્રખ્યાત મિશનેરી આલ્બર્ટ સ્વાઈત્ઝરે આ ધર્મસંઘને યોગ્ય જ નામ આપ્યું છે: "યાતનાઓની છાપવાળો પવિત્ર ધર્મસંઘ." એ સંઘનો અગ્રેસર શોકાર્ત માનવ ઈસુ પોતે છે. ભૂગર્ભ મંડળી તેના ઉદ્ધારક પ્રભુની સાથે પ્રેમના તાંતણે બંધાએલી છે. એવોજ પ્રેમનો સંબંધ મંડળીના સભ્યોને અરસપરસ પણ જોડે છે. દુનિયાની કોઈપણ તાકાત તેમનો પરાજ્ય કરવા શક્તિમાન નથી.

છાનામાનો આવેલો એક પત્ર ભૂગર્ભ મંડળી વિષે પ્રકાશ પાડે છે: અમે વધુ સારા ખ્રિસ્તી થવાની પ્રાર્થના કરતા નથી. પણ અમે પ્રાર્થના કરીએ છીએ કે ઈશ્વર અમને જેવા ઈચ્છે છે તેવા અમને કરે. એટલે અમે ખ્રિસ્ત જેવા ખ્રિસ્તીઓ થવા ઈચ્છીએ છીએ. એવા ખ્રિસ્તીઓ ઈશ્વરના મહિમાને ખાતર રાજીખુશીથી ત્યાગનો સ્તંભ ઉંચકવા તૈયાર જ રહે છે.

ઈસુના શિક્ષણ પ્રમાણે સાપના જેવા શાણપણ વડે દોરવાઈને ખ્રિસ્તીઓ ન્યાયાલયોમાં કે અન્ય રીતે પૂછપરછ થતાં પોતાના નેતા વિષે કશી માહિતી આપતા નથી.

'પૂર્વનુ સત્ય' નામના સામયિકના ૧૯૬૬ ના જાન્યુઆરીની ૧૫ મીના અંકમાં મારીયા સેવસ્યુકની જુબાની આપવામાં આવી છે, તેને પ્રશ્ન કરવામાં આવ્યો, "તમને ખ્રિસ્ત તરફ કોણ દોરી ગયું?" તેણે જવાબ દીધો, "ઈશ્વરે પોતેજ મને તેની મંડળી તરફ આકર્ષી હતી." બીજા એક જણને પૂછવામાં આવ્યું કે "તમારો નેતા કોણ છે?" ત્યારે તેણે જવાબ દીધો, "અમારે કોઈ માનવી નેતા નથી."

ખ્રિસ્તી બાળકોને પૂછવામાં આવતું, "અગ્રેસરોનો તથા લાલ નેકટાઈનો બહિષ્કાર કરવાનું તમને કોણે શિખવ્યું?" તેઓ જવાબ આપતાં, "અમે તો અમારા મનથી જ એમ કરીએ છીએ. અમને કોઈ કહેતું નથી."

જોકે કોઈ કોઈ સ્થળે બરફના પહાડની ટોચ દેખાય છે ખરી પણ ઘણાખરા સ્થળે આગેવાનો પકડાઈ ન જાય માટે ખ્રિસ્તી થનારા અરસપરસ બાપ્તિસ્માની વિધિ પતાવે છે. કેટલાંક સ્થળે બાપ્તિસ્મા નદીમાં અપાય છે ત્યાં લેનાર અને વિધિ કરાવનાર બંને મોઢે બુકાની બાંધે છે. આથી ફોટા પાડી લેનારા પણ ફાવી શકતા નથી.

ઉશીટિસ્કાયા ગેઝેટાના ૩૦ મી જાન્યું. ૧૯૬૪ ના અંકમા વોલ્નો સીનોકોર્સકોઈ જીલ્લાના વોરોનીન ગામમાં થએલા એક વ્યાખ્યાનને-હેવાલ છે. વ્યાખ્યાનનો વિષય નાસ્તિકવાદ હતો. વ્યાખ્યાતાએ પોતાનું ભાષણ પૂરું કર્યું કે તરત જ "ખ્રિસ્તી શ્રદ્ધાવાનોએ નાસ્તિકવાદના શિક્ષણ પર પ્રશ્નોદ્વારા હુમલો શરૂ કર્યો." પેલો વ્યાખ્યાતા તો તેમના પ્રશ્નોના જવાબ જ આપી શકયો નહિ. એક પ્રશ્ન આવો હતો: "તમે કોમ્યુનિસ્ટો જે નૈતિક ધોરણોનો પ્રચાર કરો છો (જો કે પાળતા તો નથી), જેમકે, ચોરી ન કરવી, ખૂન ન કરવું, વગેરે, એ નીતિનિયમો તમે ક્યાંથી મેળવ્યા છે?" એ પછી ખ્રિસ્તીઓએ તેમને દર્શાવી આપ્યું કે આવા બધા નૈતિક નિયમો મૂળે તો બાયબલમાંથી જ આવે છે. પણ એની વિરુદ્ધ જ તમે ઝૂંબેશ ચલાવો છો! આ બધી ચર્ચાને અંતે વ્યાખ્યાતા તો ખૂબ જ ગૂંચવાઈ ગયો અને સભા ખ્રિસ્તીઓના વિજય સાથે પૂરી થઈ.

## ભૂગર્ભ મંડળીની સતામણી ઉગ્ર થાય છે.

ભૂગર્ભ મંડળીના ખ્રિસ્તીઓ પહેલાં કરતાં હમણાં વધુ યાતનાઓ વેઠી રહ્યા છે. રશિયામાં તો બધા જ ધર્મવાળાની સતાવણી થાય છે. કોમ્યુનિસ્ટ દેશોમાં યહુદી પ્રજા જે દમન વેઠી રહી છે તે જાણીને ખ્રિસ્તીઓનાં હૃદય ભરાઈ આવે છે. પણ અત્યાચારનો ખરો હલ્લો તો ભૂગર્ભ મંડળી પરજ થાય છે. સોવિયેટ પત્રોમાં સામુહિક ધરપકડો અને મુકદ્દમાઓના અહેવાલ અવારનવાર આવતા રહે છે. એક સ્થળે બ્યાસી ખ્રિસ્તીઓને ગાંડાઓના આશ્રમમાં ગાંડા ભેગા પૂરી દેવામાં આવેલા. એમાંના ચોવીસ જણા કેટલાક દિવસ બાદ "લાંબી પ્રાર્થના"

પછી મૃત્યુ પામેલા જણાયા હતા! લાંબી પ્રાર્થના કરવાથી મૃત્યુ થાય એ તો નવું જ સાંભળવા મળ્યું! એમણે શી શી યાતના વેઠી હશે તેની તો કલ્પના જ કરવી રહી!

જો ખ્રિસ્તીઓ પોતાનાં બાળકોને ખ્રિસ્તી શિક્ષણ આપે છે એવી ખબર પડી જાય તો માબાપ અને બાળકોને અલગ કરી દેવામાં આવે છે. એવા બાળકો તેમનાં માબાપને ફરી કદી જોવા પામતાં નથી. માબાપને પોતાનાં બાળકોની મુલાકાતની કદી રજા આપવામાં આવતી નથી. ખ્રિસ્તીઓ માટે આ સૌથી ઉગ્ર અત્યાચાર થઈ પડે છે.

વિશ્વસંસ્થાના "શિક્ષણક્ષેત્રે કોઈપણ પ્રકારના ભેદભાવ નહિ રાખવાના" ઢંઢેરા પર સોવિયેટ યુનીયને પણ સહી કરી છે. તેમાં સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે "પોતાનાં સંતાનોને પોતાની માન્યતા અનુસાર ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપવાની દરેક માબાપને પૂરી સ્વતંત્રતા હોવી જોઈએ. સોવિયેટ યુનિયનમાંના બાપ્ટિસ્ટ સંપ્રદાયનો ધર્માધ્યક્ષ કારેવ નામનો એક કોમ્યુનિસ્ટ તરફી દ્રોહી છે. તેણે ઉપર ટાંકેલી કલમના સંદર્ભમા પશ્ચિમના લોકોને ખાત્રી આપી છે કે રશિયામાં માબાપો એ હક્ક પૂરેપૂરો ભોગવે છે. અને ભોળા લોકો એની વાતો માને છે પણ ખરા. પણ સોવિયેટ પત્રો પોતે એ વિષે શું કહે છે તે જુઓ.

સોવ્જેટ્સ્કાઈ રશિયાના ૪ થી જુન ૧૯૬૩ ના અંકમાં એક હેવાલ છે કે બૉપ્ટિસ્ટ મેક્રી-કોવા નામની એક ખ્રિસ્તી સ્ત્રીનાં ૭ બાળકોને તેની પાસેથી લઈ લેવામાં આવ્યાં હતાં. તે પોતાનાં બાળકોને ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપતી હતી અને સામ્યવાદના અગ્રેસરોની સ્મારક લાલ નેકટાઈ પહેરવા દેતી ન હતી. આ જ તેનો દોષ હતો.

જ્યારે તેને આ શિક્ષા કરવામાં આવી ત્યારે તે બોલી, "હું મારા ધર્મને ખાતર આ યાતના વેઠી રહી છું." જો કે તેનાં છોકરાં તેની પાસેથી લઈ લેવામાં આવ્યાં છે છતાં તેમના માટે પૂરી ફી તેની

પાસેથી વસુલ કરવામાં આવે છે. તેનાં જ નાણાં વડે તેનાં સંતાનોને નાસ્તિક બનાવવામાં આવે છે. ખ્રિસ્તી માતાઓ, એ માતાની મનોવેદનાનો જરા ખ્યાલ કરજો !

ઉશીકેલ્સ્કાયા ગેઝેટા બીજો એક હેવાલ આપે છે. ઈગ્નાટી મુલીન અને તેની પત્નીને પણ આવોજ અત્યાચાર અનુભવવો પડ્યો છે. ન્યાયાધીશે વિકલ્પ આપ્યો કે કાંતો ધર્મ અને ઈશ્વરનો ત્યાગ કરો કે દીકરી ગુમાવો. તમે ઈશ્વરને પસંદ કરો છો ? પિતાએ જવાબ દીધો, "હું મારો ધર્મ કદી તજવાનો નથી."

સંત પોલ કહે છે, "......સઘળું હિતકારક નીવડે છે." આવાં ખ્રિસ્તી તરીકે ઉછરેલાં બાળકો જ્યારે માબાપથી વિખૂટાં પડી જાય ત્યારે તે કેવા નીવડે છે તેનો પણ મેં અનુભવ કર્યો છે. ત્યાં અપાતા નાસ્તિક શિક્ષણનું ઝેર ન ચઢતાં ઉલટું તેમને ઘેર મળેલું ધર્મનું શિક્ષણ ત્યાં ફેલાવા માંડે છે.

બાયબલમાં કહ્યું છે કે જે કોઈ ઈસુ કરતાં પોતાનાં બાળકને વધુ વળગી રહે છે તે શિષ્ય થવા યોગ્ય નથી. લોખંડી પડદા પાછળ આ સૂત્ર અક્ષરશઃ સાચું પડતું જોવામાં આવે છે.

તમારા બાળકોનો વિયોગ એક અઠવાડીયા માટે જ વેઠી જુઓ. એ પછી રશિયામાંના ખ્રિસ્તી ભાઈઓના દિલની હાલતનો કંઈક ખ્યાલ તમને આવી શકશે.

હું ફક્ત પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓનીજ વાત કર્યા કરૂં તે યોગ્ય નથી.

રશિયામાંના ઓર્થોડોક્ષ ખ્રિસ્તીઓમાં પણ ભારે પરિવર્તન થયું છે. તેઓમાંથી પણ હજારો લોકો જેલમાં જઈ આવ્યા છે. ત્યાં તેમને ભજન મનન માટે માળા, વધસ્તંભની પ્રતિમા, પવિત્ર પુતળાં, ધૂપ, મીણબત્તી અને એવાં બીજાં સેવાપૂજાનાં કશાં સાધનો મળી શકતાં નહિ. યાજકો પાસે પહેરવાના ઝભ્ભા નહિ, રોટી નહિ, સમર્પણ માટે દ્રાક્ષારસ નહિ, પવિત્ર તેલ નહિ, કે પ્રાર્થના પઢવાનાં પુસ્તક પણ મળે નહિ. સામાન્ય સભ્યો ધાર્મિક વિધિ કરાવવા માગતા હોય, પણ કોઈ

યાજક જ મળે નહિ. આવા અનુભવ વારંવાર થવા લાગ્યા ત્યારે તેઓની આંખ ઉઘડી. તેમને ભાન થયું કે એ બધાં બાહ્ય વાનાંના આધાર વિના પણ ચાલી શકે છે અને ઈશ્વરની સંગત બરાબર પૂર્ણ-પણે અનુભવી શકાય છે. તેઓ પણ પ્રાર્થનામાં સમય ગાળવા લાગ્યા. પરિણામે ઈશ્વરનો આત્મા તેમના પર ઉતરી આવ્યો. એક સાચી ધર્મજાગૃતિ શરૂ થઈ ગઈ, અને શરૂઆતની મૂળભૂત મંડળીના સ્વરૂપની મંડળીની શરૂઆત રશિયામાં થઈ. આ પ્રમાણે રશિયાની ઓર્થોડોક્ષ મંડળીમાં ભારે જાગૃતિ અને પરિવર્તન ચાલુ થઈ ગયાં છે.

આમ રશિયા અને તેના આશ્રિત દેશોમાં ઓર્થોડોક્ષ સંપ્રદાય પણ ભૂગર્ભમાં કાર્ય કરી રહ્યો છે. તે પણ ધર્મપ્રસારક, મૂળભૂત સ્વરૂપની અને ઈશ્વરની સંગત અનુભવી રહેલી મંડળી છે. તે જૂની ટેવના જોરથી જ અમુક ક્રિયાકાંડોને વળગી રહી છે. એમાં પણ અનેક શહીદો ઉભા થયા છે. ખ્રિસ્તી મંડળી અને ઈશ્વરવિરોધી કોમ્યુનિસ્ટ રાજસત્તા એ બે વચ્ચે સહકાર કરવાની દરખાસ્તનો ઉગ્ર વિરોધ કરનાર કાલુગાના વૃદ્ધ આર્ચબિશપ યેરમોગન હાલ ક્યાં હશે તે ઈશ્વર જ જાણે છે!

કોમ્યુનિસ્ટ શાસનનાં પચાસ વર્ષ પૂરાં થયાં છે. પણ રશિયન પત્રો તો ભૂગર્ભ મંડળીના વિજયની વાતોથી ભરપૂર જોવા મળે છે. જો કે ભૂગર્ભ મંડળી અકથ્ય યાતનાઓમાંથી પસાર થઈ રહી છે છતાં તે વફાદારીથી આગળ વધે છે અને વિકાસ સાધે છે!

રૂમાનીયામાં અમે અમારા કાર્ય વડે ગુપ્ત રીતે રશિયન સેનામાં વચનના બી વાવ્યાં છે. બીજા કોઈએ રશિયામાં પણ એવું જ કાર્ય કર્યું છે. કોમ્યુનિસ્ટ શાસનવાળા બીજા બધા દેશોમાં પણ એવું જ ભૂગર્ભ કાર્ય ચાલી રહ્યું છે. એ પ્રમાણે વવાતાં બીનાં ફળ પણ દેખાય છે.

કોમ્યુનિસ્ટ જગતને ખ્રિસ્તને શરણે લાવવાનું શક્ય છે. કોમ્યુ-નિસ્ટોનું પરિવર્તન કરાવી ખ્રિસ્તી કરી શકાય તેમ છે. કોમ્યુનિસ્ટોના

દમન નીચે દબાઈ રહેલા લોકોને પણ આપણે સહાય કરીને છોડાવી ખ્રિસ્તને શરણે લાવી શકીએ તેમ છે.

રશિયા, ચીન, અને બીજા લગભગ બધાજ કોમ્યુનિસ્ટ દેશોમાં ભૂગર્ભ મંડળી ફાલતી જાય છે એ બતાવી આપે છે કે મારૂં વિધાન સત્ય છે.

ભયંકર પરિસ્થિતિમાં જીવી રહેલા આપણા સાથી ખ્રિસ્તીઓના જીવનસૌંદર્યનું દર્શન કરાવવા માટે રશિયામાંથી આવેલા થોડા પત્રો અહીં રજુ કરૂં છું. છેલ્લો પત્ર તો રશિયન જેલમાંથી આવેલો છે!

વારીયા નામની એક કોમ્યુનિસ્ટ યુવતીને ખ્રિસ્તની શોધ લાધે છે. ખ્રિસ્તને શરણે આવી ગયા પછી તે ખ્રિસ્ત વિષે સાહેદી આપે છે. એને લીધે તેને ગુલામ તરીકે શિક્ષા કરવામાં આવે છે.

પહેલા ત્રણ પત્રો મારીયાના છે. તે ખ્રિસ્તી યુવતીએ વારિયાને ખ્રિસ્ત તરફ આકર્ષી હતી.

## પહેલો પત્ર

"...હજી હું અહીંજ રહું છું. અહીં તો બધાની માનીતી થઈ પડી છું. કોસ્મોમોલ (કોમ્યુનિસ્ટ યુવક સંઘ) ની એક સભ્યને મારા પ્રત્યે ખાસ પક્ષપાત છે. તેણે મને એકવાર કહ્યું હતું કે "તમે કેવાં છો તેજ મારી સમજમાં ઊતરતું નથી. અહીં તો બધાં તમારૂં અપમાન કરે છે. કોઈ કોઈ તો ઇજા પણ પહોંચાડે છે. પણ તોય તમારો પ્રેમ તો બધાં પ્રત્યે એકસરખો જ વહેતો રહે છે." હું જવાબ આપું છું કે ઈશ્વરે અમને શિખવ્યું છે કે અમારે ફક્ત મિત્રો તરફ જ નહિ પણ દુશ્મનો પ્રત્યે પણ પ્રેમભાવ રાખવો. પહેલાં એજ યુવતી મને ખૂબ કનડતી હતી. પણ હું તો તેના પર ખાસ ભાવ રાખતી અને તેના માટે પ્રાર્થના કરતી હતી. એક વાર તેણે મને પૂછ્યું, તમે મારા પર પણ ભાવ રાખો ખરાં? ત્યારે તેને ભેટી પડીને મેં મારૂં મન તેની આગળ ખુલ્લું કર્યું. પછી અમે બંને જણ રડવા લાગ્યાં. હવે અમે બંને સાથે પ્રાર્થના કરીએ છીએ.

એ યુવતીનું નામ વારીયા છે. તેના માટે ખાસ પ્રાર્થના કરશો.

જ્યારે કોઈ બહુ ઉગ્રતાથી ઈશ્વરનો વિરોધ કરે ત્યારે લાગે છે કે તે ખરેખર ઈશ્વરને નહિ જ માનતો હોય. પણ જીવનમાં એથી ઉલટું જોવા મળે છે. એવા મોંએથી ઈશ્વરને શાપ દે છે ખરા પણ તેમના દિલના ઊંડાણમાં ઈશ્વર માટે તીવ્ર ઝંખના હોય છે. તેઓનાં હૃદય નિસાસા નાખતાં હોય છે......આવા લોકો કશું શોધતા રહે છે. તેમના મનનું ખાલીપણું ઢાંકવા માટે તેઓ ઈશ્વરનો ઈનકાર કરતા હોય છે.

ખ્રિસ્તમાં તમારી બેન

**મારીયા.**"

## બીજો પત્ર

ગયા પત્રમાં એક નાસ્તિક યુવતી વારીયા વિષે મેં લખ્યું હતું. હવે અમારા મહા આનંદની વાત કહેવા આ પત્ર તાકીદથી લખું છું. વારીયાએ ખ્રિસ્તનો અંગીકાર કરી લીધો છે અને હવે તો ખુલ્લંખુલ્લાં બધાં આગળ તે પોતાની વાત જાહેર કરે છે.

જ્યારે તેના મનમાં ખ્રિસ્તપર શ્રદ્ધા બેઠી અને તારણનો હર્ષ તેના મનમાં ઉભરાવા લાગ્યો ત્યારે સાથે સાથે અમુક પ્રકારનું અસુખ પણ તે અનુભવવા લાગી. તેણે અગાઉ ઈશ્વર નથી એવો પ્રચાર કર્યો હતો તેથી તે પોતે પસ્તાવો કરીને દુઃખી થવા લાગી. પોતાના દોષનું પ્રાયશ્ચિત કરવાનો તેણે સંકલ્પ કર્યો.

વારીયા સાથે અમે પણ નિરીશ્વરવાદીઓની એક સભામાં ગયાં. જો કે મેં તો તેને વારી હતી અને કહ્યું હતું કે તું કશું બોલતી નહિ પણ તેના ઉત્સાહ આગળ એનો કશો અર્થ રહ્યો નહિ. વારીયા ત્યાં શું કરે છે તે જોવા માટે હું તેની સાથે ને સાથે રહી હતી. કોમ્યુનિસ્ટ ગાયનો વગેરે થયા પછી વારીયાએ કંઈક કહેવાની રજા માગી. (વારીયાએ સમુહગાનમાં ભાગ લીધો ન હતો). તેને બોલવાનો વારો આવ્યો એટલે તે સૌની આગળ જઈને ઊભી. હિંમતપૂર્વક ખૂબ લાગણી

પૂર્વક તેણે ત્યાં બધાં આગળ કબૂલાત કરી કે હું ખ્રિસ્તની અનુયાયી થઈ છું. તેણે પોતાના અગાઉના સાથીઓની ક્ષમા યાચી કે આજ સુધી હું પોતે અંધ હોઈ બીજાંને પણ નાશના માર્ગ પર દોરી જતી હતી પણ હવે મને મારી એ ભૂલનું ભાન થયું છે. ત્યાર પછી તેણે બધાંને આગ્રહની વિનંતી કરીને કહ્યું કે તમારા પાપમાર્ગો તજી દઈ ખ્રિસ્તને શરણે આવો.

બધાં આ સાંભળી એકદમ શાંત થઈ ગયાં. તેની વાતમાં કોઇએ ખલેલ ન કરી. બોલવાનું પૂરું કર્યાં પછી મધુર રાગે તેણે એક સુંદર ખ્રિસ્તી સ્ત્રોત્ર પૂરું ગાયું. ગાયનનો સાર આવો હતો : ખ્રિસ્તની વાત કરતાં હું શા માટે શરમાઉં ? તેણે તો મારા માટે મૃત્યુ વેઠયું છે. તેની આજ્ઞાઓ અને તેના સ્તંભના પરાક્રમનો પ્રચાર કરવામાં નાનમ શી !

પણ ત્યાર પછી તો......તેઓ અમારી વારીયાને પકડી લઇ ગયા છે.

આજે મે માસની નવમી તારીખ છે. હજી તેના વિષે કશા જ સમાચાર મળ્યા નથી. પણ તેનો રક્ષણહાર ઈશ્વર અતિ બળવાન છે. તેના હક્કમાં પ્રાર્થના કરતાં રહેજો !

તમારી મારીયા.

**ત્રીજો પત્ર**

“ગઈ કાલે ઓગસ્ટની બીજી તારીખે અમારી પ્રિય વારીયા સાથે મારે જેલમાં વાર્તાલાપ થયો. એનો વિચાર આવતાંજ મારું હૃદય રડી ઉઠે છે. ખરું પૂછો તો એ તો હજી એક બાલિકા જેવી જ છે. એની ઉંમર ઓગણીસ વર્ષજ છે. પ્રભુમાં શ્રદ્ધા રાખનાર આધ્યાત્મિક બાળક પણ ગણાય. પણ પૂરા મનથી તે પ્રભુ પર પ્રેમ રાખે છે. તેથી તો તે લાગલીજ મુશ્કેલીભર્યા માર્ગે જ ચાલી નીકળી. બિચારી કેટલો બધો ભૂખમરો વેઠે છે. અમને બાતમી મળી કે તે અમુક જેલમાં છે ત્યારે અમે તેને માટે ખોરાકનાં પડીકાં મોકલવા માંડયાં. પણ અમે જે મોકલતાં તેમાંથી ઘણું થોડું તેને પહોંચી શકતું.

"કાલે હું તેને મળી. તે તો સાવ ફીક્કી પડી ગઈ છે અને હાડપિંજર જેવી થઈ ગઈ છે, પણ તેની આંખોમાં દિવ્ય શાંતિની ચમક છે. તેમાં અલૌકિક આનંદ દષ્ટિગોચર થાય છે.

"હા, મારાં પ્રિયજનો, જેઓ ખ્રિસ્તની શાંતિના અનુભવથી અજ્ઞાન છે તે આ બાબત સમજવા અસમર્થ છે...પણ જેઓને આ શાંતિ લાધી છે તે કેવા સુખી હોય છે!......આપણામાંના જેમને ખ્રિસ્ત પ્રાપ્ત થયો છે તેઓને કોઈ પ્રકારનાં દુઃખ કે હતાશા રૂકાવટ કરી શકે તેમ નથી.

"તે તો લોખંડના સળીયા પાછળ પૂરાએલી હતી. મેં તેને પૂછ્યું. "વારીયા, આ બધા જે અત્યાચારો તારે વેઠવા પડે છે તેથી હવે તને કંઈ પસ્તાવો તો થતો નથી ને કે હું આમાં ક્યાં ફસાઈ પડી?" તેણે જવાબ દીધો, "ના, રે, ના. ઉલટું જો તેઓ મને આજે છોડી મૂકે તો હું તો ફરીથી જઈને એ લોકોને ખ્રિસ્તના પ્રેમ વિષે વાત કરૂં. એમ ન ધારતાં કે હું દુઃખી છું. પ્રભુએ પ્રેમપૂર્વક તેને ખાતર જે કંઈ થોડું સહન કરવાની મને તક આપી છે તેને લીધે હું તો ખૂબ જ આનંદ અનુભવી રહી છું."

હું તમને દિલથી વિનંતિ કરૂં છું કે તમે બધાં વારિયા માટે પ્રાર્થના કરતાં રહેજો. મોટા ભાગે તો તેને સાઈબીરીયામાં કાળા પાણીની સજા થાય તેવો સંભવ છે. સત્તાવાળાઓએ તેનાં બધાં શિઆળાનાં કપડાં અને બીજી વસ્તુઓ જપ્ત કરી લીધી છે. તે તો હવે પહેર્યાં કપડાં ભેર જ છે. તેને કોઈ સગાં વહાલાં પણ નથી. આથી આપણે ઉઘરાણું કરીને તેને જોઈતી વસ્તુઓ આપવી પડશે. આ અગાઉ તમે જે કંઈ મદદ મોકલી હતી તે મેં તેના માટે અલગ રાખી મૂકી છે. જો વારીઆને દેશનિકાલ કરવામાં આવશે તો એ હું તેને આપી દઈશ. મારી શ્રદ્ધા છે કે ઈશ્વર તેને ટકાવી રાખશે અને તેનામાં બળ પૂરતો રહેશે, કે ભાવિમાં આવી પડનાર કષ્ટ વખતે તે સ્થિર રહી શકે, ઈશ્વર તેનું રક્ષણ કરો!

લિ. તમારી, મારીયા.

## ચોથો પત્ર

"પ્રિય મારીયા, આખરે આજે તમારા પર પત્ર લખવાની તક મળી છે. અહીં...માં અમે સહીસલામત આવી પહોંચ્યાં છીએ. અમારી છાવણી શહેરથી દસ માઇલ દૂર છે. અહીની જીવનચર્યા સંબંધી વર્ણન કરી શકાય તેમ નથી. પણ તમને ખ્યાલ આવી જશે. હું તો મારા પોતા વિષે અંગત થોડી વાત કરવા માગું છું. હું ઈશ્વરનો આભાર માનું છું કે મારી તંદુરસ્તી સારી રહી છે અને પરિશ્રમ ઉઠાવી શકાય છે. મને અને બેન 'X' ને કારખાનામાં કામ કરવાનું આવ્યું છે. અમારે યંત્રો ચલાવવાનાં છે. તે કામ બહુ કષ્ટદાયક છે. બેન 'X' ની તબીયત સંતોષકારક નથી. આથી મારે અમારા બંનેના હિસ્સાનું કામ સંભાળવું પડે છે. પહેલાં હું મારૂં કામ પૂરૂં કરી દઉં છું અને પછી બેન 'X' ના ભાગનું કામ કરી આપું છું. આમ અમારે રોજના બારથી તેર કલાક કામ કરવું પડે છે. અમારો ખોરાક પણ તમારી માફક અપૂરતો જ હોય છે. પણ એની વાત હું કરવા માગતી ન હતી.

"તમારી મારફતે ઈશ્વરના ઉદ્ધારના માર્ગની મને જાણ થઇ તેથી મારૂં મન ઈશ્વરની સ્તુતિ કરે છે, અને આભારની લાગણીથી ઉભરાઈ જાય છે. એ માર્ગ સ્વીકાર્યા પછી મારા જીવનનું ધ્યેય મને પ્રાપ્ત થયું છે. હવે મારે ક્યાં પહોંચવાનું છે અને હું કોને ખાતર આ બધું વેઠી રહી છું તે જાણું છું. મારા હૃદયમાં તારણનો જે મહાન હર્ષ વહે છે તેનું બધાંને દર્શન કરાવવાની તાલાવેલી મને થયા કરે છે. ખ્રિસ્તની મારફતે ઈશ્વરનો પ્રેમ આપણામાં આવ્યો છે. એનાથી આપણને કોણ અલગ કરી શકે તેમ છે? નહિ કોઈ વ્યક્તિ કે કોઈ વાનું! નહિ જેલ કે નહિ યાતના! ઈશ્વર જે કંઈ દુ:ખ આવવા દે છે તેનાથી તો અમારી શ્રદ્ધા વધુને વધુ દૃઢ થતી જાય છે. મારૂં હૃદય તો કૃપાથી ભરપૂર થઇને ઉભરાઈ જાય છે. કારખાનામાં કામ કરતાં પણ હું શાંત રહી શકતી નથી. મને લોકો શાપ દે છે, શિક્ષા તરીકે વધારવાનું કામ લાદે છે પણ છતાં પ્રભુએ મારે ખાતર

જે કંઈ કર્યું છે તેની વાત બીજાંને કહ્યા સિવાય મારાથી તો રહેવાતું જ નથી. પ્રભુએ મારૂં નવસર્જન કર્યું છે અને મને નવું જ વ્યક્તિત્વ આપ્યું છે. તે અગાઉ હું તો નાશના માર્ગે ધપી રહી હતી. મારા માટે આવો ભારે ફેરફાર થયા પછી મારાથી મૌન રહેવાય ખરૂં? નહિ, કદી નહિ! મારા હોઠ સાજા હશે ત્યાં સુધી હું મારા પ્રભુના પ્રેમની ગવાહી પૂર્યા જ કરવાની.

"અમારી છાવણી તરફની મુસાફરીમાં માર્ગમાં ઘણા ખ્રિસ્તી ભાઈબેનોનો અમને મેળાપ થયો હતો. લોકો પર નજર પડતાં જ ખ્રિસ્તી ભાઈ કે બેન તરત ઓળખાઈ જાય છે. મનમાં એવી છાપ જ સ્ફૂરે છે કે આ પ્રભુનું સંતાન હોવું જોઈએ! આ કેટલું અદ્ભુત કહેવાય? મોઢેથી ઓળખ આપવાની જરૂર જ રહેતી નથી. નજર મળતાં જ મનોમન સાક્ષી આપી દે છે.

"અમે છાવણી તરફ પ્રવાસ કરી રહ્યાં હતાં ત્યારે એક સ્ટેશને એક સ્ત્રી આવી. અમને ખોરાક આપતાં આટલું જ બોલી "ઇશ્વર જીવે છે!"

"અમે અહીં સાંજના ખૂબ મોડાં પહોંચ્યાં હતાં. અમને બારોબાર ભોંયરાંમાંની અમારી ખોલીઓમાં લઈ જવામાં આવ્યાં. ત્યાં જે અમને મળ્યાં તેમને અમે કુશળતા ઇચ્છી કે "સલામ બધાંને!" અમારી એ સલામના ખૂણે ખૂણેથી પ્રત્યુત્તર મળ્યા કે 'અમે શાંતિમાં તમારૂં સ્વાગત કરીએ છીએ.' એ સાંભળીને અમને ખૂબજ આશ્વાસન મળ્યું. આનંદ પણ થયો. ત્યારથીજ અમને લાગવા માંડયું કે અમે તો અમારાજ કુટુંબમાં રહેવા આવ્યાં છીએ!

"અને ખરેખર એમજ હતું. અહીં ઘણા ખ્રિસ્તના અંગત અનુયાયી છે. અર્ધા ઉપરાંતના કેદીઓ ખ્રિસ્ત પર શ્રદ્ધા ધરાવે છે. અમારામાં કેટલાક સુંદર ગવૈયા અને શક્તિશાળી ધર્મોપદેશકો પણ છે. દિવસના પરિશ્રમ પછી સાંજના અમે બધાં ભેગાં થઈએ છીએ ત્યારે થોડો સમય પણ ખ્રિસ્તને ચરણે સંગતમાં ગાળવાનો અનુભવ કેટલો અદ્ભુત લાગે છે! ખ્રિસ્તની હાજરી હોય ત્યાં તો પૂર્ણ

સ્વાતંત્ર્ય હોય છે. અહીં આવ્યા બાદ હું સુંદર આધ્યાત્મિક ગાયનો શીખી શકી છું. રોજ રોજ ઈશ્વરનું વચન સમજવાનો પ્રસંગ મને મળતો રહે છે. મારી ઓગણીસ વર્ષની ઉંમરમાં પહેલી જ વાર મેં ખ્રિસ્તજયંતી (નાતાલ) આ વર્ષે ઉજવી. એ દિવસનો અનુભવ મારાથી કદી ભૂલાશે નહિ. આખો દિવસ તો અમારે સખત શ્રમ કરવો પડ્યો હતો પણ સાંજના અમારામાંના કેટલાક ભાઈઓ નજદીકની નદીએ જઇ શકયા. ત્યાં તેમણે નદી પર જામેલું બરફનું પડ તોડી બાપ્તિસ્મા આવવાની વ્યવસ્થા કરી. તે રાત્રે મારી સાથે બીજા સાત ભાઈઓનો બાપ્તિસ્માવિધિ પાળવામાં આવ્યો. (ઈશ્વરના વચન પ્રમાણે ડૂબકી દ્વારા). અહા! મારીયા! આ બધું યાદ કરતાં મને કેટલો બધો આનંદ થાય છે! જો તમે મારી સાથે હો તો કેવું સારૂં! તો મને પ્રાયશ્ચિત કરીને, તમને મેં જે જે કનડગત કરેલી તેનો બદલો વાળવાની કંઈક તક મળે, મારો પ્રેમ હું વ્યક્ત કરી શકું. પણ ઈશ્વર આપણને દરેકને તેના યોગ્ય સ્થાનમાં ગોઠવે છે. જ્યાં તેણે આપણને મૂક્યાં હોય ત્યાં દૃઢ રીતે ટકી રહેવાની આપણી ફરજ છે.

ઈશ્વરનાં સંતાનોના સમગ્ર કુટુંબને અમારી સલામ પાઠવશો. ઈશ્વરે મને જેવી આશિષથી ભરપૂર કરી છે તેમ તમે સર્વેને પણ કરશે. હેબ્રી. ૧૨. ૧–૩ વાંચી જજો.

અહીંના બધા ભાઈઓ તમને સલામ કહેવડાવે છે. તમારી દૃઢ શ્રદ્ધા માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ. દુઃખ સહન કરતાં કરતાં પણ અવિરતપણે ઈશ્વરની સ્તુતિ કરતાં રહો છો તેથી અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ. તમે બીજો પત્ર લખો તો અમારી સલામ મોકલશો.

લિ. તમારી, વારીયા."

### પાંચમો પત્ર

"પ્રિય મારીઆ, આખરે થોડીજ લીટીઓ લખવાનો વખત મળ્યો છે. આ વખતે તો 'X' બેન અને હું બંને સારાં છીએ. હાલમાં અમે ......... માં છીએ. તેઓએ મને ......... મોકલ્યાં છે, અને હમણાં તો ત્યાંજ રહેવાનું છે.

તમે મારા તરફ માના જેવી મમતા રાખો છો તે માટે હું તમારી ખૂબ ઋણી છું. તમે મારા માટે જે કંઈ તૈયાર કરીને મોકલેલું તે અમને અહીં પહોંચ્યું છે. એમાં સૌથી અમૂલ્ય વસ્તુ બાયબલ છે. તેના માટે તો તમારો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. તમારા પત્રમાં બધાંને અમારા તરફથી આભાર પહોંચાડશો.

"પ્રભુએ તેના પવિત્ર પ્રેમનું રહસ્ય મને સમજાવ્યું ત્યારથી મને લાગે છે કે આ દુનિયામાં મારા જેવું સુખી કોઈ નહિ હોય. મારે જે કંઈ વેઠવાનું આવે છે તે પણ મને તો ઈશ્વરની કૃપાના દાન જેવું લાગે છે. તેના પર મને શ્રદ્ધા ઉપજી તે ઘડીથી જ તે મને તેને ખાતર કંઈ ને કંઈ કષ્ટ સહન કરવાની તક આપતો રહે છે તે મારે માટે તો અતિ આનંદનું કારણ છે. છેક છેવટ સુધી હું મારા પ્રભુને વફાદારીથી વળગી રહું તે માટે તમે બધાં મારે માટે પ્રર્થના કરતાં રહેજો.

"પ્રભુ તમારૂં રક્ષણ કરો અને આ પવિત્ર યુદ્ધમાં તમને બળથી ભરપૂર કરો!

"બેન 'X' અને મારા તરફથી પ્રેમનાં ચૂંબનો તમને બધાંને. જ્યારે અમને......મોકલવામાં આવશે ત્યારે ફરીથી હું તમારા પર પત્ર લખીશ. અમારા માટે ચિંતા કરતાં નહિ. અમે તો ખુશી આનંદમાં રહીએ છીએ. અમારો બદલો સ્વર્ગમાં ઘણો સંગ્રહેલો છે. માત્થી. ૫-૧૧-૧૨

લિ. તમારી, વારીયા."

વારીયાનો આ છેલ્લો પત્ર હતો. તે તો એક કોમ્યુનિસ્ટ યુવતી હતી, પણ પાછળથી ખ્રિસ્તને શરણે આવી હતી. ખ્રિસ્તને માટે શાહેદી પૂરતાં પૂરતાં તે ગુલામીની સજામાં ગઈ હતી. એ પછી તેના વિષે કશા સમાચાર મળ્યા નથી. પણ તેના જીવનમાંના પ્રેમ અને શાહેદીની વાતથી દુનિયાના લગભગ ત્રીજા ભાગને કચડી રહેલી કોમ્યુનિસ્ટ રાજસત્તાના અંકુશ નીચેની ભૂગર્ભ વફાદાર મંડળીના આત્મિક સૌંદર્યની કંઈક ઝાંખી આપણને થઈ શકે છે.

## પ્રકરણ ૭

## ભૂગર્ભ મંડળીનો સંદેશો હું તમારે માટે લાવ્યો છું.

મને 'ભૂગર્ભ મંડળીનું મુખ' એવું ઉપનામ અપાયું છે. ખ્રિસ્તના દેહના અતિ આદરણીય ભાગની વાણી થવાને હું પાત્ર નથી.

મેં કોમ્યુનિસ્ટ દેશોમાં ઘણાં વર્ષો સુધી ભૂગર્ભ મંડળીના અમુક વિભાગોનું સંચાલન કર્યું છે. ચૌદ ચૌદ વર્ષના જેલવાસ અને અત્યાચાર બાદ પણ હું જીવતો બહાર આવી શકયો છું તે ઇશ્વરનો ચમત્કાર જ છે. બે વર્ષ સુધી તો હું જેલમાં મરવા છોડી દીધેલા કેદીઓની સાથે તેમની જ ખોલીમાં પડી રહ્યો હતો. ઇશ્વર મને ત્યાંથી છોડાવીને બહાર લાવ્યો છે. અહીં પશ્ચિમની મુક્ત મંડળીઓ સુધી હું આવી શકયો છું. એ બધું ઇશ્વરનું કાર્ય છે. ભૂગર્ભ મંડળીની વાત હું અહીંની મંડળીઓને જણાવું એવી ઇશ્વરની ચમત્કારી યોજના છે. તેણે મારા જેવાને એ માટે પસંદ કર્યો છે, એમ મને લાગે છે.

મારા અસંખ્ય ભાઈઓ કબરો જેવાં સ્થળોમાં અજાણ્યા સ્થળે સબડી રહ્યા છે. હું તેમના વતી અહીં બોલી રહ્યો છું. અત્યારે મારા જે ભાઈઓ જંગલોમાં, ભોંયરાંમાં, ભંડારીયાંમાં અને એવી બીજી છૂપી જગ્યાઓએ એકઠા થતા હશે તેમના વતી હું બોલું છું.

રૂમાનીયાની આ ભૂગર્ભ મંડળીએ નિર્ણય કર્યો કે હું દેશની બહાર જવા પ્રયાસ કરૂં, અને જો જવાનું મળે તો ત્યાં જઈ મંડળીની વાત બહારના ખ્રિસ્તીઓને જણાવું. મને ત્યાંથી છૂટીને બહાર આવવાનો મોકો મળ્યો તે અસામાન્ય બાબત છે. પણ ત્યાં પાછળ રહીને ગુલામી વેઠનારા, ખ્રિસ્તને ખાતર સાહસ કરીને જોખમ ખેડનારા, યાતનાઓ વેઠનારા અને એ બધાંની પરાકાષ્ઠારૂપે મૃત્યુને ભેટનારા મારા ભાઇઓ છે તેઓનો હું પ્રતિનિધિ થઈને આવ્યો છું અને અહીંનું મારૂં કાર્ય તેમણે સોંપેલી ફરજરૂપે જ છે.

ભૂગર્ભ મંડળીનો સંદેશો આ છે :

તેમણે વિનંતિ કરી છે :

"અમને તજી દેશો નહિ!"

"અમને ભૂલી જશો નહિ!"

"અમને ગયા ખાતે ગણી વિસારી દેશો નહિ!"

"અમને જરૂરી સાધનસામગ્રી પૂરી પાડતા રહેજો! એનો ઉપયોગ કરવા અમે તૈયાર છીએ અને જે કંઈ ભોગ આપવાનો આવશે તે આપવા અમે તત્પર છીએ!"

આવો સંદેશો લઈને હું તમારી સમક્ષ હાજર થયો છું અને મારી પૂર્ણ આવડતથી હું તે બધાંને પહોંચાડવા પ્રયાસ કરી રહ્યો છું. એજ મારી મુખ્ય ફરજ છે.

એક 'મૌન' કરી નંખાએલી મંડળીના વતી હું બોલી રહ્યો છું. તેને ભૂગર્ભમાં રહેવું પડે છે. તે મૂંગી છે. તેની વાણી હરી લેવાઈ છે. તે પોતાનું મોં ખોલી શકતી નથી.

તો આ કોમ્યુનિસ્ટ દેશોમાંના ગુપ્ત ખ્રિસ્તીઓની આર્તવાણી તમે કાને ધરો! તેઓ ત્યાંથી ભાગી છૂટવા માગતા નથી. તેઓ એમ પણ ઇચ્છતા નથી કે તેમનું જીવન વધુ સલામતીભર્યું બને કે સુખચેનવાળું બને. તેઓના યુવકોમાં – આવતી પેઢીમાં – નાસ્તિકતાનું ઝેર રેડાઈ રહ્યું છે, તેનો સામનો કરવા માટે તેઓ સાધનસામગ્રી માગી રહ્યા છે. તેઓ બાયબલની નકલો વધુને વધુ જથામાં માગી રહ્યા છે. એની સહાયથી ઈશ્વરનાં વચનનો પ્રચાર કરવાની જરૂર છે. વચનોના અભાવે શી રીતે પ્રચાર થઈ શકે?

એક શસ્ત્રવૈદની વાત યાદ કરવા જેવી છે. તે એક ટ્રેનમાં જઈ રહ્યો હતો. અચાનક તે ગાડી બીજી એક ગાડી સાથે ભટકાઈ પડી. ભયંકર અકસ્માત થયો અને હજારો મુસાફરો ઘવાયા, કચડાયા અને કેટલાક મૃત્યુ પામ્યા. એ બધા ભંગાર વચ્ચે પેલો નિષ્ણાત શસ્ત્રવૈદ ઘવાએલાઓની સારવાર માટે ફરવા લાગ્યો. તેઓને જોઇને તે ઘણો

અફસોસ કરવા લાગ્યો, "અરેરે! જો મારાં શસ્ત્રક્રિયાનાં સાધનો અહીં હોત તો કેવું સારું! હું કેટલાને જીવતદાન આપી શકત!" તે કામ કરવા તૈયાર હતો પણ તેની પાસે કામ કરવાનાં સાધનો ન હતાં. જો તેને તક મળી હોત તો ઘણાના જીવ તેણે બચાવ્યા હોત. અત્યારે ભૂગર્ભ મંડળીની પણ એજ દશા છે. તે તો પોતાનું સર્વસ્વ હોમી દેવા તૈયાર છે! કોમ્યુનિસ્ટોના કેદખાનામાં વર્ષોનાં વર્ષો ગાળવા તે તૈયાર છે! કાર્ય કરવા તે આતુર છે પણ સાધનોની ટાંચ છે. સાધન વિના તે નિઃસહાય બની રહે છે. તેમને ખ્રિસ્તી સાહિત્યની અનિવાર્ય જરૂર છે. અહીંના મુક્ત ખ્રિસ્તીઓને તે મદદનું કહેણ મોકલે છે: "અમને તમે સાહિત્ય પૂરૂં પાડો. સુવાર્તાઓ, બાયબલો, બીજુ ખ્રિસ્તી સાહિત્ય વધુ જથ્થામાં મોકલી આપો. બાકીનું અમે સંભાળી લઈ શું!"

## મુક્ત ખ્રિસ્તીઓ કઈ કઈ રીતે સહાય કરી શકે

મુક્ત દેશોમાંના ખ્રિસ્તીઓ નીચે જણાવેલી રીતે સહાય કરી શકશે. નાસ્તિકવાદીઓ જીવનનાં અદ્રશ્ય બળોને માન્ય રાખતા નથી. જીવન અને વિશ્વમાં કશું ગૂઢ કે રહસ્યમય હોય એમ તેઓ માનતા નથી અને એ સમજવાની તેમની દૃષ્ટિ જ જાણે ગૂમ થઈ ગઈ હોય છે. આવી પરિસ્થિતિમાં ખ્રિસ્તીઓ શ્રદ્ધામય જીવન જીવી બતાવે. તેઓ ફક્ત દૃશ્યવાનાંઓથી જ ન દોરવાતાં અદૃશ્ય ઈશ્વરની સંગત માણતાં ઉચ્ચ જીવન જીવી બતાવે તો નાસ્તિક લોકોને તેનું કુતૂહલ થાય અને તેઓ ઈશ્વર તરફ આકર્ષાય.

ખ્રિસ્તીઓ પોતાનું જીવન આદર્શોને અનુરૂપ ગુજારે, સમર્પણની ભાવના જીવનમાં મૂર્તિમંત કરી બતાવે તો તેથી ઉત્તમ પરિણામ આવે. જ્યારે જ્યારે ખ્રિસ્તીઓની સતાવણી ચાલે ત્યારે ઉગ્ર વિરોધ ઉભો કરીને કોમ્યુનિસ્ટો પર નૈતિક દબાણ લાવીને સહાયરૂપ થઈ શકે.

કોમ્યુનિસ્ટોના ઉદ્ધાર માટે પ્રાર્થનામાં લાગુ રહીને પશ્ચિમના ખ્રિસ્તીઓ ભૂગર્ભ મંડળીને ખૂબજ સહાય કરી શકશે. કેટલાકને

આવી પ્રાર્થના કદાચ અર્થહીન લાગશે. અમે કોમ્યુનિસ્ટો માટે પ્રાર્થના કરતા ખરા પણ ઘણીવાર તો બીજા દિવસે ઉલટા તેઓ વધુ ઝનૂનથી અમારા પર તૂટી પડતા એવો પણ અનુભવ અમને થયેલો છે. પણ એમ જોવા જઈએ તો યરૂશાલેમના પ્રભુની પ્રાર્થના પણ અર્થહીનજ થઈ પડી હતી એમ આપણે જોઈએ છીએ. તેણે યરૂશાલેમને માટે પ્રાર્થના કરી અને તે પછી થોડાજ સમયે તેમણે તેને સ્તંભે ટાંગી દીધો હતો! પણ એ પછી થોડા દિવસ કેડે તેઓએ પોતાની છાતી કૂટીને પશ્ચાતાપ કર્યો હતો અને તેઓમાંના પાંચ હજારનું એકજ દિવસમાં હૃદયપરિવર્તન થયુ હતું. આમ બીજાઓ અંગેની પ્રાર્થના સાવ નિષ્ફળ તો કદી જ જતી નથી. તમે જેને માટે દરમિયાનગીરી કરીને પ્રાર્થના કરતા હો તે જો તમારી પ્રાર્થનાની ભાવના ન સ્વીકારે તો પણ તે નિષ્ફળ જતી નથી. તે વધુ આશીર્વાદિત થઇને તમારી પાસે પાછી આવે છે અને તમારી શુભ ભાવનાની અવગણના કરનારને માટે શાપરૂપ બની જાય છે. ખ્રિસ્તની આજ્ઞા-નુસાર હું અને મારા સાથીઓ હિટલર અને તેની ટોળી માટે હંમેશાં પ્રાર્થના કરતા હતા. હિટલરનો પરાજય મિત્ર રાજ્યોના લશ્કરી બળથી જ થયો છે એમ તો નહિ પણ અમારી પ્રાર્થનાઓએ પણ એ પરાજયમાં મોટો ફાળો આપ્યો છે એવી મારી ખાત્રી છે.

આપણો પરપ્રેમ સ્વપ્રેમ જેટલો જ પ્રબળ હોવો જોઇએ. પડોશી પર પ્રેમ રાખવા અંગે પણ એજ નિયમ હોઈ કોમ્યુનિસ્ટો પણ આપણા પડોશી હોવાથી સ્વપ્રેમ જેવોજ પ્રબળ પ્રેમ તેમના પ્રત્યે રાખીએ એ આપણી ફરજ છે.

ખ્રિસ્તનાં વચનોનું પૂર્ણ પાલન ન થવાથી જ કોમ્યુનિસ્ટો પેદા થયા છે. "તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે એ માટે જ મારૂં આગમન થયું છે." આ વચન પરિપૂર્ણ થઈ શકે એવી પરિસ્થિતિઓ ખ્રિસ્તીઓએ પેદા કરી નથી. એકે એક જણને પુષ્કળ જીવન પ્રાપ્ત થાય એવી સમાજરચના ખ્રિસ્તી ધર્મ રચી શકયો નથી.

જીવનનાં ઉત્તમ વાનાં કેટલાંક તો જોવાય પામતાં નથી. એવાં અસંતુષ્ટો હવે બળવો પોકારે છે. તેઓ જ કોમ્યુનિસ્ટ પક્ષ તરીકે ઉભા થયા છે. એ પક્ષમાંના મોટા ભાગના લોકો લાંબા સમયથી સામાજિક અન્યાય વેઠી રહેલા હતા, હવે તેમના મનમાં કડવાશ ભરેલી છે, તેથી તેઓ ઘાતકી થઈ ગયા છે. આપણે તેમનો સામનો કરવાનો છે ખરો પણ ખ્રિસ્તી તરીકે તો આપણે તેમના પર પ્રેમભાવ રાખીને તેમની વાત સમજવા પ્રયત્ન કરવાનો છે.

આમ લોકો કોમ્યુનિસ્ઠ થઈ જાય છે તેનો દોષ આપણા માથે પણ આવે છે. આપણે આપણી ફરજ ચૂક્યા છીએ એ આપણે કબૂલ કરવું જ રહ્યું.

માટે આપણે પ્રાયશ્ચિત કરવું પડશે. કોમ્યુનિસ્ટો પર પ્રેમભાવ રાખી તેમના હિત માટે પ્રાર્થના ગુજારીએ. (તેમના પર પ્રેમભાવ રાખવો એ અને તેઓ આપણને ગમી જાય એ બે બાબતો જુદી છે એ સમજી લેવું જોઈએ.)

આ પ્રમાણે તેમના પર પ્રેમભાવ દર્શાવવાથી બધી ગૂંચો સરળ રીતે ઉકલી જશે એમ માની લઉં એવો ભોળો હું નથી. કોઈ રાજ્ય-સત્તાને હું એવી સલાહ તો ના આપું કે ગુંડાઓની ટોળીઓને જેર કરવા તમારે તેમના પર પ્રેમનો ઉપાય અજમાવવો! એ કાર્ય માટે તો પોલીસ દળ કામે લગાડવું પડે. ન્યાય અને જેલનાં તંત્ર પણ હોવાં જોઈએ. એકલા ધર્મોપદેશકોથીજ ન ચાલે. ગુંડા પસ્તાવો ન દર્શાવે તો તેમને જેલમાં રાખવા જ પડે. સામ્યવાદ એ તો આંતરરાષ્ટ્રિય ગુંડાગીરી છે. એ દૃષ્ટિએ જોતાં રાજકીય, આર્થિક, કે સાંસ્કૃતિક રસાકસીમાં હું 'પ્રેમ' શબ્દનો પ્રયોગ કદી ન કરું. ગુંડો તો એકાદ પાકીટ ઉઠાવી જાય પણ આ આંતરરાષ્ટ્રિય ગુંડાઓ તો આખા ને આખા દેશો ચોરી જાય છે.

આમ છતાં ધર્માધ્યક્ષો અને વ્યક્તિગત ખ્રિસ્તીઓએ કોમ્યુનિસ્ટોને તેમજ તેમના પંજામાં સપડાએલા નિર્દોષ લોકોને ખ્રિસ્તને શરણે

લાવવાના બધા જ પ્રયાસો કરી છૂટવા જોઈએ. તેઓના ગમે તેવા ભારે દોષ હોય તે સામે જોવાનું નથી. ખ્રિસ્તીઓએ વિવેકપૂર્વક તેઓ માટે પ્રાર્થના કરવી જોઈએ.

## બાયબલ તેમજ સુવાર્તાની જથ્થાબંધ નકલોની તાત્કાલિક જરૂર.

બીજું, મુક્ત દેશોમાંના ખ્રિસ્તીઓ બાયબલો અને બાયબલના વિભાગોની જથાબંધ નકલો મોકલીને ખૂબ સહાય કરી શકે છે. એ સાહિત્ય કોમ્યુનિસ્ટ દેશોમાં પહોંચાડવાના કેટલાય રસ્તાઓ છે. હું ત્યાંથી આવ્યો પછી મેં ઘણું સાહિત્ય ત્યાં પહોંચાડયું છે. તે ત્યાં સહીસલામત પહોંચી પણ ગયું છે. તમારે જો ત્યાં સાહિત્ય મોકલવું હોય તો શી રીતે મોકલવું તેની ચિંતા કરશો નહિ. અમને ઘણા રસ્તાની જાણ છે. અમે ગમે તે રીતે ત્યાં પહોંચાડ્યા વિના નહિ જંપીએ. હું જ્યારે રૂમાનીયામાં હતો ત્યારે મેં પણ કેટલીક વિશિષ્ઠ રીતોથી બાયબલ મેળવ્યાં હતાં. માટે મોકલી આપવાનો પ્રશ્ન છે જ નહિ એમ માનજો. તમે અમને આપો એટલે પહોંચ્યાં જ સમજજો.

ખ્રિસ્તી સાહિત્યની તો ત્યાં અનિવાર્ય જરૂર છે. ત્યાંના હજારો ખ્રિસ્તીઓએ તો બાયબલનાં એકેવાર દર્શન પણ કર્યાં નથી. જુદા જુદા આશ્રિત કોમ્યુનિસ્ટ દેશોમાં છેલ્લાં વીસથી પચાસ વર્ષો દરમિયાનની પેઢીને બાયબલ કે સુવાર્તા જોવા જ મળ્યાં નથી.

એક વાર બે મેલાઘેલા ગામડીયા મારે ઘેર આવ્યા. તેઓ પોતાનું ગામડું છોડી બરફથી ઢરેલી સખત માટી ખોદી કાઢવાની મજુરી કરવા શિઆળા પૂરતા આ બાજુ આવ્યા હતા. પૂછપરછ કરતાં જણાવ્યું કે એ પ્રમાણે સખત મજુરી કરીને કમાણી કરી તે નાણાં તેઓ એક જૂના ફાટી ગએલા બાયબલની ખરીદીમાં વાપરવાના હતા. એ ફાટયુંતૂટયું બાયબલ પણ પોતા માટે જ નહિ પણ તેમના આખા ગામના ઉપયોગ માટે મેળવવા ઇચ્છતા હતા. તે જ અરસામાં મારી પાસે અમેરિકાથી નવાં બાયબલની અમુક પ્રતો આવી હતી. તેથી જૂનાને

બદલે એક નવું જ બાયબલ મેં તેમને આપ્યું. આવી રીતે નવુંજ બાયબલ મળે તે વાત જ તેમના ગળે ઊતરતી ન હતી. તેમણે જે કંઈ નાણાં મેળવ્યાં હતાં તેમને આપવા માંડ્યાં. પણ મેં તે લેવા ના પાડી. તેઓ તો બાયબલ લેતાકને ઝડપથી પોતાને ગામ પહોંચી ગયા. થોડા દિવસ બાદ તેમણે તેમના ગામડેથી અનહદ આનંદ દર્શાવતો આભારનો પત્ર મારા પર મોકલ્યો. એ પત્રમાં છેલ્લે ત્રીસ જણની સહીઓ હતી. તેમણે બાયબલના સરખા ત્રીસ ભાગ કરીને હોંશથી વહેંચી લીધા હતા!

એકાદ રશિયન નાગરિક બાયબલના થોડાં ઘણાં પાનાં માટે ભીખ માગે એ કેટલું કરૂણ દૃશ્ય ગણાય? એવી રીતે શાસ્ત્રવચન મેળવીને તેઓ પોતાના આત્માનું પોષણ કરવાના પ્રયાસ કરતા હોય છે. ગાય કે બકરી સાટે બાયબલ મળે તો તેઓ ખુશ ખુશ થઈ જાય છે. એક ફાટી ગએલી નવા કરારની પ્રત માટે એક માણસે પોતાની લગ્નની વીંટી આપી દીધી હતી. ત્યાંનાં બાળકોએ હજી કદી નાતાલનાં અભિનંદન કાર્ડ પણ જોયાં નથી. જો કોઈને ત્યાં એકાદ કાર્ડ આવી જાય તો આખા ગામનાં છોકરાં જોવા માટે એકઠાં થઈ જાય છે. એવી તક મળતાં કોઈ ગામનો વૃદ્ધ માણસ બાળ ઈસુ, પવિત્ર કુમારી માતા, પછી ખ્રિસ્ત અને તેના દ્વારા ઉદ્ધાર એ બધું...... ફક્ત એકાદ નાના કાર્ડના આધારે કહી શકાય. આપણે બાયબલ, સુવાર્તા અને બીજા સાહિત્યની પ્રતો મોકલી શકીએ એ રીતે તમે તમારો ફાળો આપી શકો.

ત્રીજું, ત્યાંની યુવાન પેઢીને બાલમંદિરથી માંડીને ઠેઠ કોલેજ સુધી સળંગરીતે નાસ્તિકવાદનું ઝેર અપાય છે તેનો સામનો કરવા માટે ખાસ પ્રકારનું સાહિત્ય તૈયાર કરીને ત્યાં પહોંચાડવું જોઈએ. કોમ્યુનિસ્ટોએ "નાસ્તિકનો ભોમિયો" નામનું એક પુસ્તક તૈયાર કર્યું છે. એ પુસ્તક નાસ્તિકોના શાસ્ત્ર સમાન છે. બાળમંદિરનાં બાળકોને તેનું સરળ રૂપાંતર શિખવાય છે. બાળકોનું ધોરણ વધતું જાય તેમ તેજ પુસ્તકને વધુ

વિગતે શિખવાય છે. આ ભ્રષ્ટ પુસ્તક બાળકનો નાનપણથી જ પીછો પકડે છે અને પુખ્ત થાય ત્યાં સુધી તેના મનમાં ઝેર સીંચ્યા કરે છે. ખ્રિસ્તી જગતે આ ખતરનાક પુસ્તકનો સચોટ જવાબ વાળે તેવું કોઈ પુસ્તક હજી સુધી લખ્યું નથી. આ નાસ્તિકવાદના શિક્ષણનો જડબાંતોડ જવાબ આપે તેવાં લખાણો પ્રસિદ્ધ કરીને તેની જથ્થાબંધ નકલો આપણે ભૂગર્ભ મંડળીને મોકલી આપવી જોઈએ. આ કાર્ય ખૂબજ તાકીદનું છે. નાસ્તિકવાદના રંગે રંગાએલા યુવકોના હાથમાં મૂકવા માટે આપણી પાસે હાલ તો કશું જ સાહિત્ય નથી. કોમ્યુનિસ્ટ દેશોની જુદી જુદી ભાષાઓમાં આ જાતનાં પ્રકાશનો તૈયાર કરીને તે તે દેશોની ભૂગર્ભ મંડળીઓને પહોંચડવામાં નહિ આવે ત્યાં સુધી તેમના હાથ અબળ રહેશે.

ઝેરની અસર પામેલા કોમ્યુનિસ્ટ દેશોના યુવકોને જવાબ તો આપવાજ જોઈએ. નાસ્તિકવાદ સામે ઈશ્વરનો ખુલાસો – ખ્રિસ્તીઓનો ખુલાસો – આપણો ખુલાસો જાહેર કરવો જોઈએ! 'નાસ્તિકનો ભોમિયો' એ પુસ્તકમાંની દલીલોનું ખંડન કરનારૂં સાહિત્ય મોકલીને તમે એ રીતે ભૂગર્ભ મંડળીને સહાય પહોંચાડી શકશો. એ હેતુ માટે સચિત્ર બાયબલો અને બીજું યુવકો માટેનું સાહિત્ય ખૂબજ ઉપયોગી થઈ પડશે.

ચોથું, આપણે ભૂગર્ભ મંડળીને ટેકો આપીને તેમને વધુ સેવા કરવા માટે નાણાંકીય સહાય કરી શકીએ. આપણાં નાણાંથી વધુ સુવાર્તાઓ લઈને પ્રચારકો પ્રવાસ કરીને છૂટક છૂટક વ્યક્તિઓનો સંપર્ક સાધીને સુવાર્તાની પ્રતો વહેંચી શકે. અત્યારે તો નાણાં ભીડને લીધે કાર્ય કરવા ઉત્સુક હોય એવા ઘણાને ઘેર બેસી રહેવું પડે છે. એવા ઉત્સુક પ્રચારકોને રેલ્વે કે બસનું ભાડું ન હોવાથી કે પ્રવાસમાં ખોરાક લેવાનાં નાણાં ન મળવાથી એ કાર્યથી વંચિત રહેવું પડે છે. આમ જ્યારે અમુક લોકો નાણાંના અભાવે કામ વિના બેસી રહ્યા હોય છે ત્યારે આસપાસના વીસ ત્રીસ માઈલના ટુંકા વિસ્તારમાંનાં ગામડાંમાંથી છૂપી સભાઓનું સંચાલન

કરવા યોગ્ય પ્રચારકોની માંગ સતત આવ્યાજ કરતી હોય છે. આવા એક એક પ્રચારક માટે દર માસે પાંચથી દસ પૌંડ જેટલી રકમ પૂરી પાડવાથી તેઓની સાંકળો તોડીને આપણે તેમને કાર્ય કરવા છૂટા કરી શકીએ છીએ. એવી સહાયથી તેઓ દૂર અને પાસેનાં ગામડાં અને શહેરોમાં સુવાર્તા પહોંચાડી શકશે.

શરૂઆતના જે ધર્માધ્યક્ષો જેલવાસ કરી આવ્યા છે તેઓની પાસે તો જ્વલંત સંદેશો છે. ભૂલા પડેલા આત્માઓ માટે તેમના દિલમાં પ્રેમજ્યોતિ જલતી રહે છે. પણ તેમની પાસેનો સંદેશો ગામડે ગામડે પહોંચાડવાનાં સાધનો તેમની પાસે નથી. દર માસે થોડા જ પૌંડ જો તેમના હાથમાં પહોંચી જાય તો તેમને બીજા કશાની જરૂર ન રહે !

ત્યાંના સામાન્ય ખ્રિસ્તી જનસમુહને પણ મદદ પહોંચાડવાની જરૂર છે. ખ્રિસ્તી હોવાના કારણે તેમની કમાણી એટલી અલ્પ હોય છે કે જરૂરી પોષણ પણ પામે નહિ. શહેરોમાં અને ગામડે ગામડે સુવાર્તાના પ્રચાર માટે તેઓ પોતાની કમાણીમાંથી કશું ફાજલ પાડી શકતા નથી. આથી જો થોડાજ વધુ પૌંડ તેમની આવકમાં ઉમેરાય તો ચમત્કાર સર્જાશે.

સત્તાવાર મંડળીના જે ધર્માધ્યક્ષો પોતાના સત્તાવાર કાર્ય ઉપરાંત છૂપી રીતે બીજી ધર્મસેવા ભારે જોખમ ખેડીને કરતા હોય છે તેઓને ચૂપકીથી નાણાંકીય સહાય પહોંચાડવાની ખૂબ જરૂર છે. એ કાર્ય સારી રીતે કરવા નાણાની હંમેશાં તંગી રહે છે. કોમ્યુનિસ્ટ સરકાર તેમને બહુ ઓછો 'પગાર' આપતી હોય છે. આ છૂપું કાર્ય કરનારા ધર્માધ્યક્ષો પોતાની સ્વતંત્રતા હોડમાં મૂકીને બાળકો, યુવકો અને પુખ્ત લોકોને ગુપ્ત રીતે ધર્મોપદેશ આપવા તત્પર હોય તો તેટલાથી બહુ અર્થ નહિ સરે કારણ કે ભાવના હોવા છતાં સાધન ન હોય તો નક્કર કાર્ય થઈ શકે નહિ.

ભૂગર્ભ મંડળીના આવા સભ્યને દર માસે પાંચ દસ પૌંડની જ

જરૂર હોય છે. એટલા ટેકાથી તે સુવાર્તા પ્રચારનું કાર્ય ખૂબ સફળતાથી પાર પાડી શકશે. તમારે માટે સહાય મોકલવાનો આ એક બીજો માર્ગ છે.

એ ઉપરાંત કોમ્યુનિસ્ટ દેશોમાં આપણે રેડીઓના સાધન મારફતે સંદેશો પ્રસારવો જોઈએ. મુક્ત જગતમાંનાં સ્ટેશનો પરથી ભૂગર્ભ મંડળી માટે આધ્યાત્મિક ખોરાક પીરસી શકીએ. એ મંડળીને પોતાને પણ જીવનની રોટલીની અત્યારે ખૂબ જરૂર છે. કોમ્યુનિસ્ટ સરકાર પોતે શોર્ટવેવ પર લોકો માટે પોતાના પક્ષનું શિક્ષણ પ્રસારિત કરતી હોવાથી લાખો રશિયનો અને બીજા આશ્રિત દેશોના લોકો રેડીઓ ધરાવતા હોય છે. તેના પર જ તેઓ સુવાર્તાનાં પ્રસારણો પણ ઝીલી શકશે. આમ કોમ્યુનિસ્ટ દેશોમાં રેડીયો પ્રસારણનાં દ્વાર હવે ખુલ્યાં છે. એ કાર્ય હવે વ્યવસ્થિત રીતે વિસ્તરવું જોઈએ. એની મદદ વડે ભૂગર્ભ મંડળીનું પાલનપોષણ પણ થવું જોઈએ. ભૂગર્ભ મંડળીને સહાય કરવાનો આ એક વધુ માર્ગ ખુલ્લો છે.

## ખ્રિસ્તી શહીદોના કુટુંબોની કરૂણ કથની

ખ્રિસ્તી શહીદોનાં કુટુંબોને તો સહાય મોકલવી જ જોઈએ. અત્યારે હજારો કુંટુંબો અકથ્ય કરૂણ જીવન જીવી રહ્યાં છે. ભૂગર્ભ મંડળીના સભ્યની ધરપકડ થાય એટલે તેના કુટુંબની તો દશાજ બેસી જાય છે. એવા કુટુંબને કંઈ પણ મદદ કરવી એ બીજા નાગરિકો માટે ભારે ગુનો ગણાય છે. અને કોમ્યુનિસ્ટો એ કાયદાનો એવી યુક્તિપૂર્વક અમલ કરે છે કે બહાર રહેલાં સ્ત્રી બાળકોની દશા અતિ કરૂણ થઈ જાય છે. કોઈ પણ ખ્રિસ્તી જેલમાં જાય – અને તે પછી યાતના અને મરણ પણ પામે – ત્યારથી ખરાં દુઃખની પરંપરા શરૂ થાય છે. તેના કુટુંબને તો સતત સહન જ કરતા રહેવાનું હોય છે. મારે એક વાત અહીં કહી દેવી જોઈએ કે મુક્ત જગતમાંના સામાન્ય ખ્રિસ્તી ભાઈબેનો તરફથી સમયસર સહાય અમને પહોંચી ન હોત તો હું

અને મારું કુટુંબ જીવતાં રહ્યાં જ ન હોત. પછી અહીં આવવાનું કે આ બધાં લખાણો લખવાનું પણ ક્યાંથી બનત?

તાજેતરમાં રશિયામાં અને બીજા કોમ્યુનિસ્ટ દેશોમાં ખ્રિસ્તીઓની સામુહિક ધરપકડો કરવાનું અને અત્યાચારો વરસાવવાનું મોજું ફરી વળ્યાના સમાચાર મળ્યા છે. એ બધા સમય દરમિયાન શહીદોની સંખ્યા વધતી જ જાય છે. તેઓ તો કબરની શાંતિમાં પોઢી જાય છે કે પોતાનું ઇનામ લેવા સ્વર્ગે ચાલ્યા જાય છે. પણ તેમનાં કુટુંબોને ભયંકર યાતનાઓ અહીં વેઠવાની ચાલુ રહે છે. આપણે તેમને સહાય પહોંચાડી શકીએ તેમ છે અને સહાય પહોંચાડવી જ જોઈએ. ભૂખમરો વેઠતા ભારતીયો કે આફ્રિકાવાસીઓને મદદ પહોંચાડવી જોઈએ એની ના નહિ પણ ખ્રિસ્તને ખાતર શહીદ થનાર કે કોમ્યુનિસ્ટ જેલમાં સબડનારનાં કુટુંબોનો પહેલો હક્ક ગણાવો જોઈએ.

મારો છૂટકારો થયા પછી યુરોપની ખ્રિસ્તી મિશન સંસ્થાઓએ ખ્રિસ્તી શહીદોનાં કુટુંબો માટે સારી મદદ પહોંચાડી છે. પણ તમે જે કંઈ સહાય કરી શકો તેમ છો તેના પ્રમાણમાં તો જે થયું છે તે જાણે કંઈ વિસાતમાં નથી. હજી ઘણું કરવાનું છે અને તમે ઘણું કરી શકો તેમ છો.

ભૂગર્ભ મંડળીનો એક સભ્ય એવો હું જીવતો રહીને ત્યાંથી છૂટીને બહાર આવી શક્યો છું. હું એક સંદેશો અને એક વિનંતિ સાથે આવ્યો છું. હું મારા જે ભાઈઓને ત્યાં છોડીને આવ્યો છું તેમના તરફથી માગણી લેતો આવ્યો છું.

તેઓએ મને તમારે માટે એક સંપેતરું સોંપ્યું છે.

તમારા સુધી હું પહોંચી શક્યો છું તે એક દૈવી ચમત્કાર છે.

કોમ્યુનિસ્ટ જગત આગળ ખ્રિસ્તને રજુ કરવા માટે જે તાકીદની જરૂર છે તે મેં તમને સમજાવવા પ્રયત્ન કર્યો છે. ખ્રિસ્તી શહીદોને મદદની જે તાત્કાલિક જરૂર છે, અને તે ખાસ કરીને તેઓનાં કુટુંબો

માટે, તે તમારા ધ્યાન પર લાવવા હું પ્રયાસ કરી રહ્યો છું. તેઓને કઈ કઈ રીતે તમે સહાય કરી શકો તેમ છો તે પણ મેં સ્પષ્ટ રીતે તમને જણાવ્યું છે. ભૂગર્ભ મંડળી પોતાની ફરજ ઉત્તમ રીતે બજાવવા માગે છે પણ તેમાટે તેને તમારી સહાયની અપેક્ષા છે તે પણ મેં તમને બતાવ્યું છે.

જ્યારે મારા પગે ચાબખા પડતા ત્યારે મારા મોઢેથી ચીસો નીકળી જતી હતી. મોંએ તો માર નહોતો પડતો તો ચીસો કેમ નીકળતી હશે? પગ અને મોં બંને એક જ શરીરના અવયવ હોવાથી પગના દુ:ખે મોઢું ચીસો પાડી ઊઠતું હતું. એ જ પ્રમાણે તમે મુક્ત ખ્રિસ્તીઓ જે ખ્રિસ્તના શરીરના અવયવો છો તે શરીરના બીજા અવયવોને કોમ્યુનિસ્ટ દેશોમાં કેદખાનામાં માર પડે છે. ત્યાં ખ્રિસ્તને માટે ખ્રિસ્તીઓ દેહનું સમર્પણ કરી શહીદ થઈ જાય છે.

તો અમારૂં એ દુ:ખ તમને શું નથી લાગતું?

કોમ્યુનિસ્ટ દેશોમાં તો પ્રથમ સૈકાની મંડળીનાં સૌંદર્ય, ત્યાગ અને સમર્પણની ભાવનાં ફરીથી ખીલી ઉઠ્યાં છે.

આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત ગેથસેમાને વાડીમાં કષ્ટમય પ્રાર્થના કરી રહ્યો હતો ત્યારે તેના અંગત શિષ્યો પીતર, યાકુબ અને યોહાન તેનાથી થોડે જ દૂર હોવા છતાં આ મહાન ઘટના સમયે ઘોર નિદ્રામાં પડ્યા હતા. શહીદ મંડળીને રાહત પહોંચાડવાના કાર્ય અંગે તમને કેટલીક ચિંતા થાય છે? તમારા ધર્માધ્યક્ષો અને મંડળીઓના આગેવાનોને તમે પૂછો કે લોખંડી પડદા પાછળના આપણા ભાઈઓની મદદ માટે કંઈ કરવામાં આવે છે કે નહિ.

લોખંડી પડદા પાછળ પ્રથમની મંડળીની ઢબે જ શૌર્ય અને શહીદીની ઘટનાઓ ફરીથી આકાર લઈ રહી છે. પણ આવા કટોકટીના સમયે મુક્ત દેશોમાંની મંડળી તો ઘોર ઉંઘ લઈ રહી જણાય છે.

ત્યાં આપણા ભાઈઓ એકલા હાથે કોઈની કુમક વિના વીસમી

સદીની સૌથી મહાન સાહસપૂર્ણ લડત આપી રહ્યા છે. પ્રથમની મંડળીનાં સમર્પણ, શૌર્ય અને વીરતાની બરોબરીમાં ઉતરે તેવાં ઉત્કટ તેઓનાં કાર્યો છે. પણ અહીંની મુક્ત મંડળીઓ તો એની ધોંસ અને તેની યાતનાઓથી અજાણ રહીને ઊંઘતી જ રહે છે. પીતર, યાકુબ અને યોહાન પણ પોતાના સ્વામીનાં મનોમંથન સમયે એમજ ઉંઘતા રહ્યા હતા.

ભૂગર્ભ મંડળીના તમારા ભાઈઓ દુઃખો વેઠતા વેઠતા એકલા હાથે સુવાર્તાની લડાઈમાં ઝૂઝી રહ્યા છે, ત્યારે શું તમે ઉંઘ ખેંચ્યા કરશો ?

તમે અમારો સંદેશો ધ્યાનમાં લેશો : "અમને યાદ રાખજો, અમારી મદદ કરજો ! અમને તરછોડી ન મૂકતા !"

વફાદાર, શહીદીને વરેલી કોમ્યુનિસ્ટ દેશોમાંની ભૂગર્ભ મંડળીનો સંદેશો મેં તો તમને પહોંચાડી દીધો છે. નાસ્તિક સામ્યવાદનાં બંધનોમાં યાતનાઓ સહી રહેલાં આપણાં ભાઈબેનો તરફથી એ હાંક આવી છે.

શહીદોનાં કુટુંબ માટે ચાલતા, સતત કાર્ય માટે વાંચક વર્ગ તરફથી ભેટ-સોગાદો ત્યા પૂછપરછ માટે મહેરબાની કરી નીચેના સરનામે મોકલાવો :

**વૂમરેંડ પ્રકાશક**
બોક્સ ૬૫૬, મુંબઈ-૧



## યાતના પર વિજય

લેખક કહે છે, "મેં સામ્યવાદી જેલોમાં ખ્રિસ્તીઓના પગોને ૨૫ કિલોગ્રામ વજનદાર બેડીઓમાં જકડાયેલા જોયા છે. તેઓ તેમને ગરમ લોઢાના ડામ દે છે. મોઢામાં બળજબરીથી મીઠું ઠાંસી તરસ્યા રાખે છે, કોરડા વીંઝે છે તેમજ ભૂખ્યા રાખે છે. ઠંડીમાં થરથર ધ્રૂજતા બંદીવાન ખ્રિસ્તીઓ, સામ્યવાદીઓ માટે પ્રાર્થના કરે છે. મનુષ્યના મગજમાં આ વાત ઉતરે તેવી નથી, આ તો માત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્તનો પ્રેમ છે જે તેમના હૃદયોમાં ભરેલો છે.